વિનય વાચનમાળા

પુસ્તક પહેલું

[માધ્યમિક શાળાના આઠમા ધોરણ માટે]

સંપાદક
ગોપાળદાસ પટેલ
મુકુલભાઈ કલાર્થી



ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ

ય વાચનમાળા – ૧


ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦-૬૦

વિનય વાચનમાળા

પુસ્તક પહેલું

[માધ્યમિક શાળાના આઠમા ધોરણ માટે]

સંપાદક
ગોપાળદાસ પટેલ
મુકુલભાઈ કલાર્થી





ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

પહેલી આવૃત્તિ, સન ૧૯૫૫
ડેમી ઑક્ટેવો — ૩૬ રતલી કાગળમાં

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય,
અમદાવાદ – ૧૪

બે રૂપિયા

જાન્યુઆરી, ૧૯૫૫

પ્રકાશકનું નિવેદન

'વિનય વાચનમાળા'નું આ પહેલું પુસ્તક બહાર પાડવામાં આવે છે, તે માધ્યમિક શાળાઓના આઠમા ધોરણને માટે છે. તે પ્રમાણે આગળ ધોરણ ૧૦ સુધીની બીજી બે ચોપડીઓ આ માળામાં પ્રસિદ્ધ થશે.

અગાઉનાં સાત ધોરણો માટેની વિદ્યાપીઠ વાચનમાળાની આઠ ચોપડીઓના ક્રમમાં આ માળાનાં પુસ્તકો આગળ ચાલે છે, એમ કહી શકાય. એટલે તેમાં તે માળાના સંપાદનની શૈલી સાચવવા ઉપરાંત, આ ધોરણનાં મોટાં બાળકોની કેળવણીની વિશેષતા પણ ખ્યાલમાં લીધી છે, અને તેને અનુરૂપ પાઠો યોજવા પ્રયત્ન કર્યો છે.

તેમાંથી વિદ્યાર્થીને ભાષાશક્તિ કેળવવા માટે ક્રમિક સામગ્રી મળવી જોઈએ, એ તો ઉઘાડું છે. ઉપરાંત, તેમાં તેને રસ પડે તથા તેની સુરુચિ અને ભાવનાઓ કેળવાય, એ પણ જરૂરી છે. તથા તેના જ્ઞાનવિજ્ઞાનમાં અને સમજશક્તિમાં પણ ઉંમર લાયક ઉમેરો થવો જોઈએ, એ પણ ધ્યાન બહાર ન રહી શકે.

આને સારુ જૂના નવા કવિઓ તથા લેખકોની કૃતિઓ — નાટક, કાવ્ય, કથા, નિબંધ, જીવનચરિત, લોકસાહિત્ય વગેરે — માંથી વસ્તુસંકલન કર્યું છે. તથા વિષયોની દૃષ્ટિએ જોતાં, ઇતિહાસ, ભૂગોળ, ધર્મ, વિજ્ઞાન, સમાજ, ૯૦ ઉપર વિવેચન કરતા પાઠો સંઘર્યા છે. હાઈસ્કૂલ કે વિનયમંદિરનો વિદ્યાર્થી એ બધામાંથી તેના વિકાસને માટે જોઈતો વિવિધ ખોરાક મેળવશે એવી આશા છે.

પાઠોની સાથે સ્વાધ્યાય, પ્રશ્નો તથા અઘરા શબ્દોના અર્થ આપ્યા છે. સ્વાધ્યાય દ્વારા વધુ વાચન, વધુ વિચાર પ્રેરવાની દૃષ્ટિ રહેલી છે. પ્રશ્નો મારફત પાઠના અમુક સૂચક ભાવો ધ્યાન પર લાવવાનો ઇરાદો રાખ્યો છે. આ બધું સંપૂર્ણ નથી; તેમાં કુશળ શિક્ષક ઉમેરો કરી લેશે એમ માન્યું છે. અઘરા શબ્દો આપ્યા છે, છતાં તે માટે વિદ્યાર્થીને વિનીત જોડણીકોશ વાપરવા શિક્ષકોએ પ્રેરવા જોઈએ, એ જરૂરી ગણ્યું છે.

આ ધોરણ માટેની વાચનમાળા અંગે સરકારે અમુક ધોરણ તથા નિયમો સૂચવ્યાં છે, તે ધ્યાનમાં રાખીને સંપાદકોએ કામ કર્યું છે.

સાહિત્યમાંથી સામાન્ય ઢબે થતાં દોહનો કરતાં આ સંગ્રહમાં કેટલીક વિશેષતા જોવા મળશે, એમ માનું છું. તે વસ્તુ શિક્ષકોને ગમશે એવી આશા છે.

વિનય મંદિર કે હાઈસ્કૂલનાં ધોરણ ૮ થી ૧૧ સુધી ક્રમિક એક વાચનમાળા હોવી જોઈએ, એ ખ્યાલ ગુજરાત વિનય મંદિર ચલાવતાં, વરસો ઉપર આવ્યો હતો. ૧૯૩૬–૭ માં તેને માટે એક યોજના પણ વિચારી હતી. ત્યારનો સેવાયેલો ખ્યાલ આજે પૂરો થાય છે, તેથી આનંદ થાય છે. તેને માટે સંપાદકોએ મહેનત લઈને ટૂંક વખતમાંય આ કામ પૂરું કર્યું છે, તેને માટે તેમને ધન્યવાદ ઘટે છે. બંને જણ વિદ્યાપીઠના સેવકો છે, અને સાહિત્યના અભ્યાસી તથા પોતે પણ લેખકો અને વિવેચકો છે. પોતાના બહોળા વાચન પરથી તૈયાર કરેલું આ પુસ્તક આપણી માધ્યમિક શાળાઓને પસંદ આવશે એવી આશા છે.

૨૬–૧–'૫૫

શુદ્ધિપત્ર

પાન	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૦	૯	પદ્મ	પદ્મ
૮૫	૩૨	વધારે જ છે.	વધારે જ છે.'
૯૩	૨૭	બુડે	બૂડે
૧૦૨	૭	આ બૂટની	'આ બૂટની
૧૦૮	૧	'પણ	"પણ
૧૦૮	૩	થાય.'	થાય."
૧૧૨	૮	'મને	"મને
૧૧૫	૨૯	= અદીઠું	= દીઠું અદીઠું
૧૨૫	૨૪	= ભયકં રમાણસ	ભયંકર માણસ
૧૨૭	૫	મેઘ	મેઘ
૧૩૭	૨૩	એ રૂપક	એ રૂપક કેવી રીતે
૧૩૯	૩૨	જોઈએ.	જોઈએ."
૧૪૫	૨૨	કોઈનો ચાખેલો . . . શિકાર	કોઈ દિવસ ચાખેલો ન હોય એવો શિકાર
૧૪૭	૧	એક બીજી	બીજી
૧૫૧	૨૬	ભૂડું	ભૂંડું
૧૬૧	૧૧	ત્રેપન ગયાં	ત્રેપન વહ્યાં
૧૬૨	૧૯	ધુણ ?	ધુણ;
૧૬૨	૨૩	ચલાવા	ચલાવવા
૧૬૮	૧૯	અને આ પાઠમાં	અને કાકાસાહેબ કાલેલકરે લખેલા આ પત્રમાં
૧૭૪	૨૯	= સુખદુઃખ	= સુખદુઃખ, સ્થૂલતા
૧૭૫	૫	અવંતી નગરીના	અવંતીના
૧૮૨	૩૦	= માળવાની . . . પાસે	= પ્રાચીન માલવ દેશ તેમ જ તેની રાજધાની ઉજ્જયિની
૨૦૬	૨૯	= તું ખોટી . . . તું સાચી	તું ખોટો . . . તું સાચો
૨૦૮	૨૬	રાખજે. 'આજ	રાખજે. આજ
૨૨૫	૯	કુદરતની	કુદરતની મનસ્વિતા
૨૨૫	૧૦	તેમાં . . . હતી,	તે માટે . . . હોય,
૨૨૭	૧૯	સ્કૉટે પોતે પણ	અમે પણ
૨૨૭	૨૧	છાયમાં	છાયામાં
૨૨૯	૧૯	એ વીરને	તો વીરને
૨૩૪	૨૭	પગેરુ	પગેરું
૨૩૫	૨	પ્રભુ	પરભુ
૨૪૨	૭	પગેરુ	પગેરું
૨૪૭	૨૬	આમ કુરુધર્મ	કુરુધર્મ
૨૪૮	૨૮	પરંતુ તે દિવસે	તે દિવસે
૨૫૦	૧૨	કર્યા	કર્યાં
૨૫૦	૨૦	અમારાં	અમારા

અનુક્રમણિકા

[કવિતાના પાઠનું નામ નાગરી લિપિમાં દર્શાવ્યું છે.]

સંજ્ઞાઓની સમજ

[શબ્દોના અર્થ આપતાં વપરાયેલ]

[सं.] = સંસ્કૃત ભાષાનો શબ્દ
[फा.] = ફારસી ભાષાનો શબ્દ
[अ.] = અરબી ભાષાનો શબ્દ
પું૦ = પુંલ્લિંગ – નરજાતિનો શબ્દ
સ્ત્રી૦ = સ્ત્રીલિંગ – નારીજાતિનો શબ્દ
ન૦ = નપુંસકલિંગ – નાન્યતર જાતિનો શબ્દ
વિ૦ = વિશેષણ
અ૦ = અવ્યય
બ૦ વ૦ = બહુ વચન
સ૦ = સર્વનામ

૧

વિચારમય જીવન

મારી મુસાફરીઓમાં કડવા અને મીઠા એમ બંને અનુભવો થયા કરે છે. મધ્ય પ્રાંતની મુસાફરી લાંબા કાળને સારુ મને યાદ રહેશે. વર્ધા સત્તરમીએ સવારે પહોંચ્યા. તે જ દહાડે મોટરથી આર્વી અને આષ્ટી જવાનું હતું. પંથ લગભગ ૬૦ માઈલનો હતો. બપોરના એક વાગ્યે નીકળી રાતના દશ વાગ્યે પાછા વર્ધા પહોંચવાનું હતું. પણ ઈશ્વરે જુદું જ ધાર્યું હતું. જતાં રસ્તામાં મોટર ખોટકી. આષ્ટી તો મુસીબતે પહોંચ્યા. પાછા ફરતાં બીજી મોટર પણ તૂટી ને આ વેળાએ એવી જગ્યાએ કે જ્યાં કશી મદદ ન મળી શકે. છેવટે એક ગામડા નજીક પહોંચ્યા. ત્યાંથી ગાડામાં જવાનું ઠર્યું.

રાતના એક વાગ્યે ગાડાની મુસાફરી શરૂ થઈ. હું થાકચો હતો. ઊંઘ પણ ભરાઈ હતી. મને શી દરકાર કે બળદ કેવા છે, તેનો હાંકનારો કેવો છે, એ જોઉં? ઊંઘમાંયે હું એટલું સાંભળી શકતો હતો કે, બળદ ઘોડાવેગે જતા હતા. વળી વચમાં જરા ધીમા ચાલે, પણ મોટે ભાગે દોડતા જ હતા. બળદ દોડે એ કોને ન ગમે? મેં વિચાર્યું: "ઠીક છે; આપણે વહેલા ઘેર પહોંચીશું. આ તરફના બળદ સારા હશે."

સવાર પડી, જાગ્યો. મેં જોયું તો હાંકનારના પરોણામાં તો આર હતી, ને તે આર વારંવાર બળદની પૂંઠમાં ભોંકીને તેનાથી તે પ્રાણીઓને દોડાવતો હતો. બળદ આ ત્રાસથી રસ્તામાં છેરી રહ્યા હતા.

આ દૃશ્ય જોઈ મારી દીન દશા જો વાંચનાર કલ્પી શકતો હોય તો કલ્પી લે. તે જ ક્ષણે ગાડામાંથી ઊતરી જવાની ઇચ્છા થઈ. મોટરની મુસાફરી તો આના કરતાં હજાર ગણી સારી એમ થયું. વળી મેં વિચાર્યું કે, મોટરના કારખાનામાં મોટર બનાવનાર અંગ્રેજ અમેરિકનની શી વલે થતી હશે તે કોણ જાણે? બળદગાડીમાં બેસવું એ મોટરમાં બેસવા કરતાં થોડું પાપ નહિ હોય? આમ મનની સાથે ઘાટ ઘડચે જતો હતો ને બળદનો ત્રાસ જોયા કરતો હતો. બે એક મિનિટ તો સહન કર્યું. પછી બળદના માલિકની પાસેથી પરોણો માગ્યો. તેણે તે આપી દીધો.



તે સમજ્યો. મને તે ઓળખતો ન હતો. મને 'બાવાજી' નામથી બોલાવતો હતો. 'મહાત્માજી' કરતાં 'બાવાજી' મને વધારે પ્રિય લાગ્યું. મારા પોશાક પરથી તેણે મને બાવો માન્યો. 'બાવાજી'નો પોશાક પહેરવો સહેલ છે, 'બાવાજી'ના ગુણ મેળવવા દોહ્યલા છે. છતાં હિંદુસ્તાનના ભોળા લોક તો પહેરવેશની સાદાઈથી સદાય ભોળવાયા છે ને ભોળવાયે જશે.

મેં ગાડીવાનને તે લાકડી તેને બુઠ્ઠે છેડેથી વાપરવા ભલામણ કરીને પાછી આપી. બળદને દોડાવવાની કંઈ જરૂર નથી, કલાક મોડો પહોંચું તેની તેણે ફિકર ન કરવી, એમ કહ્યું. તેને મેં આર કાઢી નાંખવા વીનવ્યો. તેણે તેમ કરવાનું વચન આપ્યું. તે પાળશે કે નહિ તે જુદો સવાલ છે.

આ બનાવની મારા મન ઉપર ઠીક અસર થઈ. આપણું જીવન કેવું વિચારશૂન્ય ને દયાશૂન્ય છે એ મેં જોયું. આપણા દરેક કૃત્યમાં વિચાર અને દયા હોવાં જ જોઈએ. અને જ્યાં વધારે દુર્બળતા, નિરાધારતા, વધારે અવાચકતા છે, ત્યાં વધારે દયા હોવી જોઈએ, એમ સ્પષ્ટ લાગ્યું. આપણે આપણી જાત — માણસજાત ઉપર દયા ખાઈએ છીએ તેમાં નવાઈ નથી. તે તો ખાવી જ જોઈએ. પણ કંગાળ દુષ્કાળિયાં મનુષ્યો કરતાં પણ પશુ વધારે નિરાધાર, દુઃખી ને અવાચક નથી? દુષ્કાળિયાં તો દુઃખથી પીડાય ત્યારે આપણી સામે લડે પણ ખરાં; પણ બળદ શું કરે? તે તો ન બોલી શકે, ન બંડ કરી શકે.

મને પાઠ્યપુસ્તકોમાંનો પશુસંવાદ યાદ આવ્યો. તેમાંનું રહસ્ય તદ્દન સાચું લાગ્યું. આપણું જીવન કેવું વિચારશૂન્ય! મેં વિચાર્યું હોત તો બળદની ને હાંકનારની પરીક્ષા લીધી હોત ને લાકડીની આર મુસાફરીને આરંભે જ ખેંચાવી લીધી હોત.

જો ગાડીવાને વિચાર કર્યો હોત તો તે, પોતાના વાંસામાં કોઈ આર ભોંકે તો કેવું લાગે, એ જાણી લેત ને પરોણામાં આર ન રાખત; બળદને મારીને ન દોડાવત.

હું વિચારતો જાઉં છું તેમ તેમ સ્વરાજ્યની શરતો વધતી જાય છે. આપણે આત્મશુદ્ધિ કરી સ્વરાજ્ય મેળવવું હોય તો આપણી શુદ્ધિની મર્યાદા

ક્યાં બાંધીશું? આપણા ભંગી ભાઈને આપણે મા-જાયા ભાઈની જેમ ગણીશું. ત્યાં હદ આવી જશે? આપણાં પશુ ભાઈબહેનોનું શું? તેમના જીવમાં ને આપણા જીવમાં કેટલો તફાવત હશે? આપણે ખાઈએ, સૂઈએ, સુખદુઃખ અનુભવીએ છીએ, તેમ તેને પણ છે. આપણે બહુ તો તેના મોટા ભાઈ હોઈએ. તે સિવાય વધારે શું હોઈ શકે?

આપણે હિંદુ — ગૌરક્ષાને પ્રાણરક્ષા સમાન ગણનારા, ગાયને બચાવવા મુસલમાન સાથે વેર બાંધનારા — બળદને આર ભોંકીને ચલાવીએ, બળદ ઉપર ન લાદવા જેટલો ભાર લાદીએ, ને ઓછામાં ઓછું ખાવાનું આપીએ; ગાયની પાસેથી લોહી નીતરે ત્યાં લગી દૂધ લઈએ, તેને ફૂંકીને દૂધ ખેંચીએ. મુસલમાનને ગાય ન મારવાનું કહેવાનો આપણો શો અધિકાર? મુસલમાન ગાયને ખોરાક સારુ મારવામાં પાપ નથી માનતા. હિંદુ બળદને આર મારવામાં પાપ નથી એમ કંઈ દાવો કરી શકશે? આપણે તો જાણી સમજીને પાપ કરીએ છીએ. અજાણ્યે થયેલા પાપની માફી ઈશ્વર આપે છે એમ કહેવાય છે. અજાણ્યે થયેલા દોષોનું જ પ્રાયશ્ચિત્ત હોય. જાણીજોઈને પાપ કરીને પછી પ્રાયશ્ચિત્ત લેવા નીકળ્યાથી કંઈ શુદ્ધિ મેળવાય?

તા. ૫-૪-૧૯૨૧ — ગાંધીજી

સ્વાધ્યાય

૧. ગાંધીજી ઈ. સ. ૧૯૨૧ના અરસામાં મધ્ય પ્રાન્તનો પ્રવાસ કરી રહ્યા હતા તે વખતનો આ પ્રસંગ છે. તે કાળના તેમના પહેરવેશ સાથેનું ચિત્ર ઉપર છે.

૨. આ પાઠ ગાંધીજીના 'વ્યાપક ધર્મભાવના' નામના લેખસંગ્રહમાંથી લીધો છે. ધર્મવિષયક તેમનો બીજો લેખસંગ્રહ 'ધર્મમંથન' છે.

ગોરક્ષા વિષેના તેમના વિચારો 'ગોરક્ષા' નામના પુસ્તકમાં સંઘરાયા છે. તે પણ આના અનુસંધાનમાં જોવા.

૩. બળદ વગેરે પ્રાણીની દયા ખાવા જતાં યંત્ર-મોટર વગેરેને અપનાવીએ, તો તેમાં વળી વિશેષ નિર્દયતા પણ હોય — એ રીતનો ગાંધીજીનો વિચાર સમજ્યા? પશુનાં ચામડાં ન પહેરવા ખાતર રબર-કંતાનના જોડા પહેરવામાં પણ હિંસા-અહિંસાનો પ્રશ્ન આ રીતે વિચારી જુઓ.

૪. વિચારપૂર્વક ગોપાલન કરવું હોય તો ક્યાં ક્યાં સુધી નજર કરવી પડે, તે ગાંધીજીએ ટૂંકમાં સમજાવ્યું છે. ધર્મની ગતિ એવી સૂક્ષ્મ છે. धर्मस्य गहना गतिः ।

ગાયને ફૂંકીને દૂધ ખેંચવું એટલે શું તે સમજ્યા? ગાય દૂધ ચડાવી દે, ત્યારે તેને વિહ્વળ કરી દૂધ ખેંચવા માટે તેની યોનિમાં સૂંઠ વગેરેનો ભૂકો ભૂંગળીથી ફૂંકવામાં આવે છે. એ નિર્દય પ્રથાનો અહીં ઉલ્લેખ છે.

પ્રશ્નો

૧. બળદ, ઘોડો, હાથી વગેરેને હાંકવા માટે લોખંડનાં કયાં કયાં સાધનોનો ઉપયોગ થાય છે?

૨. "બાવાજીનો પોશાક પહેરવો સહેલ છે; બાવાજીના ગુણ મેળવવા દોહ્યલા છે" એટલે શું?

૩. 'પાઠ્યપુસ્તકોમાંનો પશુસંવાદ' એ શાનો ઉલ્લેખ છે? જૂની સરકારી વાચનમાળામાં 'પશુમાં પડી એક તકરાર' એ લીટીથી શરૂ થતી કવિતા મેળવીને વાંચો.

ખોટકવું અ૦ ક્રિ૦ [સં. ख्रोट्=લંગડાવું] = અટકવું

આર સ્ત્રી૦ [સં. आरा] = (લોઢાની) અણી (જેવી કે પરોણાની)

ઘાટ ઘડવા = તરંગ દોડાવવા

અવાચકતા સ્ત્રી૦ [સં.] = મૂંગાપણું


પરીક્ષા સ્ત્રી૦ [સં.] = કસોટી; નિરીક્ષણ; બારીક તપાસ

આત્મશુદ્ધિ સ્ત્રી૦ [સં.] = આત્માની, પોતાની જાતના દોષોની શુદ્ધિ

માજાયું વિ૦ = એક જ માને પેટે જન્મેલું; સહોદર; ભાઈબહેન

૨

જે કોઈ પ્રેમઅંશ અવતરે



जे कोई प्रेमअंश अवतरे, प्रेमरस तेना उरमां ठरे;
सिंहण केरुं दूध होय ते सिंहणसुतने जरे;
कनकपात्र पाखे सहु धातु फोडीने नीसरे. जे कोई० १

शकरखोरनुं साकर जीवन, खरना प्राण ज हरे;
क्षारसिंधुनुं माछलडुं ज्यम मीठा जळमां मरे. जे कोई० २.
सोमवेली रसपान शुद्ध जे ब्राह्मण होय ते करे;
वगळवंशीनें वमन करावे, वेदवाणी ऊचरे. जे कोई० ३
उत्तम वस्तु अधिकार विना मळे, तदपि अर्थ ना सरे;
मत्स्यभोगी बगलो मुक्ताफळ देखी चंचु ना भरे. जे कोई० ४
एम कोटि साधने प्रेम विना, पुरुषोत्तम पूंठ न फरे;
दया-प्रीतम श्री गोवर्धनधर, प्रेम-भक्तिए वरे. जे कोई० ५

—દયારામ

સ્વાધ્યાય

૧. ભક્તકવિ દયારામ (ઈ. સ. ૧૭૬૨–૧૮૫૨) નો જન્મ નર્મદાતટે ચાણોદમાં થયો હતો. તરુણવયે વલ્લભ-સંપ્રદાયનો સ્વીકાર કરી તેમણે હિંદુસ્તાનના એકેએક તીર્થની પગે ચાલી મુસાફરી કરી હતી. યાત્રાએથી પાછા ફરી તેમણે ડભોઈમાં વસવાટ કર્યો હતો.

તેમની અદ્‌ભુત સંગીતનિપુણતા વિષે અનેક કથાઓ પ્રચલિત છે. તેમનાં રચેલાં કૃષ્ણલીલાનાં પદો અતિ લોકપ્રિય છે. તેમણે હિંદીમાં પણ ઘણાં કાવ્યો લખ્યાં છે. લાંબા પગપાળા પ્રવાસને લીધે તેમને ઘણી ભાષાઓ આવડતી. તેમણે પાંચેક ભાષાઓમાં પદો રચ્યાં છે, એમ કહેવાય છે.

દયારામ એક રીતે ગુજરાતી સાહિત્યના મધ્યયુગના છેલ્લા પ્રતિનિધિ છે.

૨. યોગ્યતા વિના ઉત્તમ વસ્તુ મળે તોપણ કશો અર્થ ન સરે—ઊલટું નુકસાન થાય, એ અંગે કવિએ આપેલાં જુદાં જુદાં ઉદાહરણો સમજો.

પ્રશ્નો

૧. કવિને મતે પુરુષોત્તમ—ભગવાન કયા સાધનથી પ્રાપ્ત થાય?

૨. સોમવલ્લીનો રસ બ્રાહ્મણો શા માટે, ક્યારે પીતા?

પ્રેમઅંશ પું૦ = પ્રેમ-ભક્તિના અંશવાળો મનુષ્ય

જરવું સ૦ ક્રિ૦ [सं. जॄ] = પચવું; હજમ થવું

પાખે અ૦ = સિવાય

શકરખોર પું૦ [फा.] =ગળ્યું ખાવાનો—મીઠી વાનીઓનો શોખીન

સોમવેલી સ્ત્રી૦ = વેદકાળમાં પ્રસિદ્ધ એક વેલ, જેના પાનના રસનો યજ્ઞોમાં ઉપયોગ થતો

વગળવંશી વિ૦ = વર્ણસંકર

મુક્તાફળ ન૦ = મોતી

પૂંઠ ન ફરે = સંમુખ ન થાય, સામે ના જુએ; દેખાય કે મળે નહિ

૩

ભરતભેટ

તળેટીમાં છાવણી નાખી પડેલી સેનામાંના હાથીઘોડાને જોઈને તેમ જ હથિયારોના ખડખડાટથી અને માણસોના શોરબકોરથી ભયભીત થઈને તે ભાગનાં હરણ વગેરે પ્રાણીઓ પર્વત ઉપર નાસવા લાગ્યાં. રામ, સીતા અને લક્ષ્મણ આ વખતે પર્ણકુટિના આંગણામાં લક્ષ્મણે આણેલાં ફળ ખાવા બેઠાં હતાં. હરણોને નાસતાં જોઈ રામે લક્ષ્મણને કહ્યું, "કોઈ દિવસ નહિ અને આજે આ હરણ આમ કેમ દોડે છે? જો; એમની આંખમાં ભયનું ચિહ્ન જણાય છે અને વારે વારે એ પાછળ નજર નાખ્યા કરે છે. જો તો ખરો, પાછળથી કોણ આવે છે? આ તપોવનની શાંતિનો ભંગ કરી પાપમાં પડવાનું કયા હતભાગી શિકારીને સૂઝ્યું હશે?" પોતાનાં વહાલાં મૃગલાંને પ્રાણ બચાવવા ફાળ ભરીને દોડતાં જોઈ સીતાનું મન પણ ઘણું દુભાયું.

લક્ષ્મણે ઝાડ પર ચડી દૂર નજર નાખી અને કહ્યું: "આ તો કોઈ રાજાનું મોટું લશ્કર આવીને તળેટીમાં પડ્યું છે! પણ અરે, આ રઘુકુળનો કોવિદાર ધ્વજ ફરકતો જણાય છે! પેલો, મહારાજ દશરથ સવારી કરતા તે વૃદ્ધ શત્રુંજય હાથી ડોલે! ઓ તેના નાદ સંભળાય! આ તે ભરત સેના લઈ અહીંયાં આવ્યો છે કે શું? જોયો એ દુષ્ટ! આપણને અયોધ્યામાંથી કાઢી વનમાં મોકલ્યાં. એથીયે સંતોષ ન પામતાં અહીં વનમાં પણ આપણી કેડે પડી આપણો કાંટો કાઢી નાખવા ઇચ્છે છે! આવવા દો, એને ચખાડી દઉં આજે મારા બાહુબળનો સ્વાદ અને કરી નાખું ચિત્રકૂટમાં જ ભોંયભેગો. આર્ય, તમે પણ ધનુષબાણ તૈયાર કરીને ઊભા રહો. એ દુષ્ટ કયે વખતે અને કઈ રીતે આવશે એનો ભરોસો નહિ. આપણે હવે આઠે પહોર ચેતતા રહેવું પડશે."

રામે કહ્યું: "લક્ષ્મણ, ઉતાવળો થા મા. ભરતનો સ્વભાવ હું જાણું છું. એ તું માને છે એવો લોભી અને ક્રૂર નથી. એ તો ધર્મને અનુસરનારો અને ધર્મને માટે પ્રાણ આપનારો પુરુષ છે. એ કંઈ આપણને મારવા નહિ આવતો હોય. આપણને મળી રાજ્યની કંઈ ગૂંચ ઉકેલવાની ઇચ્છાથી એ આવ્યો હશે. ભલું હશે તો એણે અધર્મથી મળતું રાજ્યાસન સ્વીકારવાની જ ના પાડી હશે અને મા સાથે લડીને અહીંયાં આવતો હશે. ભરતને તું કે હું મારીએ અને એ લોહિયાળા હાથે હું અયોધ્યા પર રાજ્ય કરી રઘુકુળને કલંક લગાડું, એમ તું માને છે? હું રાજ્ય કરીશ તો તે ભાઈઓને અળગા રાખીને કે તેમને દાસ

રાખીને નહિ કરું. મારા રાજ્યમાં મારા જેટલો જ અધિકાર મારા ભાઈઓનો રહેશે. ભરતના મરણનો વિચાર જ મને કંપાવી મૂકે છે. તું જરા ધીરજ રાખ. એને અહીં આવવા તો દે. ઉતાવળું, અવિચારી પગલું શા કામનું? अविवेकः परमापदां पदम् એ તો તું સારી રીતે જાણે છે."

લક્ષ્મણ પોતાના ઉતાવળાપણા માટે જરા લજવાયો. એટલામાં ભરત, શત્રુઘ્ન અને સુમંત્ર આશ્રમની ખોળમાં નીકળેલા તે ઝાડે બાંધી રાખેલા દર્ભના બંધનું એંધાણ જોતા જોતા આવતા હતા, તે ધુમાડો જોઈને તે તરફ વળ્યા, અને રામની પર્ણકુટિ પાસે આવી પહોંચ્યા.

રામે મૃગચર્મ અને વલ્કલ ઓઢેલાં હતાં, જટા બાંધેલી હતી; છતાં ભરતે દૂરથી જ રામને ઓળખ્યા. એકદમ તે દોડ્યો અને રામના પગમાં તેણે માથું મૂક્યું. આંખનાં આંસુથી રામનાં ચરણ ધોયાં. તે કહેવા લાગ્યો:

"અરે! જેની આસપાસ અમાત્યો બેસવા જોઈએ, તેની આસપાસ આજે મૃગલાં વીંટળાય છે! ચંદનલેપને યોગ્ય એવા શરીર પર આ જટાભાર શો? એ બધું દુઃખ તમને મારે લીધે પડ્યું! ધિક્કાર છે મને અધર્મીને!" આટલું બોલતાં એનો કંઠ આંસુથી રૂંધાઈ ગયો. "આર્ય" એટલું જ વચન મોંમાંથી નીકળી શક્યું.

રામે ભરતને ઉઠાડ્યો અને બાથમાં લીધો. "ભરત, આ શું? તારે માથે આ જટા શાની? તું કેટલો સુકાઈ ગયો છે! ઓળખાતો પણ નથી! આટલો શોક શા માટે કરે છે? અયોધ્યામાં પિતા, માતા, પ્રજા — સૌ કુશળ તો છે ને? રાજ્ય તો ઠીક ચાલે છે ને?"

ભરતે કહ્યું, "કહેતાં મારી જીભ ઊપડતી નથી. તમારા ગયા પછી વિયોગદુઃખે વિલાપ કરતાં કરતાં પિતાશ્રીએ દેહ છોડ્યો. અરે, હું આખા કુળને નડ્યો! એ પાતકનું શું પ્રાયશ્ચિત્ત કરું?"

રામે ભરતને પંપાળ્યો. લક્ષ્મણે ભરતને પ્રણામ કર્યા. સૌ મળીને શોક કરતાં કરતાં મંદાકિનીમાં સ્નાન કરવા ગયાં. રામે નદીમાં પિતાનું તર્પણ કર્યું અને પાછાં સૌ પર્ણકુટિમાં આવ્યાં.

વનવાસીને યોગ્ય એવો ફળાહાર થયા પછી ભરતે વાત ઉપાડી. એણે કૈકેયીના કૃત્ય માટે રામની ક્ષમા માગી, રાજગાદી ન લેવાની પોતાની દૃઢ પ્રતિજ્ઞા કહી બતાવી, ને છેવટે કહ્યું, "આર્ય, તમે મારી સાથે ચાલો અને રાજ્યાસન પર બેસો. અયોધ્યાની પ્રજા તમારા વિયોગે જળ વિના જેમ માછલું તરફડે તેમ તરફડે છે. મંત્રીઓ મોટી મૂંઝવણમાં પડ્યા છે. એ બધાંના સામું

જોઈ તમે પાછા ચાલો. કોસલ દેશની ગાદી તમારી જ છે. મારે એ ગાદી શિવ-નિર્માલ્ય બરાબર છે. ”

રામે જવાબ આપ્યો, “ભરત, મારી પાસે એક જ વાત છે અને તે પિતાજીની આજ્ઞા. મેરુ ચળે, અગ્નિ ઉષ્ણતા છોડે, કે પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઊગે, છતાં હું પિતાજીની આજ્ઞાના પાલનમાંથી ચળવાનો નથી. રામ એકવચની છે, એ તો તું જાણે છે. હવે તો ચૌદ વર્ષ વનવાસ ભોગવ્યા સિવાય મારાથી અયોધ્યામાં પ્રવેશ થઈ જ ન શકે. પિતાની આજ્ઞા પાળવી એ તારો પણ ધર્મ છે. પિતાએ તને ગાદી સોંપી છે, પછી તું શાને તે છોડીને નીકળ્યો છે? તું રાજ્ય નહિ કરે તો કોસલમાં અરાજકતા અને અંધાધૂંધી ફેલાશે. એનું પાપ કોને લાગશે તેનો વિચાર કરી જો; અને અયોધ્યા પાછો જઈ ગાદી પર બેસ. પ્રજાને, માતાને, સર્વને સમજાવજે કે, સત્ય એ જ ધર્મ છે. આખું વિશ્વ એ સત્યને આધારે નભે છે. સત્યને સારુ મરી ફીટવું પણ સત્ય ન છોડવું, એ માણસનો પરમ ધર્મ છે, અને એમાં જ શ્રેયની સિદ્ધિ છે; માટે તમે મારે માટેનો મિથ્યા મોહ છોડી તમારાં કર્તવ્ય હોય તે કર્યે જજો.”

ભરતનો નિશ્ચય પણ અડગ હતો. તેણે રામની સાથે ઘણી જીદ કરી કહ્યું, “વસિષ્ઠ આપણા ગુરુ છે. તે પિતાજીના પણ ગુરુ હતા. તેમની આજ્ઞા પાળવી જોઈએ. તેમણે અયોધ્યા આવવાની આજ્ઞા કરી છે. એને તો તમે માથે ચડાવશો જ ને?”

ભરતના બધા બોલ પાણીમાં ગયા. પવનના અનેક ભારે સપાટા આગળ જેમ પર્વત અચળ રહે, તેમ રામ અચળ રહ્યા. કમળપત્ર પર ગમે તેટલું પાણી પડે છતાં જેમ કમળપત્ર અલિપ્ત જ રહે, તેમ ભરતનાં આજીજીનાં વચનો રામના હૃદયને અડક્યા વિના એક કાને પેસીને બીજે કાનેથી નીકળી ગયાં. તપોવનના ઋષિઓ રામને મળવા આવ્યા હતા, તે બંને ભાઈઓનો એકબીજા પરનો પ્રેમ, બંનેની સત્યપ્રિયતા અને અચળ દૃઢતા જોઈને દંગ થઈ ગયા. ભરતે જોયું કે, રામ કોઈ પણ રીતે વાળ્યા વળતા નથી; એટલે તેણે નિરાશ થઈને કહ્યું: “ત્યારે હવે જ્યાં સુધી રામ અયોધ્યા આવવાની હા ન પાડે, ત્યાં સુધી આ પર્ણકુટિમાં દર્ભાસન પર અન્નજળ કંઈ જ લીધા વિના બેસી રહીશ અને દેહ પાડીશ.”

ભરતની આ પ્રતિજ્ઞા સાંભળી રામને દુઃખ થયું. તેમણે કહ્યું: “ભરત, આમ બળાત્કાર કરીને મને સત્યને રસ્તેથી ચળાવવા માગે છે શું? તને ધર્માત્માને એ શોભે પણ ખરું? ઊઠ, બેઠો થઈ જા, અને આગ્રહ છોડી દે.”

ભરતે ઋષિઓ તરફ જોઈ કહ્યું : "તમે રામને કેમ કંઈ કહેતા નથી ?" ઋષિઓએ જવાબ દીધો : "રામ સત્યનું પાલન કરે છે એમાં અમે એમને શું કહીએ ? તમે જ પાછા જઈને પિતાની આજ્ઞા પ્રમાણે રાજ્ય કરો અને પિતાનું ઋણ ફેડો તો શું ખોટું ?"

ઋષિનાં વચનો કંઈક ભરતને ગળે ઊતર્યાં. આખરે ઊંડો નિસાસો નાખીને તેણે કહ્યું : "છતાં પણ હું અયોધ્યામાં તો નથી જ રહેવાનો કે ગાદીએ પણ નથી બેસવાનો. આર્ય, તમારી પાદુકા મને આપો. હું નગર બહાર રહીશ. એ પાદુકા જ રાજ્યાસન પર બિરાજશે અને એની આણ વર્તશે. તમે વનમાંથી આવશો ત્યારે તમારી સાથે જ હું અયોધ્યામાં પગ મૂકીશ. બરાબર ચૌદ વર્ષ હું તમારી રાહ જોઈશ. ચૌદ વર્ષથી એક દહાડો પણ વધારે થયો તો હું ચિતા ખડકી બળી મૂઓ જાણજો."

ભરત રામ પાસેથી પાદુકા લઈ, માથે મૂકી, પર્વત ઊતરવા લાગ્યો. ભરતે લક્ષ્મણને અયોધ્યા આવવા ઘણો આગ્રહ કર્યો, છતાં લક્ષ્મણે તો રામની સાથે જ રહી તેમની સેવા કરવાની જ ઇચ્છા દર્શાવી. રામ અને લક્ષ્મણ બંને સેનાની છાવણી સુધી ગયા અને સૈનિકોને મળ્યા. છેવટે વિદાય લેવાનો વખત આવ્યો. ચારે ભાઈઓની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. રામે ભરત અને સુમંત્રને સૌ માતાઓની ભાળ રાખવાનું અને પ્રજાનું મન સાચવવાનું યાદ દેવડાવ્યું. ભરતે રામને પ્રણામ કર્યા, લક્ષ્મણને આશીર્વાદ દીધો અને ભાઈઓ છૂટા પડ્યા.

રામની પાદુકા શત્રુંજય હાથી પર અંબાડીમાં મૂકવામાં આવી હતી. સૈન્ય આવ્યું તે જ રસ્તે પાછું ફર્યું, અને થોડે દિવસે અયોધ્યા આવી પહોંચ્યું. સેનાને અયોધ્યા મોકલી ભરત નંદિગ્રામમાં જ રહ્યો. રામની પાદુકાનો નંદિગ્રામમાં અભિષેક થયો. ત્યાર પછી પ્રધાનો કોસલનું રાજ્ય ચલાવવા લાગ્યા. દરેક અગત્યની બાબતમાં તેઓ ભરતની સલાહ લેતા. ભરત પહેલાં પોતાનો વિચાર પાદુકા આગળ જણાવતો અને પછી તે પ્રમાણે હુકમ આપતો.

— ચંદ્રશંકર શુક્લ

સ્વાધ્યાય

૧. શ્રી. ચંદ્રશંકર શુક્લ (ઈ. સ. ૧૯૦૧–૧૯૫૩) રચિત 'સીતાહરણ' પુસ્તકમાંથી આ પાઠ લીધો છે. તે મેળવીને વાંચો.

૨. રામ કયા સંજોગોમાં અયોધ્યા છોડી, સીતા અને લક્ષ્મણ સાથે વનમાં ગયા, તે હકીકત તમે જાણતા હશો. દશરથ રાજાની કૈકેયી રાણીએ પોતાના પુત્ર ભરતને રાજગાદી મળે અને રામને વનવાસ મળે એવું વરદાન માગ્યું હતું. રામ વનમાં ગયા પછી મોસાળથી ભરતને બોલાવવામાં આવ્યા ત્યારે તે રાજગાદીએ બેસવાને બદલે, માતાનો અનાદર કરી, વનમાં રામને તેડવા દોડી ગયા. ત્યાર પછીની કથા આ પાઠમાં છે.

પ્રશ્નો

૧. સેના સાથે ભરત આવ્યો તેનું લક્ષ્મણે શું કારણ કલ્પ્યું? રામે શું કલ્પ્યું?

૨. રામને પાછા લઈ જવાનો ભરતનો આગ્રહ, અને રામનો પિતાની આજ્ઞા પ્રમાણે વનમાં રહેવાનો આગ્રહ — એ બે પક્ષમાંથી કયો પક્ષ તમને ગમે છે? શા માટે?

૩. મેરુ ચળે, સૂર્ય પશ્ચિમમાં ઊગે, વગેરે અસંભવિત વાતો રજૂ કરીને પોતાની મક્કમતા રજૂ કરવાની રીત સમજ્યા?

સંસ્કૃતમાં આ ભાવને માટે નીચેનો શ્લોક છે તે જાણવા જેવો છે:—

उदयति यदि भानुः पश्चिमे दिग्विभागे विकसति यदि पद्म पर्वतानां शिखाग्रे ।
प्रचलति यदि मेरुः शीततां याति वह्निर्न चलति खलु वाक्यं सज्जनानां कदाचित् ॥

સૂર્ય ભલેને (પૂર્વને બદલે) પશ્ચિમ દિશામાં ઊગે, કમળ ભલેને પર્વતોની ટોચ ઉપર ખીલે, મેરુ પર્વત ભલેને ચલિત થાય, કે અગ્નિ શીતળ બની જાય — તોપણ સજ્જનોનું વચન કદાપિ ચળે નહિ.

૪. રામના એકવચનીપણા વિષે તુલસીદાસની ઉક્તિ પણ યાદ કરો —

रघुकुल रीत सदा चली आई, प्राण जाय अरु वचन न जाई ।

કોવિદાર પું૦; ન૦ [सं.] = એક વૃક્ષ (ધ્વજ ઉપર તેનું ચિહ્ન હતું)
ચિત્રકૂટ પું૦ [सं.] = પ્રયાગ નજીક આવેલો એક પર્વત
મંદાકિની સ્ત્રી૦ [सं.] = ગંગા નદી
अविवेकः परमापदां पदम् = 'અવિચાર એ આપત્તિઓનું પરમ સ્થાન છે'
દર્ભનો બંધ = વનવાસીઓ રહેઠાણનો માર્ગ ચૂકી ન જવાય તે માટે ઝાડ ઉપર દાભનો પૂળો એંધાણ તરીકે બાંધી રાખે છે તે
આર્ય પું૦ [सं.] = વયમાં મોટાને કરાતું એક સંબોધન
અરાજકતા સ્ત્રી૦ [सं.] = અવ્યવસ્થા; અંધેર
અભિષેક પું૦ [सं.] = નવા રાજા કે મૂર્તિની સ્થાપના વખતે કરાતો જળસિંચનનો વિધિ.


૪

બલિદાનનો મહિમા

૧

સાધારણ કુસ્તી તો આપણે બધા કરીએ છીએ. મલ્લોની કુસ્તી પણ આપણામાંના કોઈકે જોઈ હશે. હાથી હાથી સામસામા સાઠમારી કરે છે એ પણ ઘણા જાણતા હશે. માણસોને હાથીના પગ નીચે કચડીને મારી નાખવામાં આવતા, એ પણ ઇતિહાસ વાંચનારને જાણમાં હશે. સ્પેનમાં આજે પણ માણસ અને સાંઢની સાઠમારી થાય છે અને સેંકડો સાંઢોના ભોગ અપાય છે, એ તાજું વર્ણન પણ કેટલાકે વાંચ્યું હશે. પણ એ બધાંની ખૂનરેજીને ભુલાવે એવાં તો રોમમાં એક કાળે થતાં 'ગ્લૅડિયેટર' — મલ્લોનાં યુદ્ધો હતાં.

ઈ. સ. પૂર્વે ૨૬૪થી ઈ. સ. ૪૦૦ સુધી, એટલે લગભગ સાતસો વર્ષ સુધી, એ પ્રથા રોમન સામ્રાજ્યમાં ચાલુ રહી. મરનાર પાછળ નરમેધ કરવાના જૂના રિવાજમાંથી એનો જન્મ થયો, અને જોતજોતામાં તો એ બધે જ ફેલાઈ ગઈ. એક એક પ્રસંગે મલ્લોની સેંકડો જોડીઓ ભાલા કે તલવાર લઈને લડતી. માણસોને એકબીજાનાં ગળાં રેંસતાં જોવામાં જ લોકોને આનંદ પડવા લાગ્યો. રાજાથી માંડીને રંકમાં રંક સુધીના લોકો એ તમાશાઓમાં હાજર રહેતા. પહેલાં તો ગુલામો અને યુદ્ધના કેદીઓને જ લડાવવામાં આવતા. પાછળથી મુક્ત લોકો પણ એમાં ઊતરવા લલચાયા ને સારાં સારાં કુટુંબના માણસો પણ એમાં ભાગ લેતા થયા. રાજાઓએ લોકપ્રિય થવા સારુ મલ્લયુદ્ધો માટે મોટાં મોટાં પથ્થરનાં પ્રેક્ષાગારો (ઍમ્ફી-થિયેટર) બાંધી આપ્યાં. રોમમાં આજે એવું એક



રોમનું પ્રેક્ષાગાર — કોલોઝિયમ

ખડેર છે, તે એંસી હજાર માણસ માય એવડું છે! એવાં પ્રેક્ષાગારો રોમન સામ્રાજ્યના એકેએક મોટા શહેરમાં હતાં. એમ કહેવાય છે કે, આવું એક પ્રેક્ષાગાર પડી ગયું તેમાં વીસ હજાર માણસ ચગદાઈ મૂઆં! પછી તો મલ્લ-યુદ્ધો ચા-પાણીના મેળાવડાની જેમ રોજનાં થઈ પડ્યાં. મોટો માણસ મરી જાય ત્યારે મલ્લયુદ્ધ થાય; અમલદારોનો અમલ શરૂ થાય ત્યારે મલ્લયુદ્ધ; શ્રીમંત વેપારી માલ ખપાવવો હોય ત્યારે મલ્લયુદ્ધ કરાવે! સામાજિક ઉત્સવ હોય એટલે મલ્લયુદ્ધ તો ખરાં જ. જે માણસ વધારે મલ્લયુદ્ધ કરાવે તેને ચૂંટણીમાં વધારે મત મળે. ઉમરાવને ત્યાં ઉજાણી હોય તેમાં લોકો ખાતા જાય ને મલ્લયુદ્ધ જોતા જાય. એક ઉમરાવ તો એવો હતો કે, તેને લોહીની છાંટ ઊડતી જોયા વિના ખાવાનું ભાવતું નહિ! જાહેર હોજ અને હમામખાનાં એ રોમની ખાસ વિશેષતા હતી. ત્યાં પણ મલ્લયુદ્ધ થવા લાગ્યાં!

અત્યાર સુધી પુરુષે પુરુષ લડતા. છોકરાછોકરીઓ માણસોનાં લોહી ઊડતાં જોતાં. કવિઓ એનાં વર્ણનો કરતા. લોકોને એ સિવાય બીજી વાતમાં રસ પડતો નહિ. દયા કે કમકમાટી જેવી વસ્તુ જ લોકો ભૂલી ગયા હતા. પરંતુ સ્ત્રીઓ પણ આ યુદ્ધમાં ઊતરવા લાગી ત્યારે તો હદ વળી ગઈ. આખા સામ્રાજ્યમાં મલ્લોની શાળાઓ સ્થપાઈ અને મલ્લોનાં ધાડાં ને ધાડાં દેશમાં ફરવા લાગ્યાં.

ક્રૂરતા કાંઈ એટલેથી અટકે? એટલે જાનવરો — રીંછ, સાંઢ, વાઘ, હાથી, સિંહ, જિરાફ, સાબર, મગર, સાપ — લડાવવાનું ને મારવાનું દાખલ થયું. એક એક તમાશામાં હજારો પ્રાણીઓનો સંહાર થતો. દિવસોના દિવસો સુધી તમાશા ચાલતા. નીરો[1] કરીને માનવકુલાંગાર, માતૃઘાતક[2], લોહીતરસ્યો એક બાદશાહ થયો. એણે પોતાની મોજને ખાતર આખું રોમ બળાવ્યું, અને એક વાર બગીચામાં રોશની કરવા ખ્રિસ્તીઓને રાળવાળાં પહેરણ પહેરાવી જીવતા બાળી મૂક્યા!

લોકો ભાનસાન ભૂલ્યા હતા અને તેઓએ મર્યાદા મૂકી હતી. જે માણસ મલ્લયુદ્ધોને ઉત્તેજન આપતો તેને તેઓ પૂજતા. ઘણા ઘણા ભલા બાદશાહોએ આ ખૂનરેજીમાં કાંઈક મર્યાદા દાખલ કરવાનાં ફાંફાં માર્યાં; નીતિશાસ્ત્રીઓએ રોઈ રોઈને ઉપદેશો આપ્યા; પણ એનો જુવાળ તો દિવસે દિવસે ચડતો જ જતો હતો. લડનારાઓ પણ રાજીખુશીથી મરવા તૈયાર થતા! એ રીતે મરવામાં મોટું માન ગણાતું! એક બાદશાહ કહેતો, 'મને મરતા માણસની મુદ્રામાં કેવો ફેરફાર થાય છે એ જોવામાં બહુ રસ પડે છે.' મલ્લો લડી રહે અને એક હારે

---

૧. રોમનો આ બાદશાહ (ઈ. સ. ૩૭–૬૮) તેના ઘાતકીપણા માટે કહેવતરૂપ થઈ ગયો છે.
૨. પોતાની માને તેણે મરાવેલ તેથી.

એટલે એને મારીને પૂરો કરવો કે જીવતો રાખવો એ પ્રેક્ષકોને પૂછવામાં આવતું, અને એમના નિર્ણય પ્રમાણે હારેલા માણસના હાલ થતા.

આ સ્થિતિ સાત સૈકાં સુધી ચાલી અને સત્તા કે નીતિ બેમાંથી એકે એને રોકી શક્યું નહિ. જે કામ કોઈ ન કરી શક્યું, તે એક ખ્રિસ્તઘેલા સત્યાગ્રહી સાધુએ પોતાનું બલિદાન આપીને કર્યું. આ બલિદાનનો મહિમા અંગ્રેજ કવિ ટેનિસને એની અનુપમ શૈલીમાં ગાયો છે. એ કાવ્યનો સાર હવે આપણે જોઈએ.

૨

દોઢ હજાર વર્ષ પહેલાંની આ વાત છે. ગ્રીસ દેશને એક દૂરને ખૂણે એક ખ્રિસ્તી સાધુ રહેતો હતો. સ્થાન એકાંત અને નિર્જન હતું. ખ્રિસ્તે જેમ માનવ-જાતિના કલ્યાણને માટે દેહ આપ્યો, તેમ પોતે પણ માનવજાતિ માટે પ્રાણ અર્પણ કરવા, એવી તેની ઊંડી અભિલાષા હતી.

રોજ સંધ્યા સમયે પશ્ચિમ ભણી, પૃથ્વીના ઉદરમાંથી ફાટી નીકળતો ધગધગતો લાવા-રસ ઊછળી રહ્યો હોય એમ, લોહીવર્ણે પૃથ્વી રંગાઈ જતી. અસ્તાચળ પર જતા સવિતાનારાયણ કોપ્યા હોય એમ, રાતાં રાતાં કિરણોનો અંબાર ધરતી પર પથરાતો.

ઈશુનું ચારસોમું વર્ષ હતું. દિવસો પર દિવસો જતા હતા અને આવી રક્તવર્ણી સંધ્યાઓ થતી હતી. આવી સંધ્યાઓના સૂર્યનો પ્રકાશ એક ગુફામાં પડતો હતો.

એ ગુફામાં પેલો સાધુ રહેતો હતો. તેનું નામ ટેલિમેકસ હતું. તે ઉપવાસ અને પ્રાર્થનામાં દિવસો વિતાડતો. માણસની સાથે બોલવા જેટલા પ્રસંગમાં પણ તે નહોતો આવતો. કાયકષ્ટથી તેનાં ડાચાં બેસી ગયાં હતાં, આંખો ઊંડી ગઈ હતી, અને શરીર સુકાઈ લાકડા જેવું થયું હતું.

ગુફાની અંદર એક પાષાણની ક્રૉસની આકૃતિ હતી. તે સાધુના પવિત્ર હાથથી એ બંધાઈ હતી. રોજ સૂર્યકિરણ એના પર અથડાતાં. સાધુ આમ તેમ ફરતો અને આ બધું જોતો.

એક દિવસ સાયંકાળે તેની નજર એકાએક પશ્ચિમ તરફ ગઈ. તેને થયું, 'અહા! આ તે પશ્ચિમમાં શું પૃથ્વીને દાવાનળ લાગ્યો છે કે પોતાના પતનથી કોપેલો શેતાન અગ્નિ વરસાવે છે?'

જાણે કોઈ એના પ્રશ્નનો જવાબ આપતું હોય એમ ઊંડો અવાજ આવ્યો: 'જાગ, હે સ્વપ્નદ્રષ્ટા, આમ કામ વગરનું જીવન શું ગાળે છે? આળસુ શું પડ્યો રહે છે? નિઃસ્વાર્થ સેવામાં જીવન કૃતાર્થ કરવાને બદલે આમ શું દહાડા ખુટાડે છે?'

ટેલિમેકસની આંખે અંધારાં આવ્યાં. નજર આગળથી કંઈક દશ્યો પસાર થઈ ગયાં. જાણે ઝાંખાં, પડછાયા જેવાં માણસો લડતાં લડતાં ઊડી જાય છે. વળી એક બીજું દશ્ય દેખાયું: એક પાંખોવાળી આકૃતિ વેગે ઊડતી ઊડતી તેની પાસે આવીને પશ્ચિમ તરફ આંગળી કરી તેના કાનમાં ફૂંક મારી ગઈ, 'રોમ.'

હૃદય બોલી ઊઠ્યું, 'પ્રભુનો આદેશ!' આદેશ સાંભળ્યો કે તે ઊઠ્યો અને આથમતા સૂર્યની દિશામાં મોઢું કરી તેણે ચાલવા માંડ્યું. ઉજ્જડ મુલકો અને ફળદ્રુપ ખેતરો વટાવતો તે આગળ વધવા લાગ્યો. રોજ સાંજે પશ્ચિમમાં સૂરજ આથમતો ને રાતે આકાશમાં ચકચકતું તારામંડળ ઊગીને પશ્ચિમ તરફ ઢળી પડતું. રોમ નજીક નજીક આવતું હતું. સો વહાણાં વાઈ ગયાં. ટેલિમેકસ થાકીને લોથ થઈ ગયો. તેના પગ સૂજીને થાંભલા જેવા થઈ ગયા. આખરે તેણે રોમમાં પગ મૂક્યો.

એ ખ્રિસ્તી શહેર કહેવાતું. એની ભવ્યતા, એની જાહોજલાલી આ સાધુની આંખને ફીકી ફીકી લાગી. એ ઘેરાયેલી આંખ તો રોમનાં સહસ્રસ્તંભ મહાલયોની ખખડધજ દીવાલોની વચ્ચે ઊડતા પેલા દેવદૂતને જોવાને તલસતી હતી.

એટલામાં નફટાઈથી હસતું, સમ ખાતું અને ગાળો ઉચ્ચારતું, ઠઠ્ઠામશ્કરી અને હોહા કરતું એક ટોળું પસાર થયું. રીઢા રોમન લોક એમની રાક્ષસી રમતોની વાતો કરતા હોકારા-પડકારા કરતા ચાલ્યા જતા હતા. ટેલિમેકસના કાન, વૃદ્ધાવસ્થા અને થાકને લીધે, બહેર મારી જવા આવ્યા હતા. તે હોઠ ફફડાવીને બબડતો હતો: 'પ્રભુનો આદેશ!'

માણસોનો તો જુવાળ ચડતો હતો. દરિયાની ઓટમાં જેમ કોઈ તૂટયું-ફૂટયું ખંડેર તણાઈ જાય, એમ આ ઓટમાં ટેલિમેકસ ઘસડાયો. થોડી વારે આંખો ફાડી જુએ છે તો પોતે રોમના વિશાળ પ્રેક્ષાગાર 'કોલોઝિયમ'[૧] આગળ આવી પહોંચ્યો હતો.

અને એણે ત્યાં શું જોયું? પાંજરામાં પૂરેલા વનરાજની ત્રાડ સંભળાઈ. જૂના વખતમાં ખ્રિસ્તીઓના લોહીના તરસ્યા સિંહની એવી જ ગર્જનાઓ રોમમાં સંભળાતી.[૨] ત્રણ ગુલામો એક મરેલા સિંહને ઘસડી જતા હતા. એક ગુલામ એક મરેલા માણસને તાણતો હતો.

---

૧. રોમના પ્રખ્યાત પ્રેક્ષાગારનું નામ. તેનું ચિત્ર ઉપર આપ્યું છે.

૨. એટલે કે, ઈસ્વી સનનાં પહેલાં ત્રણ સૈકાંમાં, કે જ્યારે રોમન બાદશાહો આદિ-ખ્રિસ્તીઓને તેમના ધર્મના કારણે ખૂબ પજવતા તથા રીબતા અને ઘાતકી રીતે મારી નંખાવતા. તે અટક્યું ચોથા સૈકામાં, જ્યારે રોમન બાદશાહ કોન્સ્ટંટાઈને ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો, તે પહેલાંની દશાની અહીં વાત કરી છે.

પાછળના ટોળાનો હડસેલો આવ્યો અને ટેલિમેક્સ ઠેસ ખાઈ ને કોલોઝિયમની અંદર દાખલ થઈ ગયો; બેઠો. તેની આંખે અંધારાં આવી ગયાં. પણ બહારના બપોરના તડકાથી અંજાઈ ગયેલ આંખ જ્યારે પળ વાર પછી ઊઘડી, ત્યારે તેણે આજુબાજુ નજર નાંખી નિહાળી જોયું. માથા પર રાતો લોહી જેવો ચંદરવો તાણેલો હતો; ધૂળમાંથી માણસોના લોહીની છાંટ ઊંચે ઊડતી હતી; મલ્લો યુદ્ધ માટે ધસ્યે જતા હતા; અને એંશી હજાર ખ્રિસ્તીઓ માણસ માણસનું ખૂન કરે તે જોવા બેઠા હતા.

શરીરને અચાનક આંચકો લાગે ને એકાદું જૂઠું પડેલું અંગ જાગ્રત થઈ જાય, તેમ ટેલિમેક્સના દેહમાં ઈશ્વરે જાણે એકાએક બળનો સંચાર કર્યો. તેનામાં નવલોહિયા કુમારનો ઉત્સાહ રેડાઈ ગયો. તે કૂદી ઊઠ્યો, હળવે રહીને નિસરણીનાં પગથિયાં ઊતર્યો, અને જે વાડ પ્રેક્ષકોને આત્મઘાતી મારાઓથી જુદી પાડતી હતી, તેના ઉપર થઈને ટપી ગયો. ત્યાંથી આગળ ધસ્યો અને મલ્લોની તલવાર ઊછળતી હતી તેમની વચ્ચે જઈને ખડો થઈ ગયો. હાથ ઊંચા કરી ગંભીર અવાજે તેણે સાદ કર્યો: 'થંભી જાઓ! જેણે માણસજાતને સારુ પોતાના પ્રાણ કુરબાન કર્યા, એ પરદુઃખભંજન મહાન ઈશુ ખ્રિસ્તને નામે કહું છું કે, થંભી જાઓ!'

ક્ષણેક શાંતિ પથરાઈ ગઈ; જાણે સ્મશાન! બીજી જ ક્ષણે સર્પોનું અરણ્ય ફૂંફાડા મારતું હોય એવા ચીડ અને તિરસ્કારના સુસવાટા સંભળાયા. પ્રેક્ષકોમાંથી, ઘુઘવાટ કરતા સાગરના જેવી ઘોર ગર્જના થઈ, અને પછી એકસામટા હજારો પથરાઓનો વરસાદ વરસ્યો. વૃદ્ધ સાધુ ટેલિમેક્સ હતો ન હતો થઈ ગયો. અને ફરી પાછી પૂર્વવત્ સ્મશાનશાંતિ છવાઈ ગઈ.

ટેલિમેક્સનું સ્વપ્ન ફળ્યું. એ સ્વપ્નમાંથી એક ભવ્ય કૃતિનો જન્મ થયો અને દુનિયા જાગી. એ વિશાળ કોલોઝિયમમાં ભેગાં થયેલાં ઝનૂની ટોળાંઓ તો એ મૃતદેહને અર્ધાં ભયથી અર્ધાં આશ્ચર્યથી ટગર ટગર જોઈ રહ્યાં. એમના પર એ મરણની કશી અસર ન થઈ. પણ જે હૈયાંઓમાં કાંઈક દયા ઉદારતા રહી હતી, તે તો શરમથી થથરી ગયાં. હમામખાનાંમાં, શહેરના ચોકમાં, ચૌટે ચૌટે, ચકલે ચકલે ને શેરીએ શેરીએ એ મરણની જ વાતો થવા લાગી. ઉપદેશકોની વાણીએ એ બલિદાનનો મહિમા દિવસોના દિવસો સુધી ગાયો; એ ઉદારચરિત સાધુના અંતકાળના અમર શબ્દો ઉપર દિવસોના દિવસો સુધી પ્રવચનો ચલાવ્યાં. એ અમર શબ્દોના પડઘા વાતાવરણને ભેદતા બાદશાહ ઑનોરિયસને કાને અથડાયા. ઑનોરિયસે એ વાત સાંભળી અને તે દિવસથી (ઈ. સ. ૪૦૪) ફરમાન કાઢ્યું કે, આજ પછી હવે રોમ આ અધર્મના સડામાં સબડ્યાં ન કરે, અને રોમના ઉત્સવો માણસે વહેવરાવેલા માણસના લોહીથી કલંકિત ન થાય.

— ચંદ્રશંકર શુક્લ

સ્વાધ્યાય

૧. આ પાઠ 'મધપૂડો'માંથી લીધો છે. સત્યાગ્રહ આશ્રમ, અમદાવાદ, ની શાળાના વિદ્યાર્થીઓ એ નામનું હસ્તલિખિત દ્વૈમાસિક ચલાવતા. તેમાં શિક્ષકો પણ લખતા. એ બધા લેખોમાંથી પસંદગી કરીને પુસ્તકાકારે 'મધપૂડો' નામનું પુસ્તક પ્રસિદ્ધ થયું છે. રસ પડે તો તે પુસ્તક મેળવીને વાંચજો.

૨. યુરોપની સંસ્કૃતિ ઘડનાર બે પ્રાચીન દેશ — એક રોમ અને બીજો ગ્રીસ. રોમન લોકની જાહોજલાલી તેમના કોલોઝિયમ જેવી જ પ્રચંડ હતી. તેની આ પાઠમાં વર્ણવેલી એબ પણ એવી જ નથી? એક માણસના કેવા બળથી — કેવા કાર્યથી એ એબના પાયા ધણધણી ગયા?

૩. ઈશુ ખ્રિસ્તે માણસજાતના કલ્યાણ માટે પોતાની જાતનું ક્રૂસ – વધસ્તંભ ઉપર બલિદાન આપ્યું હતું, તે વાત યાદ કરો. ટેલિમેકસ પણ એ ભવ્ય આદર્શથી પ્રેરાયો હતો.

પ્રશ્નો

૧. અગ્ગડની સાઠમારીઓ, મલ્લયુદ્ધો વગેરેની એબ પ્રાચીન રોમમાં કેવી પ્રસરી હતી, તે તમારા શબ્દોમાં વર્ણવો.

૨. ટેલિમેકસના બલિદાનથી કઈ શક્તિ પ્રગટી અને લોકોને જાગ્રત કર્યા તે કહો.

સાઠમારી સ્ત્રી૦ = જંગલી પ્રાણીઓને ખીજવીને લડાવવાનો તમાસો

નરમેધ પું૦ [सं.] = માણસને બલિદાન તરીકે હોમવો તે

પ્રેક્ષાગાર ન૦ [सं.] = (તમાસો જોવા) પ્રેક્ષકોને બેસવાનું મકાન

હમામખાનું ન૦ [फा.] = નાહવાની ઓરડી; સ્નાનાગાર

માનવકુલાંગાર પું૦ [सं.] = માણસ જાતમાં અંગારા જેવો પાકેલો તે; અધમ માણસ

જુવાળ પું૦ = ભરતી; જ્વાર

મુદ્રા સ્ત્રી૦ [सं.] = મુખમુદ્રા – ચહેરો

અંબાર પું૦ = ઢગલો

શેતાન પું૦ [अ. શયતાન] = ઈશ્વર સામે બળવો કરનાર એક ફિરસ્તો; રાવણ જેવો – મહા દુષ્ટ ને પાપી

સ્વપ્નદ્રષ્ટા પું૦ [सं.] = સ્વપ્ન જોનાર; ભવિષ્યની કલ્પના કરનાર

ખખડધજ વિ૦ = (ખાસ કરીને વૃદ્ધ છતાં) મજબૂત બાંધાનું (૨) દમામદાર; ભવ્ય

૫

'કરુણા વર્ષન્તા આવો!'



जीवन जब सुकाई जाय,
करुणा वर्षन्ता आवो!
माधुरीमात्र छुपाई जाय,
गीत-सुधा झरन्ता आवो! १
कर्मनां ज्यारे काळां वादळ,
गरजी गगडी ढांके सहु स्थळ;
हृदयआंगणे, हे नीरवनाथ,
प्रशान्त पगले आवो! २
मोटुं मन ज्यारे नानुं थई,
खूणे भराये ताळुं दई;
ताळुं तोडी, हे उदार नाथ,
वाजन्ता गाजन्ता आवो! ३
काम क्रोधनां आकरां तुफान,
आंधळा करी भुलावे भान;
हे सदा-जागन्त, पाप-धुवन्त,
वीजळी चमकन्ता आवो! —४

—રવીન્દ્રનાથ ટાગોર
(અનુ૦ મહાદેવ દેસાઈ)

સ્વાધ્યાય

૧. આ કાવ્ય મૂળ બંગાળીમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોરે (ઈ.સ. ૧૮૬૧–૧૯૪૧) લખેલું છે. તેનો અનુવાદ શ્રી. મહાદેવભાઈ દેસાઈએ (ઈ. સ. ૧૮૯૨–૧૯૪૨) કરેલો છે.

૨. જીવનની જુદી જુદી મુશ્કેલીઓ વખતે ભક્ત ભગવાનને તેના કયા કયા સ્વરૂપે ભજે છે, તેનો આ ભજનમાં સુંદર નમૂનો છે. આ ચોપડીમાં આગળ આવતા 'પ્રભુ જીવન દે' એ કાવ્યનો ભાવ આની સાથે સરખાવો.

પ્રશ્નો

૧. કયે કયે પ્રસંગે ભક્ત ભગવાનને કયે કયે સ્વરૂપે પધારવાનું પ્રાર્થે છે?

૨. જીવનમાંથી માધુરી દૂર થાય, ત્યારે કવિ ભગવાનને ગીતસુધારૂપે આવવાનું કેમ કહે છે?

જવ અ૦ = જ્યારે

માત્ર [સં. માત્રા પરથી] = નામને લાગતાં 'તે બધું; સઘળું' એવો સમગ્રતા-વાચક અર્થ બતાવતો પ્રત્યય

ગીતસુધા સ્ત્રી૦ = કાવ્યરૂપી અમૃત

નીરવનાથ પું૦ = શાંતિસ્વરૂપ પરમાત્મા

પાપ-ધુવન્ત વિ૦ = પાપ ધોઈ કાઢનારા; પતિતપાવન (પરમાત્મા)

૬

વેરની આગ

[મહાભારતનું યુદ્ધ પૂરું થવા આવ્યું છે, તેવામાં રથમાં બેસી ગાંધારી, સંજય અને ધૃતરાષ્ટ્ર પ્રવેશ કરે છે.]

ધૃતરાષ્ટ્ર — વત્સ સંજય! કહે, કહે, કુરુકુલનો એકમાત્ર અવશેષ એવો મારો પુત્ર દુર્યોધન ક્યાં છે? તે જીવતો છે કે નહિ?

ગાંધારી — બેટા, જો તે સાચેજ જીવતો હોય, તો તે ક્યાં છે?

સંજય — અરે, પેલા વડ હેઠળ મહારાજ દુર્યોધન એકલા બેઠા.

ગાંધારી — [ગળગળી થઈને] એકલો બેઠો છે? હાય! તેને પડખે તેના સો ભાઈ હવે ક્યાંથી હોય!

સંજય — બાપુ! માજી! હળવે રહીને રથમાંથી હેઠાં ઊતરો.

[બંને ઊતરે છે.]

(લજ્જાથી નીચે મોંએ દુર્યોધન બેઠો છે.)

સંજય — [પાસે જઈને] મહારાજનો જય! માજી સાથે બાપુ પધાર્યાં છે; જુઓ તો ખરા.

[દુર્યોધન મૂંઝાય છે.]

ધૃતરાષ્ટ્ર — બેટા દુર્યોધન, યુદ્ધને અંતે તારા શરીરમાં પેઠેલાં બાણો જાળવીને ખેંચી કાઢ્યા બાદ તારું બખ્તર ખોલી નાખ્યું હોય, તારા જખમો ઉપર મલમપટ્ટા બાંધ્યા હોય, અને તારા પ્રિય મિત્ર કર્ણરાજાને અઢેલીને બેઠો બેઠો હારીને શાંત પડેલા રાજાઓને તું દૂરથી લીલાપૂર્વક નિહાળતો હોય, તે વખતે આવીને, 'બેટા, હવે બહુ દુખતું તો નથી ને?' એવું પૂછવાનો દહાડો મારે પાપીને ન આવ્યો.

[ધૃતરાષ્ટ્ર અને ગાંધારી હાથ પસારતાં પસારતાં[1] પાસે આવી, તેને ભેટે છે.]

ગાંધારી — બેટા, એટલું બધું વાગ્યું છે કે, અમે આવ્યાં છીએ છતાં તારાથી બોલાતું નથી?

ધૃતરાષ્ટ્ર — બેટા દુર્યોધન, મારી સાથે પણ આવું કરીશ? પહેલાં તો તું કદી આમ કરતો નહોતો.

ગાંધારી — બેટા, તું પણ અમને નહિ બોલાવે, તો શું હવે દુઃશાસન વગેરે આવીને અમને બોલાવવાના છે? [રડે છે.]

દુર્યોધન — મારા તમામ ભાઈઓનો નાશ થતો મેં નજરે જોયો, પણ તેમનો બદલો હું વાળી શક્યો નથી. તમારા બધા પુત્રોનો નાશ કરાવીને મેં તમો બન્નેને આમ રડતાં કરી મૂક્યાં છે. પવિત્ર ભરતવંશમાં પાકેલા એવા કપૂતને હજી તમે તમારો પુત્ર ગણો છો?

ગાંધારી — બેટા, એમ ન બોલીશ. તું એકલો જીવતો હશે, તોપણ અમ આંધળાંની લાકડી છે. તું મારે દીર્ઘાયુષી થા. પછી મારે રાજ્યેય નથી જોઈતું કે વિજયેય નથી જોઈતો.

દુર્યોધન — મા, આ તે કેવી દીનતા? ઉત્તમ ક્ષત્રિયવંશમાં જન્મેલીને આવું બોલવું છાજે? પોતાના સો સો વીર પુત્રો મરવા છતાં તેમની ચિંતા તો કરતી નથી, ને મારા જેવા કપૂતને જીવતો રાખવા ઇચ્છે છે, એ તે તારી કેવી વત્સલતા! પુત્રશોકથી તું ભાન ભૂલી ગઈ લાગે છે.

સંજય — મહારાજ, 'ઘડો કૂવામાં પડી ગયો, માટે દોરડું પણ પાછળ નાખી દેવાય?'

દુર્યોધન — એ કંઈ બધે જ લાગુ ન પડે. સાધ્ય જ ન રહ્યું, તો પછી સાધન શું કરવાનું? [રડે છે.]

૧. ગાંધારીએ પણ ધૃતરાષ્ટ્રની પેઠે આંધળી બનવા માટે લગ્નના દિવસથી જ આંખે પાટા બાંધી દીધા હતા.

ધૃતરાષ્ટ્ર — [દુર્યોધનને આલિંગીને] બેટા, ટાઢો પડ, અને મને તેમ જ દુઃખી થતી તારી માને ટાઢાં પાડ.

દુર્યોધન — બાપુ, હમણાં તમારે ટાઢાં પડવાની વેળા નથી; હું કુંતીના બધા પુત્રોને મારી નાખું, ત્યાર બાદ તેની સાથે પુત્રશોક કરતાં કરતાં પણ તમે શોભશો.

ગાંધારી — બેટા, મારે તો તું એકલો જીવતો છે એટલે બહુ છે. હવે લડવાની વાત માંડી વાળ; તને પગે લાગું; અહીંથી જ તું પાછો ફરી જા; મારો બોલ રાખ.

ધૃતરાષ્ટ્ર — બેટા, તારી માનું વચન રાખ, તથા સગાંસંબંધી વિનાના બનેલા મારું કહેવું પણ સાંભળ. જેમની ઉપર મદાર બાંધીને તેં પાંડવોને તુચ્છકાર્યા હતા, તે દ્રોણ અને ભીષ્મ હવે ક્યાં છે? કર્ણની આશા રાખતો હોઉં, તો તેના દીકરાને તેની આંખો આગળ જ મારી નાખીને અર્જુને આખા જગતને ચોંકાવી દીધું છે. દુશ્મનોએ મારા બધા પુત્રો મારી નાખ્યા; હવે તારા પૂરતી જ તેમની પ્રતિજ્ઞા અધૂરી રહી છે. માટે હવે તેમના પ્રત્યેનો તુચ્છકાર તજી દે અને રણભૂમિમાંથી પાછો ફર.

દુર્યોધન — રણભૂમિમાંથી પાછો ફરીને પછી શું કરું?

ગાંધારી — બેટા, તારા બાપુ કે વિદુર જે કહે તે.

સંજય — દેવ, એ જ બરાબર છે.

દુર્યોધન — હજુ સલાહો આપવાની રહી છે શું?

સંજય — દેવ, વિજયની ઇચ્છાવાળો જ્યાં સુધી જીવતો હોય, ત્યાં સુધી ડાહ્યા પુરુષો તેને સલાહ આપી શકે.

દુર્યોધન — [સક્રોધ] તો આપ જ ડાહ્યા મારે યોગ્ય શી સલાહ આપો છો, તે જ પ્રથમ સાંભળી લઉં!

ધૃતરાષ્ટ્ર — બેટા, સંજય ખરું કહે છે. તેમાં તેના ઉપર ગુસ્સે શાને થાય છે? જો તું જરા શાંત થાય, તો હું જ તને કાંઈક કહું. સાંભળ.

દુર્યોધન — કહો.

ધૃતરાષ્ટ્ર — બેટા, વિસ્તારથી કહેવાની શી જરૂર છે? હજુ પણ યુધિષ્ઠિર કહે તે શરતે તું તેની સાથે સમાધાન કરી દે.

દુર્યોધન — બાપુ, મા તો પુત્રશોકથી વિહ્વલ થઈ ગયાં છે, અને ન સમજે, એટલે એમ કહે; પરંતુ તમે પણ આવા ભાનભૂલા થશો? પણ તમારોય શો દોષ કાઢું? પુત્રશોક જ એવી વસ્તુ છે. પરંતુ પિતાજી, જરા વિચાર તો કરો કે, જ્યારે મારા સોયે ભાઈઓ જીવતા હતા, ત્યારે તો મેં વાસુદેવનું

વિષ્ટિનું કહેણ તુચ્છકારી કાઢ્યું; અને હવે જ્યારે ભીષ્મપિતામહ, દ્રોણાચાર્ય, સોયે ભાઈઓ, તથા બીજા મારા મિત્રરાજાઓ મરી પરવાર્યા ત્યારે, માત્ર પોતાના શરીર ઉપરની મમતાને લીધે, હું પાંડવો સાથે સંધિ કરવા જાઉં? સહેજ પણ મોટાઈવાળા પુરુષને માટે એ કેવું શરમભરેલું થાય? તથા અંતે પણ તેમાંથી શું સુખ મળી જવાનું હતું? અને સંજય, તું મોટો રાજનીતિજ્ઞ થઈને એટલુંય જાણતો નથી કે, રાજાઓ તો પોતાનો પક્ષ ખંડિત થવા લાગે ત્યારે જ સંધિ કરવા તૈયાર થાય? એટલે દુઃશાસનને મારીને જાતે અખંડ રહેલા પાંડવો મારી સાથે સંધિ શું કામ કરે?

ધૃતરાષ્ટ્ર — બેટા, એમ છતાં મારી વિનંતી યુધિષ્ઠિર પાછી નહિ જ ઠેલે. ઉપરાંત તેને પણ નિરંતર ઉચાટ રહ્યા જ કરે છે.

દુર્યોધન — શી વાતનો?

ધૃતરાષ્ટ્ર — બેટા, યુધિષ્ઠિરે એવી પ્રતિજ્ઞા લીધી છે કે, 'મારો એક પણ ભાઈ મરાશે, તોપણ હું જીવતો નહિ રહું.' અને રણસંગ્રામનો શો ભરોસો? ક્યારે કેવીય ધોકાબાજી થાય, અને હાથ ઘસતા રહી જવું પડે. એટલે પોતાના ભાઈઓના નાશની બીકે, તે તો તું કહે તે ઘડીએ સંધિ કરવા તત્પર રહેવાનો.

સંજય — ખરી વાત છે.

ગાંધારી — બેટા, તારા બાપુ ઠીક કહે છે; તેમનું કહેવું માન.

દુર્યોધન — બાપુ! મા! સંજય! પોતાનો એકાદ ભાઈ મરે તોય જાતે મરવાની પ્રતિજ્ઞા કુંતીનો છોકરો લે; અને દુર્યોધન તો તેના સો સો ભાઈ મરાય તોપણ જીવવાની ઇચ્છા રાખે! મારા ભાઈ દુઃશાસનનું ખોબે ખોબે લોહી પીનાર ભીમને ગદાની અણીએ ચીરી નાખીને દિશાઓમાં ફેંકી ન દઉં, પરંતુ ગરીબડો થઈ તેની સાથે સંધિ કરવા જાઉં?

ગાંધારી — હાય, હાય! બેટા દુઃશાસન! મારા લાડકા! યુવરાજ! જગતમાં કોઈનું આવું મોત સાંભળ્યું છે? અભાગણી ગાંધારી, તું સો વીરોને જન્મ આપનારી કહેવાઈ; પણ તેં સો પુત્રો નહિ, પણ સો દુઃખોને જ જન્મ આપ્યો.

[બધાં રડે છે.]

સંજય — [આંસુ પાડતો] બાપુ! મા! તમે બંને તો મહારાજને સમજાવવા આ રણભૂમિ પર આવ્યાં છો. જરા હૈયું કઠણ રાખો.

ધૃતરાષ્ટ્ર — બેટા દુર્યોધન, દૈવ આમ વાંકું થઈ બેઠું છે; અને તુંય તારી મમત છોડતો નથી. તો બાકી રહેલા એકલા તારા આધારવાળી તારી રાંક મા અને હું હવે શું કરીશું?

दुर्योधन — કહું હવે તમારે બંનેએ શું કરવું જોઈએ તે? પોતાના સાઠ હજાર પુત્રો મરી ગયા ત્યારે આપણા વડવા સગર રાજાએ શું કર્યું હતું? પોતે જાતે રાજ્યની ધુરા વહન કરી હતી. તમારા પુત્રો પણ આખા જગતને જીતી, ઐશ્વર્ય ભોગવી, શત્રુઓનાં મોં કાળાં કરી, હજારો રાજાઓના મુગટ પગની ઠેસે ઉડાવી, રણસંગ્રામમાં સામે મોંએ લડતા લડતા મરણ પામ્યા છે; તો હવે તમે બંને રાજગાદી સંભાળો. એથી બીજું કરવા જશો તો તેમાં ક્ષત્રીવટ નહિ હોય.

[નેપથ્યમાં મોટો હાહાકાર સંભળાય છે.]

गांधारी — [સાંભળીને, સભય] બેટા, આ હાહાકાર અને આ રણશિંગાનો અવાજ શાનો સંભળાય છે?

संजय — રણભૂમિ ઉપર તો આવા હાહાકાર થયા જ કરવાના.

धृतराष्ट्र — ભાઈ સંજય, જાણી લાવ તો. આ હાહાકાર તો બહુ મોટો તથા કારમો છે. તેનું કાંઈક ખાસ કારણ હોવું જોઈએ.

दुर्योधन — બાપુ, મહેરબાની કરો; આપણું નસીબ અવળું છે; નવું કાંઈ અશુભ સાંભળવાનું મળે, ત્યાર પહેલાં મને રણભૂમિ ઉપર પહોંચી જવા દો.

गांधारी — બેટા, ઘડીક ઊભો રહીને મને અભાગણીને શાંત પડવા દે.

धृतराष्ट्र — બેટા, હજુ પણ તારે લડવું જ હોય, તો દુશ્મનોનો ગુપ્ત રીતે વધ કરવાનો કંઈ ઉપાય વિચારી કાઢ.

दुर्योधन — વાહ! મારા ભાઈઓને તો તેમણે ઉઘાડેચોક હણ્યા; અને હું તેમને છાની રીતે મારવા જાઉં? મારા ભાઈઓના વધનો બદલો હું તેમની પેઠે ઉઘાડેચોક રણભૂમિ ઉપર જ ન લઉં, તો પછી તે લીધો ન લીધો સરખો જ છે.

गांधारी — બેટા, તું એકલો છે. તારી મદદમાં હવે કોણ છે?

दुर्योधन — મા, તારા દીકરાઓનો નાશ કરનાર હું જો એકલો છું, તો પાંડવો પણ કેટલાક છે? અત્યાર સુધી નસીબે તેઓની જ યારી કરી છે; પણ હવે તે નિષ્પક્ષપાતી થશે, અને પૃથ્વી પાંડવો વિનાની થશે.

[નેપથ્યમાં ફરી પાછો હાહાકાર સંભળાય છે.]

[દોડતો પ્રવેશ કરીને]

सारथि — મારી નાખ્યા બાપ! [નીચે પડતું મૂકે છે.]

दुर्योधन — શું છે? શું છે? જલદી કહે, જલદી કહે.

धृतराष्ट्र અને संजय — કહે, કહે, શું થયું?

सारथि — બીજું શું? કર્ણનો રથ ખાલી લઈને શલ્ય રાજા પાછા આવ્યા છે.

દુર્યોધન — હાય, પ્રિય મિત્ર કર્ણ ! [મૂર્છિત થાય છે.]

ગાંધારી — બેટા, શાંત થા, શાંત થા.

સંજય — મહારાજ, શાંત થાઓ, શાંત થાઓ.

ધૃતરાષ્ટ્ર — હાય, દૈવ, હાય ! ભીષ્મ દ્રોણ માર્યા ગયા પછી મારા દીકરાનો જે એકમાત્ર આધાર હતો, તે શૂરો કર્ણ પણ ગયો ! બેટા, શાંત થા, શાંત થા. હાય, દુષ્ટ દૈવ ! સો સો પુત્રોના નાશનું દુઃખ તો હજુ વેઠી રહ્યો છું, તેવામાં આ દુર્યોધનની પણ આશા મૂકવાની ઘડી આવી. બેટા, દુર્યોધન, શાંત થા, શાંત થા. તારી આ દુખિયણ માને ટાઢી પાડ.

દુર્યોધન — [જરા ભાનમાં આવી] ભાઈ કર્ણ, જરા તારા પ્રિય બોલ તો સંભળાવ. કોઈ દહાડો મારાથી જુદો પડ્યો નથી, અને કદી મને ન ગમતું કર્યું નથી; તો પછી આજે મને એકલો મૂકી ક્યાં જાય છે ? [ફરી મૂર્છિત થાય છે.]

[બધાં આશ્વાસન આપે છે.]

દુર્યોધન — મારો પ્રાણાધિક અંગરાજ મરી ગયા પછી જીવતા રહેતાં પણ શરમ આવે છે, તો પછી શાંત થવાની તો વાત જ ક્યાં ? મારા સગા ભાઈઓને શત્રુએ મારી નાખ્યા. તેમનો શોક થવો જોઈએ, છતાં મેં નથી થવા દીધો. પરંતુ મારા પ્રિય મિત્ર કર્ણની જેણે આ વલે કરી, તેના તો આખા કુળનું નિકંદન કાઢીને જ હું જંપીશ.

— ભટ્ટ નારાયણ

(અનુ૦ ગોપાલદાસ પટેલ)

સ્વાધ્યાય

૧. પાંડવો જુગારમાં બધું હારી ગયા પછી, ભીમે દ્રૌપદીનું અપમાન કરનાર દુઃશાસનને મારવાનું પણ લીધું હતું, તે તમે જાણતા હશો. તે પ્રસંગ પરથી સંસ્કૃતમાં ‘ વેણીસંહાર ’ નામે નાટક ભટ્ટ નારાયણે લખ્યું છે. આ પ્રસંગ એમાંથી છે.

૨. વેર સામે વેર કરવાથી વેર વધ્યા જ કરે છે, અને તેનો છેડો નથી આવતો, તે શી રીતે તે અહીં જુઓ. વિદ્યાપીઠ વાચનમાળા – સાતમી ચોપડીમાં ‘ અવેરે જ શમે વેર ’ એ પાઠ છે, તે અહીં યાદ કરો.

૩. ધૃતરાષ્ટ્ર કેમ પોતાના પુત્રને કાબૂમાં નહિ રાખી શકતા હોય ? ‘ મહાભારતનાં પાત્રો ’માંથી ‘ ધૃતરાષ્ટ્ર ’ વાંચો તો તેનો ઉત્તર મળશે. ‘ દ્રૌપદી ’ વગેરે ચોપડીઓ પણ વાંચો.

૪. મહાભારતની કથામાંથી દ્રુપદ – દ્રોણ, ભીષ્મ – શિખંડી, ભીમ – દુઃશાસન, વગેરેનાં વેરની આગ પણ જાણવા જેવી છે.

પ્રશ્નો

૧. જીતેલા પાંડવો વિષ્ટિ માટે તૈયાર નહિ થાય, એવા દુર્યોધનના કથનનો ધૃતરાષ્ટ્ર શો જવાબ આપે છે?

૨. દુશ્મનોનો ગુપ્ત રીતે વધ કરવાની ધૃતરાષ્ટ્ર સલાહ આપે છે, ત્યારે દુર્યોધન તેનો શો જવાબ આપે છે?

સંજય પું૦ [સં.] = ધૃતરાષ્ટ્રનો સારથિ
આંધળાની લાકડી = અપંગના આધાર-રૂપ માણસ
મદાર પું૦; સ્ત્રી૦ [અ.]= આધાર; ભરોસો
વિષ્ટિ સ્ત્રી૦[સં.] = સમાધાનીની વાટાઘાટ
ચારી કરવી (નસીબે) = (નસીબ) પાધરું ઊતરવું; પ્રયત્ન સફળ થવો
સગર પું૦ [સં.] = એક પ્રખ્યાત સૂર્યવંશી રાજા; રામના પૂર્વજ
શલ્ય પું૦ [સં.] = પાંડવોની માતા માદ્રીનો ભાઈ
અંગરાજ પું૦ [સં.] = અંગદેશનો રાજા – કર્ણ (અંગ = ગંગાના જમણા કિનારે આવેલો દેશ.)

૭

ન્યાય કે દયા?

ભૂમધ્ય સમુદ્રને કાંઠે આવેલા વેનીસ નામના સુંદર શહેરમાં ઍન્ટોનિયો અને બેસેનિયો નામના બે મિત્રો રહેતા હતા. ઍન્ટોનિયો એક ધનાઢ્ય વેપારી હતો; દરિયાઈ માર્ગે પૂર્વના દેશો સાથે એનો પુષ્કળ વેપાર ચાલતો, અને એનાં વહાણો લાંબી સફરે જતાં.

બેસેનિયોને પોર્શિયા નામની એક પૈસાદાર કન્યા સાથે પ્રેમ બંધાયો હતો. પણ પોતે ગરીબ હોવાથી, એને ગામ મળવા માટે પણ ભાગ્યે જઈ શકતો. એક વાર એણે ઍન્ટોનિયોને કહ્યું: 'ભાઈ! થોડાક પૈસા આપે તો હું પોર્શિયાને મળી આવું.' ઍન્ટોનિયોનું સઘળું ધન એના વહાણમાં પડેલું હતું; અને પોર્શિયાને ત્યાં જતાં શોભે એટલું દ્રવ્ય એ બેસેનિયોને આપી શકે તેમ નહોતું; તેથી તેણે શાઇલૉક નામે એક યહૂદી શરાફ પાસે એને નાણાં ધિરાવ્યાં.

શાઇલૉકે મશ્કરીનો દેખાવ કરી કહ્યું કે, 'જો ભાઈ, હું તારા તરફથી નાણાં આપું છું તો ખરો, પણ ત્રણ મહિનામાં તું તે પાછાં નહિ અપાવે, તો તારા શરીરનું એક શેર માંસ હું કાપી લઈશ.'

શાઇલૉક કેવો લુચ્ચો છે, એ બેસેનિયો જાણતો હતો. તેથી એ દુષ્ટ લોભીને આવી કબૂલત ન આપવી, એમ તેણે ઍન્ટોનિયોને કહ્યું. પણ

એન્ટોનિયોને ખાતરી હતી કે, પોતાનાં વહાણુ ત્રણ માસ પહેલાં જરૂર આવશે; તેમ એને બેસેનિયો ઉપર સ્નેહ ઘણો હતો; તેથી તેણે આ શરત ખુશીથી કબૂલ કરી, અને એ બાબતનો શાઇલૉકને દસ્તાવેજ પણ કરી આપ્યો.

બેસેનિયો એ પૈસા લઈ પોર્શિયાને ગામ ગયો. આ દરમિયાન પોર્શિયાનો બાપ મરી ગયો, અને તે મરતાં મરતાં પોર્શિયાને એટલું કહેતો ગયો કે, 'હું તને સોનાની, રૂપાની અને સીસાની આ ત્રણ પેટીઓ આપું છું. તેની દરેકની ઉપર એક એક લેખ છે, અને તેમાંની એકની અંદર તારી છબી છે. તારી પાસે પૈસા જોઈ તને ઘણા લોક પરણવા આવશે; પરંતુ તેઓને આ પેટીઓ બતાવજે, અને તેમાંથી એક પસંદ કરવા કહેજે, અને જેની પસંદ કરેલી પેટીમાં તારી છબી નીકળે તેને તું પરણજે.'

સોનાની પેટી ઉપર લખેલું, 'બહુને ગમતું'; રૂપાની પેટી ઉપર લખેલું, 'તમને ઘટતું'; અને સીસાની પેટી ઉપર લખેલું, 'સૌ ખોઈને'.

બેસેનિયોના આવતાં પહેલાં, પોર્શિયા પાસે એક આફ્રિકાનો અને બીજો ફ્રાન્સનો એમ બે રાજા આવી ગયા હતા. આફ્રિકાના રાજાએ જાણ્યું કે, 'બહુને ગમતું બીજું શું હોય? પોર્શિયાની જ છબી હોવી જોઈએ.' એમ ધારી એણે સોનાની પેટી ઉપાડી. અંદર પોર્શિયાની છબીને બદલે 'ચળકે તેટલું સોનું જ ન હોય' એવા શબ્દો નીકળ્યા!

ફ્રાન્સનો રાજા અભિમાની હતો. તેણે વિચાર્યું કે, 'મારા યોગ્ય પોર્શિયા સિવાય બીજું કોણ હોય?' એમ ધારી તેણે રૂપાની પેટી લીધી. પણ તેમાંથી પોર્શિયાની છબી ન નીકળતાં 'ધોળું તેટલું દૂધ જ ન હોય' એવા શબ્દો નીકળ્યા!

આ પ્રમાણે બે ઉમેદવારોની તો વલે થઈ ગઈ હતી. પણ બેસેનિયોનું શું થશે, એમ વિચારતી પોર્શિયા બેઠી હતી; એટલામાં બેસેનિયો આવ્યો, અને પિતાની આજ્ઞા પ્રમાણે એને પણ એ ત્રણે પેટીઓની કસોટીએ ચડાવવો પડ્યો.[1]

બેસેનિયોના મનમાં હતું કે, 'સૌ ખોઈને — આ સંસારમાં સર્વસ્વનો ત્યાગ કરવો પડે તો તે કરીને — પણ મારે પોર્શિયાને પરણવું.' અને પોતાના મનનો આ ભાવ તેને સીસાની પેટી ઉપર લખેલો દેખાયો. તેથી તેણે એ જ પસંદ કરી. ઉઘાડીને જુએ છે તો અંદર પોર્શિયાની છબી! આથી પોર્શિયા અને બેસેનિયો બંને હર્ષ પામ્યાં; અને તેઓએ પરણવાનો દિવસ નક્કી કર્યો.

---

૧. પેટીનો સંકેત ગુપ્ત રહે તે સારુ, પોતે ઉપાડેલી પેટીમાંથી શું નીકળ્યું તે ગુપ્ત રાખવાના સોગંદ દરેક ઉમેદવારને પહેલેથી લેવા પડતા હતા.

એટલામાં દૈવયોગે એવું બન્યું કે, ઍન્ટોનિયોનાં વહાણ દરિયામાં તોફાને ચડી ગયાં છે, અને શાઇલૉકનાં નાણાં ભરવાની મુદત પાસે આવી છે, એવી મતલબનો વેનીસથી પત્ર આવ્યો. આ વાંચતાં જ બેસેનિયો ગભરાયો, અને પોતાના મિત્ર ઉપર શાઇલૉક જુલમ ગુજારે તે પહેલાં પોતાનો પ્રાણ એને અર્પવા નિશ્ચય કરી, તેણે વેનીસ જવા પોર્શિયાની રજા માગી.

પોર્શિયાએ કહ્યું: 'મને પરણો અને મારું સર્વ ધન લઈ જાઓ, અને શાઇલૉકને જે માગે તે આપો, અને તમારા મિત્રને બચાવો.' બેસેનિયો પોર્શિયાને પરણ્યો, અને શાઇલૉકને આપવા માટે દ્રવ્ય લઈ વેનીસ જવા નીકળ્યો. પણ તેના પહોંચતાં પહેલાં તો શાઇલૉકે ઍન્ટોનિયોને કેદમાં નંખાવ્યો હતો!

બેસેનિયોના આવ્યા બાદ વેનીસના રાજા પાસે કામ ચાલ્યું. ઍન્ટોનિયો તો પોતે કબૂલ કરેલી શરત પ્રમાણે પોતાનું માંસ કપાવવા તૈયાર થયો. પણ રાજાને દયા આવી અને એના પ્રત્યે દયા રાખવા શાઇલૉકને ઘણું કહ્યું. પણ ઉદારતાથી ગરીબને નાણું ધીરનાર આ વેપારી ઉપર, જેની તેની પાસેથી પૈસા ઓકાવનાર લોભી શાઇલૉકને બહુ દહાડાનું વેર હતું, અને તેથી તેણે માન્યું નહિ. બેસેનિયોએ બમણાં નાણાં આપવા માંડ્યાં, પરંતુ તે લેવા પણ તે દ્રૂષી શાઇલૉકે ના પાડી, અને 'મને તો ઍન્ટોનિયોનું શેર માંસ કાપવા દો' એમ હઠ લઈ બેઠો.

રાજાએ કહ્યું: 'અરે ભલા માણસ, તું બીજા ઉપર દયા નહિ રાખે, તો પ્રભુ તારા ઉપર કેમ રાખશે?'

શાઇલૉકે ઉત્તર દીધો: 'મારે દયા ન જોઈએ; મારે તો ન્યાય જોઈએ.'


રાજા આ સાંભળીને મૂંઝાઈ બેઠો હતો, એટલામાં એક કાયદાશાસ્ત્રી કચેરીમાં આવ્યો, અને તેની સલાહ પ્રમાણે આ કામનો ચુકાદો કરવો એમ ઠર્યું. એણે બંને પક્ષની હકીકત સાંભળી શાઇલૉકને દયા રાખવા વિનંતી કરી; અને બેસેનિયોએ પણ દસ ગણાં નાણાં આપવા માંડ્યાં, છતાં તે લેવા શાઇલૉકે સાફ ના પાડી. પેલા વિદ્વાન કાયદાશાસ્ત્રીએ ઍન્ટોનિયોને પોતાની છાતી ખુલ્લી કરવા કહ્યું. તે સાંભળી શાઇલૉક તો હરખાઈ ગયો, અને વારંવાર 'વાહ વાહ!' અને 'શાબાશ, શાબાશ!' એવા શબ્દો કાઢવા લાગ્યો.

કાયદાશાસ્ત્રીએ શાઇલૉકને પૂછ્યું: 'કેમ, તમારી પાસે માંસ કાપવા માટે છરી અને તોલવા માટે ત્રાજવું તૈયાર છે કે?'

શાઇલૉકે કહ્યું : 'હાજી, હું બધો સામાન ઘેરથી લઈને જ આવ્યો છું.'

'કાપ્યા પછી એની સારવાર કરવા માટે શસ્ત્રવૈદને લાવ્યા છો ?'

'એ તો અમારા કરારમાં નથી.'



"વારુ ત્યારે હવે કોર્ટ ફરમાવે છે કે, 'ઍન્ટોનિયોની છાતીમાંથી એક શેર માંસ તારે કાપી લેવું; પણ તેમ કરતાં જો લોહીનો એક છાંટો પણ બહાર નીકળશે, તો તારી સઘળી મિલકત જપ્ત કરવામાં આવશે !'"

આ હુકમ સાંભળતાં જ શાઇલૉક તો સ્તબ્ધ થઈ ગયો. લોહીનું ટીપું પણ નીકળે નહિ એમ માંસ શી રીતે કપાય ? તેથી પોતાની અતિ દુષ્ટ માગણી છોડી દઈને તેણે કહ્યું, 'ભાઈ, મને મારાં નાણાંનાં ત્રણ ગણાં અપાવો એટલે બસ છે.'

પેલા વિદ્વાને કહ્યું : 'ના, તારે તો ન્યાય જોઈએ !'

'અરે સાહેબ, મને મારી મૂળ રકમ અપાવો એટલે બસ છે. મારે બીજું કાંઈ નથી જોઈતું.'

'અરે દુષ્ટ, હવે સવાલ જવાબ કેવા ? તારે ન્યાય જોઈએ !'

શાઇલૉકે કચેરી છોડી જતા રહેવા માંડ્યું, એટલે પેલા વિદ્વાને એને અટકાવી કહ્યું : 'હજી કેસ પૂરો નથી થયો. જાય છે ક્યાં ? અહીંની રૈયતનો જીવ લેવા કોઈ પણ પરદેશી યત્ન કરે, તો તેને માલ જપ્ત અને દેહાંતદંડની શિક્ષા આ રાજ્યના કાયદામાં ઠરેલી છે. તારે તો એ ન્યાય પણ જોઈએ !'

આ શબ્દ સાંભળતાં જ શાઇલૉક તો 'હાય રે' કરીને રડી પડ્યો અને દયા માટે આજીજી કરવા લાગ્યો. ઉદાર ઍન્ટોનિયોએ એને દેહાંતદંડ માફ કરવા રાજાને વિનંતી કરી; અને તેની બધી મિલકત જપ્ત થશે, તો આ લોભી યહૂદી છાતી ફાટીને મરી જશે એમ જાણીને, જપ્તીના માલનો અર્ધો ભાગ જે કાયદેસર પોતાને મળવાનો હતો, તે પણ શાઇલૉકને આપી દેવા દરખાસ્ત કરી! અને એમ કેસ પૂરો થયો.

આ કાયદાશાસ્ત્રી તે કોણ હતું? પુરુષવેશે આવેલી પોર્શિયા! એણે એકદમ ઘેર જઈ વેશ બદલી નાખ્યો, અને બેસેનિયો ઘેર આવ્યો ત્યારે તેને પોતે આપેલી લગ્નની વીંટી તેની પાસે માગી. પણ બેસેનિયો તે ક્યાંથી આપે! એ તો એને કચેરીમાં કાયદાશાસ્ત્રીને એના કામના બદલામાં આપવી પડી હતી. પોર્શિયાએ એ વીંટી પોતાની આંગળી પરથી કાઢીને બેસેનિયોને આપી, ત્યારે બેસેનિયોએ તે ઓળખી અને જાણ્યું કે, આ સર્વ ઉપકાર બુદ્ધિશાળી પોર્શિયાનો જ હતો!

સ્વાધ્યાય

૧. પ્રખ્યાત અંગ્રેજ કવિ શેક્સપિયરે લખેલા એક નાટકની આ વાત આ૦ આનંદશંકર ધ્રુવે તેમના 'નીતિશિક્ષણ' પુસ્તકમાં આપી છે, તે ઉપરથી આ પાઠ તૈયાર કર્યો છે. એમની એ આખી ચોપડી વાંચવા જેવી છે.

૨. આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવ (ઈ. સ. ૧૮૬૯-૧૯૪૨) ધર્મ, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃત સાહિત્યના ઊંડા અભ્યાસી હતા. તેમણે 'ધર્મવર્ણન', 'હિંદુધર્મની બાળપોથી', 'નીતિશિક્ષણ' વગેરે પુસ્તકો લખેલાં છે. 'વસંત' માસિકમાં પ્રગટ થયેલા તેમના લેખો 'આપણો ધર્મ' એ નામે પ્રસિદ્ધ થયેલા છે.

૩. વેનીસ, પૂર્વનો વેપાર, ભૂમધ્ય સમુદ્ર વગેરે વિષે માહિતી ભૂગોળમાંથી મેળવો.

પ્રશ્નો

૧. શાઇલૉક કેસમાં શાથી હાર્યો? હસતાં હસતાં કરેલા કરારનો કેવો હસવા જેવો અર્થ થયો?

૨. આ વાતમાં ન્યાય અને દયા વચ્ચે શો ઝઘડો આવ્યો? છેવટે શું ઉપર આવ્યું?

યહૂદી વિ૦ [ફા.] = પૅલેસ્ટાઈનનો મૂળ વતની; મૂસા પેગંબરનો અનુયાયી

ચળકે તેટલું સોનું નહિ = બહારથી ચળકતી દેખાતી બધી જ વસ્તુઓ સોના જેવી કીમતી નથી હોતી

ધોળું તેટલું દૂધ નહિ = બહારથી દૂધ જેવી ધોળી દેખાતી વસ્તુઓ દૂધ જેવી ગુણકારક હોતી નથી

૮

હરિનાં લોચનિયાં

[સારંગ]

एक दिन आंसुभीनां रे
हरिनां लोचनियां में दीठां !

पंचरंगी ओच्छव ऊजव्यो'तो अन्नकूटनी वेळा;
चांदीनी चाखडीओए चडी भक्त थया'ता भेळा.
शंख घोरता, घंट गुंजता, झालरु झणझणती;
शतशग कंचन आरती हरिवर संमुख नर्तन्ती.
दरिद्र, दुर्बळ, दीन अछूतो अन्न विना अडवडता,
देवद्वारनी बहार भटकता टुकडा काज टळवळता;
ते दिन आंसुभीनां रे
हरिनां लोचनियां में दीठां ! १

लग्नवेदीपावक प्रजळयो'तो, विप्र वेद उच्चरता;
साजन महाजन मूछ मरडता, पोरस-फूल्या फरता.
जीर्ण, अजीठुं, पामर, फिक्कुं, मानवप्रेत समाणुं,
कृपण कलेवर कोडभर्युं ज्यां मांडवडे खडकाणुं,
ब्राह्मणवचने सूरज-साखे कोमळ कळी त्यां आणी :
भावीनी मनहर प्रतिमानी जे दिन घोर खोदाणी;
ते दिन आंसुभीनां रे
हरिनां लोचनियां में दीठां ! २

भय थरथरता खेडूत फरता शरीफ डाकु वींटाया;
वरुनां धाडां मृत घेटांनी मांस लालचे धायां.
थेली, खडिया, झोळी, तिजोरी, सौ भरचक्क भराणां;
काळी मजूरीना करतलने बे टंक पूग्या न दाणा.
धींगा ढगला धान्य तणा सौ सुस्तो मांही तणाणा
रंक खेडुनां रुधिरे खरडयां जे दिन खळां खवाणां;
ते दिन आंसुभीनां रे
हरिनां लोचनियां में दीठां ! ३

हूंफाळां राजवी भवनोथी ममत अघोर नशामां,
खुद-मतलबिया मुत्सद्दीओए दीधां जुद्ध-ददामां.
जल थल नभ सौ घोर अगननी झाळ महीं झडपायां;
मानवी मानवीनां खून पीवा धायां थई हडकायां.
नवसर्जनना स्वप्नसंगी उर उछरंगे ऊभराणां;
लख लख निर्मळ नवलकिशोरो खाईओमां खोवाणा :
ते दिन आंसुभीनां रे
हरिनां लोचनियां में दीठां ! ४

खीलुं खीलुं करतां मासूॅम गुल सूम शिक्षकने सोंपाणां;
कारागार समी शाळाना काठ उपर खडकाणां.
वसंत, वर्षा, ग्रीष्म, शरदना भेद बधाय भुलाणा;
जीवन-मोद तणा लघुतममां प्रगति-पद छेदाणां.
हर्षझरण लाखो हैयानां झबक्यां त्यां ज झलाणां;
लाख गुलाबी स्मित भाविनां वणविकस्यां ज सुकाणां :
ते दिन आंसुभीनां रे
हरिनां लोचनियां में दीठां ! ५

—કરસનદાસ માણેક

સ્વાધ્યાય

૧. શ્રી. કરસનદાસ માણેક ગુજરાતના નવા કવિ તથા લેખકોમાંના એક છે. આ કાવ્યમાં એ જગતમાં કયા કયા પ્રસંગોએ ઈશ્વરની આંખમાં પણ આંસુ આવી જાય, તે નિરૂપે છે. સામાન્ય રીતે ઈશ્વર જગતનાં સુખદુઃખથી નિર્લેપ રહેતો મનાય છે; પરંતુ અમુક દુઃખો જોઈને તો તે પણ દ્રવી ઊઠે એમ કહીને, કવિ એ પ્રસંગોની અનહદ દુઃખદતા દર્શાવે છે.

૨. આ કાવ્યની સાથે 'સુન્દરમ્'નું આગળ આવનારું 'બુદ્ધનાં ચક્ષુ' એ કાવ્ય પણ તમારી મેળે વાંચો. બેઉમાં કશું સરખાપણું લાગે છે ?

પ્રશ્નો

૧. કવિ કયા કયા પ્રસંગોએ ઈશ્વરની આંખમાં આંસુ આવતાં વર્ણવે છે ?
૨. તે પ્રસંગોની દુઃખદતા કઈ હકીકતમાં રહેલી છે, તે બતાવો.

અન્નકૂટ પું૦ [સં.] = ઠાકોરજી આગળ નૈવેદ્ય તરીકે ગોઠવવામાં આવતો અનેક વાનીઓનો ઢગલો
ચાખડી સ્ત્રી૦ = પાવડી
ઝાલર સ્ત્રી૦ [મં. झल्लरी] = મોગરી વડે વગાડવાની ઘડિયાળ
દેવદ્વાર ન૦ [સં.] = દેવમંદિરનો દરવાજો
લગ્નવેદીપાવક પું૦ = વરકન્યાનો અગ્નિની સાક્ષીએ હસ્તમેળાપ કરાવવા લગ્નની વેદી ઉપર સળગાવેલો પાવક—અગ્નિ
સાજન મહાજન પું૦ બ૦ વ૦ = લગ્નમાં સાથે રહેલું પ્રતિષ્ઠિત લોકોનું મંડળ

પોરસ-ફૂલ્યા = ખુશાલીના અભિમાન કે ઉકરાંટાથી મસ્ત બનેલા
અજીઠું વિ૦ = એઠું; છાંડેલું (૨) [લા.] ભોગવ્યા પછી રહેલું – વૃદ્ધ
કૃપણ વિ૦ [સં.] = કંગાળ
કલેવર ન૦ [સં.] = શરીર
ઘોર ખોદાવી = નષ્ટ થવું; મરણ પામવું
ખેડૂત ફરતા = ખેડૂતની આસપાસ
શરીફ ડાકુ = શાહુકાર નામે ઓળખાતા, પરંતુ ખરી રીતે લૂંટનારા
કરતલ વિ૦ = કરવૈયું; કરી જાણનારું
સુસ્ત વિ૦ [फा.] = મહેનત નહિ કરનારું; પડી રહેનારું
દદામું ન૦ [સં. दुंदुम] = લડાઈમાં લશ્કરને મોખરે વાગતું નગારું; મોટો ડંકો
માસૂમ વિ૦ [अ.] = નિર્દોષ; ભોળું
ગુલ ન૦ [फा.] = ફૂલ (૨) બાળક [લા.]
સૂમ વિ૦ [સં. शून्य] = જડ; મૂજી
કાઠ ન૦ [સં. काष्ठ] = લાકડું (લાકડાનો બાંકડા–પાટલી વગેરે સામાન)
જીવન–મોદ પું૦ [સં.] = જીવનનો આનંદ
લઘુતમ પું૦ [સં.] = ગણિતની 'લઘુતમ' રીત (તેમાં છેદ ઉડાડવામાં આવે છે તેમ જીવનના આનંદનો લઘુતમ કાઢતાં — એટલે કે શાળામાં, બાળકોની પ્રગતિ રૂપી પદો કે રકમોનો છેદ, એ ભાવ છે.)



૯

કુદરતરૂપી પુસ્તક

[પં. જવાહરલાલજીએ એમની પુત્રી ઇંદિરાને તેના બાળપણમાં વિજ્ઞાનની વાતો સમજાવવા લખેલા પત્રોમાંથી આ પહેલો પત્ર છે.]

જ્યારે આપણે સાથે હોઈએ છીએ, ત્યારે તું મને ઘણી બાબતો વિષે વારંવાર પ્રશ્નો પૂછે છે અને હું તેમના જવાબ આપવા પ્રયત્ન કરું છું. પરંતુ હાલ તું મસૂરી છે અને હું અલ્હાબાદ છું, એટલે આપણે એવી રીતે તો વાત ન કરી શકીએ. આથી હું તને આપણી પૃથ્વીના ઇતિહાસની અને તેમાં આવેલા નાના મોટા અનેક દેશોની ટૂંકી વાતો વખતોવખત લખવા ધારું છું.

તેં હિંદના તેમ જ ઇંગ્લંડના ઇતિહાસ વિષે થોડું થોડું કંઈક તો વાંચ્યું છે. પરંતુ ઇંગ્લંડ તો એક નાનકડો ટાપુમાત્ર છે; અને હિંદુસ્તાન વિશાળ દેશ છે ખરો, પણ પૃથ્વીની સપાટીનો તો તે એક નાનો સરખો જ ભાગ છે. જો આપણે આપણી દુનિયાના ઇતિહાસ વિષે કંઈ કે જાણવા માગતા હોઈએ, તો જે નાનકડા દેશમાં આપણે જન્મ્યા હોઈએ તેનો જ નહિ, પણ દુનિયાના બધા દેશો અને તેમાં વસેલી બધી પ્રજાઓ વિષે વિચાર કરવો જોઈએ.

મને ભય છે કે, મારા આ પત્રોમાં હું તને ઝાઝું નહિ કહી શકું. પરંતુ મને આશા છે કે, જેટલું કહી શકીશ એટલું પણ તને રસપ્રદ થશે, અને આખી

દુનિયા એક જ છે તેમ જ તેમાં વસતી બીજી પ્રજાઓ આપણાં ભાઈબહેનો છે, એવો તને ખ્યાલ આપશે. તું મોટી થઈશ ત્યારે પૃથ્વી અને તેમાં વસતી બીજી પ્રજાઓ વિષે દળદાર પુસ્તકો વાંચશે અને તેં વાંચેલી બીજી કોઈ પણ નવલકથા કે વાર્તા કરતાં તેમાં તને વધારે રસ પડશે.

એ તો તું જાણે જ છે કે, આપણી પૃથ્વી કરોડો વરસ પુરાણી છે, અને ઘણા લાંબા કાળ સુધી તેમાં મનુષ્યો વસતાં નહોતાં. મનુષ્યોની પહેલાં પૃથ્વી પર માત્ર જાનવરો જ હતાં, અને જાનવરો પહેલાં એવો સમય પણ હતો કે જ્યારે પૃથ્વી ઉપર કોઈ પણ સજીવ વસ્તુ હયાતી ધરાવતી નહોતી. આજે વિવિધ પ્રકારનાં મનુષ્યો અને પ્રાણીઓથી ભરપૂર ભરેલી આપણી પૃથ્વી કદીયે તેમના વિનાની હશે એમ કલ્પવું એ મુશ્કેલ છે. પરંતુ વિજ્ઞાનશાસ્ત્રીઓ અને જેમણે આ બાબતો વિષે ઘણું ઘણું વાંચ્યું અને વિચાર્યું છે તેઓ કહે છે કે, એક સમયે પૃથ્વી એટલી બધી ગરમ હતી કે, કોઈ પણ સજીવ પ્રાણી તેના ઉપર જીવી જ ન શકે. જો આપણે તેમનાં પુસ્તકોનો અભ્યાસ કરીએ અને ખડકો તથા પ્રાણીઓના અવશેષોનું અવલોકન કરીએ, તો આપણને પણ એમ સમજાય કે, એ હકીકત સાચી હશે.



તું ઇતિહાસ ચોપડીઓમાંથી વાંચે છે. પણ અસલના વખતમાં જ્યારે માણસની હસ્તી જ નહોતી, ત્યારે પુસ્તકો તો ક્યાંથી જ લખાય? તો પછી તે વખતે શું બન્યું તે આપણે કેવી રીતે જાણી શકીએ? આપણે બેઠાં બેઠાં ત્યારની બધી વસ્તુની કલ્પના તો ન જ કરી શકીએ. એમ કરવામાં મજા પડે ખરી; કારણ, મરજી પડે તે વસ્તુની આપણે કલ્પના કરી શકીએ અને એ રીતે સુંદર પરીકથાઓ રચી કાઢીએ. પણ એ બધી સાચી હોય એમ ન બને; કારણ કે, આપણે નિહાળેલી કોઈ હકીકતો ઉપર તે રચાયેલી નથી હોતી.

એ દૂર દૂરના દિવસોમાં લખાયેલી ચોપડી આપણી પાસે નથી એ ખરું; પરંતુ સદ્‌ભાગ્યે આપણી પાસે એવી કેટલીક વસ્તુઓ છે. જે આપણને લગભગ એક ચોપડીની પેઠે ઘણું ઘણું કહે છે. આપણી પાસે ખડકો, પર્વતો, સમુદ્રો, તારાઓ, નદીઓ અને જૂના વખતનાં પ્રાણીઓના અવશેષો છે. પૃથ્વીના આરંભકાળના ઇતિહાસ માટે આ અને આવી બીજી વસ્તુઓ આપણે માટે પુસ્તકો જેવી છે. અને આ ઇતિહાસ સમજવાનો ખરો રસ્તો માત્ર એ વિષેનાં બીજા લોકોનાં લખેલાં પુસ્તકો વાંચવાં એ નથી, પણ કુદરત, કે જે પોતે એક પુસ્તક છે, તેની પાસે પહોંચવું એ છે. હું આશા રાખું છું કે, ખડકો અને પર્વતો ઉપરથી એ ઇતિહાસ કેવી રીતે વાંચવો, તે તું થોડા વખતમાં શીખવા માંડશે.



એ કેવો અદ્‌ભુત છે તેની કલ્પના તો કરી જો! રસ્તા ઉપર કે પર્વતની બાજુમાં તારી નજરે પડતો દરેક પથરો કુદરતના ગ્રંથનું નાનકડું પાનું હોઈ શકે, અને તેને વાંચતાં આવડતું હોય તો તે તને કંઈક કહી શકે. હિંદી, ઉર્દૂ કે અંગ્રેજી ભાષા વાંચવા માટે તેમના મૂળાક્ષરો શીખવાની જરૂર પડે છે. તે જ પ્રમાણે પથ્થર અને ખડકરૂપી પુસ્તકોમાંથી દુનિયાનો ઇતિહાસ વાંચવા માટે તારે કુદરતના મૂળાક્ષરો શીખવા જોઈએ. કદાચ હમણાં પણ તને એ વાંચતાં જરાતરા આવડતું હશે. એક નાનકડો, ગોળ, લીસો અને ચકચકતો પથરો તારા જોવામાં આવે તે તને કંઈ નથી કહેતો કે? તે ખૂણાખાંચરા અને ખરબચડી ધાર વિનાનો, ગોળ, લીસો અને ચકચકિત કેવી રીતે થયો? તું કોઈ મોટા ખડકને ભાંગી નાના ટુકડા કરે તો દરેક ટુકડો ખૂણાખાંચરાવાળો અને ખરબચડો હોય છે. તે ગોળ, લીસા કાંકરા જેવો તો નથી જ હોતો. તો પછી પેલો પથરો એટલો બધો ગોળ, લીસો અને ચકચકતો કેવી રીતે થયો? જો તારી પાસે એ સાંભળવાની અને જોવાની સારી આવડત હશે, તો તે તને

પોતાની વાત કહેશે. તે તને કહેશે કે, ઘણા લાંબા વખત પહેલાં એક સમયે તે, મોટા ખડક કે પથ્થરને ભાંગતાં થાય એવો, અનેક ખૂણાખાંચરાવાળો અને ધારોવાળો ટુકડો હતો. ઘણું કરીને તે કોઈ પર્વતની બાજુમાં પડ્યો રહ્યો હોવો જોઈએ. ત્યાંથી વરસાદ તેને પર્વતની નાનકડી ખીણમાં આવેલા કોઈક ઝરણા આગળ ઘસડી ગયો. એ ઝરણું તેને નાની નદીમાં અને એ નાની નદી તેને મોટી નદીમાં ઘસડી ગઈ. આ બધો સમય તે નદીને તળિયે ગબડતો રહ્યો અને તેમાં તેની ધારો ઘસાતી ગઈ તથા તેની સપાટી લીસી અને ચળકતી થવા લાગી. તારા જોવામાં આવેલો ગોળ કાંકરો એ રીતે બન્યો. કોઈક રીતે નદી તેને પાછળ મૂકતી ગઈ અને તે તને જડ્યો. જો નદી તેને આગળ ઘસડી ગઈ હોત, તો તે વધારે ને વધારે નાનો થતો થતો રેતીના કણ બની, દરિયાકિનારે પોતાના બીજા દોસ્તો જોડે મળીને, સુંદર રેતીનો પટ બનાવત, અને તેના ઉપર નાનાં બાળકો રમત અને રેતીના કિલ્લા બનાવત.

જો એક નાનકડો પથરો આટલું બધું કહી શકે, તો બધા ખડકો અને પર્વતો તથા આપણી આસપાસની વસ્તુઓ પાસેથી આપણે કેટલું બધું શીખી શકીએ ?

સ્વાધ્યાય

૧. પંડિત જવાહરલાલજીએ ઈ. સ. ૧૯૨૮ના અરસામાં લખેલા આ પત્રોના પુસ્તકનો અનુવાદ 'ઇંદુને પત્રો' એ નામે પ્રસિદ્ધ થયો છે. તેમાં વિજ્ઞાનની વાતો મજા પડે તેવી સરળ રીતે સમજાવી છે. તે આખી ચોપડી વાંચવા જેવી છે.

૨. કુદરતની પાસેથી ઘણું ઘણું શીખી શકાય તેમ છે. પણ તે શીખતાં આવડવું જોઈએ. એ દૃષ્ટિએ કુદરતને નિહાળતાં આવડે, તો ઘણી ઘણી અજાયબીઓ અને પાઠો આપણને શીખવા મળે.

૩. પ્રાચીન અવશેષોનું સંગ્રહસ્થાન જોવા જજો. આ પાઠમાં પાન ૩૨ ઉપર પથ્થરની અંદર મળી આવેલ ઝાડની ડાળીની છાપ છે. અને પાન ૩૩ ઉપર પથ્થરની અંદર મળી આવેલી માછલીની છાપ છે.


પ્રશ્નો

૧. 'કુદરત પોતે એક પુસ્તક છે,' એ કથનનો અર્થ શો ?

૨. એક સામાન્ય પથરો આપણને શો શો ઇતિહાસ કહી શકે ?

૩. આગળ કાકાસાહેબ કાલેલકરનો 'ચિંચવડના પથરા' નામે પાઠ છે; તેમાં પથરાઓ વિષે જે રીતે નિરૂપણ છે, તેને આ નિરૂપણ સાથે સરખાવો.

કચ્છનાં સંસ્મરણો



[ગાંધીજી ઈ. સ. ૧૯૨૫માં કચ્છના પ્રવાસે ગયા તે વખતનાં પોતાનાં સંસ્મરણો 'નવજીવન' પત્રમાં તેમણે લખેલાં; તેમાંથી આ પાઠ લીધો છે.]

કચ્છ એ કેટલેક દરજ્જે સિંધનો એક ભાગ ગણી શકાય. પણ સિંધને તો સિંધુ નદી મળી છે, એટલે સિંધ નભી શકે છે. જો સિંધુ નદી ન હોય તો સિંધ બરબાદ થઈ જાય. કચ્છને તો એવી કોઈ નદીનોયે આશરો નથી. તેથી કચ્છમાં અંજાર, મુંદ્રા ઇત્યાદિ થોડા પ્રદેશો છોડીને ઝાડપાન ભાગ્યે જ જોઈ શકીએ. અને જ્યાં ઝાડપાન હોય નહિ, ત્યાં વરસાદ હંમેશાં થોડો પડે છે. કચ્છની એવી સ્થિતિ છે. વરસાદ એટલો બધો થોડો અને અનિયમિત રીતે પડે છે કે, ભાગ્યે જ ત્યાં દુષ્કાળ ન હોય. પાણીની ખેંચ તો રહ્યા જ કરે છે. જો કચ્છમાં નિયમસર અને ખંતપૂર્વક ઝાડો રોપવામાં આવે, તો કચ્છમાં વરસાદ વધારી શકાય, અને તેથી મુલક વધારે ફળદ્રુપ પણ થાય. આ દૃષ્ટિએ શ્રી જયકૃષ્ણ ઇંદ્રજી[1] મહાપ્રયાસ કરી રહ્યા છે. માંડવીમાં શહેરથી થોડે દૂર સુંદર મેદાનમાં

૧. આ એક આપણા પ્રખ્યાત વનસ્પતિશાસ્ત્રી, આ લેખ લખાયો ત્યારે, જીવતા હતા.

મારે હાથે તેમણે વૃક્ષારોપણ કરાવેલું. મને કચ્છમાં આ ક્રિયા સૌથી વધારે પ્રિય લાગી. એ દિવસે વૃક્ષરક્ષા-સભાનો પણ ત્યાં આરંભ થયો. હું ઇચ્છું છું કે, જે હેતુથી સભા સ્થપાઈ છે, જે હેતુથી મારી પાસે ઝાડો વવરાવવામાં આવ્યાં છે, તે હેતુ સફળ થાઓ.

શ્રી જયકૃષ્ણ ઇંદ્રજી એ ગુજરાતનું ભૂષણ છે. ગુજરાતમાં પોતાના વિષયમાં તન્મય થયેલી થોડી જ વ્યક્તિઓ છે. બરડાનું[1] ઝાડેઝાડ અને પાનેપાન તેઓ જાણે છે. વૃક્ષારોપણ ઉપર તેમનો એટલો બધો વિશ્વાસ છે કે, તેઓ એ કાર્યને પ્રથમ સ્થાન આપે છે, અને તેથી અનેક પરિણામો આવી શકે એમ માને છે. એ વિષે તેમનો ઉત્સાહ અને વિશ્વાસ ચેપી છે. મને તો એનો ચેપ ક્યારનોય લાગેલો છે. રાજા પ્રજા બન્ને ધારે તો, જ્યાં વૃક્ષોનું જ્ઞાન ધરાવનાર આવી વ્યક્તિ વસે છે, ત્યાં તેનો સંપૂર્ણ લાભ લઈને સુંદર વાટિકા બનાવી શકે.



દક્ષિણ આફ્રિકામાં જોહાનિસબર્ગ એક એવો જ પ્રદેશ હતો. ત્યાં એક વેળા ઘાસ સિવાય કાંઈ જ ઊગતું ન હતું. એક પણ મકાન ન હતું. એ જ જોહાનિસબર્ગ ચાળીસ વર્ષની અંદર સુવર્ણપુરી બની ગયું છે. એવો સમય હતો કે જ્યારે લોકોને એક ડોલ પાણીના બાર આના આપવા પડતા અને કેટલીક વેળા તો સોડાવૉટર પર નિર્વાહ ચલાવવો પડતો. હાથમોં પણ સોડાવૉટરથી કોઈ કોઈ વખત ધોતા! ત્યાં આજે પાણી છે અને વૃક્ષો છે. શરૂઆતથી સોનાની ખાણના માલિકોએ, અતિ ઉત્સાહપૂર્વક દૂર દૂરથી ઝાડો મંગાવી રોપીને, એ પ્રદેશને પ્રમાણમાં લીલોછમ કરી મૂક્યો છે, અને વરસાદનું પ્રમાણ વધાર્યું છે. બીજાં પણ એવાં દૃષ્ટાંતો છે કે જ્યાં જંગલો કપાયાથી વરસાદ ઘટ્યો છે અને ઝાડો ઉછેરવાથી વરસાદ વધ્યો છે.

કચ્છનો ધનિક વર્ગ આ ધર્મકાર્યમાં રસ લે તો ઘણો સુધારો થઈ શકે તેમ છે. જેમ ગોરક્ષા તેમ આવા પ્રદેશમાં વૃક્ષરક્ષા એ ધર્મકાર્ય છે. એક

---

૧. સૌરાષ્ટ્રના એક ડુંગરનું નામ.

ગાયના પાળનારને તેના પુણ્યનું ફળ મળે છે એમ આપણે માનીએ છીએ, તેમ કચ્છ કાઠિયાવાડ જેવા પ્રદેશમાં વૃક્ષને ઉછેરનારને પુષ્કળ પુણ્યફળ મળે છે. બળતણને સારુ કે બીજા કશા કામ સારુ એક પણ ઝાડ કપાવું ન જોઈએ. બળતણ સારુ લાકડાં બહારથી મંગાવવાં એ, નજીકનાં વૃક્ષ કાપીને તેનું બળતણ બનાવવું, તેના કરતાં સોંઘું છે. જોકે તત્કાળ તો વૃક્ષ કાપનારને લાકડું મફત મળે, છતાં કચ્છને તેથી જે નુકસાન પહોંચે, તેનું વળતર કોઈ પણ પ્રકારે આપી ન શકાય. જેમાંથી લાકડું બની શકે એવું વૃક્ષ દસ વર્ષ પહેલાં તૈયાર ન થાય. જેની ઉપર દસ વર્ષની મહેનત છે અને જે અનેક પ્રકારે ધરતીને અને મનુષ્યને રક્ષણ આપે છે, એવા વૃક્ષને કાપી જ કેમ શકાય?

જે સ્થિતિ કચ્છની તે જ લગભગ કાઠિયાવાડની છે. કાઠિયાવાડમાં તો દિવસે દિવસે વૃક્ષસંગ્રહનો પ્રશ્ન મહત્ત્વનો થતો જાય છે. પણ કાઠિયાવાડમાં કચ્છના કરતાં સ્થિતિ વધારે કઠણ છે, કેમ કે કાઠિયાવાડ જોકે એક નાનો અને સુંદર દ્વીપકલ્પ છે, તોપણ એના એટલા બધા ભાગલા પડી ગયા છે અને તે એકબીજાથી એટલા બધા સ્વતંત્ર છે કે, જ્યાં લગી તેઓની વચ્ચે આવા પ્રશ્નોને વિષે મેળ ન જામે, ત્યાં સુધી વૃક્ષારોપણનું અથવા વૃક્ષરક્ષણનું કાર્ય સુવ્યવસ્થિત રીતે ન બની શકે. તેમ છતાં જો કચ્છ અને કાઠિયાવાડને વેરાન મુલક ન બનવું હોય, તો વેળાસર ચાંપતા ઉપાયો આ બાબતમાં લેવા જોઈએ.

સ્વાધ્યાય

૧. ઝાડ વગરનો વેરાન પ્રદેશ જોયો છે? ગુજરાતના એવા ભાગોમાંથી એકના પ્રવાસે જજો.

૨. હિંદમાં રણનો પ્રદેશ કયો છે તે જુઓ.

૩. સિંધ સિંધુના સંજોગ જેવો બીજો દાખલો શોધીને કહો.

૪. વરસાદ વનસ્પતિ વચ્ચેના સંબંધનું વિજ્ઞાન જાણો છો? વન–મહોત્સવ અને વૃક્ષારોપણનું મહત્ત્વ એના અનુસંધાનમાં વિચારો.

૫. જયકૃષ્ણ ઇંદ્રજી (વિ૰ સં૰ ૧૯૦૫–૧૯૮૯) કચ્છના વતની હતા. તેમણે 'વનસ્પતિશાસ્ત્ર' નામે મોટું ઉપયોગી પુસ્તક લખ્યું છે. તેમના ભાઈ ભગવાનલાલ ઇંદ્રજી જાણીતા પુરાતત્ત્વવિદ હતા.

૬. પહેલાં કાઠિયાવાડમાં કેટલાં રાજ્યો હતાં? તે બધાં મટી હવે 'સૌરાષ્ટ્ર' નામથી એક રાજ્ય બન્યું છે, તે જાણો છો?

૭. કચ્છ સૌરાષ્ટ્રનો પ્રવાસ ગોઠવો.

બરબાદ વિ૰ [फा.] = પાયમાલ

વૃક્ષારોપણ ન૰ [सं.] = ઝાડ રોપવું તે

ચેપી વિ૰ = ચેપ લગાડે તેવું (ચેપ = બીજાના રોગ કે સંબંધની અસર)

વળતર ન૰ = બદલો

ચાંપતા ઉપાય = ઝટ અસર કરે તેવા ઉપાય

૧૧

સંત તુકારામ

૧

મહારાષ્ટ્રના પ્રખ્યાત સંત તુકારામનો જન્મ પૂના શહેરથી થોડે દૂર આવેલા દેહુ નામના ગામમાં ઈ. સ. ૧૫૯૮ના અરસામાં થયો હતો. તેમનાં માતાપિતા શ્રીવિઠ્ઠલનાં ભક્ત હતાં. ભગવાનની પ્રેમથી અને ભાવપૂર્વક પૂજા કરવી તથા દાનધર્મ, કરવાં એ તેઓને ખૂબ જ ગમતું. આની અસર તુકારામના જીવન ઉપર બાળપણથી પડી હતી.

બાળક તુકારામને હુતુતુ વગેરે રમતો રમવી ગમતી. પણ તેમની સૌથી પ્રિય રમત તો માટીનાં વિઠ્ઠલ-રખુમાઈ બનાવી તેમની પૂજા કરવી એ હતી. પોતાના બાલમિત્રોને ભેગા કરી ભજનો ગાવાં અને ભજનનો કાર્યક્રમ પૂરો થાય એટલે સૌને પ્રસાદ વહેંચવો, એમાં તેમને મજા પડતી. તુકારામની શ્રીવિઠ્ઠલ માટેની આવી ભક્તિ જોઈને તેમનાં માતાપિતાને આનંદ થતો.

તુકારામ વિદ્યાર્થી તરીકે પણ હોશિયાર હતા. એમની તેજસ્વી બુદ્ધિ જોઈને એમના શિક્ષક વારંવાર કહેતા : "મોટપણમાં આ તુકો મોટો પંડિત થવાનો છે."

બાર વર્ષની વયે તુકારામનાં લગ્ન થયાં હતાં. તેમની પત્નીનું નામ રખુમાઈ હતું. રખુમાઈ બહુ શાંત અને સરળ હતાં. પરંતુ એકએ વર્ષમાં તેમને દમનો રોગ લાગુ પડ્યો અને તે સાજાં થાય કે કેમ એની બધાંને શંકા ગઈ. એટલે તુકારામનાં માતપિતાએ તુકારામનું બીજું લગ્ન કર્યું. તેમની બીજી પત્નીનું નામ જિજાઈ હતું. તે પતિપરાયણ હતાં, પરંતુ બહુ જ ઉગ્ર સ્વભાવનાં હતાં. તેથી તુકારામને ઘણી વાર સહન કરવું પડતું.

૨

તુકારામને બે ભાઈઓ અને એક બહેન હતાં. એમના મોટાભાઈ સાવજીને નાનપણથી જ સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો. તેથી ઘરડાં માબાપ તેમ જ આખા કુટુંબનો ભાર સાવજીથી નાના તુકારામ ઉપર આવી પડ્યો. તેર વર્ષની વયે તુકારામને પોતાના પિતાના વેપારમાં જોડાવાનું થયું.

ચારેક વર્ષ આમ બરોબર ચાલ્યું. પછી તુકારામના પિતાનું અવસાન થયું. મોટાભાઈ સાવજીની પત્ની પણ ગુજરી ગઈ, એટલે તે સંન્યાસી બનીને ચાલ્યો ગયો. આથી આખા કુટુંબની જવાબદારી તુકારામ પર આવી પડી.

તુકારામ બહુ ઉદાર દિલના અને પ્રામાણિક વેપારી હતા. ઘરાક તથા બીજા વેપારી લોકો તુકારામની ઉદારતાનો ખોટો લાભ લેતા. એટલે વેપારમાં ખોટ આવવા લાગી. પિતાજીની બધી મિલકત એમાં ખલાસ થઈ ગઈ. પછી તુકારામે એક નાની દુકાન કાઢી અને "વિઠ્ઠલ, વિઠ્ઠલ" એવું સ્મરણ કરતા તે ત્યાં બેસવા લાગ્યા. પણ એમાં તે બહુ ફાવ્યા નહીં.

એવામાં મહારાષ્ટ્રમાં ભારે દુકાળ પડ્યો. એમાં તુકારામનાં પહેલાં પત્ની રખુમાઈ અન્ન વિના ટળવળતાં મરણ પામ્યાં. આ બધી આફતોને લીધે તેમને સંસાર પ્રત્યે વૈરાગ્ય ઊપજ્યો. દુનિયાદારીનું દુઃખ વીસરી જવા તે એકાંતવાસ સેવવા લાગ્યા. તે ભીમનાથ પર્વત પર જઈ ધ્યાન ધરવા લાગ્યા. તેમનાં બીજાં પત્ની જિજાઈ રોજ ત્યાં જતાં અને તેમને સમજાવીને ખવરાવી આવતાં. આમ, ઘરની તેમ જ તુકારામની જવાબદારી સંભાળવા જતાં જિજાઈને ઘણી મુશ્કેલી પડતી. એટલે એક દિવસ તેમણે તુકારામને સમજાવીને કહ્યું કે, તમે ઘેર રહીને જ ભગવાનનું ભજનકીર્તન કર્યા કરો. પછી તે તેમને સાથે ઘેર લઈ આવ્યાં.

ઘેર આવી પિતાના સમયથી જે જે લોકોને ત્યાં પોતાનું માગતું લેણું હતું, તે બધાનાં ખાતાં તુકારામે બહાર કઢાવ્યાં અને પોતે ઇન્દ્રાયણી નદીમાં તેમને ડુબાડી દેવા તૈયાર થયા. પણ તુકારામના નાના ભાઈ કહાનોબાએ તેમને હાથ જોડી કહ્યું: "મોટાભાઈ, તમે તો સાધુ જેવા થઈ ગયા છો, પણ મારે હજુ મારાં બાળબચ્ચાંને મોટાં કરવાનાં છે. જો તમે બધાં ખાતાં આમ પાણીમાં ડુબાડી દેશો, તો મારે ભીખ માગવાનો જ વખત આવશે!" તુકારામને નાનાભાઈની વાત સાચી લાગી. એટલે તેમણે પોતાના અડધા ભાગનાં જ ખાતાં પાણીમાં ડુબાડી દીધાં.

૩

આમ દુનિયાદારીની ચિંતામાંથી મુક્ત થઈ તુકારામ શ્રીવિઠ્ઠલને ભરોસે ભજનકીર્તન કરવા લાગ્યા. એમ કહેવાય છે કે, એક વાર તુકારામને સ્વપ્નમાં બાબા ચૈતન્યે ગુરુમન્ત્ર આપ્યો. ત્યારથી તુકારામ "રામકૃષ્ણ હરિ"નો જપ કરવા લાગ્યા. તેથી તેમને ઘણી શાંતિ મળવા લાગી. વળી એક દિવસ તુકારામને શ્રીવિઠ્ઠલ અને નામદેવ મહારાજ સ્વપ્નમાં દેખાયા. તુકારામને તેઓએ એવી આજ્ઞા કરી કે, "હવે તું અભંગો લખતો જા. તને જે વાણી મળી છે તે ફોગટ ન જવા દઈશ. અમારી તારા ઉપર પૂરેપૂરી કૃપા છે." અને તે વખતથી તુકારામ અભંગો લખવા લાગ્યા.

હવે તો અભંગો રચવા અને કીર્તન દ્વારા લોકોને સદુપદેશ આપવો, એ જ તુકારામનું કાર્ય થઈ પડ્યું. પણ સાથોસાથ બીજા સંતોના જીવનમાં બન્યું

છે એમ, તુકારામને દ્વેષીલા લોકો તરફથી વારે વારે કનડગત થવા લાગી. એ બધા પ્રસંગોમાં એક પ્રસંગ બહુ જાણીતો છે.

૪

પૂનાની પાસે વાઘોલી નામે ગામમાં રામેશ્વર ભટ્ટ નામનો મોટો પંડિત રહેતો હતો. તુકારામની કીર્તિ બધે ફેલાયેલી જોઈને તે ઈર્ષાથી બળવા લાગ્યો. તેણે તુકારામને પોતાની પાસે બોલાવ્યા. રામેશ્વર ભટ્ટ જેવા વિદ્વાન માણસ મળવા બોલાવે અને તુકારામ ન જાય એ બને જ શી રીતે? એટલે તુકારામ ભટ્ટજીને મળવા વાઘોલી ગયા.

રામેશ્વર ભટ્ટે તોછડાઈથી કહ્યું: "અલ્યા તુકચા, તું વેદની વાતો કરી લોકોને ઊંધે રસ્તે લઈ જાય છે. તું જન્મે શૂદ્ર છે. વેદ અને ધર્મની વાતો કરવાનો તને શો અધિકાર છે? માટે આજથી તું અભંગો લખવાનું છોડી દે. સમજ્યો કે?"

તુકારામ હાથ જોડીને નમસ્કાર કરીને બોલ્યા: "મહારાજ, હું તો શ્રી પાંડુરંગની આજ્ઞાથી જ અભંગો લખતો હતો. પણ જ્યારે આપ આજ્ઞા કરો છો ત્યારે હવે આજથી હું અભંગો નહિ લખું. પણ આજ લગી જે અભંગો લખ્યા છે તેનું શું કરું?"


રામેશ્વરે જવાબ આપ્યો: "તે બધા તું ઇંદ્રાયણીમાં ડુબાડી દે!"

તુકારામ એ સાંભળી ભારે હૈયે ઘેર આવ્યા. પછી બધા અભંગો ભેગા કરી, એક કપડામાં વીંટાળી, તેના ઉપર મોટો પથરો બાંધી તેમણે તેને ઇંદ્રાયણીમાં પધરાવી દીધા! તુકારામને થયું, શ્રીવિઠ્ઠલની ઇચ્છા આ રીતે ભજનકીર્તન કરાવવાની નથી, તો પછી જીવીને કરવુંયે શું? એટલે તુકારામ ખાવુંપીવું છોડી, શ્રીવિઠ્ઠલના મંદિર સામે ભગવાનનું નામ જપતા બેઠા.

આમ તેર દિવસ પસાર થઈ ગયા. ચૌદમે દિવસે સવારે એક ભક્તે આવીને તુકારામને કહ્યું: "અરે મહારાજ, ચાલો, ચાલો, આપના અભંગોની પોથી ઇંદ્રાયણીના પાણી ઉપર તરે છે!"

તુકારામ સફાળા બેઠા થઈ ગયા અને ભગવાનનું નામ જપતા આનંદ પામતા દોડ્યા. ઇંદ્રાયણીના પાણી ઉપર પોથીને તરતી જોઈને તે ઘેલા જેવા બની ગયા અને ખૂબ આનંદથી તેમણે પોથી પાછી ઉપાડી લીધી. આ તરફ રામેશ્વર મહારાજને પણ પસ્તાવો થવા લાગ્યો અને છેવટે તે તુકારામના શિષ્ય બન્યા.

૫



વિઠોબાનું મંદિર — પંઢરપુર

તુકારામની કીર્તિ દિવસે દિવસે વધતી જ જતી હતી. છત્રપતિ શિવાજી મહારાજે એક વાર ઘોડા, પાલખી, નજરાણાં વગેરે સાથે પોતાના માણસોને મોકલી તુકારામને પોતાને ત્યાં આવવાનું નિમંત્રણ આપ્યું. તુકારામે શિવાજીને નજરાણાં વગેરે પાછાં મોકલાવી સંદેશો મોકલ્યો : "શિવબા, મારે તમારી પાસે આવીને શું માગવું છે! નકામો ઈશ્વરભક્તિમાં મારો એટલો વખત બગડશે. મારે મન સોનું અને માટી બંને સરખાં છે. હું તો રાજામાં અને કીડીમાં ભગવાનનો જ વાસ જોઉં છું. મારે હવે જીવનમાં કંઈ આશા કે મોહ રહ્યાં નથી. શ્રી વિઠ્ઠલની ભક્તિ સિવાય હવે મને બીજું કાંઈ જ સૂઝતું નથી. તમે રાજા છો તો સત્યથી અને નીતિથી રાજ્ય કરજો, પ્રજાનું યોગ્ય રીતે પાલન કરજો, ધર્મ ઉપર શ્રદ્ધા રાખજો, અનાથનું રક્ષણ કરજો અને શ્રીવિઠ્ઠલની ભક્તિ કરજો. આટલું કરશો તો તે મને નજરાણાં મળ્યા બરાબર જ છે."

આ સંદેશો સાંભળીને શિવાજી મહારાજનો તુકારામ પ્રત્યેનો આદર ખૂબ વધી ગયો અને તેઓ વારે વારે તુકારામનું કીર્તન સાંભળવા જવા લાગ્યા.

ધીમે ધીમે તુકારામ મહારાજને લાગવા માંડયું કે, "હવે હું વૃદ્ધ થઈ ગયો. આ જીવનનું મારું કાર્ય હવે પૂરું થવા આવ્યું." વૃદ્ધાવસ્થાને લીધે નિયમ મુજબ તેમનાથી પંઢરપુરની યાત્રા પણ થઈ શકતી ન હતી. એક દિવસ તેમણે ભક્તજનોને ભેગા કર્યા અને છેવટના અભંગો સંભળાવીને આશરે ઈ. સ. ૧૬૫૦ના અરસામાં શ્રીવિઠ્ઠલનું નામ જપતાં જપતાં સમાધિ લીધી.

આમ મહારાષ્ટ્રના એક મોટા સંત પુરુષ તુકારામે પોતાની જીવનલીલા પૂરી કરી. પરંતુ એમના અભંગો જ્યાં સુધી મરાઠી ભાષા જીવતી રહેશે ત્યાં સુધી ગવાતા રહેશે.

—મુકુલભાઈ કલાર્થી

સ્વાધ્યાય

૧. શ્રી. મુકુલભાઈ ડાહ્યાભાઈ કલાર્થી ગુજરાત વિદ્યાપીઠમાં ગુજરાતીના અધ્યાપક અને સારા લેખક છે. 'બોધક ટીકડીઓ' નામે તેમનો એક કથાસંગ્રહ વાંચવા જેવો છે.

૨. મહારાષ્ટ્રના બીજા જાણીતા સંતો જ્ઞાનેશ્વર, એકનાથ, નામદેવ, રામદાસ વગેરેનો પરિચય મેળવવો. તુકારામનાં પદો 'અભંગ' નામે જાણીતાં છે.

૩. સંસારમાં રહીને ભક્તિ કરનારા સંતો, જેમ કે, સુદામા, નરસિંહ મહેતા, કબીર, નાનક વગેરેની પેઠે તુકારામે પણ સંસારમાં રહીને ભક્તિ સાધી હતી.

૪. મહારાષ્ટ્રમાં પંઢરપુરનું વિઠોબાનું મંદિર બહુ પ્રસિદ્ધ છે. વિઠોબા એટલે વિઠ્ઠલ – વિષ્ણુ ભગવાન. રખુમાઈ એટલે શ્રીકૃષ્ણનાં પટ્ટરાણી રુકિમણી. સીતા–રામની જેમ વિઠોબા સાથે રખુમાઈનું નામ જ જોડાયેલું હોય છે.

પ્રશ્નો

૧. રામેશ્વર ભટ્ટ તુકારામનો વિરોધ શાથી કરતા? તે વિરોધનો અંત શી રીતે આવ્યો?

૨. તુકારામ વેપારમાં કેમ નહોતા ફાવતા?

૩. તુકારામે શિવાજીનું આમંત્રણ શાથી પાછું ઠેલ્યું?

૪. જીવનના ચાર આશ્રમનાં નામ તથા કામ કહો.

દુનિયાદારી સ્ત્રી૦ = દુનિયાનો વ્યવહાર

બાબા પું૦ [फा.] = સંત સાધુ કે વૃદ્ધ માટે વપરાતો આદરસૂચક શબ્દ

ગુરુમંત્ર પું૦ = ગુરુએ આપેલો મંત્ર

અભંગ વિ૦ [सं.] = એક મરાઠી છંદ; તેમાં લખેલું પદ

પાંડુરંગ પું૦ = વિઠ્ઠલ; પંઢરપુરના મંદિરના વિષ્ણુ

નજરાણું ન૦ [फा. नजरानह्] = ભેટ; બક્ષિસ

સમાધિ લેવી = (યોગી કે સંતનું) મરણ પામવું

તુકારામની વાણી



[અભંગ]

૧

पवित्र ते कुल, पावन ते देश,
ज्यां हरिना दास धरे जन्म. १
कर्म धर्म तेनां सर्व नारायण,
तेनाथी पावन त्रणे लोक. २
अंत्यजादि वर्णो तर्या हरिनामे,
गायो छे पुराणे तेनो यश. ३
जातिपांति-धर्म वैष्णवने न होय,
कर्यो छे निर्णय वेद शास्त्रे. ४
तुकाराम, तमे खोळी जुओ ग्रंथ,
केटला पतित तार्या आगे. ५

२

टीलुं, टोपी, माळा, देवोनो गवाळो,[1]
राखतो ठठारो पेट काजे. १
तुलसी खोसे काने, दर्भ खोसे शिखे,
व्यर्थ झाली राखे नासादांडी. २

---

૧. સરસામાન વગેરેનો પરચૂરણ ઢગલો.

कीर्तन टाणे रडे, पडे, लोटे,
प्रेम विण कंठ गद्गद थाय. ३
कथा करी दाखे प्रेमकळा मस,
अंदर भर्यो रस कुकर्मनो. ४
तुकाराम, एवा मायाना गुलाम,
ते पासे राम न होये न होये. ५

३

नहि संतपणुं मळे कोई हाटे,
शोधतां गुफाए, राने, वने. १
ना'वे देतां मूल्य धन तणा राशे,[१]
नहिये आकाशे, पाताळेये. २
तुकाराम, मळे जीवने ज साटे,
नहि तो न मोढे बोलो वात. ३

४

लेने लेने मारी वाण, मीठुं विठ्ठलनुं नाम. १
तमे लो रे आंखो सुख, जुओ विठ्ठलनुं मुख. २
तमे सांभळो रे कान, मारा विठ्ठलनां गान. ३
मन त्यां ज करे रे दोड, धर विठ्ठल चरणजोड. ४
तुकाराम, जतां जीव, न छोडीश आ केशव. ५

५

आगळ पाछळ परमेश्वर, तेना दासने शो डर? १
करो आनंदे कीर्तन, नहि राखो शंका मन. (टेक) २
काळनो शो भार, हरि आगळे लगार? ३
जेनो सध्धर स्वामी, तुकारामने शी खामी? ४

६

करतां कोईनुंये काज, नहि लाज हरिने. १
रूडुं करवा ए काम, धर्युं नाम 'दीनबंधु.' २
थई उत्सुक पेखे राह, थवा सहाय गमे तेने. ३
बोले तेवां करे काम, तुको कहे एक राम. ४

---

१. ઢગલા વડે.

૭

जो हुं न होत पतित, तुं क्यांथी ‘पावन’ खचीत ? १
माटे मारुं नाम आदे, पछी तु ‘पावन’ कृपानिधि. (टेक) २
लोढे मोटो स्पर्शमणि, नहि तो पथ्थरनी कणी. ३
तुका याचकने कामे, कल्पतरु मान पामे. ४

૮

भक्त विना देव, क्यांथी रूप अने सेव ? १
शोभे परस्परे, जेम सोनुं हीरा वडे. (टेक) २
देव विण भक्ते, कोण निष्कामता अर्पे ? ३
तुको कहे बाळ-माता जेवी स्नेह जाळ. ४

૯

क्रियामति-हीन, एक तारो छुं दीन. (टेक) १
प्रभु, लेजे तुं संभाळ, मारी ठार हैयाझाळ. २
गुणदोष कंई, मारा संभळावतो नहि. ३
कोटि दोष मारा वेठ, तुका, राखी मोटुं पेट. ४

૧૦

न त्यजाये अन्न, हुंथी सेवाय ना वन. १
माटे, नारायणा, दीन याचुं हुं करुणा. (टेक) २
नथी अधिकार, कंई गोखवा अक्षर. ३
तुका कोकडुं भूंडुं, मारुं आयुष्य एळे जतुं. ४

અનુ૰ કિશોરલાલ ઘ૰ મશરૂવાળા

સ્વાધ્યાય

૧. તુકારામે પોતાનાં પદો મુખ્યત્વે મરાઠી ભાષામાં પ્રચલિત અભંગ વૃત્તમાં જ લખ્યાં છે. તેથી તે ‘અભંગો’ નામે પ્રસિદ્ધ થયાં છે. અભંગનો બીજો અર્થ પણ ઘટાવવામાં આવે છે: ઇંદ્રાયણીમાં ડુબાડવા નાખવા છતાં જે ભંગ ન પામ્યા – પાછા ઉપર તરી આવ્યા તે.

૨. સ્વ. કિશોરલાલભાઈએ (ઈ. સ. ૧૮૯૦-૧૯૫૨) મૂળ અભંગવૃત્તમાં જ આ કેટલાંક પદો ઈ. સ. ૧૯૩૦–૩૧માં ઉતાર્યાં હતાં. તે ‘શિક્ષણ અને સાહિત્ય’ના ૧૯૩૯–૧૯૪૦ ના અંકોમાં પ્રસિદ્ધ થયાં છે. મૂળ મરાઠી અભંગો પણ વાંચવા ગમે તેવા છે, તથા સમજાય તેવા છે. જેમ કે આ પાઠમાં લીધેલ પહેલો અભંગ મરાઠીમાં જુઓઃ–

पवित्र तें कुळ पावन तो देश ।
जेथें हरिचे दास जन्म घेती ।। १ ।।

कर्म धर्म त्याचे झाला नारायण।
त्यांचेनि पावन तिन्हीं लोक ॥ २ ॥
अंत्यजादि योनि तरल्या हरि भजनें।
तयाचीं पुराणें भाट झालीं॥ ३ ॥
यातायाती धर्म नाहीं विष्णुदासा।
निर्णय हा ऐसा वेदशास्त्रीं॥ ४ ॥
तुका म्हणे तुम्ही विचारावे ग्रंथ।
तारिले पतित नेणों किती॥ ५ ॥

૩. વૈષ્ણવને – ભક્તને જાતિપાંતિ-ધર્મ ન હોય એ અર્થનો દાદુનો નીચેનો દુહો સરખાવો:—

अपनी अपनी जातिसौं, सबको बैसें पांति ।
दादू सेवक रामका, ताकै नहीं भरांति ॥

(વિદ્યાપીઠ વાચનમાળા, ચોથી ચોપડી)

૪. ભક્તને ભગવાં વગેરેની બાહ્ય નિશાનીઓની જરૂર નથી, એ અર્થનો અખાનો નીચેનો છપ્પો સરખાવો: –

આતમ સમજ્યો તે નર જતિ; શું થયું ધોળાં ભગવાં વતી?
બોડે તોડે જોડે વાળ, એ તો સર્વ ઉપલો જંજાળ;
પ્રીછીને સંકોડે વ્યાપ, તો અખા રહે આપે આપ.

પ્રશ્નો

૧. સંતપણું શિરને સાટે મળે એટલે શું?


૨. પરમેશ્વરના દાસને શાથી કશાનો ડર ન હોય?

૩. ગુજરાતીમાં લખેલાં ભક્તોનાં ભજનો તમે જે શીખ્યા હો, તેના ભાવો અને આ અભંગના ભાવોની સરખામણી કરો. ભક્તો મુખ્યત્વે કયા ભાવો પર પોતાની વાણી રેલાવે છે?

જાતિપાંતિ-ધર્મ સ્ત્રી૦ = જાતિ તથા પંક્તિ— નાતજાત કે રોટીબેટી વ્યવહારના ભેદના વાડાનો રૂઢિધર્મ
ગવાળો પું૦ [मराठी गवाळें] = સરસામાન વગેરેનો પરચૂરણ ઢગલો
દાખે = દાખવે – દર્શાવે
મસ વિ૦ = પુષ્કળ
વાણ લેવી = શિખામણ – સલાહ માનવી
કાળ પું૦ = કાલ; મૃત્યુ
સમર્થ વિ૦ = શક્તિમાન; સબધું
ઠારવું સ૦ ક્રિ૦ = ઓલવવું, શાંત પાડવું
મોટું પેટ રાખવું = દિલ ઉદાર રાખવું

૧૩

પરમહંસની દૃષ્ટાંત-કથાઓ



૧

કથાકાર પંડિત

એક કથાકાર રાજાની પાસે ગયો અને રાજમહેલમાં પુરાણની કથા સંભળાવવાની પોતાની ઇચ્છા દર્શાવતાં તેણે કહ્યું:

'હે રાજા, ભાગવત એક અતિ ઉત્તમ ગ્રંથ છે. એ આપે કોઈક આચાર્ય દ્વારા અવશ્ય સાંભળવો જોઈએ. આપની રજા હોય તો હું વાંચી સંભળાવું. ધાર્મિક ગ્રંથોનો મેં બહુ સારો અભ્યાસ કર્યો છે, એ સૌ કોઈ જાણે છે. રાજમહેલમાં કથા સંભળાવવાની મારી ઇચ્છા કૃપા કરીને પૂરી કરવા દો. વિદ્વાનોનો આદરસત્કાર કરવાનો રાજાઓનો ધર્મ છે.'

રાજા બુદ્ધિમાન હતો. તે સમજી ગયો કે, પંડિતજીની ધન અને નામના કમાવાની ઇચ્છા છે. કેમ કે, એ જો પુરાણોનું રહસ્ય સમજતા હોત, તો રાજાને બારણે શા માટે આવે? ઈશ્વરની આરાધના કરવામાં મગ્ન થઈને જપતપ વગેરેમાં મસ્ત ન રહે?

તેણે પંડિતજીને કહ્યું, 'પંડિતજી, હું ખસૂસ તમારી પાસેથી ભાગવત સાંભળવા ઇચ્છું છું. પણ મારી એક વિનંતી છે: એ પવિત્ર ગ્રંથ તમે એક બે વાર ફરીથી વાંચી જાઓ અને તે પછીથી અહીં પધારવાની કૃપા કરજો.'

રાજાની વાત સાંભળીને પંડિતજી ખિન્ન તો અવશ્ય થયા; પણ રાજા આગળ તો ક્રોધ કેવી રીતે દર્શાવે? ચૂપચાપ ઘેર ચાલ્યા ગયા અને પોતાના મનમાં કહેવા લાગ્યા, 'રાજા મૂર્ખ જણાય છે. અભણ અને વિદ્વાનની એને પરખ નથી. કહે છે કે, એક બે વાર ભાગવત ફરી વાંચી જાઓ! મારી સાથે આવી વાતો કરે છે. એને ખબર નથી કે, શાસ્ત્રો વાંચવામાં અને સમજવામાં જ મેં બાર વરસ કાઢ્યાં છે.'

ઘેર જઈને પંડિતજીએ બધી વાત પોતાની પત્નીને કહી સંભળાવી. પત્નીએ કહ્યું:

'એ તો રાજા રહ્યા; જે ધારે તે કરી શકે છે. અને એમણે કહ્યું જ છે તો એક બે વાર ભાગવત ફરીથી વાંચી લઈને રાજા પાસે જવામાં શો વાંધો? રાજમહેલના મુખ્ય પુરાણી બનવાની તક નકામી શાને ગુમાવવી?'

પૌરાણિકને પત્નીની વાત વાજબી લાગી. ક્રોધને દબાવીને તેમણે એક વાર ફરીથી ભાગવત ધ્યાનપૂર્વક વાંચ્યું; અને એ ગ્રંથને વિષે પૂછી શકાય એવા બધા સવાલોના જવાબ આપવાની પૂરેપૂરી તૈયારી કરીને તે એક સારો દિવસ જોઈ રાજદરબારમાં ગયા.

રાજાએ તેમનું સારું સ્વાગત કર્યું. પૂછ્યું, 'કહો, હવે તો તમે ભાગવતનું સારી પેઠે અધ્યયન કરી લીધું હશે?'

પંડિતજીએ જવાબ આપ્યો, 'જરૂર, મહારાજની આજ્ઞા પ્રમાણે હું પહેલેથી છેલ્લે સુધી ભાગવત સારી રીતે વાંચી ગયો. એ હું આપના દરબારમાં બહુ સારી રીતે વિસ્તારથી સમજાવી શકું એમ છું. આપની કીર્તિ ખૂબ વધે, આપના ધાર્મિક વિચારો પણ ખૂબ પ્રગતિ કરે, એવી મારી કામના છે.'

રાજા બોલ્યો, 'પંડિતજી, હું તમારી પાસેથી કથા અવશ્ય સાંભળીશ; પણ હજી એક વાર ફરીથી એ ગ્રંથ તમે વાંચી જઈને આવો તો સારું.'

બ્રાહ્મણ બિચારો બહુ જ નિરાશ થયો અને ઘેર જઈને તેણે પોતાની પત્નીને બધી વાત કહી સંભળાવી.

સમજુ સ્ત્રીએ કહ્યું, 'રાજાની વાતમાં જરૂર કંઈક રહસ્ય છે. જોઈએ શું થાય છે. ફરીથી એક વાર ભાગવત વાંચીને પછી રાજા પાસે જાઓ.'

પંડિતજીએ પણ પોતાનો પ્રયત્ન છોડ્યો નહિ. ભાગવતનું વાચન નિર્વિઘ્ને અને શાંતિપૂર્વક પૂરું થાય એટલા ખાતર તેમણે પોતાને માટે એક એકાંત

સ્થળ પસંદ કર્યું. ત્યાં ખૂબ એકાગ્રતાથી તે ભાગવતનું અધ્યયન કરવા લાગ્યા; એટલે સુધી કે તનમનનું ભાન પણ તે ભૂલી ગયા. આ વખતે ભાગવતમાં તેમને નવા નવા અર્થો દેખાયા. ભગવાન નારાયણના મહિમાએ તેમનું ચિત્ત હરી લીધું. એમાં તેઓ એટલા બધા લીન થઈ ગયા કે ઘેર પણ જતા નહોતા; ભાગવતના પાઠમાં જ તેમનો બધો વખત જતો હતો. હવે ધન અને માનની ઇચ્છા તેમને ન રહી. તેમને રાજા પાસે જવાનું હતું, એ પણ તે ભૂલી ગયા.

આ સ્થિતિ જોઈને બ્રાહ્મણની પત્ની બહુ જ મૂંઝવણમાં આવી પડી. વિચારવા લાગી, 'હવે શું થાય? પતિદેવને તો હવે કશી વાતની ચિંતા હોય એમ લાગતું જ નથી. કુટુંબનો નિર્વાહ કેવી રીતે ચાલશે?'

આખરે તે રાજા પાસે ગઈ અને રુદન કરીને તેણે પોતાનું બધું દુ:ખ કહ્યું.

રાજા પ્રસન્ન થઈને હવે પોતે જ બ્રાહ્મણ પાસે આવ્યો અને તેના મોં પર પારાવાર તેજ જોઈને તેણે તેમનાં ચરણોમાં માથું મૂકીને ક્ષમા માગી.

પાંડિત્ય એક વસ્તુ છે અને ધર્મશાસ્ત્રો વાંચ્યા પછી ભક્તિયુક્ત જે જ્ઞાન મળે છે, એ બિલકુલ જુદી વસ્તુ છે.

૨

સર્વધર્મસમભાવ

'ઈશ્વરની ઉપાસનાના અનેક માર્ગો છે. નદીમાં ઊતરવા માટે જેમ અનેક ઓવારા હોય છે, તે જ રીતે આનંદના સાગર સમાન પરમાત્માની પાસે પહોંચવા માટે પણ અનેક ઓવારા છે. એમાંના કોઈ પણ એક ઓવારાથી ઊતરીને આપણે આરામથી એ સાગરમાં નાહી શકીએ છીએ. એમ અલગ અલગ જેટલા ધર્મો છે, તે બધા પરમાત્મા પાસે પહોંચવાના માર્ગો જ છે. એથી સૌ પોતપોતાના ધર્મ પ્રમાણે ઈશ્વરની ઉપાસના કરે. ખ્રિસ્તીઓ ખ્રિસ્તી ધર્મની રીતે, મુસલમાનો ઇસ્લામની રીતે અને હિંદુઓ હિંદુ ધર્મશાસ્ત્રો અનુસાર ઈશ્વરની ઉપાસના કરે, એમાં જ સૌનું ભલું છે. સાચા ભક્તો બીજા ધર્મવાળાઓનો કદી પણ અનાદર કરતા નથી.'

બે છોકરાઓ કાચંડાના રંગની બાબતમાં ચર્ચા કરવા લાગ્યા. એકે કહ્યું: 'બરાબર જો તો ખરો, કાચંડો તો લાલ છે. તું આંધળાની જેમ બકે છે. એ પીળો ક્યાં છે?'

બીજા છોકરાએ જવાબ આપ્યો: 'જા જા પાગલ! આંધળો તો તું છે. સાફ સાફ દેખાય છે કે એ એકદમ પીળો છે.'

ચર્ચા લડાઈનું રૂપ ધારણ કરવા લાગી. એટલામાં એક ડોશી આવી. તેણે ઝઘડાનું કારણ પૂછ્યું અને એ તેને કહેવામાં આવ્યું ત્યારે તે ખૂબ હસી. ડોશીએ બંને છોકરાઓને સમજાવ્યું કે, એક જ કાચંડો અનેક રંગોવાળો દેખાય છે — કોઈ વાર લાલ, કોઈ વાર પીળો અને કોઈ વાર બીજા કોઈ રંગનો. એના રંગનો નિર્ણય કરવા માટે લડવું એ ગાંડપણ છે.

એ જ રીતે ભક્તજનો પરમાત્માને જુદે જુદે રૂપે જુએ છે. ભગવાનનું સાચું સ્વરૂપ વિતંડાવાદીઓને કદી દેખાઈ શકતું નથી. અહંકાર અને દંભને વશ થઈને તેઓ વ્યર્થ ચર્ચાઓમાં વખત વિતાવે છે.

ચાર આંધળા ભિખારીઓ ભીખ માગવાને ગયા. રસ્તામાં એક હાથી ઊભો હતો. બધા આંધળાઓએ તેના પર હાથ ફેરવ્યો. મહાવત મશ્કરો હતો. તેણે આંધળાઓને પૂછ્યું, 'કહો જોઈએ, હાથી કેવો છે?'

પહેલો આંધળો, જે હાથીના પગ પર હાથ ફેરવતો હતો, તેણે કહ્યું: 'આ જાનવર એક મોટા થાંભલા જેવું લાગે છે.'

હાથીની સૂંઢ પર હાથ ફેરવતા બીજા આંધળાએ કહ્યું: 'અરે જા, એનો દેખાવ ઝાડની ડાળી જેવો હોવો જોઈએ.'

ત્રીજો બોલ્યો: 'મને તો એ એક મોટા પીપ જેવો લાગે છે.' તેણે હાથીના પેટ પર હાથ મૂક્યો હતો.

હાથીના કાનને અડીને ચોથા આંધળાએ કહ્યું: 'તમારા ત્રણેની વાત ખોટી છે. મને તો લાગે છે કે, હાથીનો દેખાવ સૂપડા જેવો છે.'

આપણે જો ભગવાનના સ્વરૂપની બાબતમાં વ્યર્થ ચર્ચા કરીએ અને લડવાને તૈયાર થઈ જઈએ, તો બિલકુલ આંધળા જ બની જઈએ છીએ.

— ચ૦ રાજગોપાલાચારી

(અનુ૦ મણિભાઈ ભ૦ દેસાઈ)

સ્વાધ્યાય

૧. શ્રી. રામકૃષ્ણ પરમહંસ (ઈ. સ. ૧૮૩૩–૧૮૮૬) આધુનિક જમાનાના એક મહાન સંત થઈ ગયા. જન્મે તે બંગાળી હતા પણ તેમના ઈશ્વરપરાયણ જીવન અને ઉપદેશની અસર આપણા આખા દેશ ઉપર થઈ છે.

૨. રામકૃષ્ણ પરમહંસ પ્રચલિત અર્થમાં ભણેલા ન હતા; પરંતુ તેમનો અનુભવ-મૂલક સચોટ ઉપદેશ ભલભલાને મુગ્ધ કરી નાખતો. તેમનાં વચનામૃત, ઉપદેશામૃત વગેરે તેમના જાણીતા શિષ્યો દ્વારા સંગ્રહાયાં છે. સ્વામી વિવેકાનંદ શ્રીરામકૃષ્ણ પરમહંસના જ શિષ્ય હતા. તેમણે 'રામકૃષ્ણ મિશન' નામે મોટી સેવા-સંસ્થા સ્થાપી છે. તેનું મુખ્ય ધામ કલકત્તામાં બેલૂર મઠ છે.

૩. શ્રી. રામકૃષ્ણ પરમહંસના ઉપદેશનો નિચોડ નાના નાના નિબંધોના રૂપમાં શ્રી. રાજગોપાલાચારીએ પોતાની અનોખી શૈલીમાં વણી લીધો છે. મૂળ તામિલના હિંદી અનુવાદ ઉપરથી તેનો ગુજરાતી અનુવાદ 'રામકૃષ્ણ ઉપનિષદ' (અનુ૦ મણિભાઈ ભ૦ દેસાઈ) નામે થયેલો છે. તેમાંથી આ પાઠ લીધેલો છે.

પ્રશ્નો

૧. કથાકાર પંડિતને રાજા શા માટે ભાગવત ફરીથી વાંચી જવા કહેતો હતો?

૨. ધર્મના ઝનૂનથી લોકો માંહોમાંહે લડે છે તે વિષે ઇતિહાસમાંથી દાખલા કહો.

વિતંડાવાદી પું૦ [સં.] = વિતંડાવાદ —ખોટો બકવાદ, નકામી માથાઝીક; પોતાનો પક્ષ જ ન હોય અને માત્ર સામા પક્ષનું ખંડન જ કર્યા કરવું તે–કરનારું

૧૪

ચીનની જ્ઞાનકથાઓ

૧

મહર્ષિ કૉન્ફૂશિયસ એક વાર એક પ્રદેશમાંથી પસાર થતા હતા. ત્યાં તેમણે એક ટેકરી નજીક એક બાઈને કબર પાસે બેસીને ખૂબ કલ્પાંત કરતી જોઈ. કૉન્ફૂશિયસ, ગંભીરતાથી એક બાજુ ઊભા રહીને, હૃદય ચીરી નાંખે એવું એનું રુદન સાંભળવા લાગ્યા. થોડી વાર પછી તેમણે પોતાના એક શિષ્યને તે બાઈની ખબર કાઢવા મોકલ્યો.

શિષ્યે પેલી બાઈને પૂછ્યું, "બહેન, તું આટલું બધું શા માટે રડે છે? તારા કોઈ નજીકના સ્વજનની આ કબર છે? આટલી દુઃખી થવાનું કારણ શું છે?"



બાઈએ કહ્યું, "થોડા વખત પહેલાં મારા સસરાજીને વાઘે મારી નાખ્યા હતા. એ પછી થોડા દિવસ બાદ મારા પતિને પણ વાઘે મારી નાખ્યા. અને હવે મારા દીકરાની પણ વાઘે એ જ દશા કરી છે."

આ વાત જ્યારે કૉન્ફૂશિયસે જાણી, ત્યારે તેમને ખૂબ નવાઈ

લાગી. તે પેલી બાઈની પાસે આવીને બોલ્યા : "ભલી બાઈ, જો આ પ્રદેશમાં વાઘનો આટલો બધો ભય છે અને તારા કુટુંબના બધા માણસોને વાઘે મારી નાખ્યા, તો પછી તમે બધાં આ પ્રદેશ છોડીને બીજે શા માટે ચાલ્યાં જતાં નથી ?"

બાઈએ કહ્યું : "એ વાત તો સાચી. પરંતુ અહીં રહેવાનું અમને ગમે છે. કારણ કે, અહીંના રાજકારભારમાં ક્યાંય ગેરવ્યવસ્થા નથી; પ્રજાનું શોષણ થતું નથી; અહીંનો કારભાર બહુ કલ્યાણકારી છે."

આ સાંભળીને કૉન્ફૂશિયસે પોતાના શિષ્યોને કહ્યું : "શિષ્યો, આ વાત ધ્યાનમાં રાખજો. કારભારીઓની આપખુદ સત્તા વાઘના ત્રાસ કરતાં પણ વધારે ભયાનક છે. માણસો વાઘના ભય કરતાં આપખુદ સત્તાથી વધારે ત્રાસી જાય છે અને તેનાથી દૂર ભાગે છે."

૨

લૂ પ્રદેશના ઉમરાવ મૂને થયું કે, એની સરહદ પર આવેલા ચી પ્રદેશના આક્રમણમાંથી પોતાના દેશને બચાવવો હોય, તો ચીન અને ચૂ જેવા બીજા પ્રદેશો સાથે મિત્રતા રાખવી સારી. તેથી તેણે પોતાના કેટલાક પુત્રોને એ બે રાજ્યોની મદદ મેળવવા રાજદૂત તરીકે મોકલ્યા.

આ વાત તે પ્રદેશના લી ચૂ નામના એક ફિલસૂફને કાને પહોંચી. તેમણે મૂને કહ્યું : "હે મૂ, તમારો છોકરો અહીંની નદીમાં નાહવા જતાં ડૂબવા લાગે, ત્યારે તમે દૂર પ્રદેશના કોઈ જાણીતા તરવૈયાને બોલાવવા માણસ મોકલો અને તે આવે તેની રાહ જોઈ ને બેસી રહો, તો શું થાય ? તમારો છોકરો જરૂર ડૂબી જ મરે. ભલે પેલો તરવૈયો તરવાની બાબતમાં ઉસ્તાદ હોય, પણ એટલે દૂરથી આવીને એ શી રીતે તમારા ડૂબતા છોકરાને બચાવી શકે ?

"તેમ જ જો અહીં આગ લાગે અને તમે, સમુદ્રમાં અખૂટ પાણી છે એમ વિચારી, એ આગ બુઝાવવા ત્યાંથી પાણી લાવવા મથો, તો શું તમે આગને બુઝાવી શકશો ? ભલેને સમુદ્રમાં અખૂટ જળ હોય, પણ એ અહીંયાં શા ખપનું ? દૂરનું એ પાણી નજીકના આ અગ્નિ માટે સાવ નકામું છે.

"હવે તમે જ વિચાર કરો : ચીન પ્રદેશ અને ચૂ પ્રદેશ ભલે ખૂબ જ બળવાન અને આગળપડતા પ્રદેશો હોય. પરંતુ આપણી બાજુમાં આવેલા ચી પ્રદેશની સામે એ દૂરના પ્રદેશની સહાય શા ખપની ? તેથી કરીને, નજીકના ચી રાજ્યથી બચવા માટે દૂરના બળવાન પ્રદેશોની મદદની આશા રાખવાને બદલે, એ નજીકના પ્રદેશ સાથે જ મિત્રભાવ કેળવીએ તો કેવું સારું !"

૩

એક વાર ત્સે કુંગ કૉન્ફૂશિયસને પૂછવા લાગ્યો : "ગામના બધા જ લોકો એક જણને ચાહતા હોય, તો એ માણસ વિષે આપ શું કહો?"

કૉન્ફૂશિયસ બોલ્યા : "એટલું કંઈ પૂરતું નથી."

ત્સે કુંગે કહ્યું : "જો બધાં જ માણસો એક જણને તિરસ્કારતાં હોય, તો આપ એ માણસને વિષે શું કહો?"

કૉન્ફૂશિયસે જવાબ આપ્યો : "એ પણ પૂરતું ન કહી શકાય. જ્યારે ગામનાં સારાં માણસો તેને ચાહતાં હોય અને ખરાબ માણસો તેનો તિરસ્કાર કરતાં હોય, ત્યારે જ તે સારો માણસ કહેવાય."

૪

એક વાર મૅન્શિયસ લિયોંગ પ્રદેશના રાજા હ્વુયને મળવા ગયા હતા. રાજાએ કહ્યું : "આચાર્યશ્રી, આપ ઘણે દૂરથી અહીં પધાર્યા છો. માટે અમારા રાજ્યને ફાયદો થાય એવું કંઈક કહો."

ફિલસૂફ મૅન્શિયસ બોલ્યા : "રાજાજી, તમે 'ફાયદો' શબ્દ શા સારુ વાપર્યો? તમારે તો એમ કહેવું જોઈએ કે, 'રાજ્યને કલ્યાણકારી અને સત્ય એવું કશુંક કહો.'"

આમ બોલી મૅન્શિયસ થોડી વાર જરા શાંત રહીને પછી કહેવા લાગ્યા : "જો રાજા એમ વિચારે કે, 'રાજ્યને ફાયદો થાય એ માટે શું કરવું જોઈએ?' તો મોટા અધિકારીઓ વિચારશે, 'અમારાં કુટુંબને ફાયદો થાય એ સારુ શું કરવું જોઈએ?' પછી નાના અધિકારીઓ પણ વિચારશે કે, 'અમારાં ઘરને ફાયદો થાય એ માટે શું કરવું જોઈએ?' મોટા તેમ જ નાના ત્યાર પછી એકબીજા પાસેથી પોતાને ફાયદો થાય એવું લઈ લેવા ઝૂંટાઝૂંટ શરૂ કરી દેશે અને આખું રાજ્ય ભયમાં આવી પડશે. કારણ કે, સત્યને પછી મૂકવામાં આવે અને ફાયદાને આગળ કરવામાં આવે, તો બધાં જ એકબીજાનું ઝૂંટવી લેવા મંડી પડે અને બધું મેળવ્યા વિના તેઓને કદી સંતોષ થાય નહિ.

"માટે, રાજ્યના અધિકારીએ તો રાજ્યને જે કલ્યાણકારી હોય અને સત્ય હોય, તેનો જ વિચાર કરવો જોઈએ, 'ફાયદા'ની વાત જ ન કરવી જોઈએ."

૫

એક વાર ત્સે કુંગે રાજ્ય સંબંધી કૉન્ફૂશિયસને પ્રશ્ન પૂછ્યો. કૉન્ફૂશિયસ બોલ્યા : "રાજ્યને ત્રણ વસ્તુ જરૂરની છે; પૂરતું અન્ન, પૂરતું લશ્કર અને પ્રજાનો રાજામાં વિશ્વાસ."

ત્ઝે કુંગે પૂછ્યું : "જો આ ત્રણે ન જ મળે એમ હોય અને એક વસ્તુ જતી કરવી પડે એમ હોય, તો પહેલી કઈ જતી કરવી ?"

કૉન્ફૂશિયસે કહ્યું : "લશ્કર."

ત્ઝે કુંગે ફરી વાર પૂછ્યું : "અને ભગવંત, આ બાકી રહેલી બેમાંથી પણ જો એક જતી કરવી પડે એમ હોય, તો કઈ વસ્તુ જતી કરવી ?"

કૉન્ફૂશિયસ બોલ્યા : "અન્ન. અનંત કાળથી મરણ તો માનવીને વળગેલું જ છે. પણ જો પ્રજાને રાજામાં વિશ્વાસ ન હોય, તો રાજ્ય ન જ ટકી શકે."

સંપા૦ મુકુલભાઈ કલાર્થી

સ્વાધ્યાય

૧. ચીન દેશમાં ડહાપણ અને જ્ઞાનની જાત જાતની વાતોના આવા ટુચકાઓ પ્રચલિત છે. કૉન્ફૂશિયસ, લાઓત્ઝે, મૅન્શિયસ વગેરે ચીનના પ્રાચીન વિચારકો અને ઋષિઓના કહેલા એવા અનેક ટુચકાઓ ચીનની પ્રજાનો કીમતી રાષ્ટ્રીય વારસો છે. આ ટુચકા અંગ્રેજી ઉપરથી ઉતાર્યા છે.

૨. લાભ અને કલ્યાણ વચ્ચે શો ફરક ? આવી જ વાત કઠોપનિષદના ઋષિએ કહી છે—

श्रेयश्च प्रेयश्च मनुष्यम् एतः ।
तौ संपरीत्य विविनक्ति धीरः ।
श्रेयो हि धीरोऽभिप्रेयसो वृणीते ।
प्रेयो मन्दो योगक्षेमाद् वृणीते ।

—"શ્રેય (આત્માનું કલ્યાણ) અને પ્રેય (લૌકિક સુખ) એ બે મનુષ્યની સામે આવીને ઊભાં રહે છે. ચતુર માણસ બંનેની ઉચિત પરીક્ષા કરીને એમની પસંદગીમાં વિવેકથી કામ લે છે. તે પ્રેયની સરખામણીમાં શ્રેયને જ પસંદ કરે છે. મૂર્ખ માણસ પ્રેયને યોગક્ષેમ (દુન્યવી લાભ-રક્ષા) નું સાધન સમજી તેને અપનાવે છે."

૩. આ ટુચકાઓના દૃષ્ટાંત તરીકે ઇતિહાસમાંથી મળતી વાતો ખોળી શકાય.

પ્રશ્નો

૧. પેલી બાઈ વાઘના ભય કરતાં રાજકારભારની ગેરવ્યવસ્થાના ભયને શા માટે મોટો ગણે છે ?

૨. સારો માણસ ક્યારે કહેવાય ? કૉન્ફૂશિયસ તે માપવા માટે કયો ગજ કહે છે ?

૩. આ ટુચકાઓમાં સુરાજ્ય માટે કયા કયા ગુણો કે વિચારોની જરૂર બતાવવામાં આવી છે ?

શોષણ ન૦ [સં.] = પારકાની સ્થિતિનો ગેરલાભ લઈ તેનું ચૂસી લેવું તે

આપખુદ વિ૦ = સર્વ સત્તા સ્વાધીન રાખી–ગણી વર્તનારું

તરવૈયો પું૦= હોશિયાર તરનારો; તારો


ઉસ્તાદ વિ૦ [ફા.] = કાબેલ

૧૫

નીલોત્રી

૧

આફ્રિકાની યાત્રા કરવામાં એક ઉદ્દેશ હતો ઉત્તર-પૂર્વ આફ્રિકાની માતા સમી ઉત્તરવાહિની નીલ નદીના ઊગમ-સ્થાન નીલોત્રીનાં દર્શનનો. ગંગોત્રી અને જમનોત્રીની યાત્રા કર્યા પછી નીલોત્રીની યાત્રા કરવી જ જોઈએ, એવું હમણાં



હમણાં લાગવા માંડ્યું હતું. એ દિવસ હવે નજીક આવ્યો. જુલાઈની પહેલી તારીખ (ઈ. સ. ૧૯૫૦) ઊગી અને અમે કંપાલા છોડી જિંજા માટે પ્રસ્થાન કર્યું.

કંપાલાથી જિંજાનો રસ્તો રળિયામણો છે. અનેક નાની નાની અને પહોળી ટેકરીઓ ચડતાં ઊતરતાં અમારી મોટર અમારી અને નીલોત્રી વચ્ચેનું બાવન માઈલનું અંતર કાપતી ગઈ અને અમારી ઉત્કંઠા વધારતી ગઈ. કેવડું મોટું ભાગ્ય કે, જિંજા સુધી પહોંચતાં પહેલાં જ અમારો સંકલ્પ બર આવ્યો અને અમને નીલોત્રીનાં દર્શન થયાં! જમણી બાજુ વિક્ટોરિયા અથવા અમરસરનું સરોવર દૂર સુધી ફેલાયું છે અને એમાંથી સહજલીલાથી ભૂસકો મારી નીલ નદી છતી થાય છે! અમે નદી પરના પુલ પર પહોંચી ગયાં. મોટરમાંથી નીચે ઊતર્યાં અને જમણી બાજુ વળી રિપન ફૉલ્સ નામે ઓળખાતા નાનકડા ધોધમાં નીલ નદીનાં દર્શન કર્યાં.

ધરાઈને દર્શન કર્યા પછી અમે ડાબી બાજુ જોયું. જમણી બાજુએ પાણી અમારી તરફ ધસી આવતાં હતાં. ડાબી બાજુનાં પાણી અમારાથી દૂર દૂર દોડી જતાં હતાં. બંનેની અસર તદ્દન જુદી. અમે જાણતાં હતાં કે, જેમ જમણી બાજુ રિપન ધોધ છે, તેમ ડાબી બાજુ સહેજ દૂર ઓવેન ધોધ છે. આપણા દેશમાં આને કોઈ ધોધ કહે જ નહિ. પાણીની સપાટીમાં થોડાક ફૂટનું અંતર ઉત્પન્ન થયું એટલા પરથી ધોધ થતો હશે? ધોધ ત્યારે જ કહેવાય જ્યારે પાણી ધબ ધબ પડતું હોય, જેટલું પડે તેટલું જોરથી પાછું ઉપર ઊછળતું હોય, અને ફીણુ તથા તુષારના ગોટેગોટા આસપાસ નાચતા હોય.


યાત્રાને અંતે તરત જઈને મંદિરોમાં દર્શન કરીએ છીએ ત્યારે એને, યાત્રીઓની પરિભાષામાં, 'ધૂળભેટ' કહે છે. પગે યાત્રા કરી હોય, આખું શરીર ધૂળથી છવાયેલું હોય, અને ઉત્કંઠાને કારણે એવા ને એવા જ રૂપમાં દોડી જઈ ઇષ્ટદેવનાં ચરણે ઢળી પડતા હોઈએ અથવા ભેટી પડતા હોઈએ, ત્યારે એ ધૂળભેટ કહેવાય. અમે તો મોટરવેગે આવેલાં. સવારે થોડોક વરસાદ થયેલો હોવાથી રસ્તા પર પણ ધૂળ ન હતી. એટલે આ પ્રથમ દર્શનને ભીની ભેટ જ કહેવાય. એને ભાવભીની ભેટ કહીએ તો જ તે વધારે યથાર્થ વર્ણન થાય. अद्य मे सफलं जन्म, अद्य मे सफलाः क्रियाः એ લીટી જેણે પ્રથમ ગાઈ, તે મારા જેવા અસંખ્ય યાત્રીઓનો પ્રતિનિધિ હતો.

નીલ માતાનાં આ પ્રથમ દર્શન હૃદયમાં સંઘરી અમે જિંજામાં પ્રવેશ કર્યો. ગૂજરાત વિદ્યાપીઠના એક વખતના વિદ્યાર્થીને ત્યાં જ અમારો ઉતારો હતો. જૂના વિદ્યાર્થીને ત્યાં મહેમાનગીરી અનુભવવી એ જેટલી આનંદદાયક હોય છે,

તેટલી જ આકરી કે અઘરી હોય છે. ઘરની સારામાં સારી સગવડો આપણને આપી, પોતે અગવડ વેઠવામાં એ આનંદ માનતા હોય; પણ આપણને મૂંઝવણ થયા વગર કેમ રહે?

હવે અમે નીલોત્રીના વિધિસર દર્શને ઊપડ્યાં. જ્યાં અમરસરનાં જળ ખડકોની કિનારી પરથી નીચે ઊતરે છે અને નીલ નદીને જન્મ આપે છે, ત્યાં અમે પહોચ્યાં. ઉતાવળે પાણી સુધી પહોંચી પહેલા પગ ઠંડા કર્યા, આચમન કરી હૈયું ઠાર્યું, અને એક ક્ષણ માટે એ સ્થાનનું ધ્યાન ધર્યું.

હું જો સંસ્કૃત કવિ હોત, તો આ નદીના પાણીમાં રહેતાં માછલાં, એ પાણી પર ઊડતાં બોલકણાં પક્ષીઓ, અને એને કિનારે આળોટતા કિઓકા (હિપોપોટેમસ)ની ધન્યતાનાં સ્તોત્રો ગાત. નીલને કિનારે જે વૉટર વર્ક્સ છે તેની સારવાર માટે નિમાયેલા એક ગુજરાતી ભાઈની, એની જ ભાષામાં, અદેખાઈ વ્યક્ત કરી મેં સંતોષ માન્યો, "તમે કેટલા ધન્ય છો કે, નીલોત્રીનાં તમને અહોરાત્ર દર્શન થાય છે અને અહીંથી ન ખસવા માટે તમને પગાર આપવામાં આવે છે!"



મારે મન નદીઓ બે પ્રકારની હોય છે: જે પહાડમાંથી નીકળે છે તે અને સરોવરમાંથી નીકળે છે તે. પહેલીને હું શૈલજા કહું અથવા પાર્વતી; અને બીજીને સરોજા (દુનિયાભરનાં કમળો મને ક્ષમા કરશે એવી આશા રાખું છું). શૈલજા નદીઓનો ઉગમ બહુ નાનો, પાતળો, લગભગ તુચ્છ જેવો હોય છે. એટલે એને વિષે આદર ઉત્પન્ન કરવા માટે મોટાં મોટાં માહાત્મ્યો લખી કાઢવાં પડે છે. ગંગોત્રી પાસે ગંગાનો પ્રવાહ કોક વાર એટલો નાનકડો હોય છે કે સામાન્ય માણસ પણ એક કાંઠે એક પગ અને બીજા કાંઠે બીજો પગ મૂકીને ઊભો રહી શકે છે. સરોજા નદીઓનું એવું નથી હોતું. વિશાળ અને સ્વચ્છ વારિરાશિમાંથી મનમાં આવે તેવડો જથ્થો ખેંચીને તેઓ છતી થાય છે. એથી એમના ચાલવા બોલવામાં ગર્ભશ્રીમંતાઈનું આત્મભાન હોય છે.

નીલોત્રીની યાત્રાએ આવવાનું બીજું પણ એક અદમ્ય આકર્ષણ હતું. મહાત્મા ગાંધીના પાર્થિવ દેહને અગ્નિસાત્ કર્યા પછી એમનાં ફૂલ અને ચિતાભસ્મનું વિસર્જન હિંદુસ્તાનનાં અને જગતનાં અનેકાનેક પુણ્યસ્થળે કરવામાં આવ્યું હતું. એમાંનું જ એક સ્થાન નીલોત્રી છે.

૨

નીલ નદીની બે શાખાઓ છે, શ્વેત અને નીલ. જિંજા પાસે જેનો ઊગમ છે તે શ્વેત શાખા છે. નીલ શાખા પણ સરોજા જ છે. ઇથિયોપિયા જેને આપણા લોકો હબસાણ (એબિસીનિયા) કહેતા, તે દેશમાં તાના કરીને એક સરોવર છે. એ સરોવરમાંથી નીલ શાખાનો ઊગમ છે. આ શાખાઓ લાખો વરસથી વહેતી આવી છે અને એમને કાંઠે રહેનાર પશુપક્ષીઓને અને માણસોને જલદાન કરતી આવી છે. પણ યુરોપિયન લોકોને જેની ભાળ ન હોય તે વસ્તુ અજ્ઞાત જ કહેવાય ! એક રીતે એમનું કહેવું સાચું પણ છે. બીજા લોકો નદીને કાંઠે રહેતા છતાં, એ નદી મૂળે આવી ક્યાંથી અને આગળ ક્યાં સુધી જાય છે, એની શોધ ન કરે, તો આખી નદીનું જ્ઞાન એ લોકોને છે એમ ન કહેવાય. દાખલા તરીકે, તિબ્બતના લોકો માનસ સરોવરવાળી સાંનપો નદી જાણે. એ નદી પૂર્વ તરફ વહેતી વહેતી જંગલમાં અલોપ થાય છે, એટલું જ બહુ બહુ તો તેઓ જાણે. આપણા લોકો આ બાજુથી બ્રહ્મપુત્રનો ઊગમ શોધતા શોધતા એ જ જંગલોના આ બાજુના છેડા સુધી પહોંચ્યા. આગળનું તેઓ કશું જાણે નહિ. જ્યારે અનેક અંગ્રેજો, પ્રતિકૂળ પરિસ્થિતિ હોવા છતાં, એ જંગલોમાંથી પસાર થયા ત્યારે જ તેઓ સ્થાપિત કરી શક્યા કે તિબ્બતની સાંનપો નદી જ આ બાજુ આવી છે, અને બીજી અનેક નાની મોટી નદીઓનાં પાણી ઝીલીને બ્રહ્મપુત્ર થઈ છે.

નીલ નદીના ઊગમ શોધનારાઓમાં મિ. સ્પીક અંતે સફળ થયા અને એમણે સિદ્ધ કર્યું કે, જિંજા પાસે સરોવરમાંથી જે નદી અવતરે છે, તે જ ઇજિપ્તમાતા નીલ છે.

આ સ્પીક સાહેબ હિંદુસ્તાન સરકારની નોકરીમાં હતા. એમને સમાચાર મળ્યા કે, પ્રાચીન હિંદુઓ મિસર એટલે કે હાલના ઇજિપ્ત દેશ વિષે ઘણું જાણતા હતા. એમણે તપાસ કરીને જાણ્યું કે, સંસ્કૃત પુરાણોમાં કહ્યું છે કે, નીલ નદીનો ઊગમ મીઠા પાણીના અમરસરમાંથી થયો છે; એ જ પ્રદેશમાં ચંદ્રગિરિ છે; છેક દક્ષિણે જતાં મેરુ પર્વત આવેલો છે, વગેરે. પુરાણોમાંથી કેટલાક સંસ્કૃત શ્લોકોનો એમણે અનુવાદ કરાવ્યો અને એને આધારે નીલના ઊગમની શોધ કરવાનો મનસૂબો કર્યો. દ્રવ્યબળ અને મનુષ્યબળ વિના આવા પુરુષાર્થ સિદ્ધ ન થઈ શકે, એટલે એમણે હિંદુસ્તાનના તે વખતના વાઈસરૉય પાસેથી મદદ મેળવી.

આવી રીતે મળેલા પૈસા અને લશ્કરી માણસો લઈ ને એ પ્રથમ ઝાંઝીબાર ગયા અને ત્યાંથી બધી તૈયારી કરીને કેનિયા પ્રદેશ ઓળંગી યુગાન્ડામાં ગયા. ત્યાં એમને અમરસરવાળું અચ્છોદ સરોવર મળ્યું. (અચ્છ – સુઅચ્છ = સ્વચ્છ. ઉદ – ઉદક = પાણી. મીઠા પાણીના સરોવરને અચ્છોદ કહેવાય.) અને ત્યાંથી નીકળતી નીલ નદી પણ મળી. સુદાન અને ઇજિપ્તમાં વહેતી નદી એ જ છે એ એમણે સિદ્ધ કર્યું. આ વાતને હજી પૂરાં સો વરસ પણ થયાં નથી.

૩

આફ્રિકા ખંડ ખરેખર ત્યાં વસતી અનેક આફ્રિકન જાતિઓનો મુલક છે. એ પ્રદેશ વિષે યુરોપિયન લોકોને પૂરતી માહિતી ન હતી, એ કાંઈ ત્યાંના લોકોનો દોષ નહીં. યુરોપ તરફના અને ખાસ કરીને અરબસ્તાનના લોકો આફ્રિકાને કિનારે જઈ ત્યાંના લોકોને પકડી લેતા અને પોતપોતાના દેશમાં લઈ જઈ ગુલામ તરીકે વેચતા. પકડેલા લોકોમાં સ્ત્રીઓ પણ હોય; બાળકો પણ હોય. પણ લૂંટારાઓ એમનો માણસ તરીકે શાનો વિચાર કરે ?

કેટલાક મિશનરી લોકોને સૂઝયું કે, આવા જંગલી લોકોના આત્માના ઉદ્ધાર અર્થે એમને ખ્રિસ્તી બનાવવા જોઈએ. લોભી વેપારીઓ પણ જે ગહન પ્રદેશમાં જવાની હિંમત કરતા નહીં, ત્યાં આ ઉત્સાહી ધર્મપ્રચારકો પહોંચી જતા અને ત્યાંની ભાષા શીખીને ઈસા મસીહનું ‘ શુભ વર્તમાન ’ એમને સંભળાવતા.

આગળ જતાં યુરોપના રાજાઓએ આફ્રિકા ખંડ અંદર અંદર વહેંચી લીધો. એમાં નિયમ એવો કે, જે દેશના મિશનરીઓએ જેટલો પ્રદેશ શોધી કાઢ્યો (!) તેટલો પ્રદેશ તે દેશના રાજાની માલિકીનો ગણાય. આમાં એક વખતે બન્યું એવું કે, સ્ટેન્લી કરીને એક મિશનરીએ ઇંગ્લંડના રાજા પાસે કોંગો નદીના વિસ્તારનો પ્રદેશ ‘ શોધવા ’ માટે મદદ માગી. ઇંગ્લંડના રાજાએ એટલે કે પાર્લમેન્ટે એ મદદ ન આપી. એટલે એ ગયો બેલ્જિયમના રાજા પાસે. રાજા લિયોપોલ્ડ લોભી અને ઉત્સાહી હતો. એણે બધી મદદ આપી. પરિણામે જ્યારે આફ્રિકા ખંડની વહેંચણી થઈ ત્યારે કોંગો નદીના વિસ્તારનો મુલક બેલ્જિયમને ભાગે ગયો ! એ બેલ્જિયન કોંગોનો પ્રદેશ લગભગ હિંદુસ્તાન જેટલો મોટો છે. ત્યાંથી રબર મેળવવા માટે ગોરાઓએ ત્યાંની પ્રજા ઉપર જે જુલમ ગુજાર્યો છે તેનાં વર્ણનો વાંચતાં રુવાંટાં ખડાં થાય છે, એમ કહેવું અલ્પોક્તિ થાય. લાગણીવાળો માણસ એ વર્ણનો વાંચે તો એનું લોહી થીજી જ જાય. છતાં ગોરાઓએ અહીંની પ્રજાને ધીરે ધીરે ‘ સુધારી ’ ખરી. હવે એ લોકો કપડાં પહેરે છે; વાળમાં જાત જાતની સેંથીઓ પાડે છે; અને શરાબ પણ પીએ છે. આમ ઘણાખરા ખ્રિસ્તી થઈ ગયા.

જેને ખરચે જે પ્રદેશ શોધાયો તેનો એ દેશ થઈ જાય એ ન્યાયે, નીલ નદીના ઊગમ તરફનો આખો યુગાન્ડા પ્રદેશ હિંદુસ્તાનને ભાગે આવવો જોઈતો હતો. પણ હિંદ જેવા ગુલામ દેશને વળી અધિકાર શા? સારું થયું કે, એ પાપની વહેંચણીમાં આપણે ભાગે કોઈ હિસ્સો ન આવ્યો. આપણા લોકોએ યુગાન્ડામાં જઈને કપાસની ખેતી વધારી, રાજ્યકર્તાની મદદથી ત્યાં મોટી ઍસ્ટેટો કરી, અને કરોડો રૂપિયા કમાયા. આપણે પણ ત્યાંના લોકોને સુધાર્યા છે. દરજીકામ, સુથારકામ, કડિયાકામ, રસોઈકામ, વગેરે ધંધાઓમાં એમની મદદ લીધી; એટલે ધીમે ધીમે એ લોકો પાવરધા થયા. હિંદુસ્તાનનાં કપડાંની અને વિલાયતથી આવતી શરાબ આદિ જાત જાતની વસ્તુઓ વેચવાની દુકાનો ખોલી અને એ લોકોને જીવનનો આનંદ માણતા કર્યા!

૪

ધોળા અને ઘઉંવર્ણા લોકોના આવા પુરુષાર્થની સાક્ષી એવી નીલ નદી અહીં ચૂપચાપ વહેતી જાય છે, અને પોતાનો પરોપકાર પોતાના બન્ને તટ તરફ દૂર સુધી ફેલાવતી જાય છે.

આપણા દેશમાં ગંગા નદીનું જે મહત્ત્વ છે, તે જ મહત્ત્વ, વધારે ઉત્કટ રીતે, ઉત્તર-પૂર્વ આફ્રિકામાં નીલ નદીનું છે. દુનિયાની સૌથી મહત્ત્વની સંસ્કૃતિઓમાં ઇજિપ્તની મિશ્ર અથવા મિસર સંસ્કૃતિને સ્થાન છે, અને એની અસર યુરોપના ઇતિહાસ ઉપર જ નહિ, પણ એના ધર્મ ઉપર પણ પડી છે. આપણે ત્યાં જેવી ચાર વર્ણની સંસ્કૃતિ ખીલી, તેવી જ સંસ્કૃતિ પ્રાચીન મિસર દેશમાં પણ દેખાઈ આવે છે અને એનો પડઘો ગ્રીક ફિલસૂફ પ્લેટોની સમાજરચનામાં સંભળાય છે. ચાર વર્ણની સંસ્કૃતિ એ જમાના માટે ગમે તેટલી અનુકૂળ હોય અને ભવ્ય ગણાતી હોય, પણ તોફાની યુરોપ એ જીરવી ન શક્યું. યુરોપમાં જે ખ્રિસ્તી ધર્મ ફેલાયો છે એનું પાલન-પોષણ ઇજિપ્તમાં ઓછું નથી થયું. પણ ત્યાં કેળવેલું વૈરાગ્ય અને તપસ્યા તથા દેહદંડન ઘણું અજમાવ્યા પછી યુરોપે છોડી દીધું. આમ હોવા છતાં યુરોપની સંસ્કૃતિનાં મૂળિયાં શોધવા જતાં ઇજિપ્તના ઇતિહાસમાં જવું પડે છે અને એ ઇતિહાસનું ઘડતર અમુક અંશે નીલ નદીને આભારી છે.

જેમ નદીનું પાણી આગળ વહે છે, પાછળ જઈ શકતું નથી, તેમ ઇજિપ્તની સંસ્કૃતિ નીલ નદીના ઊગમ તરફ, યુગાન્ડા પ્રદેશમાં પહોંચી ન શકી, એ વસ્તુ પણ આપણું ધ્યાન ખેંચ્યા વગર રહેતી નથી. જો ઇજિપ્તના લોકો અમરસરની આસપાસ આવીને વસ્યા હોત, તો આફ્રિકાનો જ નહિ, પણ દુનિયાનો ઇતિહાસ જુદી રીતે લખાત.

— કાકાસાહેબ કાલેલકર

સ્વાધ્યાય

૧. જન્મે મહારાષ્ટ્રી (સતારા – ઈ. સ. ૧૮૮૬) હોવા છતાં ગુજરાતી ભાષા ઉપર સારું પ્રભુત્વ ધરાવનાર શ્રી કાકાસાહેબ કાલેલકર જાણીતા કેળવણીકાર તથા લેખક છે. પ્રવાસ એમનો વ્યાસંગ છે. તે અંગે 'હિમાલયનો પ્રવાસ', 'લોકમાતા', 'બ્રહ્મદેશનો પ્રવાસ', 'પૂર્વ આફ્રિકામાં' વગેરે પુસ્તકો દ્વારા 'રખડવાનો આનંદ' સૌને લૂંટાવ્યો છે. તેમણે જે જેલજાત્રા કરેલી તેની વાત પણ 'ઓતરાતી દીવાલો' નામે તેમણે કહી છે. અને 'સ્મરણયાત્રા' વડે તેમના શૈશવકાળમાં પણ તે આપણને પ્રવાસ કરાવે છે. આ પાઠ તેમના 'પૂર્વ આફ્રિકામાં' પુસ્તકમાંથી લીધો છે.

૨. ઘણા પ્રાચીન સમયથી આપણા દેશના લોકો એક તરફ આફ્રિકા તથા બીજી તરફ જાવા–સુમાત્રા અને ચીન તરફ વેપાર વગેરે અર્થે જતા હતા. અત્યારે પણ આફ્રિકામાં હિંદુસ્તાનના ઘણા વતનીઓ વસે છે. તેમના પ્રશ્નો વિષે વાતો જાણો.

૩. પ્રજાઓના રંગદ્વેષના સવાલ બાબતમાં દુનિયાની સ્થિતિ વિષે માહિતી મેળવો. 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' ગાંધીજીએ લખ્યો છે, તે જુઓ.

૪. આપણા દેશમાં ગંગા નદીના ઊગમ સ્થાનને ગંગોત્રી, તથા જમના નદીના ઊગમ સ્થાનને જમનોત્રી કહે છે, તે ઉપરથી આફ્રિકાની નીલ (અંગ્રેજીમાં 'નાઈલ') નદીના ઊગમસ્થાનને માટે નીલોત્રી નામ કહ્યું છે.

પ્રશ્નો

૧. કાકાસાહેબ નદીઓના બે પ્રકાર શા ઉપરથી જણાવે છે?

૨. નીલ નદીનું ઊગમસ્થાન કોણે કેવી રીતે શોધ્યું?

૩. હિંદુસ્તાનની ગંગા અને આફ્રિકાની નીલ એ બે નદીઓની મહત્તાની સરખામણી કરો.

ઉત્તરવાહિની વિ૦ સ્ત્રી૦ [સં.] = દક્ષિણ-થી નીકળી ઉત્તર તરફ વહેતી

ઊગમસ્થાન ન૦ = નદી જ્યાંથી ઉદ્ભવતી હોય તે સ્થાન; તેનું મૂળ

પ્રસ્થાન ન૦ [સં.] = પ્રવાસે જવા ઊપડવું તે; પ્રયાણ

બર આવવું = સફળ થવું

તુષાર પું૦ [સં.] = ઓસ; ઝાકળ (તેના જેવી ફરફર)

પરિભાષા સ્ત્રી૦ [સં.] = કોઈ પણ વિષય કે શાસ્ત્રની સાંકેતિક સંજ્ઞાઓ કે શબ્દો

ઇષ્ટદેવ પું૦ [સં.] = પ્રિય – પોતાની આસ્થાનો દેવ

આચમન ન૦ [સં.] = જમણી હથેલીમાં થોડું પાણી લઈ પી જવું તે

અહોરાત્ર અ૦ [સં.] = દિનરાત; અહર્નિશ

માહાત્મ્ય ન૦ [સં.] = મહિમા, મહત્ત્વ (તે વર્ણવનાર સ્તોત્ર)

સરોજા સ્ત્રી૦ = સરોવરમાંથી જન્મેલી (નદી; સરોજ = કમળ)

વારિરાશિ પું૦ [સં.] = પાણીનો જથો

ગર્ભશ્રીમંતાઈ સ્ત્રી૦ = ગર્ભથી – જન્મથી શ્રીમંત હોવું તે

અગ્નિસાત્ કરવું = અગ્નિદાહ દેવો

મિશનરી લોક પું૦ બ૦ વ૦ = (ખ્રિસ્તી ધર્મના) પ્રચારક

ઈસા મસીહ પું૦ [અ.] = ઈશુ ખ્રિસ્ત

અલ્પોક્તિ સ્ત્રી૦ [સં.] = કમી કરીને બોલવું તે (અત્યુક્તિથી ઊલટું)

પ્લેટો પું૦ = એક મહાન ગ્રીક ફિલસૂફ; અફલાતૂન (સૉક્રેટીસનો શિષ્ય)

૧૬

કબીરવડ

[શિખરિણી]

भूॅरो भास्यो झांखो दूॅरथी धूॅमसे प्हाड सरखो,
नदी वच्चे ऊभो निरभयपणे एकसरखो;
दीॅस्यो हार्यो जोद्धो, हरि तणुं हृदे ध्यान धरतो,
सवारे एकांते, कबीॅरवड ए शोक हरतो. १

कदे देखावे ए अचरतीॅ जणाये जगतमां,
खरे, ए मोरानो मगरूब रहे देश नव कां?
मनाये सत्संगे पवितर कबीरा भगतमां,
प्रजानी वृद्धिए, नित अमर क्हेवाय नव कां? २

जतां पासे जोउं, वड नहि वडोनुं वन खरे!
मळे आडा ऊभा, अति निकट, नीचे उपर जे;
वडो झाझा तोये, सहु भळीॅ गये एक दीसतो,
वळी संधाओनुं, असल जीॅवतुं एक मूळ तो. ३

कयुं डाळुं प्हेलुं, कंईॅ न परखाये श्रम कर्ये,
घसेड्यो पाडीने असल वड रेले, जन कहे;
तणाया छे भागो घणीॅ वखत जो ए वड तणा,
तथापि ए थाये, फूॅट वीॅस गुण्या सो[1] परिघमां. ४

फुॅटी डाळोमांथी प्रथम तरु केरी नीॅकळता,
खूंचे तेवा तंतु, वधीॅ जई नीॅचे जे लटकता;
जटानी शोभाथी अतिश शरमाई शिव ऊँठ्या,
जटाने संकेली वड तजीॅ गिरिए जईॅ रह्या. ५

जटा लांबी लांबी मूॅळ थडथीॅ थोडेक दूॅर जे,
नीॅचे भूमि साथे अटकीॅ पछीॅ पेसे महीं ज ते.
मळी मूळियामां फरीॅ नीॅकळीॅ आवे तरुरूॅपे,
थडो बांधी मोटां, घणीॅक वडवाई करीॅ रहे. ६

---

૧. એટલે ૨૦૦૦ ફૂટ.

कहुं एवी रीते अगणित वडो उत्पन थया,
जॉवे जे संधाओ असल मूळियांथी रसभर्या;
वहु डाळी डाळां, परसपर पत्रो भळीं गये,
घटानी शोभा तो सरव जनने विस्मित करे. ७

× × ×

उनाळानो भानु अतिश मथीं भेदी नव शके,
घटा ऊंचे एवी, जन शींतळ छाया सुख लिये;
खूली वाजूओथी वहु पवन आवी जमीनने,
करे चोख्खी रूडी, पछीं मित थईने खुशीं करे. ८

घणां जंतु पंखी अमळ सुख पामे अहीं रही,
घणा जात्राळुओ अहीं ऊतरता पुण्य समजी;
घणा शिकारीओ गमत करता र्हे बहु अहीं,
हजारो लोकोने अडचण समातां अहीं नहीं. ९

अहींयांथी जोवी चकचकतीं व्हेती नदीं दूरे,
पशु को जोवां जे अहीं तहीं चरे बेट उपरे;
घटा भारे जोवी, शबद सुणवा कोई खगना,
दिले वायु लेवो, सुख नव हींणा ले करमना. १०

घटा थाळां लीधे घणींक फरवाने गलीं थई,
बखोलो बंधाई रमणीय वहु बेठक वनी;
निरांते जेमां तो खुशी थकीं रमे लाल ललना,
निरांते जेमां तो खुशी थकीं रहे जोगीं जपमां. ११

× × ×

ठरी मारी आंखो, कबीरवड, तुंने नीरखीने,
खरी पापी बुद्धि, खरी ज रूडीं जात्रा थई मने;
विशेषे शोभे छे, गभींर वड, तुंथी नरमदा,
कृतार्थी मोटो हुं दरशन वडे छुं नरमदा. १२

—કવિ નર્મદાશંકર

સ્વાધ્યાય

૧. કવિ નર્મદાશંકર (ઈ. સ. ૧૮૩૩–૧૮૮૬) અર્વાચીન ગુજરાતી સાહિત્યના એક આદ્યલેખક ગણાય છે. તે દેશાભિમાની, કટ્ટર સુધારક, અને કવિ–સાહિત્યકાર

હતા. તે 'ડાંડિયો' નામનું પત્ર પણ ચલાવતા. સુધારામાં દાખવેલા 'જેસ્સા'ને કારણે તે 'વીર નર્મદ' કહેવાય છે. 'સ્વરાજ આપણો જન્મસિદ્ધ હક છે' એવો વિચાર તેમનાં લખાણોમાં મળે છે.

તેમણે નર્મકોશ નામે ગુજરાતી ભાષાનો કોશ પણ તે સમયે પ્રસિદ્ધ કર્યો હતો.

૨. કબીરવટ સંતકવિ કબીરે નાખેલી દાતણની ચીરીમાંથી ઊગેલો કહેવાય છે. એકમાંથી બીજી એમ અનેક ડાળો અને વડવાઈઓ ફૂટીને ત્યાં વડનું આખું એક વન જેવું થઈ ગયું છે. ભરૂચ જિલ્લામાં શુક્લતીર્થ પાસે નર્મદા નદીના પટમાં એક બેટ ઉપર એ આવેલો છે. કાકાસાહેબે હિંદના સુંદર ત્રણ વડ ગણાવ્યા છે (જુઓ તેમની ચોપડી 'રખડવાનો આનંદ'—'ત્રણ પુરાતન વટવૃક્ષો'):—

(૧) મદ્રાસ પાસે અડિયારનો વડ; (૨) શુક્લતીર્થનો કબીરવડ; અને (૩) કલકત્તામાં બૉટેનિકલ ગાર્ડનમાં આવેલો વડ.

૩. દલપતરામ કવિએ લીમડી જતાં તાપથી ત્રાસીને એક પીપર નીચે વિશ્રામ કરેલો; તે પીપરનું વર્ણન તેમણે 'બાપાની પીપર' એ કાવ્યમાં કર્યું છે (વિદ્યાપીઠ વાચનમાળા, સાતમી ચોપડી). કવિ નર્મદાશંકર પણ કબીરવડ પ્રત્યે તેને મળતા કંઈક ભાવથી વર્ણન કરે છે. તે બંને કાવ્યના ભાવો સરખાવવા જેવા છે.

૪. આ કાવ્યનો છંદ શિખરિણી સંસ્કૃત છંદ છે. તેમાં અક્ષરનો મેળ રહેલો હોય છે. અક્ષરમેળ છંદો અને માત્રામેળ છંદો વચ્ચેનો ભેદ સમજો.

અચરતી સ્ત્રી૦ = આશ્ચર્ય; નવાઈ; અજાયબી
મોરો પું૦ = એક ઘરેણું; અલંકાર
સંધુ વિ૦ = સઘળું; તમામ
પરિઘ પું૦ [સં.] = વર્તુળનો ઘેરાવો
મિત વિ૦ [સં.] = પરિમિત; પ્રમાણસર
અમળ વિ૦ = નિર્મળ; પવિત્ર
કરમના હીણા = કમનસીબ; દુર્ભાગી
થાળું ન૦ = મૂળના ગાંઠાવાળો થડિયાનો ભાગ
ખરી = ખરી ગઈ; પડી ગઈ (ખરવું)
ખરી = સાચી; યથાર્થ (ખરું)

૧૭

ઊધઈનો સમાજ

૧

ઊધઈને ન જોઈ હોય એવું નાનું બાળક પણ ગુજરાતમાં ભાગ્યે હશે. આપણી આલમારીઓ, ચોપડીઓ, સાદડીઓ, અરે ઘરના થાંભલા તથા છાપરાની વળીઓ સુધ્ધાં, એણે કેટલીયે વાર ખાઈ નાંખ્યાં છે. આજે એક જગ્યાએથી કાઢો તો કાલે બીજી જગ્યાએથી હુમલો કરે, અને એવા હેરાન કરી મૂકે કે ન પૂછો વાત. છતાં ઊધઈ કેવી જાતનું જંતુ છે, એ પોતાનું રંજાડ-કામ ક્યાં રહીને કરે છે, એ કેવી રીતે પોતાનું જીવન ગુજારે છે, એનામાં કેવા અને કેટલી જાતના ભેદો છે, વગેરે જાણવાનો ગુજરાતના કોઈ વિદ્વાને કે જુવાને પ્રયત્ન કર્યો હોય એમ જણાયું નથી.

હા, કેટલાક વગર ભણેલા ગામડિયા તથા વાઘરી વગેરે લોકો આપણા કરતાં ઊધઈ વિષે વધારે જાણતા હોય છે ખરા. તેમાંના કેટલાક ઊધઈનું જાળું —એટલે જમીનની નીચે જ્યાંથી રહ્યે રહ્યે એ ચારે દિશાએ પસરે છે તે ઊધઈનો માળો— શોધી કાઢી શકે છે. અને તેઓ કહે છે કે, એ જાળામાં રહેતી ઊધઈની રાણીનો નાશ કરવામાં આવે, તો તેનો આખો પરિવાર નાશ પામે છે.

પણ ઊધઈનો વધારે ઊંડો અભ્યાસ યુરોપ, અમેરિકાના વિદ્વાનોએ કર્યો છે. યુરોપની ભાષાઓમાં, સુંદર ચિત્રો સહિત, દુનિયાની જાતજાતની ઊધઈનાં વર્ણન અને તેના જીવન વિષે પુષ્કળ માહિતી આપનારાં અનેક પુસ્તકો લખાયાં છે. છતાં, યુરોપમાં ઊધઈ લગભગ અજાણ્યું જંતુ છે. ઠંડા દેશોમાં એ જીવી શકતી જ નથી.

ગુજરાતીમાં ‘ઊધઈનું જીવન’ નામે એક જ પુસ્તક અત્યાર સુધી પ્રસિદ્ધ થયું છે. તેયે સ્વતંત્ર લખાણ નથી, પણ અંગ્રેજી પુસ્તકનો તરજુમો જ છે.

મધમાખી, કીડી અને ઊધઈ એ ત્રણેની જીવનપદ્ધતિ અને સમાજરચના અતિશય આશ્ચર્યકારક, અટપટી અને ચતુરાઈભરેલી છે. તેમાંયે ઊધઈની જીવન-પદ્ધતિ અને સમાજરચના તો એ ત્રણે જંતુઓમાં વધારેમાં વધારે જૂની, ચકિત કરનારી અને ગૂઢ છે. એને જાણવાનું કામ પણ ઘણું મુશ્કેલ છે. કારણ કે ઊધઈનું જાળું સાધારણ રીતે જમીનથી દસ પંદર ફૂટ નીચે હોય છે; વળી એ

પોતાનું કામ અંધારી નાળોમાં, આપણને પોતાનું મોઢું બતાવ્યા વિના જ કરે છે. આપણે એની નાળ તોડીએ ત્યારે જ આપણે તેને જોઈ શકીએ છીએ, પણ તે જેટલી બહાર નીકળી પડે તેટલીને જ. બહાર નીકળેલી ઊધઈ પાછી પોતાની નાળમાં પેસી શકતી જ નથી. એને કાં તો કીડી ઉપાડી જાય છે, અથવા તે ભટકીને મરે છે. એટલે એનું સાચું જીવન તો માણસની નજરની આડે રહીને જ ચાલે છે.

છતાં, ઘણી મહેનત લઈ એ વિષે જે માહિતી ભેગી થઈ છે, તેનો સાર જોઈએ.

૨


દુનિયામાં ઊધઈની લગભગ બારસોથી પંદરસો જુદી જુદી જાતો શોધવામાં આવી છે. ભૂસ્તરશાસ્ત્રીઓના મત પ્રમાણે, દુનિયામાં એ પ્રાચીનમાં પ્રાચીન જંતુ છે.

ગુજરાતનાં ખેતરોમાં ઊધઈના રાફડા તમે જોયા હશે. એ ઘણુંખરું, શંકુ આકારના ઢગલા જેવા હોય છે. સાધારણ માટીના ઢગલા કરતાં એ ઘણા સખત હોય છે. વરસાદથી પલળીને એ પડી જતા નથી. છતાં, પ્રમાણમાં આપણા પ્રાંતના રાફડા તો બહુ જ નાના અને સાદી જાતના હોય છે. દુનિયાના જુદા જુદા ભાગોમાં એ રાફડાઓના આકાર, ઊંચાઈ, મજબૂતી વગેરે વિવિધ પ્રકારનાં અને આશ્ચર્યકારક હોય છે. કેટલાક તો વીસ વીસ ફૂટ ઊંચા અને ત્રીસ ફૂટના ઘેરાવામાં પથરાયેલા હોય છે. કેટલાક બરાબર ઉત્તર દક્ષિણ દિશા બતાવનારા હોય છે. કેટલાકની માટી સિમેંટના જેટલી સખત જામે છે, અને તેથી રસ્તા તથા ટેનિસનાં ક્રીડાંગણ બાંધવામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

પણ રાફડા તો ઊધઈના નગરનો બહારનો ભાગ જ સમજવો. એનો સાચો કિલ્લો અને વિસ્તાર તો સદાય જમીનની નીચે જ રહે છે, અને ઉપરના ભાગનો નાશ થવાથી ઊધઈનું જીવન નાશ પામતું નથી.

જમીનની નીચે, એ રાફડા-નગરની મધ્યમાં, ચાવેલા અને કરકરા કરેલા લાકડાના ચૂરાનો એક પોલો ઘુમ્મટ હોય છે. એ ગોળાકાર ઘુમ્મટ તળિયાથી આશરે છથી બાર ઇંચ ઊંચો હોય છે. એના પોલાણમાંથી બધી દિશાઓમાં અનેક ચાલો અથવા ગલીઓ નીકળે છે. ટાંકણીના માથા જેટલી કરોડો લીખો કે ઇયળોથી એ ભરેલો હોય છે. એની ભીંતોમાં હજારો ઝીણાં છિદ્રો હોય છે. એ ભાગ બીજા ભાગ કરતાં વધારે ગરમ રહે છે.

પેલી ચાલો વાટે વધારે સારા ઓરડાઓમાં જવાય છે. એમની બેઉ બાજુએ રેતીના કણો જેવાં નાનાં નાનાં ધોળાં લંબગોળ ઈંડાં ખડકેલાં હોય છે. ત્યાર પછી નીચે ઊતરતાં એક બીજો ખંડ આવે છે. ઊધઈનું જાળું કહે છે, તે આ જ જગ્યા.



ઊધઈ કુટુંબ

વચ્ચે ઊધઈ-રાણી છે; એના મધ્ય ભાગમાં લાંબું જંતુ છે તે ઊધઈ-રાજા છે. ઝીણાં જંતુઓ ઊધઈ-મજૂરો છે; ચોકીપહેરો કરે છે તે સૈનિકો છે. લગભગ પૂરેપૂરા પ્રમાણનું ચિત્ર છે.

એનો દેખાવ અદ્‌ભુત હોય છે, એમ સર્વ જોનારાઓ વર્ણવે છે. એનું આ ચિત્ર જુઓ. ખંડની વચ્ચોવચ એક મોટું જંતુ પડેલું છે. એ ત્રણેક ઇંચ લાંબું, ઇંચ દોઢ ઇંચના ઘેરાવાવાળું, લગભગ સફેદ સાકરિયા જેવું હોય છે. એની બે બાજુએ ઝીણા ઝીણા પગો છે. આગલી બાજુએ, મોટી ટાંકણી ખોસી

હોય એવું એક ઝીણું માથું જરાક જેટલી લાંબી ગરદનને વળગેલું હોય તેમ દેખાય છે. વારંવાર એ પોતાની ગરદન અને મોઢા પરના અડિયા (એટલે મૂછોના વાળ) હલાવ્યા કરે છે. તેની આજુબાજુ બીજાં નાનાં મોટાં હજારો જંતુઓની ભીડ નજરે પડે છે. એ જંતુઓ કરતાં આ જંતુ લગભગ દશ હજાર ગણું મોટું કહેવાય. આ જ ઊધઈ-રાણી. આખા રાફડામાં જે કોઈ ઊધઈ રહે છે એ સૌની આ જ માતા. આ ખંડ તે એનો દરબાર અથવા મહેલ.

એ ઊધઈ રાણી ખરી, પણ એના મહેલમાં તે જન્મકેદમાં પડ્યા જેવી હોય છે. મહેલના દરવાજા એટલા નાના હોય છે કે, તેમાંથી એનું મોટું શરીર જઈ જ ન શકે. વળી એના ભારે શરીરને માટે એના પગ સાવ જ નાના અને નકામા જેવા છે. એની ગરદન પણ એટલી ટૂંકી હોય છે કે, પોતાનો ખોરાક સામે પડ્યો હોય તોયે એ પોતાની મેળે લઈ ન શકે. ઉપરાંત, આટલું મોટું પેટ હોવા છતાં, એનામાં ખોરાકને પચાવવાની શક્તિ નથી. આથી નાની ઊધઈઓ ખોરાકને પોતાના આંતરડાંમાં પહેલો પચાવી, તે પાછો કાઢીને, રાણીને ખવડાવે છે. ચિત્રમાં જે અનેક ઝીણી ઝીણી ઊધઈઓને તમે એના મોઢા આગળ જુઓ છો, તે બધી એને વારાફરતી ખોરાક ખવાડીને જાય છે.

ઊધઈ-રાણીનું દેખીતું કામ એક જ જણાય છે: એ રાતદિવસ ઈંડાં મૂક્યે જાય છે. રોજનાં તે ઓછામાં ઓછાં ત્રીસ હજાર ઈંડાં મૂકે છે; એટલે વર્ષે દહાડે એક અબજથી વધુ ઈંડાં થાય. આ તો હળવી ગણતરીનું પ્રમાણ છે. કેટલાકના મતે, તે રોજનાં એંશી હજારથી વધુ ઈંડાં મૂકી શકે છે. એનું પૂરું આયુષ્ય પાંચ વર્ષનું ગણાય છે. તેટલી મુદતમાં એ કેટલી ઊધઈની માતા થઈ શકે, તેની ગણતરી કરો.

પણ તેનું દેખીતું કામ આટલું જ હોવા છતાં, મહેલની બહાર તે પગ પણ ન મૂકી શકતી હોવા છતાં, અને પોતાનો ખોરાક પણ ખાવા અશક્ત હોવા છતાં, આખા રાફડામાં દૂર દૂર સુધી એની જ સત્તા કોઈક ગૂઢ રીતે ચાલે છે. બીજી રાણી ગોઠવાય તે પહેલાં જો તે મરી જાય, તો આખો રાફડો નાશ પામી જાય. રાણી વિના બીજી ઊધઈઓ જીવી શકતી નથી. એના શરીરને જખમ થાય અથવા તે માંદી પડે, તો તેટલો વખત રાફડામાં જ્યાં ત્યાં અંધેર વર્તે, બધાં કામ ગોટાળામાં પડી જાય. એ સાજીસમી હોય તેટલો વખત બધું તંત્ર સીધુંદોર ચાલે છે. કેવી રીતે એની અસર આખા રાફડા પર પહોંચે છે, તે હજુ સમજી શકાયું નથી.

૩

રાણીના શરીર પાસે એક લાંબું જંતુ દેખાય છે તે ઊધઈ-રાજા છે. ઊધઈ-રાજા એની રાણીને છોડીને ક્યાંય જતો નથી. એની આજુબાજુ કે એના શરીર પર એ ફર્યાં કરે છે. દેખીતી રીતે એ નમાલો દેખાય છે; પણ એની રાણી પર હુમલો થાય, તો તે પોતાના ગજા પ્રમાણે તેનો બચાવ કરવા ચૂકતો નથી, અને છેવટે તેને માટે પોતાનો પ્રાણ પણ પાથરે છે.

જાણે ચોકીદારો હોય તેમ, ચિત્રમાં કેટલાંક જંતુઓ પહેલી હારમાં ગોઠવાઈને ઊભાં છે તે જોયાં? એ સિપાઈ-ઊધઈઓ છે. રાફડામાં આવા સિપાઈઓની સંખ્યા લગભગ કુલ વસ્તીના પંચમાંશ જેટલી હોય છે. તેઓ ઊધઈ-રાજની સેના તથા પોલીસ છે. કામ કરનારી ઊધઈઓને મોખરે રહી તેમની સલામતી જોવી, આવજાના રસ્તાઓનું નિયમન કરવું, નવો ખોરાક ક્યાં પ્રાપ્ત થઈ શકે એમ છે તેની શોધ કરવી અને જાણ કરવી, શત્રુ ચડી આવે તો તેની સામે ઝૂઝવું, આ એમનું કામ. આ માટે એમના શરીરની રચના બીજી ઊધઈઓ કરતાં જુદી જાતની હોય છે. કેટલાક પ્રકારની ઊધઈઓમાં સિપાઈ-ઊધઈને માથે ભિંગડાળું કવચ હોય છે. એના બાકીના શરીરની સરખામણીમાં એ કવચ અઘટિત રીતે મોટું અને જબરું વધેલું હોય છે. એ સાથે એને બે સખત જડબાં હોય છે, તે કમાનવાળા સાંડસાની જેમ કામ કરે છે. એ સાંડસો પોલાદ જેવો સખત અને શરીરના બીજા ભાગ કરતાં વધારે વજનદાર, મોટો અને અગવડભર્યો હોય છે. આને લીધે એને બાપડાને ખાવાનુંયે ફાવતું નથી. મજૂરોને તેના મોંમાં કોળિયા મૂકવા પડે છે.

કેટલીક જાતની ઊધઈના સૈનિકો[1] વળી જુદી જાતના હોય છે. એ સૈનિકોના માથામાં જડબાંને બદલે એક રબરના ફુક્કા જેવો અવયવ હોય છે. એ પણ જડબાંના જેવો જ વજનદાર હોય છે. એ ફુક્કાને પિચકારી જેવું એક ઝીણું છિદ્ર હોય છે. સિપાઈ એ ફુક્કાના સ્નાયુઓને દબાવે છે, ત્યારે એમાંથી એક જાતના ચીકણા રસની ધાર છૂટે છે. ઇંચ દોઢ ઇંચ જેટલી દૂર તે ઊડે છે. સૈનિકને ખબર પડે કે સામે કીડી કે કોઈ બીજો શત્રુ આવી લાગ્યો છે, ત્યારે તે પોતાની પિચકારી તેના પર છોડે છે. તેનાથી કીડીના પગ ચોંટી જાય છે, અને કીડી આગળ વધી શકતી નથી.

---

૧. આ જાતના સૈનિકનું ચિત્ર ૭૧ મા પાના ઉપર 'ઊધઈના જીવન'નું ચિત્ર છે તેમાં વચ્ચે છે, તે જુઓ.

૪

પણ રાફડાની મોટી વસ્તી તો પેલી ઝીણી ઝીણી જીવાત દેખાય છે તે છે. તે મજૂર-ઊધઈ કહેવાય છે. પણ એને ઊધઈનગરની આમપ્રજા પણ કહી શકાય. લગભગ ૭૫ ટકા જેટલી તેમની જ વસ્તી હોય છે. ઊધઈ-રાજનો સર્વ રચનાત્મક કાર્યક્રમ તેઓ ચલાવે છે. જમીન ખોદવી, નાળો બાંધવી, ઈંડાં ઇયળ વગેરે ઉછેરવાં, ખોરાક લાવવો, ઉગાડવો, ખાવો, પચાવવો અને રાજા, રાણી, સૈનિક તથા બીજાં જે કુંવર કુંવરીઓ કહેવાય છે તે સર્વેને ખવડાવવો, એ બધાં કામો તેમને જ કરવાનાં હોય છે. એને (તેમ જ સિપાઈઓને) આંખ, કાન, નાકની જ્ઞાનેંદ્રિયો હોતી નથી. એને દિવસ નથી: એની અંધારી નાળોમાં એને સદાયે રાત જ છે. પણ વિસામો લેવાનું એ જાણુતી જ નથી. આથી તેને સદાયે દિવસ જ છે એમ પણ કહી શકાય.

મજૂરનું શરીર અતિશય નાજુક હોય છે. સૈનિક જેવું એને સ્વરક્ષાનું કશું સાધન નથી. માત્ર એનું મોં સખત ચીજોને પણ કાતરી શકે એવું તીણું હોય છે, અને એની લાળમાં એવાં રસાયણો રહેલાં છે કે, ધાતુ અને કાચને પણ તે કોરી શકે છે.

ઊધઈ કોઈ જાતનાં જીવજંતુને ખાતી જણાતી નથી. રાંધેલાં કે લીલાં ધાનને પણ ભાગ્યે જ અડે છે. કાઠી — એટલે કે વનસ્પતિમાત્રમાં રહેલો રેસાળો ભાગ — એ એનો એકમાત્ર ખોરાક છે. આ કાઠીને પચાવવાની શક્તિ ઊધઈની કેટલીક જાતો સિવાય બીજા કોઈ પણ જંતુમાં જોવામાં આવી નથી.

ઊધઈની કેટલીક જાતો કાઠીને જાતે પચાવી શકતી નથી. છતાં, કાઠી વિના એને ખોરાક મળી શકે નહિ. આવી ઊધઈઓ પોતાના રાફડાની અંદર ઠેકાણે ઠેકાણે નાનકડા ક્યારાઓ કરે છે, અને તેમાં એક જાતની શેવાળ ઉગાડે છે. એ શેવાળને માટે કાઠીનું ખાતર આવશ્યક હોય છે. આથી ઊધઈ કાઠીની રજ કરીને તે ક્યારાઓમાં ફેલાવે છે. એમ જે શેવાળ ઊગે છે, તેના પર ઊધઈ-નગરની પ્રજા જીવે છે. આ જાતની ઊધઈને ખેડૂત-ઊધઈ કહી શકાય.


ઊધઈનો રંજાડ ચાલે છે તે આ કાઠી મેળવવા માટે જ હોય છે.

ઊધઈ કેવળ આપણી મિલકતનો રંજાડ કરી નાખનાર જંતુ હોય એવું આપણને લાગે છે ખરું. પણ એ તો આપણા ટૂંકા સ્વાર્થની દૃષ્ટિ છે. કુદરતમાં ઊધઈ પૃથ્વીની બહુ ભારે સેવા પણ બજાવે છે. દર વરસે શિશિર ઋતુમાં જ્યારે વનસ્પતિ સુકાઈ જાય છે, ત્યારે વનોમાં હજારો ખાંડી સૂકાં ડાળાં, ડાંખળી, પાંદડાં, ઝાડ, વગેરે વનસ્પતિનો ઢગલો થાય છે. એને કોઈ ખાતું કે પચાવી શકતું નથી. કેવળ હવા અને વરસાદની પણ એના પર ઘણી ઝપાટાબંધ અસર

થતી નથી. આથી જો તે એમ ને એમ પડી રહે, તો થોડાં વર્ષમાં વનોમાં કાઠીનો એવો ઢગલો થાય કે કાષ્ઠના ડુંગરા જ રચાય. એને પરિણામે ઝાડો નાશ પામી જાય. પણ ઊધઈ તે બધાંનો ઝપાટાબંધ નિકાલ આણે છે. અને તેમ કરવા માટે તેને કરોડો ખાંડી માટી પણ ખોદી કાઢવી પડે છે. એને પરિણામે પૃથ્વી પણ પોચી થાય છે અને પાણીને પી શકે છે. વળી માટી સાથે કાઠી ભળવાથી ખાતર પણ થાય છે. તે નદીમાં કાંપ થઈને જ્યારે કિનારા પરનાં ખેતરોમાં બેસે છે, ત્યારે તે ખેતરોને ઘણાં ફળદ્રુપ કરી મૂકે છે. ઊધઈ વિના આવો કાંપ તૈયાર થાય નહિ.

ચિત્રમાં આ નાની ઊધઈઓ રાણીને ખવાડતી, પંપાળતી, તથા તેનાં ઈંડાંને ઉછેરઘરોમાં ઊંચકી જતી જણાય છે.

પણ ઊધઈ-નગરના એક બીજા નાગરિકનો હજુ ઉલ્લેખ કરવાનો રહ્યો છે. આ નીચેના ચિત્રમાં તે જુઓ. એ નાગરિકો તે ઊધઈ-નગરનાં કુંવર–કુંવરીઓ છે. એમને ચાર પાંખો અને બે આંખો હોય છે. એમનું શરીર પેલા ઊધઈ-રાજા જેવું છે. ચોમાસું બેસતાં સુધી એ કુંવર-કુંવરીઓનાં ટોળાં રાફડાની અંદર મોજ કરતાં ફર્યા કરે છે. ઊધઈઓ એમને છૂટથી ખવાડે છે અને તેમને કશું કામ કરવું પડતું નથી.



જ્યારે ચોમાસાનો પહેલો વરસાદ પડે છે અને જમીનમાંથી મીઠી સુગંધ નીકળવા માંડે છે, ત્યાર પછી એક દિવસ સાંજે જમીન પર રાફડાઓનાં મોઢાં એકાએક ખુલ્લાં થઈ જાય છે,

અને તેમાંથી લાખોની સંખ્યામાં આ કુંવર-કુંવરીઓ બહાર ઊડી આવે છે. ઘણી વાર આખું વાતાવરણ એમનાથી ભરાઈ જાય છે. પંખીઓ, વાંદરાં, બિલાડાં વગેરે ઘણાંક નાનાં મોટાં જનાવરો તેમનો શિકાર કરે છે. કેટલાક દેશોમાં માણસોયે તેને ખાય છે. તેમાંનાં હજારો આપણા દીવાઓ પર પડીને મરી જાય છે. દીવાની આજુબાજુ એમની પાંખોનો ઢગલો થયેલો આપણે જોઈએ છીએ. ત્રણ ચાર દિવસ સુધી આપણે આ કુંવર-કુંવરીઓની વિદાય તથા સંહારની લીલા જોઈએ છીએ.

છતાં, એમાંનાં કોઈક તો બચી જાય છે, અને તેઓ નવું ઊધઈ-નગર વસાવે છે. કુંવર તેનો રાજા બને છે અને કુંવરી રાણી. પેલી રાણીનું ચિત્ર જોયું તે મૂળે એ રાજાના જેવા જ રૂપ અને કદની હતી. પણ સંસાર માંડ્યા પછી એનું શરીર એવું જુદું પડી ગયું.

ઊધઈમાં અદ્‌ભુત પ્રકારની જ્ઞાનશક્તિ રહેલી છે. એક જ માતાનાં સરખાં લાગતાં ઈંડાંને જુદી જુદી રીતે ખોરાક આપીને, તેમાંથી તે કુંવર–કુંવરી, સિપાઈ (ઘણી વાર બે ત્રણ જાતના), મજૂર વગેરે ઊધઈના અલગ અલગ વર્ગો ઉપજાવે છે. (બીજા ચિત્રમાં ઊધઈનું એ જીવનચક્ર બતાવ્યું છે.) કુંવર-કુંવરીઓને આંખો ને પાંખો હોય છે, પણ તેઓ કામ નથી કરતાં અને જાતે ખાઈ પણ શકતાં નથી. ખાવાની શક્તિ તો કેવળ કામ કરનાર મજૂરમાં જ હોય છે. કામ કરે તે ખાય, બીજાં બધાં મજૂરોની ભલમનસાઈ પર જીવે, એવો ઊધઈ-રાજનો કાયદો છે. કોઈ રાજારાણી કે સિપાઈ કે કુંવર-કુંવરીનો નાશ કરવો હોય, તો મજૂરો તેને ખોરાક આપવાનું બંધ કરી દઈ શકે.

ઊધઈની બીજી ઘણીયે જાતની જ્ઞાનશક્તિ વિષે આશ્ચર્યકારક વાતો છે. સ્મીથમન નામનો એક મોટો ઊધઈશાસ્ત્રી કહે છે કે, ‘સૃષ્ટિની અજાયબીઓમાં ઊધઈનું સ્થાન મોખરા પર આવે છે.’

ઊધઈ વિષે પચાસ વર્ષ અભ્યાસ કરનાર નોઈઝ નામે એક બીજો લેખક કહે છે, ‘પૃથ્વીના એકેએક ભાગમાં અનેક જાતના લોકો વચ્ચે મેં જીવન ગાળ્યું છે; પણ મને મનુષ્યો વચ્ચે એવી ખાતરીપૂર્વક નિશાનીઓ મળી નથી કે જેથી મને વિશ્વાસ બેસે કે, કોઈ પ્રેમાળ, દયાળુ, ઉદાર, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન પ્રભુ છે જ. પણ ઊધઈના જીવનમાં તો આ સિવાય હું બીજાં કોઈ ચિહ્ન જોતો જ નથી.’

સ્વાધ્યાય

૧. કીડી, મધમાખી, ઊધઈ – એ બધાં જીવજંતુનો જીવનભર અભ્યાસ કરનારા વિજ્ઞાનશાસ્ત્રીઓએ તેમના જીવન વિષે એવી રસિક અને બોધક માહિતી ભેગી કરી છે કે, દિંગ થઈ જવાય. આ જંતુઓ વિષેની વાતો એકઠી કરો. એમના મુખ્ય ગુણો કયા છે તે જાણો.

૨. મૅટરલિંક નામના ફ્રેંચ વિચારકે ઊધઈ અને મધમાખ વિષે જે બે પુસ્તક લખ્યાં છે, તે માત્ર વિજ્ઞાનવિષયક પુસ્તકો નથી; પરંતુ એક રીતે સમાજશાસ્ત્ર અને તત્ત્વચિંતનના ગ્રંથો છે. શ્રી. કિશોરલાલભાઈએ તેમના ઊધઈ વિષેના પુસ્તકનો 'ઊધઈનું જીવન' એ નામે અનુવાદ કરેલો છે. તે ચોપડી વાંચો. આ પાઠ તે પરથી તેમણે તૈયાર કરી આપેલો છે.

પ્રશ્નો

૧. ઊધઈના અને મનુષ્યના સમાજની તુલના કરો.

૨. ઊધઈ માત્ર રંજાડ જ કરે છે કે કાંઈ સારું પણ કરે છે?

૩. ઊધઈની સમાજવ્યવસ્થામાં કયાં કયાં મુખ્ય કામો સારુ કઈ કઈ વ્યવસ્થાઓ છે, તે કહો.

આલમારી સ્ત્રી૦ (પોર્ટુગીઝ – અલમારિયો) = કબાટ; અનેક ખાનાંવાળું ભીંતમાંનું તાકું

ભિંગડાળું વિ૰ = ભીંગડું – છાલ કે ચામડીનું કઠણ છોડું – તેના વાળું

રચનાત્મક કાર્યક્રમ પું૦ = કાંઈ નવું રચવાનું હોય તેવું કામકાજ

શિશિર સ્ત્રી૦ [સં.] = માઘ અને ફાગણ માસની ઠંડી ઋતુ

૧૮

મને જોઈને ઊડી જતાં પક્ષીઓને



[મંદાક્રાન્તા]

रे पंखीडां ! सुखथी चणजो, गीत वा कांई गाजो,
शाने आवां मुजथी डरीने खेल छोडी ऊडो छो ?
पासे जेवी चरती हती आ गाय तेवो ज हुं छुं;
ना ना को दी तम शरीरने कांई हानि करुं हुं. १

ना पाडी छे तम तरफ कैं फेंकवा माळोंने में,
खुल्लुं मारुं उपवन सदा पंखीडां सर्वने छे;
रे रे! तोये कुदरतीं मळी टेव बीवा जनोथी,
छो बीतां तो मुजथीं पण सौ क्षेम तेमां ज मानी. २

जो ऊडो तो जरूर डर छे क्रूर को हस्तनो हा!
प्हाणो फेंके तम तरफ रे! खेल ए तो जनोना!
दुःखी छुं के कुदरत तणा साम्यनुं ऐक्य त्यागी,
रे रे! सत्ता तम पर जनो भोगवे क्रूर आवी. ३

—કલાપી

સ્વાધ્યાય

૧. 'કલાપી' એ લાઠીના રાજા સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ (ઈ. સ. ૧૮૭૪–૧૯૦૦)નું તખલ્લુસ છે. તેમનાં કાવ્યો 'કલાપીનો કેકારવ' એ નામે પ્રસિદ્ધ થયાં છે.

૨. આ કાવ્ય સાથે તેમનું 'એક ઘા' (વિદ્યાપીઠ વાચનમાળા, પાંચમી ચોપડી) કાવ્ય પણ સરખાવવા જેવું છે.

૩. મંદાક્રાન્તા છંદને વિષે સમજૂતી મેળવો. તે અક્ષરમેળ છંદ છે.

પ્રશ્નો

૧. પંખીઓ માણસને જોઈને શાથી ઊડી જાય છે?

૨. કવિ તેમને શું કહીને ઊડતાં રોકવા પ્રયત્ન કરે છે?

૩. પંખીઓ પ્રત્યેના વર્તન વિષે કવિને શી વાતનું દુઃખ છે? કવિને કેવું વર્તન સારું લાગે છે?

૪. કયાં પંખીને માણસ પાળે છે? પંખીને પાંજરામાં રહેવું ગમતું હશે?

ચણવું સ૦ ક્રિ૦ = વીણીને ખાવું (પંખીએ)
ઉપવન ન૦ [સં.] = બગીચો; વાડી
ક્ષેમ ન૦ [સં.] = સુખશાંતિ; સહીસલામતી
પહાણો પું૦ = પાષાણ; પથ્થર
સામ્ય ન૦ [સં.] = સમાનતા

૧૯

હબસીઓના કુલગુરુ



૧

હબસી લોકો મૂળ આફ્રિકાના વતની હતા. પરંતુ ઈ. સ. પૂર્વે જ્યારે ગ્રીસ અને રોમની સત્તા યુરોપમાં ચાલતી હતી, ત્યારથી યુરોપના લોકો આ ભોળી હબસી પ્રજાના માણસોને પકડી લાવીને ગુલામ તરીકે રાખતા. જેમ વેપારવણજની બીજી ચીજો બજારમાં વેચાય, તેમ આ જીવતાજાગતા હબસી ગુલામો પણ ત્યારે બજારમાં વેચાતા.

યુરોપની પ્રજાઓ અમેરિકાની શોધ થયા પછી ત્યાં વસવા લાગી, ત્યારે તે નવા મુલકમાં ખેતીને માટે માણસોની તો ખૂબ જ જરૂર પડે, એ ઉઘાડું છે. તેઓએ આફ્રિકાથી હબસીઓનાં ટોળેટોળાં પોતાના નવા ખંડ ઉપર આણ્યાં, અને જેમ ગાય, ઘોડા કે બીજાં પશુને રાખે તેમજ આ મનુષ્ય-પ્રાણીને પણ રાખવા માંડ્યાં. અરે! તેઓ એટલે સુધી માનતા કે, આ ગુલામ હબસીઓને આત્મા નથી હોતો! તેથી, પુરુષથી તેની સ્ત્રીને અને સ્ત્રીથી તેનાં નાનાં કુમળાં બાળકોને છૂટાં પાડીને વેચી નાખવામાં પણ, ન તો તેમને કશી દયા આવતી, કે ન તો કોઈ જાતનો ખટકો લાગતો.

આવી ગુલામ સ્થિતિમાં ગયા સૈકાના મધ્યમાં (આશરે ઈ. સ. ૧૮૫૮-૯ માં) બૂકર ટી. વૉશિંગ્ટન નામના એક હબસી છોકરાનો જન્મ થયો. એક ગોરા અમેરિકન જમીનદારને ત્યાં તેની મા જોડે તે અને તેનો ભાઈ ગુલામ તરીકે રહેતા હતા. તે વખતે આ ગુલામ છોકરાની કેવી હીન દશા હતી એ બતાવવા સારુ, એણે જ પોતાની જીવનકથા લખી છે, તેમાં આપેલા એક બે દાખલા કહું :

બૂકરને પહેરવાને માટે ગૂણપાટનાં કપડાં મળતાં. નાના બિચારા બૂકરની કુમળી ચામડી આથી કરીને છોલાઈ જતી. તેથી તેનો મોટો ભાઈ એવું કરતો કે, નવાં કપડાં પહેલાં પોતે પહેરતો, અને વપરાઈ વપરાઈને થોડાંક નરમ પડે અને સુંવાળાં (!) થાય, એટલે નાના ભાઈને તે પહેરવા આપતો.

ગુલામ દશામાં સબડતા બૂકરને મળતો સવારનો નાસ્તો પણ જાણવા જેવો છે. રોજ સવારે વહેલો ઊઠીને સીધો તે જમીનદારના ખેતર ઉપર જતો. ત્યાં ઢોર માટે ખાણુ બફાતું હોય તે ક્યારે કાઢવામાં આવે, એની વાટ જોતો એ ઊભો રહેતો. એની જેમ બીજાં ગુલામ છોકરાં પણ ત્યાં આવ્યાં જ હોય. ખાણુ જ્યારે ઢોરોને માટે ટોપલામાં કઢાય, ત્યારે તેમાંથી મોટા સારા જોઈને બફાયેલા વટાણાના દાણા આ છોકરાં પોતાને માટે વીણી લેતાં. આ બૂકરનો નાસ્તો ! જો વખતસર ત્યાં ન પહોંચાય તો તે નાસ્તો પણ જાય.

આમાંથી એક દહાડો છુટકારો થયો. એક ખૂનખાર આંતરયુદ્ધને અંતે, ગોરા અમેરિકનોએ ઠરાવ કર્યો કે, ગુલામીની પ્રથા રદ કરવી. તે ખુશાલીને દિવસે માએ પોતાનાં બાળકોને ભેગાં કર્યાં. પોતે ઘૂંટણે પડી. તેની આંખમાં આંસુ હતાં અને તે કાંઈ જ બોલી શકતી નહોતી. હર્ષથી જાણે ગાંડી થઈ ગઈ હોય તેમ, છોકરાંને વારંવાર બાથમાં લે અને ઉપરાઉપરી ચૂમે. કેટલીક વાર એમ ચાલ્યા પછી તે બોલી, 'બેટા, આજ આપણે સ્વતંત્ર થયાં છીએ. ઈશ્વરનો પાડ માનો !'

૨

હવે બૂકર સ્વતંત્ર બાળક થયો એટલે તેની મા એને કામે મોકલવા લાગી. પાસે આવેલી કોલસાની એક ખાણમાં બૂકરને કામ મળ્યું હતું. ખાણના સખત કામથી થાકીને રાતે તે પાછો આવતો. પણ હવે તેને એક નવી લહે લાગી હતી : તે ભણવાને નાદે ચડ્યો હતો. તેથી રાતે થાકીને આવતાં છતાં, ભણવા આગળ તેનો થાક ક્યાંયે જતો રહેતો.

આ નાદે ચડાવવામાં મુખ્ય હાથ એની ચકોર માતાનો હતો. પાઈ પાઈ એકઠી કરીને તેણે એને એક ચોપડી લાવી આપી હતી. બૂકર આ ચોપડીને

ઘડીભર પણ વેગળી મૂકતો નહિ. એને એવી બીક રહેતી કે, કદાચ ખોવાઈ ગઈ તો! કામમાંથી ફુરસદ મળે ત્યારે કે રસ્તે ચાલતાં પણ એ કાઢીને તે વાંચવા લાગતો.

કેટલાક વખત બાદ બૂકરને એક બાઈને ત્યાં કામ કરવા જવાનું થયું. આ બાઈ બહુ કપરી અને કડક છે એવી એની ચારે કોર ખ્યાતિ હતી. એને ત્યાં નોકરી કરવી એટલે બસ! કદી જરા જંપવા જ ન દે! — એવી એને વિષે શાખ બંધાઈ હતી. આમ છતાં, બીજું કામ ન મળવાથી બૂકરની માએ કઠણ કાળજું કરીને તેને આ બાઈને ત્યાં મોકલ્યો.

વાત એવી હતી કે, બાઈ સ્વભાવે ખરાબ નહોતી, પણ કડકાઈથી બરોબર કામ લેનારી હતી. એટલે ખંતથી સોંપેલું કામ કરનારને તેની જોડે વાંધો ન પડે. આથી બૂકરને તેની જોડે ગોઠી જવામાં અડચણ ન આવી. નાનો હોવા છતાં આટલું તો તે સમજતો હતો કે, 'માતા, પિતા, અને મોટાભાઈ આખો દહાડો મજૂરી કૂટે છે, ત્યારે માંડ પેટિયું નીકળે છે; તો હું એમાં શું કામ મદદ ન કરું? આ બાઈનો ઉપકાર છે કે તેણે મને કામ આપ્યું.' બૂકરની શેઠાણીને આવો જ માણસ જોઈતો હતો. આ રીતે બેઉનું ઠીક ચાલતું જાણીને બૂકરની માને નિરાંત વળી.

બાઈને ત્યાં બૂકરને ફરાસનું કામ કરવાનું હતું. આખું ઘર બરોબર વાળવું ઝૂડવું, ખુરશી ટેબલ વગેરે રાચરચીલું સાફ રાખવું, બારીબારણાંનાં મિજાગરાં, ઇસ્ટાપડીઓ તથા હાથા વગેરે ઘસી ઘસીને ચકચકિત રાખવાં, આ જાતનું એ કામ હતું. બૂકર આ બધું બરોબર તન અને મન દઈને કરતો. પેલી બાઈ પણ પહોંચેલ હતી. ક્યાં ક્યાં કચરો રહી જઈ શકે, તે એને ખબર હતી. એટલે તે તો ખૂણેખાચરે, બારીની ધારો પર, પેટીઓ પટારા પાછળ, ખુરશી ટેબલના પાયા અને ટેબલ નીચે, અને એવી એવી, કાળજી વગરનો કામ કરનાર ચૂકી જાય, તેવી જગાઓ તપાસી જોતી. પણ ક્યાંય એને કસર ન જડતી કે જેથી તે બૂકરની કોઈ કસૂર કાઢી તેને વઢી કે ધમકાવી શકે. ખરેખર, નોકર શેઠની જુગતે જોડી મળી હતી. બૂકરે આ બાઈને આખી જિંદગી યાદ કરી કે, મળો તો આવો ગુરુ મળજો.

૩

કામની સાથોસાથ ભણવાનું પણ બરોબર ચાલતું હતું. પડોશમાં જે કોઈ કાંઈ ભણાવી શકે એમ હોય તેની પાસે પહોંચી જઈ મળે એટલું તે ભણી લેતો. પરંતુ તેથી તે ધરાયો નહિ. ગરીબ મા પણ તેમાં શું કરી શકે? એવામાં એક દહાડો એમ ખબર પડી કે, એક એવી નિશાળ નીકળી છે કે જ્યાં

કામ કરી મજૂરી મેળવીને ભણી શકાય છે. આ તો એના જેવા કામગરા અને પ્રામાણિક તથા ગરીબ છોકરાને માટે ભારે સગવડ કહેવાય. હવે તે નિશાળે પહોંચવાને માટે એ તલપાપડ થઈ ગયો. તેના ગામથી આ શાળા સોથીયે વધુ માઈલ દૂર હતી. પણ તેથી શું? આટલે દૂર જવાને સારુ વાટખર્ચ પણ આપી શકે એવી સ્થિતિમાં એની મા નહોતી. પણ તેથી ઓછું છોડી શકાય? એને તો માત્ર વહાલી માતાની આજ્ઞા અને આશીર્વાદ જોઈતાં હતાં.

તેણે કહ્યું, 'બા, એક મોટી નિશાળ એવી છે કે ત્યાં મજૂરી કરાય અને તેમાંથી ભણાય. હું ત્યાં જાઉં?


માતા — ક્યાં છે, બેટા?

બૂકર — હૅમ્પ્ટન ગામમાં છે એમ કહે છે.

બા — ઓ મા! એટલે દૂર તું કેમ કરીને જવાનો?

બૂકરે જેમ તેમ કરીને રજા મેળવી. ભલી માતાએ આમતેમથી થોડા પૈસા ભેગા કરીને તેને આપ્યા. તે વખતે બૂકર ૧૨–૧૪ વર્ષનો હતો. માતાને છોડીને જવું એ તેના જેવા માતૃભક્ત છોકરાને માટે ઓછો આઘાત નહોતો. પરંતુ, એ સમજતો હતો કે, છેવટે તો પોતાની ઉન્નતિ સાધવામાં જ માતૃપ્રેમ પણ સધાવાનો છે.

રખડતો કુટાતો, કદી ભૂખ્યો તો કદી ટાઢે ઠૂંઠવાતો, ચીંથરેહાલ દશામાં તે હૅમ્પ્ટન પહોંચ્યો. શાળા પૂછતો પૂછતો તે તેના મકાને પહોંચ્યો. જન્મારામાં તેણે નહિ જોયેલું એવડું મોટું આલેશાન મકાન જોઈ તેને થયું, 'આ શાળામાં ભણવાનું મળે તો કેવી મજા પડે!'



શાળામાં દાખલ થવાને માટે તે આચાર્ય પાસે ગયો. આચાર્યે તેની ચીંથરેહાલ મૂર્તિ સામે જોઈને પૂછ્યું, 'કેમ આવ્યો છે?'

બૂકર — મારે ભણવું છે.

આચાર્ય — ઠીક, જા બહાર બેસ.

અને પછી એક શિક્ષિકાને બોલાવી આચાર્યે કહ્યું કે, 'આ છોકરાને દાખલ કરવો કે કેમ તે તપાસજો.'

શિક્ષિકા બૂકરના દીદાર જોઈને જ કહે, 'તને અહીં નહિ દાખલ કરવામાં આવે. ક્યાંથી આવો આવ્યો છે?'

આ સાંભળતાંવેંત બૂકરના હોશકોશ ઊડી ગયા; તેની આંખમાંથી દડ દડ આંસુ પડવા લાગ્યાં; મોઢામાંથી તે અક્ષરે બોલી ન શક્યો.

બૂકરની આ દશા જોઈને કે શાથી, બાઈને કાંઈક થયું અને તે બોલી, 'છોકરા, તને ઝાડુ કાઢતાં આવડે છે?'

બૂકરે ઝટ જવાબ આપ્યો, 'હા જી, ક્યાં છે ઝાડુ? શું વાળવાનું છે?'

બૂકરને ઝાડુ આપવામાં આવ્યું; ઉપરાંત તેણે લૂગડાનો એક કકડો માગી લીધો; અને દેખાડેલા ઓરડામાં વાળવાનું શરૂ કર્યું. તેના હરખનો પાર નહોતો. મનમાં તે તેની પેલી શેઠાણીને દુવા દેતો હતો. તેને ખબર હતી કે, આ પોતાની પરીક્ષાનો દિન છે. આખો ઓરડો, તેનાં બારીબારણાં, ખૂણા તથા ધારો, અને સઘળું રાચરચીલું, બધું ઉપર નીચે તથા આજુબાજુથી બબ્બે વાર વાળ્યું અને ઘસી ઘસીને સાફ કર્યું. કહેવાની જરૂર નથી કે, પરીક્ષામાં તે પાસ થયો: તેને હૅમ્પ્ટન શાળામાં પ્રવેશ મળ્યો.

૪

શાળામાં ચાર વર્ષ રહેવાનું હતું. દિવસનો મોટો ભાગ ખેતર કે ઈંટવાડા યા ગમાણ ગોશાળા વગેરેમાં મજૂરી કરવાની હતી; અને તેની જે મજૂરી મળે તેમાંથી વિદ્યાર્થીનું બધું ખર્ચ નીકળતું. કેટલાક તો તેમાંથી બચત કરી, નાની-શીક મૂડી પણ ભેગી કરી શકતા. બૂકરે આ ચાર અમૂલ્ય વર્ષોમાં એક મિનિટ સરખી નકામી ન જવા દીધી. મજૂરી અને ભણતરમાં વિદ્યાર્થીઓનો આખો દિવસ ભરાયેલો રહેતો. તેમાં રોજ સાંજનાં જમણ અને ઉપાસના વચ્ચે ત્રીસેક મિનિટ રહેતી, તે બધા છોકરા નકામી વેડફી મારતા. બૂકરે તે વખતમાં એક જ્ઞાનવર્ધિની સભા શરૂ કરી, અને તેમાં તેણે એવું જીવન રેડ્યું કે, થોડાક કાળમાં તે સભા આખી શાળામાં માન પામી.

બધા શિક્ષકો બૂકર ઉપર અપાર પ્રેમ રાખતા. શાળાનો સંસ્થાપક જનરલ આર્મસ્ટ્રૉંગ કરીને એક ગોરો સદ્ગૃહસ્થ હતો. એ આ શાળાનો પ્રાણ હતો. હબસી ગુલામો સ્વતંત્ર તો થયા, પણ સાધન કે આવડત વિના તેઓ રવડી રખડી મરશે, એમ વિચારીને, આ દીર્ઘદૃષ્ટિવાળા પુરુષે આ નવી જ જાતની શાળા રચી હતી. મોટી ઉંમરનાં હબસી યુવકયુવતીઓને અહીં ભણવાનું

મળવાની સાથે રહેવાનું ખર્ચ પણ તેમની મજૂરીમાંથી આપોઆપ મળતું, અને તેમાંથી જ તેઓ ઉપયોગી ઉદ્યોગો શીખી લઈ શકતાં હતાં. એટલું જ નહિ, શાળાની આખી વ્યવસ્થા જ એવી હતી કે, વિદ્યાર્થીઓ ઉદ્યમી, મહેનતુ અને ખંતીલા બનતા હતા. આર્મસ્ટ્રૉંગે આ કામ ઉપાડીને હબસીઓની એક ભારે સેવા કરી છે, એમ આજ સૌ કોઈ કહે છે.

તે શાળાના શિક્ષકો પણ આર્મસ્ટ્રૉંગની જ ભાવનાથી રંગાયેલા હતા. આથી શાળાના વાતાવારણમાં એક પ્રકારનું સેવાભાવનું વાતાવરણ રહેતું. બૂકર જેવા ઉપર આની અસર ન થાય એ તો બને જ કેમ? એ આર્મસ્ટ્રૉંગને પોતાના મનથી ગુરુ તરીકે પૂજવા લાગ્યો, અને તેણે મનમાં વિચાર કર્યો કે, જે સેવાભાવ એમણે શીખવ્યો છે એને મારે પણ જીવનમાં ઉતારવો. અને ખરેખર, બૂકરે આ પાઠ બરોબર જીવી બતાવ્યો.

૫

ભણી ઊતર્યા પછી તેના આચાર્યે તેને કહ્યું કે, 'તું એક નવી કાઢેલી શાળા ચલાવવા જા.' આ શાળાની કંગાલ દશા જોઈ આપણને તો એમ જ થાય કે, એને તે શાળા જ કોણ કહે! ન મળે તેનું મકાન, ન મળે તેમાં ભણનાર! બૂકરે બધું કામ એકડે એકથી જ શરૂ કરવાનું હતું. ખંત, ધીરજ અને કુનેહ તથા પોતાની પતિત કોમ પ્રત્યેના પ્રેમથી તેણે આ કામમાં ઝંપલાવ્યું. કામ કામને શીખવે એવી આપણામાં કહેવત છે. બૂકરનાં આ વર્ષો તે કહેવતને અક્ષરશઃ ખરી પાડી દેખાડે છે. તેણે પોતાની એ નાનકડી શાળા પાછળ પોતાનો આખો આત્મા રેડીને, આજ જે એક જગમશહૂર સંસ્થા થઈ છે તે 'ટસ્કેજી ઇન્સ્ટિટયૂટ' નામની શિક્ષણસંસ્થા રચી. આ શાળાનાં શરૂઆતનાં વર્ષોમાં તે જાતે જ ભણાવતો, ત્યારે તે પોતાના બાળપણની વાતો કહેતો. પેલી શેઠાણી બાઈની વાત આવતી ત્યારે તેના મોં પર કૃતજ્ઞતા અને આભાર ઝળકી ઊઠતાં અને તે કહેતો, 'મારી જિંદગીમાં આજ સુધી હું જેટલું શીખ્યો છું તે અને આ બાઈએ મને જે શીખવ્યું તે બે સરખાં કીમતી છે.'

જેમ જેમ શાળાનું કામ વધતું ગયું, તેમ તેમ બૂકરને ભાગે તેના સંચાલનનું, તેની ઉન્નતિને અંગે વિચારો કરી તેને માટે નાણાં વગેરે સાધનોની જોગવાઈ કરવાનું, અને ખાસ તો પોતાની શાળાની પાછળ હબસી કોમની ઉન્નતિની કઈ ભાવના અને યોજના રહી છે, તે સમજાવવાનું કામ આવ્યું. આથી તેની નામના દેશભરમાં અને બહાર પણ પહોંચી. પોતાના કામને અંગે એ આખા અમેરિકામાં ફરતો. બધે એને સન્માન મળતું. છતાં ગોરા અને

કાળા વચ્ચે ઊંચનીચભાવ એટલો બધો હતો કે, આવા નામાંકિત માણસને પણ સમાન દરજ્જે લેખતાં ગોરા લોક અચકાતા. અમેરિકાના પ્રમુખે એક વાર બૂકરને મળવા બોલાવ્યો, તે ઉપર તો ગોરાઓમાં ભારે મોટી ચર્ચા જાગી કે, કાળાની જોડે પ્રમુખ હાથ મિલાવે એ તે કેવો ગજબ! એવી જ ચર્ચા બૂકર ઈંગ્લન્ડની રાણી વિક્ટોરિયાને મળ્યો ત્યારે પણ ગોરા લોકમાં જાગી હતી.

કાળા લોકમાં પણ બૂકરના કામનો વિરોધ કરનારા કેટલાક પડ્યા હતા. તેઓનું એમ કહેવું હતું કે, બૂકર તો આપણી કોમને મજૂર ને મજૂર જ રાખવા ચાહે છે; નહિ તો આવું મજૂરીનું શિક્ષણ આપવાને બદલે વકીલ, દાક્તરી અને એના જેવું ગોરાઓને મળતું શિક્ષણ આપવા માટે ન મથે? બૂકર ઉત્તરમાં એટલું જ કહેતો, 'જેમને એ શિક્ષણ લેવું હોય તે લે; પણ હું જાણું છું કે, મારી આખી કોમ વકીલ દાક્તર થવાની નથી. મોટા ભાગનાં મારાં ભાંડુઓ કારીગર, ખેડૂત અને મજૂર જ થશે; એમને હું સ્વતંત્ર, શુદ્ધ અને પ્રામાણિક નાગરિક જીવન જીવવાનું અને ઉત્તમ કારીગર કે ખેડૂત થવાનું શીખવીશ, તો મારે માટે બસ છે.' અને એ જ સાચો હતો, અને છેવટે સાચો ઠર્યો. તાજી જ સ્વતંત્ર થયેલી હબસી કોમ પાસે પોતાના હાથપગ સિવાય બીજું કશું સાધન કે મૂડી નહોતાં. એ વાપરીને કેમ સ્વતંત્રતા જીરવાય, એ આર્મસ્ટ્રોંગે અને બૂકરે શીખવ્યું. થોડા જ વખતમાં હૅમ્પ્ટન અને ટસ્કેજી શાળાઓ હબસી છોકરા છોકરીઓથી ઊભરાઈ જવા લાગી. બૂકરનો માર્ગ તેઓ ઝટપટ સમજી ગયાં હતાં. ગોરા લોક પણ સમજી ગયા કે, હબસીઓને સ્વતંત્ર કર્યા માત્રથી કશું ન વળત; હૅમ્પ્ટન જેવી શાળાની યોજનાની પણ જરૂર હતી. તેથી તેમણે પણ એમાં સારી પેઠે મદદ કરી.

ખરેખર, એક લેખકે બૂકર ટી. વૉશિંગ્ટનને હબસીઓનો કુલગુરુ કહ્યો છે તે તદ્દન યથાર્થ છે. તે ઈ. સ. ૧૯૧૫માં અવસાન પામ્યો. એની આખી કોમ એને પોતાના તારણહાર તરીકે અને જગત એક પ્રતિભાશાળી કેળવણીકાર તરીકે હજી સુધી યાદ કરે છે. એણે એની કોમને માટે જે વિદ્યા શોધી તેણે 'सा विद्या या विमुक्तये' – વિદ્યા તે જ કહેવાય, જે મુક્તિ અપાવે – એ બિરદને સાચું પાડી બતાવ્યું છે.

— મગનભાઈ પ્ર૦ દેસાઈ

સ્વાધ્યાય

૧. શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ (જન્મ ઈ. સ. ૧૮૯૯) ગૂજરાત વિદ્યાપીઠના મહામાત્ર છે. તે પહેલાં તેમણે સત્યાગ્રહ આશ્રમ, સાબરમતીની રાષ્ટ્રીય શાળામાં શિક્ષક તરીકે કામ કર્યું હતું. તે 'શિક્ષણ અને સાહિત્ય' માસિક તેમ જ 'હરિજન'

પત્રોના તંત્રી છે. 'સત્યાગ્રહની મીમાંસા', 'હિંદની અંગ્રેજ વેપારશાહી' ઇ૦ પુસ્તકો તેમણે લખ્યાં છે.

૨. અનેક મુશ્કેલીઓનો સામનો કરીને, દુઃખમાં વિદ્યાભ્યાસ એ ઘણા મહાપુરુષોના જીવનમાં જોવા મળે છે. પ્રાચીન કાળમાં ચીન જેટલે દૂરથી પગપાળા હિંદ જેવા પરદેશમાં વિદ્યાભ્યાસ માટે આવનાર હ્યુએન ચાંગની કથા મશહૂર છે (વિદ્યાપીઠ વાચનમાળા, ચોથી ચોપડી). બૌદ્ધ પંડિત શ્રી. કોસંબીની 'આપવીતી' ચોપડી પણ આ અંગે વાંચવા જેવી છે.

૩. બૂકરે પોતાની કોમ માટે ઉદ્યોગ દ્વારા કેળવણીની જે પદ્ધતિ શરૂ કરી, તેનો તેના નાતભાઈઓએ વિરોધ કર્યો, અને ગોરાઓને મળતી ઉજળિયાત કેળવણીની માગણી કરી, એ વસ્તુ આપણા દેશની અત્યારની પરિસ્થિતિ સાથે સરખાવવા જેવી છે.

૪. બૂકર ટી. વૉશિંગ્ટનની 'આત્મકથા' વાંચવા જેવી છે. તેમની ઉત્તરકથાનો અનુવાદ પણ 'મારી વ્યાપક કેળવણી' એ નામે થયો છે.

૫. અમેરિકામાંની ગુલામીની પ્રથા બાબત શ્રીમતી હેરિયટ બીચર સ્ટોએ લખેલી 'અંકલ ટૉમ્સ કેબિન' એ વિશ્વવિખ્યાત નવલકથા વાંચવા જેવી છે. તેનો ગુજરાતી અનુવાદ મળે છે. તેમાંનો એક પ્રસંગ 'ગુલામોનો વેપાર' વિદ્યાપીઠ વાચનમાળા છઠ્ઠી ચોપડીમાં છે.

પ્રશ્નો

૧. બૂકરને હેમ્પ્ટન શાળામાં પ્રવેશ મળ્યો તે માટે તેણે પોતાની જૂની શેઠાણીને દુવા શા માટે દીધી?

૨. બૂકરે પોતાની કોમ માટે ગોરાઓની ઉજળિયાત કેળવણી જેવી યોજના કરવાનું શા માટે ના સ્વીકાર્યું?

કુલગુરુ પું૦ [સં.] = આખા કુળ-સમુદાયનો ગુરુ કે શિક્ષક યા નાયક
ગૂણપાટ ન૦ = શણ કે સૂતળીનું વણેલું તાપડું
સબડતું વિ૦ = નકામું થઈ પડી રહેતું; વાસી પડી રહેવાથી બગડી જતું
ખાણ ન૦ [प्रा.] = ઢોરને ખાવાનું અનાજ કે ગોતું
નાદે ચડવું = લત કે લહે લાગવી
ગોઠી જવું = ફાવી જવું; ગમી જવું
પેટિયું ન૦ = ગુજરાન; નિર્વાહ
ઇસ્ટાપડી સ્ત્રી૦ [इं. स्टॉपर] = બારીબારણાં ઇત્યાદિ બંધ કરવા માટે તેના ઉપર જડવામાં આવતી ચાંપ-ટેસી
પહોંચેલ વિ૦ = ન છેતરાય તેવું; પક્કું
જાુગને જોડી મળવી = એકબીજાને માફક આવે-ગોઠી જાય એવા બે જણાની જોડ જામવી
દીદાર પું૦ બ૦ વ૦ [फा.] = ચહેરો; કાંતિ
દીર્ઘદૃષ્ટિ સ્ત્રી૦ [સં.] = અગમબુદ્ધિ; અગાઉથી ભવિષ્યનો વિચાર કરવો તે
કુનેહ સ્ત્રી૦ [अ. क़ुन्ह] = હિકમત; ચતુરાઈ
જોગવાઈ સ્ત્રી૦ ગોઠવણ; બંદોબસ્ત
તારણહાર વિ૦ = તારનાર; ઉદ્ધારક
પ્રાતભાશાળી વિ૦ = પ્રતિભાવાળું (પ્રતિભા = કલ્પના, સર્જન અને શોધખોળના ક્ષેત્રમાં નવું નવું તેજ બતાવનારી અસાધારણ ઈશ્વરદત્ત બુદ્ધિ-શક્તિ)
બિરદ ન૦ [सं. विरुद] પ્રતિજ્ઞા; ટેક

૨૦

ગાંધીજીની નિશાળ

[દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી સત્યાગ્રહ ચલાવી રહ્યા હતા. તે અરસામાં સત્યાગ્રહી કુટુંબો સાથે મળી, જાતમહેનતથી નિર્વાહ કરીને રહી શકે તે માટે ટૉલ્સ્ટૉય ફાર્મ (ઈ. સ. ૧૯૧૦) નામે આશ્રમ તેમણે ટ્રાન્સવાલમાં સ્થાપ્યો હતો. ત્યાર પછી થોડા વખતમાં નાતાલમાં તેઓ ફિનિક્સ આશ્રમ સ્થાપી (ઈ. સ. ૧૯૧૨) ત્યાં રહેવા લાગ્યા. આ બંને સ્થળોના નિવાસ વખતે આશ્રમનાં બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા નિયમપૂર્વક આશ્રમમાં જ કરવામાં આવી હતી. તેનું કંઈક દિગ્દર્શન આપણને તે શિક્ષણ મેળવનાર આશ્રમવાસી વિદ્યાર્થી તરીકે શ્રી. પ્રભુદાસ ગાંધીએ 'જીવનનું પરોઢ' એ પુસ્તકમાં કરાવ્યું છે; તેમાંથી આ પાઠ લીધો છે.]

મને ભય છે કે, હું જે લખવા માગું છું તે નહિ લખી શકું. એ અનુભવ, એ ચેતન અને એ ઉલ્લાસનો વણથંભ્યો પ્રવાહ, અને તારા-પરીની પેઠે પળે પળે ઝરતો બાપુજીનો ઝગારો આ લૂખા કોરા કાગળ ઉપર કેવી રીતે દેખાડી શકાય ?

એ કલાકની અમારી એ શાળા વિદ્યારાશિથી છવાયેલા કોઈ વિદ્યાલય કરતાં લગીરે ઓછી ગંભીર ન હતી. વિદ્યાવિહાર – કલ્પનાનાં ઉડ્ડયનો કે તર્કના ડૂબકીદાવ એમાં ભલે ન હતાં; પરંતુ શિક્ષક અને વિદ્યાર્થીની એકાગ્રતા, ભણવા-ભણાવવાનો રસ, લેવા–આપવાની આવડત અને પૂરો પરિશ્રમ ત્યાં હતાં.

પરોઢિયે છ થી આઠ સુધી ખેતી ચાલ્યા પછી શિરામણ કરી મોટાઓ પાછા ખેતરે પહોંચતા અને અમે છોકરાઓ નિશાળના ઝૂંપડામાં. ત્યાં નવથી અગિયાર સુધી તડામાર કામ ચાલતું. અરધા પોણા કલાકે ટકોરા થતાં વારા પ્રમાણે ભણાવનારા શિક્ષક અમારી સામે હાજર થતા. શિક્ષક આવતાં ઊભા થવાનું કે હાથ જોડવાનું કે એમને આવવાનો રસ્તો મોકળો કરી આપવાનું અમે ન જાણતા. એક જણ ભણાવીને જાય કે અમે તુરત બીજું કામ હાથમાં લેતા, એકબીજાને પૂછવાનું શરૂ કરી દેતા; અને શિક્ષક આવે તે અમારી સાથે એક મોટા પૂછનારા ને બતાવનારા બની બેસી જતા. ઘણી વાર શિક્ષકજીના પગે ખેતરનો ગારો ચોંટી રહેતો. એમના પહેરણની બાંય કોણી સુધી ચડેલીની ચડેલી રહેતી અને વચ્ચે આવી પડેલું કામ પતાવી ઝટ પાછા ખેતરે પહોંચી જવાની ઉતાવળ અમારા શિક્ષકના ચહેરા પર દેખાઈ આવતી.

ગણિત, ગુજરાતી, ગીતા અને વ્યાકરણ એ અમારા મુખ્ય વિષયો હતા. અંગ્રેજી પણ બધા શીખતા, પરંતુ તેને સારુ સવારનો મોંઘા મૂલનો સમય ન ખર્ચાતો. તામિલ અને હિંદી બાળકોને ગુજરાતીને બદલે તામિલ અને હિંદી શીખવાની સગવડ મળતી.

મોટે ભાગે વિષયો અને વિદ્યાર્થીઓ એક રહેતા, પણ શિક્ષકો બદલાતા રહેતા. મુખ્ય અધ્યાપક બાપુજી પોતે રહેતા. એવી નિશાળ ભાગ્યે જ કોઈએ જોઈ હશે, જ્યાં ચાલુ નિશાળે મુખ્યાધ્યાપક પાસે પહોંચો તો તેમના હાથમાં વેલણ કે કડછી દીપી રહ્યાં હોય. નિશાળના બે કલાકનો મોટો ભાગ બાપુજી મોટા રસોડામાં મુખ્ય રસોઇયાનું કામ કરવામાં આપતા. પોતાનાં પચીસ ત્રીસ બાળકોમાં કોઈને કાચી કે બળેલી રોટલી ન પહોંચે, એની તેમને ફિકર રહેતી. જમણનો ઘંટ વાગી જાય છતાં રસોઈ અરધી જ થઈ હોય એવો પ્રસંગ ન આવવા દેવા માટે, તેઓ જાતે રસોઈ કરતા. આમ મુખ્ય રસોઇયાની અને મુખ્યાધ્યાપકની બેવડી જવાબદારી ઉપરાંત ડરબન આદિ સ્થળેથી આવતા પરોણાઓને મુલાકાત આપવાનું પણ આ સમયે ચાલતું તે જુદું.

કોને શું ભણાવવું, કોના કોના વર્ગ સાથે ચલાવવા, એક શિક્ષક સંસ્થાના મહત્ત્વના કામમાં રોકાઈ જતાં કોણે તેની જગ્યા પૂરવી, એનો રોજેરોજનો નિર્ણય બાપુજી આપતા. કોના કેટલા દાખલા ખરા પડ્યા અને કોના કેટલા ખોટા પડ્યા, એનો હિસાબ, વર્ગ પૂરો થતાંની સાથે, બાપુજી પાસે પહોંચતો; અને બપોરે જમવાનું પીરસતી વખતે દાખલામાં પાર ન ઊતરનારની મીઠી ટકોર પણ કોઈ કોઈ વાર તેઓ કરી લેતા. રોજના શ્રુતલેખન પર સારી લખાવટના દોકડા આપવાનું કામ બાપુજી પોતે જ કરતા; અને અમારા જેવા અબોધને ગીતાનો ગંભીર બોધ રસભરી રીતે આપવાનું પણ તેઓ જ કરતા. મગનભાઈ માસ્તર અમને સંસ્કૃત શ્લોકોના ઉચ્ચારો શીખવતા અને મુખપાઠ કરાવતા; બાપુજી શ્રી. ગટુલાલજીની ગીતાના સમશ્લોકી ગુજરાતી પદ્યનો અર્થ કરાવતા. ગીતાનાં એ પ્રવચનો આજે યાદ નથી, છતાં એ સાંભળતાં મારા મનમાં શું ચાલતું એ યાદ છે. પણ એ વાતને એક આખું જુદું પ્રકરણ જોઈશે. અહીં વર્ગોની જ વાત કરું.

દર અઠવાડિયે — ઘણે ભાગે દર શનિવારે અમારી પરીક્ષા લેવામાં આવતી. એક અઠવાડિયે ગણિતની, બીજે અઠવાડિયે ગુજરાતીની, ત્રીજે ગીતાની, ચોથે અંગ્રેજીની — એમ દર મહિને એક એક વિષયની પરીક્ષા થતી. પરીક્ષાના જવાબો બાપુજી તપાસતા અને તે જ દિવસની સાંજની પ્રાર્થનામાં એનાં

પરિણામો સંભળાવી જતા ને ભૂલચૂક સુધારતા. શનિવારની અમે આતુરતાથી રાહ જોતા. બાપુજી કે મગનભાઈ માસ્તર અમને પ્રશ્નપત્રો આપી પોતાને કામે ચાલ્યા જતા. અમારા ઉપર ચોકી કરતું કોઈ ઊભું રહેતું એવું કાંઈ મને યાદ નથી આવતું. અમને કોઈને એકબીજામાંથી છાનો છાનો ઉતારો કરી લઈ, પોતે હોય તે કરતાં વધુ હોશિયાર દેખાવાની ઇચ્છા જ ન થતી. દરેક જણ પોતાના ભેજા પ્રમાણે, ધીરજપૂર્વક સૂઝે એટલું લખાય તેટલી સફાઈથી લખતું; અને ન આવડે–ન સૂઝે, તો ગભરાટ પેદા ન થતો. મનમાં ટાઢક રહેતી કે, રહેલી કચાશ બાપુજી દૂર કરશે. જ્યારે ન ફાવતા ત્યારે બીજે મહિને વધુ તૈયારી કરી વધુ સારું પરિણામ બતાવવાની અમે ઉમેદ બાંધતા; અને ઝટ વચ્ચેના ત્રણ શનિવાર વીતી જઈ, કાચા ઠરેલા વિષયની ફરી પરીક્ષા આપવાની વહેલી તક મળે, એની અમારા મનમાં ઉતાવળ રહેતી.

પરીક્ષાના દોકડા આપવાની બાબતમાં બાપુજીની રીત મને એ વેળા અનેક રીતે અન્યાયભરી લાગતી. એક જ જાતના સવાલ હોય, એક જ વર્ગના વિદ્યાર્થી હોય, છતાં બે જણમાં જે વધુ સારા જવાબ આપે તેને ઓછા દોકડા અને જે દેખીતી રીતે ઓછા જવાબ આપે તેને તેઓ વધુ દોકડા આપતા. અક્ષરોની લખાવટમાં તો અચૂક રીતે બાપુજી પક્ષપાત કરતા. સારા અક્ષરનાયે ઓછા દોકડા કેમ, એમ અમે પૂછી બેસતા; તો બાપુજી આકળા બની જઈ જવાબ આપતા : 'અમુક છોકરા કરતાં અમુક હોશિયાર છે, એવો આંક મારે નથી મૂકવો. મારે તો એ જોવું છે કે, દરેક જણ પોતે છે તેના કરતાં કેટલો વધુ સુધર્યો છે. હોશિયાર છોકરો ઠોઠ છોકરાની સાથે પોતાને સરખાવ્યા કરે અને ગુમાન કરતો ફરે, તો એની બુદ્ધિ બુઠ્ઠી થઈ જાય. તે ભણવામાં ઓછી મહેનત કરે. અને જે આગળ ન વધે તે છેવટે પાછો જ પડે. જે વધુ મહેનતથી અને પૂરી ચીવટથી કામ કરશે, તેને જ હું વધુ દોકડા આપવાનો.'

બાપુજીનો આ ઉપદેશ મારા બીજા સંગાથીને કેવો લાગતો, તેની ખબર નથી; પણ મને તો ચોખ્ખી એ બાપુજીની જોહુકમી જ જણાતી. આજે જોઉં છું કે, પોતાની સાથે પોતાને સરખાવવો અને પોતે આગળ વધ્યો કે પાછળ હઠ્યો, તે જોવા કરતાં 'બીજા કરતાં પોતે સારો દેખાય છે, અને બીજા કરતાં પોતે હોશિયાર છે,' એ કબૂલ કરાવવાની વાસના જ મારામાં જોર કરતી હતી. બાપુજીનો જે ભારે અન્યાય લાગતો તે સામે બોલવાની તો મારી હિંમત જ ન ચાલતી; એટલે છેવટે મન વાળી લેતો કે, 'હશે, બાપુજીએ દોકડા ઓછા આપ્યા તોયે મારા જવાબો અમુક જણ કરતાં તો સારા હતા જ ને? એટલે ખરી રીતે મારા દોકડા પેલાના કરતાં વધારે જ છે. અને એમ મનમાં ખાંડ

ખાઈ ફુલાતો ફરતો. પણ આનું પરિણામ એ આવતું કે, મારી પ્રગતિ વધુ ઓછી થતી અને બાપુજીની પાસેથી વધુ ઓછા દોકડા મને મળતા. આમ સાપ્તાહિક પરીક્ષા દ્વારા બાપુજીએ અમારી એવી નાડ ઝાલી હતી કે, ઠૂઠકે ને ભૂસકે અમે ગજા પ્રમાણે આગળ વધતા. જે કાંઈ વાંચતા-શીખતા તે પાકું થતું જતું અને જે અમારા મનમાં પેસતું જ નહીં તે અમારા મગજમાં ઉતારવા માટે વધુ સચોટ ઉપાયો બાપુજી શોધી કાઢતા.

અમારી આ શાળા પૂરી રીતે માંડ એક વરસ ચાલી હશે. પણ એટલા સમયમાં હું પાછલાં ત્રણ વર્ષમાં આખો દિવસ ઘરમાં ભણુ ભણુ કરીનેય જેટલો નહોતો વધ્યો એટલો આગળ વધ્યો. ગણિતમાં પિતાશ્રી પાસે રૂપિયા-આના-પાઈ અને પાઉંડ-શિલિંગ-પેન્સના દાખલા મહા પરાણે કરતો. થોડા ઘણા અપૂર્ણાંક પણ શીખેલો. ગુજરાતી શ્રુતલેખન બહુ ખરાબ હતું. ગીતામાં ફક્ત પહેલા અધ્યાયના પંદર-વીસેક શ્લોક યાદ થયેલા. તેની જગ્યાએ ટૉલ્સ્ટૉયવાડીને ફિનિક્સમાં લાવ્યા પછી એક જ વર્ષની અંદર દ્દઢભાજક, અપૂર્ણાંક, દશાંશ, અને ત્રિરાશિ-પંચરાશિના દાખલા છૂટથી અને ઝડપથી કરતો થઈ ગયો. ગુજરાતી લેખન સારી પેઠે સુધર્યું અને વાચનમાં ચોથી ને પાંચમી ચોપડી પાઠની ચર્ચા સાથે આવડી. ગીતા ચોથા અધ્યાય સુધી મોઢે થઈ ગઈ. આમ મારી ઉંમરને અગિયારમે વરસે મારું જે રીતનું ભણતર થયું, તે રીતે બાપુજીના મુખ્યાધ્યાપકપણા નીચે દસેક વરસ ચાલ્યું હોત, તો મને સાચી વિદ્વત્તા સાંપડી હોત, એમાં શંકા નથી. પણ બાપુજીની શાળાનો આદર્શ વિદ્વાનો પેદા કરવાનો ન હતો, સત્યાગ્રહી પેદા કરવાનો હતો; એટલે એ રૂડું, શાંત અને ઓજસ્વી વિદ્યાસત્ર ખંડિત થયા પછી ફરી પાછું ચલાવવાની બાપુજીને તક નામની જ મળી. એ નિશાળનું સ્મરણ જ મારા જેવાને સારુ આખા જીવનની નિશાળ થઈ રહી.

— **પ્રભુદાસ ગાંધી**

સ્વાધ્યાય

૧. શ્રી. પ્રભુદાસ ગાંધી ગાંધીજીના કાકાના દીકરાના પૌત્ર થતા હોઈ, બાળપણમાં તેમના પિતાની સાથે દક્ષિણ આફ્રિકામાં હતા. તેમણે તે વખતની ગાંધીજીની પ્રવૃત્તિનો નજરે જોયેલો વૃત્તાંત પોતાના પુસ્તક 'જીવનનું પરોઢ'માં તાદ્દશ વર્ણવ્યો છે, તે વાંચવા જેવો છે.

૨. ગાંધીજીએ શિક્ષણના અવનવા પ્રયોગો તે વખતે કર્યા હતા, જેમાંથી હિંદમાં આવીને આગળ વધી તેમણે રાષ્ટ્રીય અને પાયાની કેળવણીની ભેટ આપણા દેશને આપી હતી.

૩. તમારી શાળા જોડે આ શાળાને સરખાવો ને શા શા ફેર તમને દેખાય છે તેની ચર્ચાપરિષદ ગોઠવો.

પ્રશ્નો

૧. વિદ્યાર્થીઓને ગુણ આપવાની ગાંધીજીની રીત કઈ હતી? તેની પાછળ શો હેતુ હતો? તમને એ રીત ગમે? લેખકને કેમ નહોતી ગમતી?

૨. લેખકને કયે કારણે પોતાનું એ વર્ષોનું ભણતર અગત્યનું લાગે છે?

તારા-ખરી સ્ત્રી૦ = તારાઓ ખરતા હોય એવી રીતે સળગતું એક દારૂખાનું; તારામંડળ
વિદ્યાવિહાર પું૦ [સં.] = ભણતરને લીધે કરાતો કલ્પના અને તર્કનો આનંદ
ઉડ્ડયન ન૦ [સં.] = ઊંચે ઊડવું તે
શિરામણ ન૦ = નાસ્તો; હાજરી
શ્રુતલેખન ન૦ [સં.] = સાંભળીને લખવું તે; 'ડિક્ટેશન'
દોકડા પું૦ બ૦વ૦ = ગુણ; 'માર્ક'
અબોધ વિ૦ [સં.] = અણજાણ; અણસમજુ; નાદાન
સમશ્લોકી વિ૦ = મૂળમાં જેવા શ્લોક કે છંદ હોય તેને અનુસરીને કરેલું (પદ્ય ભાષાંતર)
ટાઢક સ્ત્રી૦ = શાંતિ; નિરાંત
ખાંડ ખાવી = વધારેપડતું સારું કે રાજી થવા જેવું જાતે માની લેવું
સાપ્તાહિક વિ૦ [સં.] = અઠવાડિક; સાત સાત દિવસે થતું
નાડ ઝાલવી = લગામ પકડવી
ઓજસ્વી વિ૦ [સં.] = ઓજસ-પ્રતિભા, પરાક્રમ, તેજ, બળ, ચૈતન્ય-વાળું
વિદ્યાસત્ર ન૦ [સં.] = ભણતરનો ગાળો

૨૧

ઉદ્યમકર્મસંવાદ

૧

[દોહરા]

श्री शंकरसुतने प्रणमुं, बुद्धि तणो दातार;
अंगे सिंदुर शोभतुं, मोदिक अमृत आहार. १

ब्रह्मसुता तुजने नमुं, मागुं एक पसाय;
रसनावास करो सदा, तो बुद्धि प्रफुल्लित थाय. २

नंदसुत नरहरिने नमुं, मुरलीधर महाराज;
ग्रंथ करुं शुभ शास्त्रनो, राखो मारी लाज. ३

कर जोडी कविने कहुं, कोई मा देशो खोड;
उद्यम-कर्म वर्णन करुं, पहोंचे मनना कोड. ४

२

उज्जेणी नगरी विषे, क्षिप्रा तट शुभस्थान;
नीर वहे अति निर्मळुं, जाणे अमृत-पान ! ५

महाकालेश्वर शिव वसे, शक्तिमान हर सिद्ध;
जे कोई सेवे एहने, ते पामे नव निद्ध. ६

वर्ण अढार वसे जहां, राज्य कुळ छत्रीस;
नरनारी अति शोभतां, पूरण गुण बत्रीस. ७

विक्रम केरा वंशमां, भद्रसेन महाराज;
राज्य करे ते नगरमां, करतो मोटां काज. ८

अस्त्र शस्त्र विद्या तणो, जाणे मर्म विवेक;
महिपति मोटा वश कर्या, थयो छत्रपति एक. ९

अजित सभा छे जेहनी, शास्त्रस्मृति बोलाय;
पंच प्रमाण करे सदा, न्याय अन्याय तोळाय. १०

३

करणाटकमां कामिनी, गुणका कुळ अवतार;
नृत्य गीत गुण चातुरी, जाणे नाटक-सार. ११

महिलाए विमासियुं, मूर्ख छे मृत्युलोक;
जीतुं राज्यसभा घणी, मन विचारी रोक. १२

पंडित को प्रीछे नहीं, चतुर न घाले हाम;
एवुं जे को प्रश्न कहे, करुं कारमुं काम. १३

जे कोई मुजने जीतशे, ते जाणुं घरदेव;
पूरण प्रीत करी रमुं, करुं बहुविधि सेव. १४

करणाटकथी संचरी, मन विचारी मर्म;
वाद करुं हुं पंडिता, 'उद्यम वडुं के कर्म ?' १५

दक्षिण जीत्युं देखतां, पूरव पश्चिम सार;
काशी देश काश्मीर ते, देश निहाळ्या चार. १६

पंडित सर्वे पारख्या, मने न आवी वात;
जाणी खाण विद्या तणी, आवी छे गुजरात. १७

देखी गुर्जर देशने, मनमां विस्मय थाय;
पंडितने माने नहि, पाखंडी पूजाय. १८

द्रव्यवान विनती करे, गुणीजनने नहि मान;
नाद-भेद जाणे नहि, नहि ज्ञान नहि तान. १९

ते नीरखी हरखी संचरी, चाली चतुर सुजाण;
मालव देशे मोटो रवि, उज्जेणी मेलाण. २०

नीरख्युं नगर सोहामणुं, पहोंची मननी आश;
राजद्वारे संचरी, आणी मन उल्लास. २१

४

आसननी ऊंचाईथी, नीरखे रायजी रूप;
नारी आवी निहाळती, ज्यां बेठो छे भूप. २२

नारीशुं नरपति वदे, 'कहो तमारो देश;
क्यांथी आव्यां, क्यां जशो, क्यां करवो परवेश ?' २३

महिपतिशुं नारी वदे, 'सांभळ, भूपति वात;
करणाटकथी आवियां, गुणका मारी जात. २४

कामकळा मुज नाम छे, जन नव जाणे कोय;
जे पूछ्युं कहे माहरुं, पति ते मारो होय. २५

नगर अनेक ज नीरखती, आवी तारी पास;
पंडित-पण छोडावियां, पूतळां बांध्यां पचास. २६

पंडित होय तो पाठवो, लावो वार न लेश;
नहि तो आपो पूतळुं, जाउं अमारे देश. २७

बीजुं काम कंईये नहि, करुं विद्याशुं वाद;
नृपति सभा नवखंडमां, तेना उतारुं नाद.' २८

५

नृपति मन चिंता थई, ए तो मोटुं काम;
जो आपीशुं पूतळुं, तो तो जाशे नाम. २९

पंडित पूरा पांचसें, पूछुं तेने आज;
कोई जीते आ जुवतीने, राखे मारी लाज. ३०

બીડું બાસઠ પાનનું, બેઠા પંડિતરાય;
કર સોંપ્યું પરધાનને, ગયો સુબુદ્ધિ ત્યાંય. ૩૧

પંડિત સૌ પાછા પડે, કોઈ નવ ઘાલે હામ;
શિવશર્મા સન્મુખ થયો, કરવા મોટું કામ. ૩૨

પાન સુબુદ્ધિકર થકી, લઈ ચડાવ્યાં શીશ;
'લખ્યું હશે તે તો થશે, જે કરશે જુગદીશ.' ૩૩

૬

બાડવ વિનતાને કહે, 'મુજ સામું શું જોય?
પૂછી લે જે પૂછવું, જે મન ઇચ્છા હોય. ૩૪

છોડી નાંખ એ પૂતળાં, શીદ વેંઢારછ ભાર?
જીતું છું સૌ દેખતાં, ઉતારું અહંકાર.' ૩૫

પંડિતને કહે પદ્મિની, 'સાંભળ દ્વિજ એક ધર્મ;
પ્રથમે પૂછું એટલું, ઉદ્યમ વડું કે કર્મ?' ૩૬

શિવશર્મા કહે, 'સુંદરી, સાંભળ ચતુર સુજાણ;
વડું કર્મ ઉદ્યમ થકી, બોલે વેદ પુરાણ. ૩૭

કર્મ તણી ગત અવનવી, નિરધનિયાં ધની હોય;
કર્મ કરે જે, કામિની, ન કરે બીજો કોય.' ૩૮

કોપ કરી કહે કામિની, "ઉદ્યમ મોટો થાય;
વખાણું હું તો તેહને, સાંભળો પંડિતરાય. ૩૯

ઉદ્યમ કરતાં નીરખિયાં, સૌકો રંક ને રાય;
કોણ રહ્યાં એવું કહી, 'કર્મ કરે તે થાય'? ૪૦

ઉદ્યમ ઉદ્યમ એ જ છે, અદકો સૌથી આપ;
કર્મ બિચારું બાપડું, ઉદ્યમ પૂર પ્રતાપ." ૪૧

૭

[ચોપાઈ]

કામકળા કહે, સાંભળ બ્રહ્મ, ઉદ્યમથી અદકું નહિ કર્મ;
સઘળા લોક ઉદ્યમવશ હોય, કર્મ સારુ બેસે નહિ કોય. ૪૨

मथुरापुर नगरनुं नाम, सूरसेन राजानुं ठाम;
तेमां विप्र वसे बे भ्रात, सत्यवादी रूडा साक्षात. ४३

बुद्धि- विवेक- ने विद्या- वंत, साधुशिरोमणि, रूडा संत;
एक नारायण, बीजो नरहरि, पतिव्रता बेने सुंदरी. ४४

नारायण कहे मोटुं कर्म, नरहरि ले उद्यमनो मर्म;
वाद करे बे बांधव घणो, संदेह भागे नहि ते तणो. ४५

वाद करतां बेहुये गया, राजसभा मांहे परवर्या;
'रूडो प्रताप, राजा, ताहरो, चुकावो न्याय माहरो.' ४६

विप्र कहे, 'राजा, सुण मर्म, उद्यम मोटो के मोटुं कर्म?
एटलो न्याय चुकाव तुं आज, नहि तो देह करीशुं त्याज. ४७

असत्यवादी थाशो आप, बेसशे ब्रह्महत्यानुं पाप.'
राय सुणीने छानो रह्यो, प्रत्युत्तर तेमने नव कह्यो. ४८

पंडित पूछ्या राये घणा, संदेह नव भाग्या तेह तणा;
ना कहेतां ब्राह्मण दे शाप, जूठुं कहेतां लागे पाप! ४९

रात दिवस विचार ज करे, कोथी अरथ एके नव सरे;
वडो वजीर वनमाळी नाम, त्यां कही ऊठ्यो एके ठाम. ५०

पंडितनो करवाने संच, राजाशुं रमियो परपंच;
सूनुं मंदिर एक विशाल, ओरडा आठ ऊंचुं चोमाळ. ५१

अगोचर मेली सूखडी, जे खाधे भांगे भूखडी;
कोरी गागर उदकनी हती, अगोचर मेली अणछती. ५२

पछी विप्रना तेड्या तन, बंधाव्यां तेमनां लोचन;
निर्भय थई बांध्या चोपास, नहि आंखे देख्यानी आश. ५३

करी मोहोर बांध्या बे बन्धु, उद्यम-कर्म-विद्याना सिंधु;
सूना मंदिरमां मेल्या बेय, — शिवशर्माने गुणका कहेय. ५४

संपुट कीधां तेनां वार, जोईए कोण पामे छे आहार;
जोईए कोने रहे छे धीर, जोईए कोण पीए छे नीर. ५५

एक दिवस ते स्थानक रह्या, क्षुधा तृषाथी दुखिया थया;
कर्मवंत तो पोढी रह्यो, उद्यमी उद्यम अर्थे गयो. ५६

कर्मी कहे, 'कोण उद्यम करे? आमां जे जाये ते मरे;'
उद्यमी कहे, 'घेलो तुं आज, उद्यमथी सौ सरशे काज.' ५७

मांडी तेणे खणखोलण घणी, बेसी रह्यो त्यां कर्मनो धणी;
भींत भंडार मेडी ने म्हेल, उद्यम आगळ सघळुं स्हेल. ५८

लीधो पार ते मंदिर तणो, जेने नेह उद्यमशुं घणो;
तेने त्रूठ्या श्री भगवान, आप्यां हाथ मेवा पकवान. ५९

गागर भरी शीतळ जळ जेह, आवी हाथ उद्यमीने तेह;
गांठे बांधी आव्यो त्यां, क्षुधावंत बेठो छे ज्यां. ६०

पोते भक्ष कर्युं ते घणुं तृप्त थयुं उदर ते तणुं;
वळती मनमां आवी दया, प्रसन्न बांधव उपर थया. ६१

हसी हाथमां आप्यो आहार, कर्मीए आरोग्यो तेणे ठार;
सूरज ऊग्यो ने वीती रात, काढ्या बहार थये परभात. ६२

छोड्यां नेत्र ने पूछी वात, 'तमो साचुं बोलो साक्षात;
रात दिवसनुं कहोने दुःख, केम वेठाणी भूंडी भूख?' ६३

[દોહરા]

विप्र कहे, 'सुण नरपति, साचुं कहुं तम साथ;
दुःख न आवे ढूंकडुं, उद्यम मारे हाथ. ६४

उद्यम कर्यो में अति घणो, त्रूठ्या श्री भगवान;
क्षुधा तणुं दुख टाळियुं, भक्ष कर्यां पकवान. ६५

पेट भर्युं पेले कर्मीए, आखर जोड्या हाथ;
उद्यम अदको ए थकी, कर्म तणो शो साथ!' ६६

कामकळा कहे विप्रने, 'मन विचारी जोय;
उद्यमथी जे नीपजे, करे न बीजो कोय.' ६७

शिवशर्मा कहे सांभळो, 'कर्म तणी कहुं गत्य;
उद्यम कर्यो'तो उंदरे, कहुं तेनी उत्पत्य.' ६८

कामकळा कहे, 'कहो मुने, कर्म तणो विस्तार;
सभा रही ते सांभळी, पामुं तेनो पार.' ६९

८

[ચોપાઈ]

शिवशर्मा कहे, सुण सुंदरी, वात कहुं तुजने विस्तरी;
दक्षिण देश जोटियाळुं गाम, विषवादी रहेवानो ठाम. ७०

बाजीगर वादी कहेवाय, मंत्र तंत्र तणो ए राय;
सर्प साहीने घरमां धरे, जडीबुट्टीनां कारज सरे. ७१

अघोर वनमां वादी गयो, पहाड पर्वत उपर जई रह्यो;
मुरलीनो त्यां कीधो नाद, आव्यो सर्प सुणवा ते साद. ७२

वादीए तेने तत्क्षण ग्रह्यो, पोताने मंदिर जई रह्यो;
लाव्यो वांसनो करंड आप, तेमां घाल्यो मणिधर साप. ७३

नव मेल्युं भोजन के नीर, पाम्यो दुःख ते सर्प शरीर;
उद्यम सर्प ते शानो करे? कर्म अनुसारे ते परवरे. ७४

तेना घरमां उंदर घणा, विश्वास राखे ते उद्यम तणा;
कर्म ते तो तृणवत् गणे, उद्यम भावथी भारे भणे. ७५

उंदर एक हुतो ते त्यांहे, रहेतो वादीना घर मांहे;
उद्यम पर जेने छे मंन, नाखे उघाडी ढांक्यां अन्न. ७६

देखी करंड रळियात ज थाय, ऊलटथी आघेरो जाय;
एमां दीसे छे सुखडी, काढी खाउं भांगे भूखडी. ७७

एम करी लाग्यो कापवा, वहालांने वहेंची आपवा;
पाडी छिद्र ने पेठो मांहे, कर्मी सर्प बेठो छे ज्यांहे. ७८

वदन विकस्युं तेह ज तणुं, पेठो उंदर लेवा घणुं;
गयो मूषक ने भांगी भूख, कर्मे तेनां टाळ्यां दुःख! ७९

पाम्यो सुख शरीरे सार, पाड्युं छिद्र ने आव्यो बहार;
पाम्यो सुख ते उंदर गळ्यो, जई स्वजन सौ कोने मळ्यो. ८०

उद्यमी उद्यम एळे गयो, कर्मवंत ते आगळ थयो;
कर्म करे ते न करे कोय, कामकळा, विचारी जोय. ८१

उद्यमी हंकारे छे वहाण, कर्मे बुडे के खुए प्राण;
उद्यमी वावी खेतर पळे, सूके के ऊभेलो पडे. ८२

उद्यमी शुं करशे ए मर्म, जीते सर्व थकी ए कर्म;
पंडित बोल एम बोल्यो अतिश, चढी रामाने सघळी रीस. ८३

'अरे पंडित, तु मूर्ख ज होय, उद्यमथी मोटुं नहि कोय;
कर्म नानुं केटलुंये कठोर, उद्यम शाह ने कर्म ज चोर. ८४

उद्यम राय ने कर्म ज रंक, हारे कर्म ते आडे अंक;
ते तो एक देखाडुं शाख, देखाडुं होये अभिलाष.' ८५

[દોહરો]

विप्र तो दे होंकारडो, सांभळे सर्व सभाय;
कामकळा मुख उच्चरे, उद्यमनो महिमाय. ८६

—શામળ ભટ્ટ

સ્વાધ્યાય

૧. કવિ શામળ ગુજરાતના જાણીતા જૂના કવિઓમાંના એક છે. તે ઈ. સ. ૧૭૦૦ના અરસામાં અમદાવાદ જિલ્લાના વેંગણપુર (ગોમતીપુર) મુકામે થઈ ગયા. તેમની આખ્યાનકથાઓ – જેવી કે, 'સિંહાસનબત્રીસી', 'વૈતાળપચીસી', 'સૂડા-બહોતેરી', 'નંદબત્રીસી', વગેરે જાણીતી છે. એમના છપ્પા ઘણા લોકપ્રિય છે.

૨. 'ઉદ્યમકર્મસંવાદ' એ પણ એમનું એક જાણીતું આખ્યાન છે. તેનો શરૂઆતનો ભાગ અહીં આપ્યો છે. આગળ એ પ્રમાણે શિવશર્મા અને કામકળા પોતપોતાના પક્ષના સમર્થનમાં એક એક કથા કહ્યા કરે છે. અને છેવટે રાજા તેમનો ચુકાદો આપે છે. એ રસિક ભાગ પણ વાંચવા જેવો છે.

૩. જૂના વખતમાં ગુણકાઓ વિદ્યા-કળામાં પારંગત ગણાતી. અને કેટલાય નગરજનો તેની પાસે વિદ્યા-કળા શીખવા જતા.

"શાસ્ત્રાભ્યાસ અતિશય, પંડિતપ્રીતિ, પ્રવાસ બહુ ગ્રામ;
રાજસભા, ગણિકાગૃહ, પાંચે ચતુરાઈનાં ધામ."

પ્રશ્નો

૧. કામકળા રાજાઓની સભાઓ જીતવા શી યોજના કરીને નીકળે છે?
૨. ગુજરાત વિષે કવિએ તેને મુખે શો અભિપ્રાય ઉચ્ચાર્યો છે?
૩. રાજાએ સભામાં બીડું શા માટે ફેરવ્યું? તેનો સ્વીકાર કરવો એટલે શું?

મોદિક પું૦ = મોદક; લાડુ
બ્રહ્મસુતા સ્ત્રી૦ [સં.] = બ્રહ્માનાં પુત્રી –સરસ્વતી દેવી
પસાય પું૦ = પ્રસાદ; કૃપા
ક્ષિપ્રા સ્ત્રી૦ [સં.] = ક્ષિપ્રા નદી, જેને કાંઠે ઉજ્જન આવેલું છે.
નવ નિદ્ધ પું૦બ૦વ૦ = નવનિધિ; કુબેરના ભંડાર; સર્વ પ્રકારની સમૃદ્ધિ
બત્રીસ ગુણ પું૦ બ૦ વ૦ = સ્ત્રી-પુરુષની ઉત્તમતાનાં બત્રીસ લક્ષણ ગણાવાય છે તે
પંચ ન૦ = શિષ્ટ લોકો; મહાજન

પ્રમાણ કરવું = માન્ય રાખવું; પ્રમાણભૂત તરીકે સ્વીકારવું
રોક વિ૦ = રોકડું; સ્પષ્ટ
ઘરદેવ પું૦ = પતિ
નાદ પું૦ [સં.] = સંગીત
મેલાણ ન૦ = મુકામ; પડાવ
નવ ખંડ પું૦ બ૦ વ૦ = પૌરાણિક ભૂગોળ પ્રમાણે પૃથ્વીના નવ ખંડ
વાડવ પું૦ [સં.] = બ્રાહ્મણ
વિનતા સ્ત્રી૦ = વનિતા – સ્ત્રી (કવિતામાં)
વેંઢારવું સ૦ ક્રિ૦ = વીંઢારવું; અગવડ વેઠીને સાથે રાખવું
ગત સ્ત્રી૦ = ગતિ; રીત
સંચ પું૦ = યુક્તિ; કરામત
મોહોર કરવી = મહોર મારવી – સીલ કરવું
ખણખોલણ સ્ત્રી૦ = ખણખોદ; ખોળાખોળ; બારીક તપાસ
પાર લેવો = તાગ કાઢવો; શોધી વળવું
ઉત્પત્ય સ્ત્રી૦ ઉત્પત્તિ – પરિણામ; નીપજે તે
વિષવાદી પું૦ = ઝેરી સાપ પાળનારો; મદારી
પરવરવું અ૦ ક્રિ૦ = ચાલવું; વર્તવું
ભાવથી ભણે = આદરપૂર્વક કહે – વખાણે
રળિયાત વિ૦ = ખુશ; પ્રસન્ન
કર્મી વિ૦ [સં.] = કર્મ–પ્રારબ્ધમાં આસ્થાવાળું; નસીબવાદી
મર્મ કરવો = રહસ્ય જાણવું
આડે અંક = આડો આંક વળે તેમ – અવધિ આવે તેમ – પૂરેપૂરું
શાખ દેખાડું = સાક્ષાત્ બતાવું

૨૨

શાન્તિદાસ

૧

ચરોતરમાં મહેમદાવાદથી પાંચ સાત ગાઉ ઉપર પાટીદારની વસ્તીનું એક જૂનું ગામ છે. ગામમાં ઉજ્જળિયાત વસ્તી સારી છે. આશરે બસો ઘર પાટીદારનાં છે; બીજાં વાણિયા, બ્રાહ્મણ તથા વસવાયાનાં છે. ગામના લોક મહેનતુ ને સંપીલા છે. ગામમાં ઘણું દેવું નથી. શાહુકાર વાણિયા ધીરધાર કરતાં વેપારનો ધંધો વધારે કરે છે; ગામનો ચોરો રૈયતે બાંધેલો મોટો વિશાળ છે; હિંદુઓનું મંદિર પણ સારું છે; તે એક ધર્મશાળામાં વટેમાર્ગુ તથા સાધુસંત ઊતરે છે; તેથી ઠેઠ કાનમ લગી ગામની આબરૂ પણ સારી છે.

કણબીની વસ્તીમાં મોટું ને મોભાવાળું ઘર શાન્તિદાસ પાટીદારનું છે. તેમના બાપને સાત દીકરા હતા, તે બધા હાલ જુદા જુદા રહે છે. સાતે દીકરાને વાડીવસ્તાર સારો થયો છે. શાન્તિદાસને છ દીકરા છે, તેમાંના મોટા પાંચ ધંધે વળગી ગયા છે, પણ નાનો ભિખારીદાસ હાલ નોકરી ખોળે છે.

આશરે દસેક વરસ ઉપર શાન્તિદાસની વહુના મનમાં એમ આવ્યું કે, મારા છ દીકરામાંથી નાનો દીકરો અંગ્રેજી ભણે ને સરકારી નોકરીએ વળગે તો

કેવું સારું ! વખતે ટોપીવાળાની મહેરબાની થાય, તો ચડતાં ચડતાં એ તો કુમાવિસદાર થઈ જાય, ને આપણે ઘેર આખા પરગણાની હાકેમી આવે. શાન્તિદાસના મનને આ વાત ભાવી નહિ. હાલ અઢારે વરણ અંગ્રેજી ભણુતર ભણુવા માંડે છે, તેમાં ઘણા અધવચ મૂકી દે છે, ને થોડા જ ઠેઠ લગી પહોંચે છે. વળી જે થોડા ભણી ઊતરે છે, તેમને બધાને કુમાવિસદારી મળતી નથી, એ વાત શાન્તિદાસ સારી પેઠે સમજતા હતા. પણ છોકરો છેલ્લા ખોળાનો હતો, ને આટલી ઉંમરે ઘરનાં બૈરાંને નાખુશ કરવાં એ પણ ઠીક નહિ, એમ એમણે વિચાર્યું. વળી એમના હૈયામાં એમ પણ ખરું કે, પરમેશ્વરને કરવું હોય ને છોકરાનું નસીબ ઊઘડે, તો છોકરાની માના કોડ પૂરા પડે ને ઘડપણુમાં આપણા સુખમાં મણા ન રહે. એટલે પહેલાં તો એમણે બૈરાંનું કહ્યું જરા ગણુકાર્યું ન ગણુકાર્યું એમ કર્યું; પણ છોકરાની માએ એ વાતની કેડ મૂકી નહિ, તેથી હારીને અંતે તે હા ભણ્યા.

સારું મહુરત જોઈ ને અંગ્રેજી ભણાવવા ભિખારીદાસને અમદાવાદ વિદાય કર્યા. અંગ્રેજી વિદ્યા ભણવી સહેલી નથી. તેમાં વળી સરકારના કાયદા; વળી તેમાં ધોરણ ને ફેરણ, ને પરીક્ષાઓ; તેથી ભણતાં ભણતાં ઘણા દહાડા લાગ્યા. તેથી કોઈ કોઈ વાર શાન્તિદાસને અકળામણ પણ આવે. દર માસે ખાધાખાઈ તથા ફીના દસ બાર રૂપિયા અમદાવાદ મોકલવા પડે, તે મોટા કબીલાદાર આદમીને ભારે પડતા. પણ વરત લીધું તે પૂરું કરવું, હવે અધૂરું ભણુતર મૂકવાથી કાંઈ લહાણુ નથી, એમ સમજી તે કાંઈ બોલતા નહોતા. અંતે સાતે વરસે ભિખારીદાસ મૅટ્રિકની પરીક્ષા પાસ થયો; તેની ખબર આવતાં શાન્તિદાસને ઘણું સારું લાગ્યું, ને છોકરાની મા તેથી વધારે હરખાયાં ને કહે કે, ‘ હું કહેતી નહોતી કે મારો ભીખો નામ કાઢશે ? કાંઈ પૈસા ઉગાર્યે કામ થાય ? જ્યારે મૂળાનાં પતીકાં જેવા ખર્ચ્યા છે, ત્યારે મારો છોકરો નાગરના છોકરાને ટક્કર મારે તેવો થયો છે. ’

એ પ્રમાણે ભીખાની મા સૌ આગળ ફુલાય. ભીખો પરીક્ષા પાસ થયાના સમાચાર આવ્યા, એટલે તેમણે ગામમાં ગોળ વહેંચ્યો, માતાને વધામણાં દીધાં, ઘેર નૈવેદ્ય કર્યાં; બ્રાહ્મણ તથા સગાંસ્નેહીઓને જમાડ્યાં, અને સૌ આશરાગતિયાંને પણ સંતોખ્યાં. ભીખો ગામમાં આવ્યો ત્યારે ગામના સૌ લોક તેને બોલાવવા આવ્યા. તેઓ શાન્તિદાસને કહે કે, ‘હવે બાપા, અધૂરું ન રાખશો; હવે તો ભિખારીદાસને મુંબઈ મોકલો; બે પૈસા દેવું થશે તો જારબાજરીનો રોટલો ખાઈને પેટે પાટા વાળી દેવાશે, પણ હવે તો એમને મુંબઈ મોકલો. ’ એમ બધા ઘણો આગ્રહ કરીને કહેવા લાગ્યા.

શાન્તિદાસ ખાતાપીતા ગ્રહસ્થ હતા. તેમની ખેતી મોટી હતી, તથા ઢોર-ઢાંખર મસ હતાં, ને દાણોદૂણી પણ ઘણું રાખતા. પણ એમની પાસે નગદ પૈસાનું બહુ જોર નહોતું. એટલે મુંબઈ મોકલવાનું તેમનું મન ઢચુપચુ થતું હતું. પણ છોકરાનો, તેની માનો, તથા આખા ગામનો આગ્રહ જોઈ તેમણે પણ અંતે નમતું મૂક્યું, ને ભિખારીદાસને મુંબઈ ભણવા રાખવાનો વિચાર નક્કી કર્યો, ને ખરચ સારુ ગામના શાહુકાર વનમાળીદાસને ત્યાંથી પ્રથમ રૂપિયા સોનો ઉપાડ કર્યો. વિદાય થતા પહેલાં ભિખારીદાસને કોરે બોલાવીને કહ્યું કે, 'ભાઈ, મારી પાસે પૈસા નથી; મુંબઈ તો ઇંદ્રપુરી જેવું છે; ત્યાં ભાત ભાતની જણસો મળે છે; તરેહ તરેહના શોખ ત્યાં થઈ શકે છે. માટે તું જો નીતિથી રહી નીચું માથું ઘાલી અભ્યાસમાં જ મન રાખવાનું કબૂલ કરે, તો હું મોકલું; નહિ તો ખર્ચ વેઠવાનું મારું ગજું નથી, માટે એ વિચાર આપણે માંડી વાળો.'

ભીખાએ પોતાના બાપને પગે હાથ મૂકીને કહ્યું કે, 'ભા, હું એક પાઈ પણ નકામી નહિ ખરચું. અઢાર વરસનો થયો ને શું હું સમજતો નથી કે, આપણા ઓરડામાં શું છે ને શું નથી?'

૨

સરકારી કૉલેજ ઊઘડતાં ભિખારીદાસ મુંબઈ ગયા અને દાખલ થયા. થોડા દહાડા તો બાપની શિખામણ ને પોતાનું વચન હૃદયમાં રાખી ભિખારીદાસે ખૂબ મહેનત કરી. પછી ત્યાં જૂના થતા ગયા ને બીજા છોકરાઓનો સહવાસ વધવા માંડ્યો. ત્યાંના પારસીના છોકરાઓના ચળકતા બૂટ જોઈ એમના મનમાં વારંવાર એમ થતું કે, આપણે એવા બૂટ હોય તો કેવું સારું! મનના એવા ઉછાળા ઉપરાઉપરી થાય ને ભિખારીદાસ તેને દાબી દે, પણ વળી પાછું ફરી ફરીને બૂટનું મન થાય. એમ કરતાં કરતાં કેટલાક દહાડા વહી ગયા. પણ છેવટે ભિખારીદાસનું મન રોકયું રહ્યું નહિ. તેમણે વિચાર કર્યો કે, આપણે વરસે દહાડે ત્રણસો રૂપિયા ખરચીએ છીએ, તેમાં ત્રણ ચાર રૂપિયાના વિલાયતી બૂટ લેવામાં કંઈ વધી જવાનું નથી. બીજી ગમે તે રીતે કસર કરીશું તો એટલા રૂપિયા ઊગરશે; એટલે બાપાનું મન પણ રહેશે, આપણું વચન પણ જળવાશે, ને આપણા જીવને ભાવતી વસ્તુ પણ મળશે. એમ વિચાર કરી તેમણે વિલાયતી બૂટની એક જોડ લીધી. તે પહેરીને ચમ ચમ કરતા ફરે ને બૂટ સામું જોઈ મલકાઈ મલકાઈ જાય!

ચાર મહિને કૉલેજ બંધ થઈ ત્યારે ભીખાભાઈ પાછા ગામે આવ્યા. સગુંવહાલું, ગામલોક સૌ એમને લેવા બબ્બે ગાઉ સામું આવ્યું હતું. ભાગોળે

આવ્યા ત્યારે ભીખાભાઈ ગાડામાંથી ઊતર્યા; પણ ઊતરતા પહેલાં તેમણે પેલા વિલાયતી બૂટ કાઢી પહેર્યા, ને ચમચમ કરતા તે સૌથી આગળ ચાલ્યા. સૌ કહે, 'કેમ ભાઈ, આવ્યા કે? ભાઈ, આવ્યા કે? સારા છો? કુશળ છો?' ત્યારે તે હળવે રહી કહે, 'હા-હા.' ગામના છોકરા પણ એમને જોવા આવ્યા હતા, કેમ કે એ ગામમાંથી મુંબઈ ભણવા સારુ આ પહેલાં કોઈ ગયું નહોતું, ને ભીખાભાઈ મુંબઈ જઈ આવ્યા એ મોટી નવાઈ હતી.

ગામમાં આવ્યા પછી ભિખારીદાસ સાંજ સવાર હવા ખાવા નીકળે ત્યારે પેલા બૂટ પહેરીને જાય. તે જોવાને ગામના બધા જુવાનિયા નીકળે. શાન્તિદાસના



બીજા દીકરાઓના તથા દીકરીઓના દીકરા મળી આશરે પંદર વીસ હતા. થોડા દિવસ વીત્યા નહિ એટલામાં તેઓએ પોતપોતાની મા પાસે એવા બૂટ સારુ કંકાસ કરવા માંડ્યો. શાન્તિદાસના ભાઈઓના ઘરમાં પણ બૂટ વાસ્તે ક્લેશ થવા લાગ્યો. ગામના બીજા કણબી વાણિયાના છોકરાઓને પણ એવા બૂટનું મન થયું. બધા છોકરાઓની માઓ પોતપોતાના છોકરાઓ ભણીની તાણ કરે; પણ ભાયડાઓ એ માને નહિ. એમ બધાં સારાં ઘરમાં થોડો થોડો કંકાસ પેઠો. નિતની કળકળથી ભાયડાઓ છેવટે હાર્યા. એકે એકે સૌ એવા બૂટ મંગાવવા લાગ્યા. દર ફેરે જ્યારે છૂટી પડે ત્યારે ભિખારીદાસ મુંબઈથી પાછા આવે ને હર વેળા જ્યારે આવે ત્યારે ગામના લોકના છોકરાની પચીસ ત્રીસ વિલાયતી બૂટની જોડો લેતા આવે! એમ બે ત્રણ વરસ વીતી ગયાં, ને

ગામમાં બીજી પૂંજી વધી હોય કે નહિ, પણ બૂટની પૂંજી તો ઘણી વધી! ગામમાં વિલાયતી બૂટની ત્રણસો જોડ થઈ. સાંજે બધા જુવાનિયા ખેતરે કે તળાવે ફરવા જાય ત્યારે એ બૂટ પહેરીને જાય; ને એવા બૂટવાળા છોકરાની હારની હાર આગળ પાછળ હર વેળા ગામમાં ફરતી દેખાય. તેથી કેટલાક લોકો માંહોમાંહે વાત કરે કે, 'ગામની શોભા સારી વધી.' ત્યારે વળી બીજા કહે કે, 'એમાં શું કમાયા? ગામ વહેલું ભીખ માગશે.'

વિલાયતી બૂટ લાંબા ટકતા નથી ને વરસ દહાડાની માંહે ફાટી જાય છે, એટલે જતે દહાડે એમ થયું કે, ભીખાભાઈ જવા નીકળે તે દહાડે તેમને ગામલોક દોઢસો બસો બૂટના પૈસા વળગાડે. આ પ્રમાણે બૂટનો ચાલ જબરો થતો ગયો, ને ગામને માથે રૂપિયા એક હજારનો વરસ દહાડે વેરો ચોંટ્યો!

૩

એક વાર ભિખારીદાસ ઉનાળાની છૂટીમાં ગામ પાછા આવ્યા હતા ને આંગણામાં ખાટલો ઢાળી પાછલે પહોરે બેઠા હતા. શાન્તિદાસ બાપા એટલે, હાથમાં રૂપાની નેહવાળો હુક્કો ઝાલી રાખી, ગુડ ગુડ કરતા હતા. બીજા થોડા પાટીદાર ને ગામલોક પણ ત્યાં સહેજ બેઠા હતા ને વાતો કરતા હતા. વનમાળીદાસ પારેખ પણ ત્યાં આવ્યા હતા.

વનમાળીદાસ — બાપા, નવરાશે આપણું ખાતું આંખ તળે કાઢો તો ઠીક.

શાન્તિદાસ — કેમ વારુ?

વનમાળીદાસ — આંકડો જરા વધતો જાય છે, તે તમને ખબર હશે.

શાન્તિદાસ — લીધું વરત પૂરું કરવુ જોઈએ. છોકરાને મુંબઈ મોકલતા પહેલાં શી રીતે હતું?

વનમાળીદાસ — ત્યારે તો તમારા સો પચાસ લહેણા રહેતા.

એમ વાતો ચાલતી હતી, તેવામાં ગામના દસવીસ મોચી ભેગા થઈ આવ્યા. આવીને ફાળિયાં ઉતારીને રાડ પાડવા લાગ્યા કે, 'બાપા, હવે તો બહુ થયું; હવે તો ખમા કરો તો સારું.'

શાન્તિદાસ — શું છે? વાત તો કહો.

મોચીઓ મધ્યેનો એક મોચી, કે જેનું નામ સોમલો હતું, તેને તેમણે કહ્યું, 'સોમલા, તું ડાહ્યો છે; તું વિગત માંડીને વાત કહે. તમારે શું જોઈએ છે? ને તમારે શું દુઃખ છે? સગી મા હોય તેને પણ કહીએ તો દુઃખ જાણે.'

સોમલો — દુઃખ તો ઘણું છે: વણવાંકે મરી જઈએ છીએ. પણ રોગ પ્રમાણે ઉપાય થાય તો કળ વળે; એ તમારા હાથમાં છે. બાપા, તમો ઉપાય કરો તો થાય, નહિ તો એકે ઉપાય નથી, ને અમારે જીવ્યાનો આરો નથી.

શાન્તિદાસ — તું કરારે બોલ. જો મારા હાથમાં હશે તો હું ઉપાય કર્યા વગર નહિ રહું.

સોમલો — બાપા, દુઃખ તો બહુ છે. જુઓ, અમારાં મોચીનાં તમારા ગામમાં વીસ ઘર છે. જ્યારથી ગામ વસ્યું ત્યારથી અમો તમારી પછવાડે વસ્યા છીએ ને તમારે શરણે પડ્યા છીએ. અમે આજ લગી ગામલોકોના જોડા ને કોસ સીવતા ને અમારો ગુજારો કરતા. વળી એકાદ વીઘું જમીન હોય તે ખેડીએ પણ ખરા. એમ કરી દહાડા કાઢતા. પણ આ બે વરસથી અમારું પૂરું થતું નથી, ને છોકરાં ભૂખે મરે છે. ભીખો બાપો જ્યારથી મુંબઈ ગયા ત્યારથી અમારા દુઃખનું મંડાણ મંડાયું. તે બૂટની એક જોડ લાવ્યા ત્યારે અમને લાગ્યું, ઠીક છે, એમાં શું મહીં ? પણ હવે તો ગામમાં વિલાયતી બૂટની એવી લગભગ ચારસો પાંચસો જોડ ખપે છે. અમો વરસમાં સો સો જોડ સીવીએ, એટલે મજૂરીના ૫૦–૭૫ રૂપિયા કમાઈએ, ને અમારાં દસબાર ઘરનો નિભાવ એથી થાય. હવે આ બૂટ આવ્યા, એટલે એ જોડા ખપતી નથી. હવે પારસણોની પેઠે અહીંનાં બધાં બૈરાં જોડીઓ મૂકીને બૂટ પહેરશે, તો બૈરાંનાં પગરખાં સીવવાનું અમારું કામ પણ જશે, ને જેટલા થોડા રોટલા રહ્યા છે તેટલા પણ નહિ રહે. અમારો ગુજારો તો ગામલોકો ઉપર હતો. પણ ગામલોક તો બૂટ પહેરે, એટલે આ દશા આવી. અમારાં છોકરાંને પેટ ભરીને રોટલા પણ મળતા નથી. જો અમદાવાદના કે બીજા આપણા અહીંના ગામના બૂટ હોત, તો અમારામાંથી કોઈ ત્યાં જઈ શીખી આવત; અથવા ન શીખત તો છેવટે અમે ભૂખે મરત, પણ અમારી નાત કે ધંધાવાળા બીજાને રોજી મળત. પણ આ તો વિલાયતી બૂટ, એટલે અમારો એકે ઉપાય નથી, ને અમારે કોઈ પણ રીતનું મન વાળવાનું નથી; ને આમ ને આમ ચાલશે તો બધાં મરી પરવારીશું.

ભિખારીદાસ — કેવા બેવકૂફ લોક છો ! તમારે વાસ્તે શું અમે બૂટ નહિ પહેરીએ ? માણસને ગમે તે પહેરવાની છૂટ છે. સાહેબ લોક બૂટ પહેરે છે. મુંબઈની ઘણી વસ્તી બૂટ પહેરે છે, તે સૌ ગાંડા લોકો હશે ? બેવકૂફ લુચ્ચા લોક !

સોમલો — ગાંડા કે ઘેલા, પણ ભૂખે મરીએ ત્યારે શું કરીએ ?

ભિખારીદાસ — ભૂખે મરો છો તેમાં કોનો વાંક છે ? બીજો ધંધો કરો.

સોમલો — અમે મોચી તે બીજો શો ધંધો કરીએ ?

ભિખારીદાસ — દુનિયામાં ઘણા ધંધા છે; ગમે તે કરો.

સોમલો — શું અમો કુંભારનું કામ કરીએ, કે દરજીનું કામ કરીએ, કે લવારનું કામ કરીએ, કે સોનીનું કામ કરીએ, કે હજામનું કામ કરીએ ? શું કરીએ, કહો ભીખાબાપા.

ભિખારીદાસ — ત્યારે મજૂરી કરો. મજૂરીમાં શું આવડવું છે?

સોમલો — અમોએ કોઈ દહાડો મજૂરી ન કરેલી તે શી રીતે થાય? મજૂરીમાં અમને ચાર પૈસા પણ કોણ આપે?

ભિખારીદાસ — ત્યારે પૂરું ન થાય તો પરગામ જઈ વસો.

સોમલો — આ ગામમાં અમારી વીસ પેઢી થઈ, ને હવે ઘરબાર મૂકીને ક્યાં જઈએ? અહીંનાં ઘર, નાતજાત શી રીતે ઉપાડી જઈએ? લેવુંદેવું બધું અહીં રહ્યું, ને પરગામ શી રીતે જવાય? બાપા, અમને આટલું બધું કહો છો, ત્યારે તમે વિલાયતી બૂટ ન પહેરો, તો શું સત્યાનાશ વળી જાય? મોચી મજૂરી કરે, બીજો ધંધો કરે, ગામ છોડી જાય, તે કરતાં પાટીદાર વિલાયતી બૂટ ન પહેરે તો શું બગડે?

શાન્તિદાસ વચમાં બોલ્યા, 'ભીખા, તું છાનો રહે. આ મોચી કહે છે તે વાત જાણવા જેવી છે. જુવાનિયાવેડા કરી એને તરછોડીશ નહિ.'

એટલામાં ગામના પારેખ જગજીવનદાસ આવ્યા. તે કહે કે, 'આ શી ભાંજગડ ચાલે છે?'

શાન્તિદાસ — મોચી રાડ પાડતા આવ્યા છે કે, ગામમાં બૂટ આવ્યા તેથી અમે ભૂખે મરીએ છીએ.

જગજીવનદાસ — હા, મોચી મને કહેતા હતા, ને બીજાં વસવાયાં પણ થોડી થોડી બૂમ પાડે છે. પૂંજિયો કુંભાર કહે છે કે, એણીવારના વરસે મોચી લોકોએ મારી નાળો સમૂળગી લીધી નથી; પશવો દરજી કહે છે કે, ઓણુ મને મોચી લોકોની સિલાઈ મળી નથી; એ રીતે છે. માટે આપણે ચાર જણ મળીને વિચાર કરીએ તો સારું.

શાન્તિદાસ — કહો તો બધા કાલે મળીએ.

જગજીવનદાસ — ઠીક, હું બધાંને કહાવીશ, ને રામનાથમાં કાલે પાછલા પહોરે મળીશું.

૪

બીજે દહાડે શાન્તિદાસ બાપા, એમના ભાઈ ભત્રીજા, ગામના બીજા પાટીદાર, જગજીવનદાસ પારેખ, નાથાભાઈ મોદી, જુગલદાસ તલાટી, તુલસીરામ મહેતા, વગેરે બધું ગામ રામનાથ મહાદેવમાં ભેગું થયું. ત્યાં વસવાયાં પણ વણતેડ્યાં પેટનાં બળ્યાં ભેગાં થયાં હતાં. સોમલો મોચી તથા બીજા મોચી, તથા દરજીના અને કુંભારના આગેવાનો આગળથી આવ્યા હતા. પહેલાં તો બધાએ મોચીની વાત સાંભળી. ત્યાં ભીખાભાઈ પણ ગયા હતા. તેમણે અંગ્રેજી વિદ્યાનો

આધાર બતાવીને, એક મોટી બશેરિયા ચોપડી હતી તે ઉપરથી એક લાંબું ભાષણ કરવાની તૈયારી કરી હતી. તે ઊભા થયા અને બોલવા લાગ્યા; પણ એમના બાપ અને કાકા કહે, 'બેસ બેસ, તું ભણી આવ્યો તે જાણ્યું. હજુ તો અમારું ખરચ ખાય છે. જ્યારે બે પૈસા કમાય ને દુનિયા કેમ ચાલે છે તે સમજે, ત્યારે તારું ભાષણ બહાર કાઢજે.'

બધાં વસવાયાંની વતી જગજીવન પારેખ પ્રથમ બોલ્યા. તે કહે કે, આ બૂટની મોકાણે આઠ દસ મોચીના ઘરનો ધંધો બંધ પડ્યો છે ને તેમને ખાવાપીવાની બહુ વેળા પડે છે. મોચી નરમ થયા એટલે તેમની ઘરાકીવાળા કુંભાર, દરજી વગેરે પણ નરમ થયા છે; ને જેના બે પૈસા લેણા દેણા છે તે શાહુકારનું પણ લેણું ડૂબવા વખત આવ્યો છે; અને ધક્કો આખા ગામને લાગશે. કોઈએ એમ ન સમજવું કે, અમારે શી લેવાદેવા છે? બધાનું સારું હોય તો આપણે સારું, ને નરસું હોય તો આપણે નરસું. હું અમદાવાદ ગયો હતો, ત્યાં પણ આવાં ને આવાં રોદણાં છે. સોનીનાં ઘરેણાં વિલાયતથી તૈયાર થઈ આવે છે, ને તે એવાં આંખને ગમે તેવાં હોય છે કે, આપણા ખરા દાગીનાને પણ કોરે મૂકે; એટલે સોનીનો ધંધો બાર આની થઈ ગયો છે. લવારનો ધંધો તો બિલકુલ બંધ પડી ગયા જેવો જ છે. લવાર મજૂરી કરે તેને અંગ્રેજી કારખાનામાં રોજ સારો મળે છે. પણ ચપ્પુ, કાતર અને ખીલા કરનારનો રોજગાર તો બિલકુલ બંધ પડ્યા જેવો જ છે. વિલાયતી કાપડ કરોડો રૂપિયાનું આવે છે; તેથી સાળવી, વણકર, છીપા, બાંધણીગર, વગેરેનો ધંધો ગયો છે. લોક ઘણાં લૂગડાં પહેરે છે, તેથી દરજી ને ધોબી શહેરમાં તાજા દેખાય છે. પણ એકંદર કારીગર તથા વેપારીને, પરદેશી માલ આવવાથી, અથાગ નુકસાન થયું છે. ને હજુ તો ક્યાં? શહેરમાં કોઈ ધણીધોરી નહિ, એટલે વિટંબણા ભારે પડે છે. આપણે તો બધા મળીને કરીએ તો તો બંદોબસ્ત કરવા સમરથ છીએ. માટે મારા ધ્યાનમાં આવે છે કે, આપણે આપણા ગામ પૂરતો ઠરાવ કરીએ તો ઠીક.'

શાન્તિદાસ — શો ઠરાવ?

જગજીવન — હાલ તો એટલો કરો કે, ગામમાં કોઈ પરગામના બૂટ ન પહેરે. એટલું થાય તો મોચીનું દુઃખ ટળે.

શાન્તિદાસ — કેમ ભવાનીદાસભાઈ, શું ધાર્યું?

ભવાનીદાસ — હા, હા, સો ફેરા એવો બંદોબસ્ત કરવો જોઈએ.

નાથાભાઈ મોદી — આપણે પણ કબૂલ છીએ. કેમ તુળસીરામ મહેતા?

તુળસીરામ મહેતા — આપણે પણ સો ફેરા કબૂલ.

જુગલદાસ તલાટી — વારુ, બૈરાંને ઘેર પૂછ્યું ? છોકરાં કંકાસ કરશે, તો તેમની માઓ તેમની કુમક કરશે, તેનું શું ધાર્યું ?

શાન્તિદાસ — છોકરાં અને તેમની માઓ જખ મારે છે.

બધા કહે, 'વાહ વાહ બાપા, વાહ વાહ. ત્યારે ચાલો આપણે મંદિરમાં તુળસી ઉપાડો.'

બધા ત્યાંથી મંદિરે ગયા, ને ઠાકોરજી આગળ તુળસી ઉપાડી સૌએ જુદા જુદા સમ ખાધા કે, 'પરદેશી બૂટ લાવીએ તો અમને ઠાકોરજી પૂછે'; ને પછી બધા વેરાયા.

ગામ સંપીલું હતું, લોક લાંબી નજરવાળા હતા, તોપણ આ વેળા ઠરાવ પાળવામાં થોડી આનાકાની થઈ, ને પછી ઘેર ઘેર થોડી કચકચ પણ થઈ. પણ શાન્તિદાસે પોતાના ઘેરથી પહેલ કરી ભિખારીદાસને જોડા પહેરાવ્યા. એમ પટાપટ ચાલતાં, અંતે બધા ગૃહસ્થોએ સોગન પાળ્યા, ને છ મહિને મોચી પાછા આગળ જેવા ખાતાપીતા થયા, ને બીજા કારીગર પણ તાજા થયા.

— અંબાલાલ સાકરલાલ દેસાઈ

સ્વાધ્યાય

૧. આ વાર્તા સ્વ. દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઈ (ઈ. સ. ૧૮૪૪ –૧૯૧૪) ની લખેલી છે. તેઓ ગુજરાતનાં કેળવણી, સાહિત્ય, સંસાર-સુધારો, રાજકારણ ઇત્યાદિ જાહેર ક્ષેત્રોમાં રસ ધરાવતા હતા.

'દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઈનાં ભાષણો અને લેખો' એ નામે તેમનાં લખાણો અને ભાષણોનો સંગ્રહ પ્રસિદ્ધ થયો છે. તથા શ્રી. બળવંતરાય ક૦ ઠાકોરે 'અંબાલાલભાઈ' નામે તેમનું ટૂંક જીવનચરિત્ર પ્રસિદ્ધ કર્યું છે.

૨. સ્વદેશીની હિલચાલમાં ખાદી અને ગ્રામઉદ્યોગો કેવા કીમતી છે, તે આ વાત ઉપરથી વિચારો.

૩. ગામડાનું જીવન અનેક વર્ગોના સહકારથી ટકતું હોય છે. કોઈ પણ એક વર્ગ કે વ્યક્તિ બીજા વર્ગો કે વ્યક્તિઓનો ખ્યાલ રાખ્યા વિના વર્તે અને તેમને ધોકો પહોંચાડે, તો આખા ગ્રામજીવનને ધોકો પહોંચે.

૪. પોતે પોતાના પૈસાને ગમે તેમ ખર્ચી શકે એવું હોતું નથી; પૈસા ખર્ચવામાં પણ પોતાની આસપાસના બીજા લોકોનો વિચાર કરવાનો હોય છે, તે આ વાતમાંથી જુઓ. તેવું જ આખા રાષ્ટ્રને માટેય છે તેની કલ્પના કરો.

પ્રશ્નો

૧. મોચીની રોજી તૂટી તેથી આખા ગામને કેવી રીતે નડતર ઊભું થયું ?

૨. ભિખારીદાસને બોલતો કેમ બેસાડી દીધો ? એના કહેવામાં શો મુદ્દો હતો ? ગામલોકે તેની સામે શો વિચાર કર્યો ?

ઉજળિયાત વિ૦ = ઉચ્ચ વર્ણનું
વસવાયું ન૦ = ગામ તરફથી પસાયતાં આપી વસાવેલ હજામ, ધોબી વગેરે કારીગર
કુમાવિસદાર પું૦ [फा.] = વહીવટદાર; મહાલકરી કે મામલતદાર
હાકેમી = સત્તા; કારભાર
છેલ્લા ખોળાનો = છેલ્લો જન્મેલો
ઠાવકું વિ૦ = ઠરેલ; સમજુ
આરો પું૦ = છૂટવાનો ઉપાય
કરારે અ૦ = વગર ચિંતાએ; નિરાંતે
મોકાણ સ્ત્રી૦ = પીડા; આપદા
વેળા પડવી = મુશ્કેલી નડવી
સાળવી પું૦ = સાળ ઉપર વણનાર – વણકર
છીપો પું૦ = કપડાં છાપવાનું કામ કરનાર
બાંધણીગર પું૦ = બાંધણી – વચ્ચે વચ્ચે બાંધીને જુદા રંગવાળું કપડું–રંગનાર
ધણીધોરી પું૦ = માલિક; રક્ષક
જખ મારવી = વાંકા રહીને ઠેકાણે આવવું

૨૩

ભાભી



[મહીડાનાં દાણ અમે નહીં દઈએ રે લોલ — એ ઢાળ]

टहुके वसंतकुंज कोकिला रे लोल,
घरमां भाभीनां एवां गीत रे,
भाभीना भाव मने भींजवे रे लोल. टेक

वीरा मारानी मधुर मोरली रे लोल,
नवला ए राग वहे नित्य रे : भाभीना०

छोडी पियरनी एणे पालखी रे लोल,
मूकी मायाभरी मात रे : भाभीना०

वहालांनो संग कर्यो वेगळो रे लोल,
मारा ए बंधवाने माट रे: भाभीना०

सहियरनो साथ तज्यो सामटो रे लोल,
दादानो दूर कर्यो देश रे: भाभीना०

खांतनां भरेल तज्यां खेलणां रे लोल,
छोडचो बाळापण वेश रे: भाभीना०

साधी शके न अमर सुंदरी रे लोल,
एवो अमोल एनो त्याग रे: भाभीना०

शां शां ते मूल एनां आंकीए रे लोल,
शा शा समर्पीए सोहाग रे: भाभीना०

एने माडीनो सोहे मोडियो रे लोल,
रूडां दादाजीनां राज रे: भाभीना०

वहाल अखंड मारा वीरनुं रे लोल,
लाख टकानी कुळलाज रे: भाभीना०

एने मंदिर, एने माळियां रे लोल,
सोळे सजावुं शणगार रे: भाभीना०

एने तो कोष तणी कूंचीओ रे लोल,
हीराने मोतीओ हजार रे: भाभीना०

ए तो अमारी अन्नपूरणा रे लोल,
वीराना वंश केरी वेल रे: भाभीना०

हसती उषा ए अम आभनी रे लोल,
रढियाळी रंगडानी रेल रे: भाभीना०

माडीजायो ते मधुर मोरलो रे लोल,
भाभी ढळकती शी ढेल रे: भाभीना०

वीरो महेरामण मीठडो रे लोल,
शीळी सरितनी ए सेर रे: भाभीना०

चळको सदाय एनो चांदलो रे लोल,
जीवो ए जुग जुग जोड रे: भाभीना०

हैयां ए हेतभर्यां हींचजो रे लोल,
पूरो प्रभुजी एना कोड रे : भाभीना०

—બોટાદકર

સ્વાધ્યાય

૧. સ્વ૦ દામોદર ખુશાલદાસ બોટાદકર (ઈ. સ. ૧૮૭૦–૧૯૨૩) સૌરાષ્ટ્રના બોટાદ ગામમાં જન્મ્યા હતા. 'રાસતરંગિણી', 'નિર્ઝરિણી', 'કલ્લોલિની', 'સ્રોતસ્વિની' અને 'શૈવલિની' એ તેમના કાવ્યસંગ્રહોનાં નામો છે.

શ્રી. બોટાદકરે મુખ્યત્વે ગૃહજીવનના ભાવો નિરૂપ્યા છે.

૨. ભાઈ–બહેન, દિયર–ભોજાઈ, નણંદ–ભાભી, વગેરે આપણા મધુર કુટુંબ-જીવનનાં સ્નેહાળ પાત્રો છે. તેમની આસપાસ આપણા ગુજરાતી કવિઓએ પોતાનો કાવ્યરસ સારી પેઠે રેડ્યો છે.

પ્રશ્નો

૧. ભાભીનો શો શો ત્યાગ નણંદ વર્ણવે છે?
૨. ભાભીને નણંદ શી શી શુભેચ્છાઓ અર્પે છે?
૩. ભાઈ ભાભીને કવિ કઈ કઈ ઉપમા આપે છે?

નવલું વિ૦ = નવલ; નવું
ખેલણું ન૦ = રમકડું
અમરસુંદરી સ્ત્રી૦ = અમર – દેવની સુંદર સ્ત્રી; સ્વર્ગની દેવી; સુરાંગના
સોહાગ પું૦ = સૌભાગ્ય (૨) સૌભાગ્યના શણગાર
મોડિયો પું૦ = મોડ (૨) જવાબદારી
મહેરામણ પું૦ = સમુદ્ર

૨૪

ભલામણચિઠ્ઠી

૧

રજાનો દિવસ હતો, અને હું ચોકમાં હીંચકે બેસી નવલકથાનું પુસ્તક વાંચતો હતો. નોકરે આવીને કહ્યું, 'કોઈ મળવા આવ્યું છે.' મળવા આવનારને અંદર લાવવા સંમતિ આપી. તેને મારી સામે પાટ ઉપર બેસાડી આવવાનું પ્રયોજન પૂછ્યું. તેણે મારા હાથમાં પત્ર મૂક્યો. પત્રના અક્ષર અજાણ્યા હતા અને તેમાં સહી કરનારનું નામ પણ અજાણ્યું લાગ્યું. પત્રમાં લખ્યું હતું, 'હું ગઈ સાલ આપને આણંદ સ્ટેશને મળ્યો હતો તે યાદ હશે. બે ચા વેચનારા પોતાની ચાની તારીફ આપની આગળ કરતા હતા; ત્યારે મેં કહેલું કે, ટેબલ પર ચાની દુકાન છે ત્યાંની ચા આ બંનેથી સારી છે. કાગળ લાવનારની હકીકત સાંભળી તેની ઇચ્છા પ્રમાણે તેને મદદ કરવા મહેરબાની કરશો. તા. क. આ માણસ

મારા સગામાં છે.' આનો પ્રસંગ મારી સ્મૃતિમાં નહોતો, અને આટલા જૂજ ઓળખાણ પર ભારે બોજો મુકાય છે એમ મને લાગ્યું. પરંતુ संबन्धमाभाषण-पूर्वमाहुः । (વાતચીત થઈ એટલે તરત મૈત્રી થયેલી ગણાય છે,) એ રઘુવંશનું વચન લક્ષમાં લઈ પત્ર લાવનારને તેની હકીકત કહેવા મેં કહ્યું. તે બોલ્યો:

'મારા ભાણેજ છગનલાલ માટે વહીવટદાર સાહેબ વધારે પગારની જગાની ભલામણ નથી કરતા. છગનલાલને આ જગ્યાએ અઢી વરસ થયાં; અને વસ્તીપત્રકમાં પીંજારાના મહોલ્લામાં તેને ગાળો ખાવી પડેલી. પણ છગનલાલ રુશવત ખાય છે એમ નોંધણીકામદારે વહીવટદાર સાહેબના મનમાં ખોટો વહેમ ઘાલ્યો છે. પણ નોંધણીકામદારની મરજી એ જગ્યા પોતાના ભાઈબંધ અમથાલાલના દીકરા છોટાલાલને અપાવવાની છે. બહારથી એમ બતાવે છે કે, અમથાલાલ સાથે મારે ભાઈબંધી નથી. પણ નોંધણીકામદાર અહીં આવ્યા પહેલાં સાવલીમાં હતા, ત્યારે અમથાલાલના ઘરથી ત્રણ ઘર છેટે રહેતા હતા. એ કહે છે કે, હું દસ ઘર છેટે રહેતો હતો, તે ખોટું છે. ત્રણ ઘર છેટે રહેતા હતા એવો પુરાવો હું આપ સાહેબને બતાવું.'

મેં કહ્યું, 'મારે એવો પુરાવો શું કામ જોવો પડે?'

'વહીવટદાર સાહેબની ખાતરી કરાય કે, નોંધણીકામદારને અમથાલાલ સાથે ભાઈબંધી છે.'

'તમારે તેમની ખાતરી કરવી હોય તો તમે કરો.'

'નાયબ ફોજદાર સાહેબને પૂછશો તો તે પણ હા કહેશે.'

'શાની હા કહેશે?'

'સાવલીમાં અમથાલાલના ઘરથી ત્રણ ઘર છેટે નોંધણીકામદાર રહેતા હતા તેની. ઊંટની ચોરીની તપાસ કરવા નાયબ ફોજદાર સાહેબ ત્યાં ગયા હતા. રાવળિયાનું ઊંટ હતું અને બજાણિયા ચોરી ગયા, એવું ચારણુલોક કહેતા હતા.'

'આ બધી હકીકત મને કહેવાની શી મતલબ છે?'

'વહીવટદાર સાહેબ ઉપર આપ સાહેબ ચિઠ્ઠી લખી આપો કે, છગનલાલ રુશવત નથી ખાતો અને બચરવાળ છે, તો એની ભલામણ કરે.'

'કયા ગામના વહીવટદાર અને તેમનું નામ શું?'

ચિઠ્ઠીના પ્રાર્થયિતાએ ગામ અને નામ કહ્યાં.

મેં કહ્યું, 'પણ, હું એઓ સાહેબને ઓળખતો નથી. કોઈ દિવસ હું એમને મળ્યો નથી.'

'પણ આપને તો એ નામે ઓળખતા હશે. આપનું નામ તો જાણીતું છે. એટલું લખી આપો કે, 'છગનલાલ રુશવત નથી ખાતો અને બચરવાળ છે માટે ભલામણ કરશો.' તો ગરીબ માણસનું કામ થાય.'

'હું છગનલાલને ઓળખતો નથી. એ ગામે હું કોઈ દિવસ આવ્યો નથી. તો હું શી રીતે કહી શકું કે, એ રુશવત નથી ખાતો? એ બચરવાળ છે તે બતાવવા તો તમે વહીવટદાર સાહેબ આગળ તેનાં છોકરાંને લઈ જઈ ઊભાં કરજો. મેં કાંઈ એનાં છોકરાં જોયાં છે?'

'નોંધણીકામદારે ખોટો વહેમ ઘાલ્યો છે તેથી એ માર્યો જાય છે.'

'જુઓ ભાઈ, હું તમને નથી ઓળખતો, વહીવટદાર સાહેબને નથી ઓળખતો, નોંધણીકામદારને નથી ઓળખતો, છગનલાલને નથી ઓળખતો; તો હું આ કામમાં શી રીતે વચ્ચે પડું?'

'અમથાલાલની બધી ખટપટ છે. છોટાલાલને જગા અપાવવા માટે એ અમલદારોના કાન ભંભેરે છે. ઊંટની ચોરીના કામમાં પણ એણે બહુ ખટપટ કરેલી. એનો કાકો પણ ખટપટિયો છે.'

'તેમાં મારે શું?'

'ગોવિંદલાલભાઈએ આપને કાગળ લખી આપ્યો છે. આપ સિવાય મારે બીજો આધાર નથી.'

'ગોવિંદલાલભાઈ સાથે મેળાપ થયાનું મને યાદ રહ્યું નથી. પણ એમણે મને સંભાર્યો તે મહેરબાની કરી છે. તમે એમના શા સગા થાઓ?'

'એમની દીકરીના દીકરાની સગાઈ મારા મામાની છોડી વેરે થવાની છે.'

'તમારી હકીકત મેં સાંભળી લીધી. હું ચિઠ્ઠી લખી આપી શકું તેમ નથી.'

'પણ સાહેબ, મારો ભાણેજ રુશવત ખાતો નથી અને બચરવાળ છે.'

'હું ક્યાં કહું છું કે, એ રુશવત ખાય છે અને બચરવાળ નથી?'

'તો સાહેબ ચિઠ્ઠી —'

'ચિઠ્ઠીની વાત કરશો નહિ. હવે બંધ કરો.'

છગનલાલના પ્રામાણિકપણા વિષે અને બહોળા કુટુંબ વિષે ઘણાં આગ્રહનાં વચનો સાંભળી મારે એ માણસને આખરે વિદાય કરવો પડ્યો.

૨

નવલકથા આગળ વાંચવી મેં શરૂ કરી. પણ અડધું પાન વાંચ્યું એટલામાં તો બીજો મળનાર આવી પહોંચ્યો. તેણે આપેલો કાગળ હું વાંચતો હતો, એટલામાં તેણે પાટ ઉપર બેઠાં બેઠાં ઊંચું ડોકું કરી તથા લાંબો હાથ કરી

બૂમો પાડી કે, 'જગાભાઈ, આવોને! ભગાભાઈ, આવોને! મગાભાઈ, આવોને!' એમ કહી બારણે ઊભેલા પાંચછ માણસોને તેણે ચોકમાં બોલાવ્યા, અને તેઓ આવી તેની જોડે પાટ ઉપર બેઠા. મને આપેલો કાગળ મારા ઓળખીતાનો હતો. તેથી આ પરિચય સકારણ ગણી મેં આગમનનું કારણ પૂછ્યું. પ્રથમ આવનારે કહ્યું :

'અમારા ગામમાં સરકાર સુધરાઈ ખાતું કાઢે છે.'

મેં કહ્યું, 'બહુ સારું.'

બધા બોલી ઊઠ્યા, 'શું બહુ સારું? કર નાખે તેથી અમે વેપારી માર્યા જઈએ!'

'ગામમાં રસ્તા થશે, દીવાબત્તી થશે, નિશાળ નહિ હોય તો નિશાળ થશે, દવાખાનું થશે. એ બધું કાંઈ કર નાખ્યા વગર થાય?'

'અમારે તો એમાંનું કાંઈ ના જોઈએ. નિશાળ તો હાલે છે તે સરકારને બંધ કરવી હોય તો બંધ કરે. છોકરાં નજીકને ગામ જઈ ભણશે. પણ સુધરાઇ ના જોઈએ. અમારું ગામ તો ખાડાટેકરાવાળું છે, તેમાં સુધરાઈને શું કરવી છે? આજ લગી સુધરાઈ વિના ચાલ્યું અને હવે સુધરાઈ શા માટે કાઢે છે?'

'એ બધું મને શા માટે કહેવા આવ્યા છો?'

'દીવાન સાહેબ ઉપર ચિઠ્ઠી લખી આપો કે, અમારા ગામમાં સુધરાઈ ના કાઢે.'

'એમ શી રીતે બને? રાજ દીવાન સાહેબને ચલાવવું અને હું અહીં બેઠો બેઠો ચિઠ્ઠીઓ લખું કે, આમ કરજો અને આમ ના કરજો? રાજવહીવટના કામમાં માથું મારવાનો મને શો હક?'

'આપ દીવાન સાહેબને લખો કે, આ ગામ સુધરાઈ કાઢવા સરખું નથી. સુધરાઇથી ગામમાં ખટપટ જાગશે, માટે સુધરાઈ કાઢવી ના જોઈએ.'

'દીવાન સાહેબે તજવીજ કરીને અને કાગળો વાંચીને જે અભિપ્રાય બાંધ્યો હોય, તે મારી ચિઠ્ઠીથી ફેરવી નાંખે, એ આપની માગણી વાજબી છે? જેને માથે રાજની જવાબદારી હોય તે નક્કી કરે કે, ફલાણાં પગલાં લેવાં કે ન લેવાં. હું એમાં મારો અભિપ્રાય આપી શકું નહિ.'

'— ભાઈએ તો કહ્યું કે, તમે જશો એટલે ચિઠ્ઠી લખી આપશે.'

'મારે કેવી રીતે વર્તવું એ નિર્ણય કરવાની થોડીઘણી છૂટ તો મને ખરી કે નહિ?'

એ ગામમાં સુધરાઈ સ્થપાયાથી પડવાનાં દુઃખ વિષે અનેક કલ્પનાઓ સંભળાવી ડેપ્યુટેશન ઘણી આનાકાનીથી વિદાય થયું.

૩

નવલકથાનું પાનું હું પૂરું કરી રહ્યો એટલે એક વહોરાને લઈ એક માણસ આવ્યો. તેણે કહ્યું, '—ભાઈએ કહ્યું છે કે, આ વહોરાજીની હકીકત ખરી છે, માટે એને ચિટ્ઠી લખી આપવા જેવું છે.' સંદેશો કહી તે ચાલતો થયો અને વહોરાજીને બક્ષિસ રૂપે મૂકતો ગયો. વહોરાજીને પૂછતાં માલૂમ પડ્યું કે, એક કોર્ટમાં તેની અપીલ ચાલવાની હતી, તે કોર્ટના ન્યાયાધીશ પર તેને ચિટ્ઠી જોઈતી હતી. મેં કહ્યું :

'ઇનસાફના કામમાં ચિટ્ઠી અપાય નહિ.'

'હું બી એવી ચિઠ્ઠી માગુંચ કે, ઇનસાફ કરજો.'

'એવી ચિટ્ઠીનો અર્થ એ થાય કે, તમે સાધારણ રીતે ગેરઇનસાફ કરો છો, પણ આ કામમાં ઇનસાફ કરજો.'

'એઓ સાહેબ હમેસ ઇનસાફ જ કરે છે.'

'ત્યારે ચિટ્ઠીની જરૂર શી?'

'ફકત જમની આંખ ને દાબી આંખ જેતલો ફરક રાખે, એતલી મારી અરજ છે.'

'મતલબ કે, મારે લખવું કે આ વહોરાજી તરફ પક્ષપાત કરી ગેરઇનસાફ કરજો.'

'નહિ સાબ, આદમજાતને દાબા જમનીમાં ફરક કરવો પરે છે.'

'ઇનસાફ કરનારને તો જેનું ખરું હોય તે જમણો અને જેનું ખોટું હોય તે ડાબો. તમારું ખોટું જણાય તોપણ ન્યાયાધીશ તમને જમણા ગણે, એવી ભલામણ શી રીતે કરી શકાય?'

'—ભાઈએ તો કહ્યું કે, તમને જરૂર ચિઠ્ઠી લખી આપશે.'

'એઓ સાહેબ તો મોટા માણસ છે. એમણે આવી ભલામણ કરી તેથી નવાઈ લાગે છે. પણ ઇનસાફના કામમાં ન્યાયાધીશને હું કદી ચિટ્ઠી લખતો નથી કે ભલામણ કરતો નથી.'

ડાબી જમણી આંખના ફરકની ફિલસૂફી મને અનેક પ્રકારે ફરી ફરીથી સમજાવી વહોરાજી ઘણી નામરજીથી વિદાય થયા.

૪

પરંતુ નવલકથા આગળ વાંચવાનું મારા નસીબમાં નહોતું. મારો જૂના વખતનો જાણીતો અને સરકારી નોકરીમાંથી બરતરફ થયેલો કારકુન તરત દાખલ થયો. તેની બરતરફીના હુકમમાં રહેલી ભૂલો વિષે વિસ્તારી વિવેચન તેણે મને અનેક વાર સંભળાવ્યું હતું અને તેની પુનરુક્તિ માટે હું સજ્જ થયો. પરંતુ હવે તેણે જુદી દિશામાં વહાણ વાળ્યું હતું. તે બોલ્યો,

'મારી પ્રથમની નોકરી પાછી મેળવવાની માથાકૂટ મેં મૂકી દીધી છે. મને બીજી નોકરી મળે તો બસ છે. તમે મારા છોકરાને નિશાળમાં નોકરી અપાવી. પણ ઇજનેર ખાતામાં નોકરી માટે મેં અરજી કરી છે. માટે ઇજનેર સાહેબ પર મને ચિઠ્ઠી લખી આપો કે, એમના ખાતામાં જો નોકરી મારે લાયક હોય તો મને રાખે. અને ઇજનેર સાહેબના ઉપરી સાથે તમારે ઓળખાણ હોય તો તેમના પર પણ ચિઠ્ઠી લખી આપો. અને વસૂલાત ખાતાના જે મોટામાં મોટા અધિકારી સાથે તમારે પિછાણ હોય તેના પર ચિઠ્ઠી લખી આપો કે, તમારા તાબાના સહુ અધિકારીઓને ભલામણ કરજો કે, રૂ. ૭૫) ની જગ્યા ખાલી પડે ત્યારે પહેલી આ માણસને આપે. અને જંગલખાતાના જે ઉપરીને તમે ઓળખતા હો તેના પર ચિઠ્ઠી લખી આપો કે, ખાલી પડતી જગ્યા આ માણસને આપજો; અને હાલ જગ્યા ખાલી ન હોય તો નવી જગ્યા કાઢી આ માણસને આપજો. તેમ લખશો તો જરૂર નવી જગ્યા કાઢશે. મીઠા ખાતાના ઉપરીને તો તમે ઓળખો છો, માટે તેના પર ચિઠ્ઠી લખી આપો કે, મારો માણસ છે, માટે એને જગ્યા આપ્યા વિના ચાલે તેવું નથી; કોઈ એની વિરુદ્ધ કાંઈ કહે તો સાંભળશો નહિ.'

'તેના કરતાં હું તમને ગવર્નર જનરલ સાહેબ ઉપર ચિઠ્ઠી લખી આપું તો કેમ?'

'શી ચિઠ્ઠી લખી આપશો?'

'ચિઠ્ઠીમાં એમ લખું કે, આ માણસને સરકારી તિજોરીમાંથી એક લાખ રૂપિયા આપજો, કેમ કે નાણાં વિના એ બહુ દુ:ખી થાય છે.'

'તમારે મન તો મશ્કરી છે, પણ અમે કામધંધા વગર હેરાન થઈએ છીએ.'

'ત્યારે તમે જુદા જુદા અમલદારો પર મારી પાસે અણઘટતી ચિઠ્ઠીઓ લખાવી હાંસી કરાવવા પ્રયત્ન કરો છો, એ તમારા ધ્યાનમાં નથી આવતું? એવી માગણી હું કરું તે તેઓ સ્વીકારી શકે ખરા કે?'

'માગણી કરવામાં તમારું શું જાય છે? મારું નસીબ હશે તો કોઈ ઠેકાણે જોગવાઈ થઈ જશે.'

'તમારે મન તો એમ કે, વાગે તો તીર નહિતર ટપ્પો! હું મૂર્ખ ગણાઉં તેની તમને ચિંતા નથી.'

'સાહેબ, આટલી ઉંમરે મારી નોકરી ગઈ. હવે હું શો ધંધો કરું? બરતરફ થયેલા માણસને નોકરીમાં રાખવા કોઈ ખુશી ના હોય, એ શું વાજબી છે? પરમેશ્વરને કોઈ કહેનાર નથી કે, એ લોકોને આવી કુબુદ્ધિ કેમ આપે છે?'

'મને એવો વિચાર આવે છે કે, બધું રહેવા દઈ હું તમને પરમેશ્વર પર ચિઠ્ઠી લખી આપું કે, 'આ માણસને સ્વર્ગમાં દાખલ કરજો. એણે કાંઈ પુણ્ય કર્યાનું તો મારા જાણવામાં નથી, પણ એ મારો ઓળખીતો છે.' પછી તમારે આ દુનિયાની વાતોની કાંઈ પરવા જ કરવાની નહિ, અને તમે સ્વર્ગમાં જઈ તમારા તરફ થયેલા અન્યાય વિષે પરમેશ્વર સાથે સવાલ જવાબ કરજો."

'હજી તો મારે ઘણું જીવવું છે. રસ્તો ખોદનારા મજૂરોની હાજરી લખવાની હંગામી નોકરી મને મળે તેવી ચિઠ્ઠી લખી આપો એટલે બસ છે. હું રુશવત લીધા માટે બરતરફ થયો નથી, પણ વગર રજાએ ગેરહાજર રહ્યા માટે બરતરફ થયો છું, એટલું ચિઠ્ઠીમાં સમજાવજો.'

ચિઠ્ઠી લઈ તે વિદાય થયો. પણ, સૂર્ય આથમે ને ચંદ્ર ઊગે તેમ તેની પીઠ અદૃશ્ય થઈ ને તરત એક 'કંટ્રાટી' દાખલ થયો.

૫

તેણે એક મ્યુનિસિપાલિટીની નિશાળનું મકાન બાંધવાનો કંટ્રાક્ટ રાખ્યો હતો. પણ બાંધકામમાં ચૂનાને ઠેકાણે છારું વાપર્યું હતું, ઈંટો પાકી લાલને બદલે આમરસી વાપરી હતી, લાકડાં મલબારી સાગને બદલે વલસાડી સાગનાં વાપર્યાં હતાં, પાટિયાં આખાને બદલે ફાટોવાળાં વાપર્યાં હતાં, વળીઓ ઓછી જાડાઈની વાપરી હતી, અને સ્ક્રૂને બદલે ખીલા વાપર્યા હતા, પાયા શરત પ્રમાણે ઊંડા કર્યા નહોતા: એવાં કારણોથી મ્યુનિસિપાલિટી તરફથી કંટ્રાક્ટના પૈસા મળતા નહોતા. મેં પૂછ્યું, 'મ્યુનિસિપાલિટી આ વાંધા કાઢે છે તે ખોટા છે?'

'બીજા અદાવતિયા કંટ્રાટીઓની નનામી અરજીઓ પરથી મ્યુનિસિપાલિટીએ આ વાંધા કાઢ્યા છે.'

'પણ કોઈએ આ વાંધાના ખરાખોટાપણા વિષે તજવીજ કરી છે?'

'સરકારી ઇજનેર ખાતાના ઓવરસિયરે મ્યુનિસિપાલિટીના લખાણ ઉપરથી તજવીજ કરી છે.'

'તેમણે શો રિપોર્ટ કર્યો છે?'

'તેમણે તો લખ્યું છે કે, મકાન તદ્દન રદ છે અને પાડી નાખવું જોઈએ.'

'એટલે આ વાંધા એમને ખરા લાગ્યા છે.'

'હા, પણ મારા અદાવતિયાની ખટપટથી આ કામ ઊભું થયું છે.'

'કામ ઊભું થવાનું કારણ ગમે તે હોય, પણ તમે કંટ્રાક્ટ પ્રમાણે બાંધકામ કર્યું નહિ અને નબળું મકાન કર્યું, તો તમને મ્યુનિસિપાલિટી નાણાં શી રીતે આપે?'

'સાહેબ, હું તો માર્યો જાઉં છું. મારે માલ માટે વેપારીઓનાં બિલ ચૂકવવાનાં છે અને કડિયા સુતારના રોજ ચૂકવવાના છે. મ્યુનિસિપાલિટી પૈસા ન આપે તો હું શી રીતે નાણું પતાવું?'

'કપટ કર્યું તો તેનું ફળ ભોગવો.'

'કપટ શાનું? બધા કંટ્રાટીઓ એમ જ કરે છે. એ તો છીંડે ચડયા તે ચોર! કંટ્રાક્ટ પ્રમાણે બધું કામ કરે તો કંત્રાટી કમાય શું? વચમાંના નાના નોકરોનાં મન મનાવવાં પડે અને હરીફાઈમાં કંટ્રાક્ટની રકમ તો ઓછી રાખવી પડે. ચસમપોશી વિના ધંધો જ ચાલે નહિ.'

'એ નીતિશાસ્ત્ર તમને મુબારક હો. પણ હું આ કામમાં શું કરી શકું?'

'મ્યુનિસિપાલિટીના સેક્રેટરી સાહેબ ઉપર આપ ચિઠ્ઠી લખી આપો તો મારું કામ થાય.'

'એવી ચિઠ્ઠી લખી આપું કે, મ્યુનિસિપાલિટીનું હિત બગાડી આ માણસને નાણાં આપજો?'

'સેક્રેટરી સાહેબ તો ધારે તે કરી શકે.'

'શું ધારે? તમારાં બાંધકામ માટે એમના ઇજનેર ખાતાએ રિપોર્ટ કર્યો હશે, એમણે પોતે રિપોર્ટ કર્યો હશે, સરકારી ઓવરસિયરે રિપોર્ટ કર્યો છે, તે છતાં તમને નાણાં અપાવવાનું શી રીતે ધારે?'

'બધા કાગળો એક જ તુમારમાં છે.'

'તેથી શું?'

'એ તુમાર ગુમ થઈ જાય, તો હું બીજા સારા રિપોર્ટ મેળવી શકું.'

'સેક્રેટરી સાહેબને દગો કરવાની હું ચિઠ્ઠી લખું, એવી સૂચના કરતાં શરમ નથી આવતી?'

'સાહેબ, હું માર્યો જાઉં છું. બચરવાળ છું, ગરીબ માણસ છું. આપ ભલામણ ના કરશો, પણ ચિઠ્ઠી લખી આપો તો બસ છે. હું તે લઈને સેક્રેટરી સાહેબને મળીશ. ચિઠ્ઠીમાં ગમે તે લખજો.'

'ગમે તે લખીશ તો ચાલશે?'

'હા સાહેબ.'

નોટપેપર લઈ તે પર મેં ચિઠ્ઠી લખી આ પ્રમાણે વાંચી સંભળાવી :

"આ ચિઠ્ઠી લાવનાર જે માગણી કરે છે તે એવી અઘટિત છે કે, હું તેની ભલામણ કરું જ નહિ. પણ ગરજવાનને અક્કલ નથી હોતી અને સ્વાર્થથી અંધાપો આવે છે, તેના નમૂના તરીકે આ માણસને આપની પાસે મોકલું છું. એ કહેશે તેથી આપને ક્રોધ ચડશે, પણ કામના બોજામાં રમૂજ પણ થશે."

તે બોલી ઊઠ્યો, 'સાહેબ, આવી ચિઠ્ઠી!'

'તમે તો કહો છો ને કે, ગમે તેવી ચિઠ્ઠી લખશો તો ચાલશે!'

'ગમે તેવી એટલે મને ફાયદો કરે તેવી.'

'હવે તમે અહીંથી ચાલ્યા જાઓ, નહિ તો તમે કરવા ધારેલા દગા વિષે હું પોલીસને ખબર આપીશ.'

'કંટ્રાટી' ચાલ્યો ગયો અને 'ગમે તેવી' ચિઠ્ઠી પડી રહી.

ચિઠ્ઠીના પ્રાર્થયિતાઓની 'લેવી' સાંજ સુધી ચાલુ રહી. નોકરી માટે, બદલી માટે, ઘર ભાડે આપવા માટે, વરકન્યાના સગપણ માટે, મફત મોતિયો કાઢવા માટે, વેપારની ભાગીદારીમાં સામેલ કરવા માટે, કરામાં બારણું મૂકવા દેવા માટે, રસોઇયો આપી દેવા માટે, વગેરે વગેરે કામ કરવા માટે ભલામણની ચિઠ્ઠીઓ માગનારા એક પછી એક આવતા જ ગયા. મને શક પડ્યો કે, મારે બારણે કોઈએ પાટિયું માર્યું હશે કે, "આ ઠેકાણે ચિઠ્ઠીઓ અપાય છે." તે માટે હું ઓટલે જઈને જોઈ આવ્યો, પણ એવું પાટિયું જોવામાં આવ્યું નહિ. પ્રાતઃકાલે આશા રાખી હતી કે, આજે રજા છે તેથી આરામ લેવાશે, નવલકથા વંચાશે, ને દહાડાની થોડી ઊંઘ લેવાશે. તે બધી આશા વ્યર્થ ગઈ. સૂર્યાસ્ત થતો હતો ત્યારે સ્વ. મણિશંકરના 'વસંતવિજય'માંના એક શ્લોકમાંના થોડા શબ્દ બદલી હું ઉચ્ચારવા લાગ્યો :

"ઘેલી બની બધી સૃષ્ટિ ચિઠ્ઠીમાં નહાય છે,
હાય! એક જ આ મારા હૈયામાં કંઈક થાય છે."

ચિઠ્ઠી લખી આપવાનો હક કોઈને વેચાતો લેવો હોય, તો એક પૈસા માટે 'કુલ અભરામ ન દાવે' 'અઘાટ' વેચાણ કરી આપવા હું ખુશી છું.

— રમણભાઈ નીલકંઠ

સ્વાધ્યાય

૧. સ્વ. શ્રી રમણભાઈ મહીપતરામ નીલકંઠ (ઈ. સ. ૧૮૬૭–૧૯૨૮) કૃત 'હાસ્યમંદિર' માંથી આ પાઠ ઉતાર્યો છે. તેમનું બીજું હાસ્યપ્રધાન પુસ્તક 'ભદ્રંભદ્ર' છે.

સ્વ. રમણભાઈ ગુજરાતના જાણીતા સુધારક, સાક્ષર અને સમાજસેવક હતા. તેમને વિષે વિદ્યાપીઠ વાચનમાળા, સાતમી ચોપડીમાં પાઠ છે.

૨. કોઈ ઉપરી અધિકારી વગેરે ઉપર ભલામણચિઠ્ઠી લખાવીને પોતાનું કામ કરાવી લેવાની વૃત્તિ આપણા સમાજમાં બહુ જોવા મળે છે. એ વસ્તુ શ્રી. રમણભાઈએ મજાકની રીતે એવી તો નિરૂપી છે કે, તેની અઘટિતતા આપણને સ્પષ્ટ દેખાઈ આવે. સાહિત્યમાં આ રીતે અસર કરવાની શક્તિ શામાં રહેલી છે તેની ચર્ચા કરો. વિનોદપૂર્વક કટાક્ષ કરવાના આવા બીજા દાખલા શોધો.

પ્રશ્નો

૧. કયા કયા લોકો ભલામણચિઠ્ઠી લેવા લેખક પાસે આવ્યા, અને તેમની માગણીમાં શી અઘટિતતા હતી, તે તમારા શબ્દોમાં કહો.

૨. આ બધા ભલામણચિઠ્ઠી માગવા લેખક પાસે શા માટે આવ્યા હશે? તેમના હોદ્દાની કલ્પના કરી શકો છો?

૩. સમાજમાં ભલામણચિઠ્ઠીની જરૂર ખરી? પ્રમાણપત્ર અને ભલામણચિઠ્ઠીમાં શો ફરક?

રઘુવંશ [સં.] = પ્રસિદ્ધ કવિ કાલિદાસના મહાકાવ્યનું નામ [પ્રયોગ)
હાલવું અ૦ક્રિ૦ = ચાલવું (કાઠિયાવાડી
ડેપ્યુટેશન ન૦ [ઇં.] = કશી વાત તેને માટે યોગ્ય અધિકારી આગળ રજૂ કરવા માટે મોકલવામાં આવતું પ્રતિનિધિ-મંડળ
અપીલ સ્ત્રી૦ [ઇં.] = નીચલી અદાલતના ચુકાદા સામે ઉપરી અદાલતને અરજી
કંત્રાટી પું૦ = કોન્ટ્રાકટ-ઠેકો-રાખનાર
ચસમપોશી સ્ત્રી૦ = અદીઠું કરવું તે; આંખ આડા કાન કરવા તે
લેવી સ્ત્રી૦ [ઇં.] = ફરજિયાત ઉઘરાણું; લાગો; તગાદો
કરો પું૦ = ઘરની બાજુની દીવાલ
વસંતવિજય = સ્વ. મણિશંકર — 'કાન્ત' કૃત એક કાવ્ય
કુલ અભરામ ન દાવા = ભ્રમ વગર – અક્કલ હોશિયારીમાં કરેલું હોવાથી કાંઈ લેવાદેવા કે હકઇલાકો ન હોવો તે – કાંઈ દાવો નહિ તેવી રીતની પૂરી છૂટ (દસ્તાવેજમાં લખાય છે)
અઘાટ વિ૦ = કુલ હક્ક સાથેનું (દસ્તાવેજમાં)

૨૫

ગુલિવરની મુસાફરીઓ

૧. લીલીપુટ દેશમાં

૧

[ગુલિવર નામે એક મુસાફર છે. દરિયાના તોફાનમાં સપડાઈ, તેનું વહાણ ભાગી જતાં, એક અજાણ્યા દેશને કિનારે તે એકલો તણાઈ આવે છે. તે દેશ વેંતિયા લોકોનો દેશ છે. નામ લીલીપુટ. લીલીપુટના વેંતિયા લોકો ગુલિવર જેવડા મોટા રાક્ષસી માણસને જોઈ તેને બાંધે છે અને પોતાની રાજધાનીમાં લઈ આવે છે. ગુલિવર પડ્યું પાનું નિભાવી લેવા સંતોષથી તે દેશનો વતની બનવા તૈયાર થાય છે, અને પોતાના બંધ છોડી નાખવા રાજાને વિનંતિ કરે છે. હવે તેની કથા આગળ વાંચો.]

મને છૂટો કરવા મેં એટલી બધી અરજીઓ કરી કે, આખરે શહેનશાહે મારી અરજી મંત્રીમંડળ આગળ નિકાલને માટે મૂકી. સ્કાઇરેશ બોલગોલેમ, જે કંઈ પણ કારણ વિના મારો વેરી થઈ બેઠો હતો, તેના સિવાય કોઈએ વાંધો ઉઠાવ્યો નહિ. રાજ્યનો એ 'ગોલબેટ' અથવા જળસેનાપતિ હતો. રાજાનો તે ઘણો જ માનીતો અને વિશ્વાસુ હતો, પણ ઘણો જ વિઘ્નસંતોષી અને દિવેલિયા ડાચાનો હતો. પહેલાં તો એ બહુ જ સામો પડ્યો, પણ પછી અમુક શરતો કરી મને છોડવાનું તેણે કબૂલ કર્યું. શરતો શી શી રાખવી તે નક્કી કરવાનું પણ એને જ સોંપવામાં આવ્યું.

આ શરતો પર મારા સોગન લેવડાવવા સ્કાઇરેશ બોલગોલેમ પોતે જ બીજા બે પ્રતિષ્ઠિત ગૃહસ્થો સાથે મારી પાસે આવ્યો. શરતો મારી પાસે વાંચી સંભળાવ્યા પછી મને આપણા દેશની રીત પ્રમાણે સોગન લેવા અને પછી એ લોકોના કાયદા પ્રમાણે સોગન લેવા તેણે કહ્યું.

એ લોકોના રિવાજ પ્રમાણે ડાબે હાથે જમણા પગનો અંગૂઠો પકડી, જમણા હાથની વચલી આંગળીને માથા પર મૂકી, અને અંગૂઠાને જમણા કાન પર મૂકી સોગન લેવાના.

જે શરતો કબૂલ કરી હું છૂટો થયો, તે અક્ષરેઅક્ષર નીચે પ્રમાણે છે:—

'ગોલબેસ્તો, મોમારેમ એવલામે ગર્ડીના શેફીન મ્યુલી એલીગ્યુ— લીલીપુટના મહાન શહેનશાહ, વિશ્વના આનંદ, તેમ જ ભયદાતા, જેના રાજ્યની સીમા પાંચ હજાર બ્લસત્રગ (આપણા બાર માઈલનો ઘેરાવો) ભૂગોળના છેડા

લગી પહોંચે છે; શહેનશાહના શહેનશાહ, પુરુષોમાં ઉત્તમ, જેના પગ પાતાળે પહોંચે, જેનું માથું સૂર્યને અડકે, જેના પડકારથી પૃથ્વી હાલે; વસંતના જેવા આનંદ આપનાર, શિશિરના જેવા શીતળ, ગ્રીષ્મ જેવા ઉગ્ર, અને વર્ષા જેવા રસાળ; — આવા શહેનશાહ, જે માનુષી પહાડ આ પુણ્યભૂમિનો અતિથિ છે, તેની સાથે નીચેના કરાર કરે છે :

'પહેલો : અમારા સહીસિક્કા સાથેના રજાપત્ર વિના માનુષી પહાડ આ રાજ્યને છોડી શકશે નહિ.

'બીજો : અમારી ખાસ પરવાનગી સિવાય અમારા પાટનગરમાં આવી શકશે નહિ. આવવાને વખતે બે કલાક પહેલાં નગરવાસીઓ ઘરમાં રહે એવી ચેતવણી આપવામાં આવશે.

'ત્રીજો : તે અમારા મોટા રસ્તા ઉપર જ ચાલી શકશે. બીજે ચાલવા અથવા કોઈ ખેતરમાં સૂવાનો પ્રયત્ન નહિ કરે.

'ચોથો : જ્યારે જ્યારે આ રસ્તાઓ પર તે ફરવા નીકળે, ત્યારે અમારી વહાલી પ્રજાની સંભાળ રાખે. લોકોને કે લોકોના ગાડીઘોડાને પણ છૂંદી ન નાખે. કોઈને પણ એની ઇચ્છા વિના પોતાના હાથમાં ન લે.

'પાંચમો : કોઈ જરૂરી પેગામ પહોંચાડવો હોય, તો માનુષી પહાડ ચાંદ્રમાસમાં એક વાર તેવો સંદેશો લઈ જનારને એના ગાડીઘોડા સાથે પોતાના ગજવામાં બેસાડી લઈ જાય, અને જરૂર પડયે તેને પાછો લાવે.

'છઠ્ઠો : અમારા દુશ્મન બ્લેફુસ્કુના દ્વીપવાસીઓની સામે અમારી તરફથી લડે. એમનું નૌકાસૈન્ય જે અમારી પર ચડાઈ કરવા તૈયાર થયું છે તેનો નાશ કરવા બનતું કરે.

'સાતમો : આ માનુષી પહાડ આમાંથી વખત મળે ત્યારે હમણાં જે સાર્વજનિક બાગ થાય છે, તેની દીવાલ બાંધવામાં તેમ જ બીજાં સરકારી મકાનો માટે પથ્થર ઉપાડવામાં અમારા મજૂરોને મદદ કરે.

'આઠમો : આ માનુષી પહાડ બે ચાંદ્રમાસની અંદર અમારા રાજ્યનો ઘેરાવો શો છે, તે પોતાનાં પગલાં વડે માપી તપાસ કરે.


'છેવટે, આ બધા કરારો પાળવા જો એ માનુષી પહાડ સોગંદ લે, તો એને અમારા રાજ્ય તરફથી એક હજાર સાતસો અઠ્ઠાવીસ જણ જેટલું ખાવાનું રોજ આપવામાં આવશે. અમને મળવાની તેને છૂટ મળશે.

'અમારા રાજ્યના એકાણુમા ચાંદ્રમાસના બારમા દિવસે અમારા રાજમહેલ બેલ–ફાનો–રેંકમાં આ કરારો ઉપર સહી લેવામાં આવી છે.'

૨

મને છૂટચાને પંદરેક દિવસ થયા હશે, ત્યાં એક દિવસ સવારે ખાનગી ખાતાનો મુખ્ય મંત્રી રેડ્રેસાલ ફક્ત એક જ નોકર સાથે રાખીને મને મળવા આવ્યો. ગાડી થોડે દૂર ઊભી રાખી એ મારી પાસે એકલો આવ્યો.

મેં જમીન ઉપર પડ્યાં પડ્યાં એની સાથે વાત કરવાનું જણાવ્યું. પણ એણે મને મારા હાથમાં તેને લઈ ઊંચો કરવા કહ્યું. એ રાજાનો ખાસ સંદેશો લઈ આવ્યો હોય એમ લાગ્યું. મેં મારી હથેલી પર એને ઊભો રાખી વાત કરવા માંડી.



મારા મિત્ર તરીકે મને છૂટો કરવામાં એનો પૂરો હાથ હતો, એટલે મેં એનો ઉપકાર માનવો શરૂ કર્યો. એણે મને બોલતાં અધવચ અટકાવ્યો ને જણાવ્યું કે, તે વખતની રાજકીય પરિસ્થિતિને લીધે જ મને જલદી છૂટી મળી હતી.

એક કારણ તો રાજપુરુષોમાં ફાટફૂટને લીધે બે વિરોધી પક્ષ પડ્યા છે તે; અને બીજું કારણ દુશ્મનરાજ્ય આપણા પર ચડી આવવાની તૈયારી કરે છે તે.

આ બે પક્ષ પડ્યા છે, તે ટ્રામેક્સન અને સ્લામેક્સનને નામે ઓળખાય છે. ટ્રામેક્સન પક્ષના લોકો જોડાની એડી ઊંચી રાખે છે, જ્યારે સ્લામેક્સન નીચી રાખવામાં માને છે.

ઊંચી એડીવાળા પુરાણી રાજ્યપદ્ધતિમાં માને છે. શહેનશાહ પોતે નીચી એડીમાં માને છે, અને રાજ્યકારભારમાં પણ નીચી એડીવાળાને જ રાખવામાં આવે છે.

રાજ્યના મોટા હોદ્દાઓ તેમ જ બીજાં માનઅકરામ પણ નીચી એડીવાળાને જ મળે છે. ખુદ શહેનશાહના જોડાની એડી પણ એક 'ડ્રુંર'–કણ જેટલી બીજાની એડીઓ કરતાં નીચી છે.

આ બંને પક્ષો વચ્ચે એટલી બધી દુશ્મનાવટ છે કે, એકમેક સાથે ખાવાપીવાનો તો શું, પણ બોલવાનો પણ વ્યવહાર નથી. ટ્રામેક્સન એટલે ઊંચી એડીવાળાની સંખ્યા અમારા કરતાં ઘણી વધારે છે, અને નામદાર યુવરાજને પણ ઊંચી એડી તરફ પક્ષપાત હોય એમ લાગે છે; કારણ કે એમના એક જોડાની એડી બીજા જોડાની એડી કરતાં વધારે ઊંચી હોય છે, એટલે ચાલતી વખતે હંમેશાં તે લંગડાય છે.

આમ એક તરફ આંતરિક અશાંતિ છે, ત્યાં બીજી તરફ બ્લેફુસ્કુ તરફથી અમારા પર ચડાઈની તૈયારી ચાલે છે.

બ્લેફુસ્કુ પણ એક ટાપુ છે અને પૃથ્વી પર અમારા જેટલું જ એ બીજું બળવાન મહારાજ્ય છે.

તમે કહો છો કે, પૃથ્વી પર બીજા દેશો તમારા જેવા માણસોથી ભરેલા છે; તેને માટે અમારા પંડિતો અને શાસ્ત્ર જાણનારાઓ શંકા ઉઠાવે છે.

તમે ચંદ્રમાંથી કે બીજા કોઈ ગ્રહમાંથી આ પૃથ્વી પર પડ્યા હશો, એમ તેઓ અનુમાન બાંધે છે. કારણ કે, તમારા જેવા સો મનુષ્યો અમારા આખા રાજ્યનો પળવારમાં નાશ કરી નાખે.

અમારો છ હજાર ચાંદ્રમાસ જૂનો ઇતિહાસ, લીલીપુટ ને બ્લેફુસ્કુ એ બે મહારાજ્યો ઉપરાંત, તમારે વિષે જરા પણ ઉલ્લેખ કરતો નથી.

આ બે મહારાજ્યો વચ્ચે ત્રેસઠ ચાંદ્રમાસથી સતત વિરોધ જાગ્યો છે. એ વિરોધનું મૂળ કારણ એમ થયું છે કે, સાધારણ રીતે પુરાણી રીત પ્રમાણે આપણે રોટલી પછી ભાત ખાઈએ છીએ. પરંતુ હાલના નામદાર શહેનશાહના દાદા જ્યારે નાના હતા ત્યારે એક વાર રોટલી ખાતાં ખાતાં એમની જીભ કચરાઈ. આથી એમના બાપે (તે વખતના શહેનશાહે) ઢંઢેરો પિટાવ્યો કે, એમની પ્રજાએ જમવામાં પહેલો ભાત ખાવો, અને પછી રોટલી ખાવી; આ પ્રમાણે નહિ કરવામાં આવે, તો દેહાંતદંડની શિક્ષા કરવામાં આવશે.

લોકોને આ કાયદાથી એટલો ગુસ્સો આવ્યો કે, છ વખત હુલ્લડ થયાં એમ ઇતિહાસ જણાવે છે. એ હુલ્લડોમાં એક શહેનશાહે તો પોતાનો જીવ ખોયો અને બીજાએ રાજ્ય ખોયું.

વારંવાર આ હોળી સળગાવવામાં બ્લેફુસ્કુનો સંપૂર્ણ હાથ હતો. કેમ કે જ્યારે જ્યારે આ બળવાખોરોને હરાવવામાં આવતા, ત્યારે તેઓ બ્લેફુસ્કુને આશરે નાસી જતા.

આ તકરારમાં અગિયાર હજાર માણસોએ પહેલો ભાત ખાવા કરતાં મોત પસંદ કર્યું !

આ વાદવિવાદ પર હજારો પુસ્તકો લખાયાં છે. પણ રોટલીખાઉઓનાં લખેલાં પુસ્તકો ઉપર આ રાજ્યમાં પ્રતિબંધ છે. એ લોકોને તો કાયદાની મદદ વડે રાજ્યમાં નોકરી કરતા પણ અટકાવ્યા છે.

બ્લેફુસ્કુના શહેનશાહે આ ઝઘડા દરમ્યાન પોતાના એલચી મારફતે ઘણી વાર અમને કહેવડાવેલું કે, આ કાયદાથી ધર્મનું અપમાન થાય છે. કારણ કે, મહાન ધર્મગુરુ લસટ્રૅગેસમના 'બ્લન્ડેક્લ' (ધર્મ પુસ્તક)ના ચોપનમા અધ્યાયમાં જે વચનો કહ્યાં છે, તેનાથી આ ઊલટું જ કરવામાં આવે છે.

એની સામે અમારી દલીલ એવી છે કે, એ શબ્દોનો મારી મચડીને આવો અર્થ કરવામાં આવ્યો છે. ખરેખર શબ્દો આ પ્રમાણે છે: "શાસ્ત્ર પ્રમાણે રોટલી તથા ભાતને વિધિ પ્રમાણે ખાવાં." આમાં વિધિ પ્રમાણે ખાવાનું કહ્યું છે, પણ પહેલાં રોટલી કે પહેલાં ભાત એ સ્પષ્ટ થતું નથી. એ નક્કી કરવું એ તો રાજાના હાથમાં; કારણ કે રાજા કાળનું કારણ મનાય છે.

પરંતુ રોટલીખાઉઓને બ્લેફુસ્કુમાં એટલું ઉત્તેજન મળ્યું છે કે, આજે ત્રેસઠ ચાંદ્રમાસથી બંને રાજ્યો વચ્ચે આ મરણતોલ વિગ્રહ ચાલે છે!

આ લડાઈ દરમ્યાન અમારાં ચાળીસ મોટાં વહાણો નાશ પામ્યાં; અને નાનાં વહાણો કેટલાં ખોયાં હશે તેનો તો હિસાબ જ નથી. ત્રીસ હજાર માણસો નૌકાયુદ્ધમાં હણાયાં; ને બીજા લડવૈયાઓ મરાયા હશે તે તો જુદા.

દુશ્મનોને જે નુકસાન થયું, તે તો અમારા કરતાં પણ વધારે મનાય છે. તે છતાં એ લોકોએ પાછું નૌકાસૈન્ય એકઠું કર્યું છે અને હવે તેઓ અમારા પર ચડી આવવાની તક જુએ છે.

નામદાર શહેનશાહે મને એટલા જ માટે તમારી પાસે મોકલ્યો છે. એમને તમારામાં વિશ્વાસ છે, તેથી આ બીના તમારી આગળ રજૂ કરવા મને ફરમાવ્યું છે ને અમારી મદદે આવવા તમને કહેવડાવ્યું છે.

મેં મંત્રી સાથે શહેનશાહને જણાવ્યું કે, 'એક પરદેશી તરીકે રાજ્યની આંતરિક લડાઈમાં હું ભાગ ન લઈ શકું; પરંતુ રાજ્ય પર કોઈ બહારનો દુશ્મન ચડી આવશે, તો મારા જીવને જોખમે પણ મદદ કરીશ.'

૨. રાક્ષસખંડમાં

[વેંતિયાઓના દેશમાંથી કોઈ પણ રીતે ગુલિવર સ્વદેશ પાછો ફરે છે. ફરી પાછો બીજી વાર મુસાફરીએ નીકળે છે. આ વખતે પણ તોફાનમાં વહાણ ઘસડાઈ જતાં ગુલિવર એક જુદી જ જાતના પ્રદેશમાં આવી ચડે છે. લીલીપુટ કરતાં તે દેશમાં

બધું ઊલટું જ છે—અર્થાત્, જેમની સરખામણીમાં ગુલિવર પોતે વેંતિયો શું અંગૂઠિયો લાગે, એવાં માણસો ત્યાં રહે છે! ત્યાં પણ તેને પકડીને રાજા પાસે લઈ જવામાં આવે છે, અને તે ત્યાં બધાંના નાના રમકડા તરીકે રહે છે. હવે વાંચો.]

૧

રાજા સાહેબને સંગીતનો બહુ શોખ હતો, એટલે ઘણુંખરું સંગીતના જલસા કરાવતા. આવે વખતે મને પણ હાજર રહેવાનું આમંત્રણ આપતા. મારી પેટી સાથે જ મને લઈ જવામાં આવતા અને એમની નજીક મેજ પર મારી પેટી મુકાતી. એમનાં વાજિંત્રોનો અવાજ એટલો મોટો નીકળતો કે મારા તો કાન ફૂટી જતા. એટલે એમના સંગીતની ખૂબી હું સમજી જ નહોતો શકતો. મારે મન તો એ મોટા ભેંસાસુરનો અવાજ જ લાગતો.

આથી હું તો મારી પેટી બંધ કરી, દૂર દૂર મુકાવી, તેનાં બધાં બારી-બારણાં બંધ કરાવી, મારા કાનમાં આંગળાં ખોસી બેસતો. આમ આટલો અવાજ રોકયા પછી જ એમના સંગીતનો રસ હું કાંઈ ચાખી શકતો!

રાજાસાહેબને આપણા દેશ વિષે જાણવાનું બહુ ગમતું; એટલે મને ઘણું-ખરું એમની પાસે બોલાવતા અને મારી પેટી એમના મેજ પર મુકાવી, પેટી ઉપર મારી ખુરશી મુકાવી મારી સાથે જાત જાતની વાતો કરતા.

એક દિવસ તો વાતમાં ને વાતમાં મેં એમને જણાવી દીધું કે, " જે તિરસ્કારની દૃષ્ટિથી અમારા દેશને તેમ જ દુનિયાના બીજા ભાગોને આપ જુઓ છો, તે આપના જેવા વિદ્વાન માણસને છાજતું નથી. માણસની બુદ્ધિને શરીરના પ્રમાણ સાથે કશો સંબંધ નથી. રાક્ષસી શરીરવાળા વધારે બુદ્ધિમાન એવું કોઈ ઠેકાણે સાબિત થયું નથી. અમારા દેશમાં તો કહેવત છે કે, 'બહોત લંબા સો બેવકૂફ.' જંતુઓમાં પણ કીડી તેમ જ મધમાખી અક્કલમાં તો મોટાં મોટાં પ્રાણીને હઠાવે એવાં હોય છે. એ ઝીણાં જંતુઓ તો કેટલાંએક મોટાં પ્રાણીઓ કરતાં પણ વધારે ઉદ્યોગી, ડહાપણવાળાં અને કાર્યકુશળ હોય છે. હું જોકે આ દેશના લોકોના પ્રમાણમાં એક નજીવું જ પ્રાણી છું, છતાં કોઈક દિવસ આપને ઉપયોગી થઈ હું આ વાત સાબિત કરી આપીશ."

રાજા સાહેબે મારું આ ભાષણ બહુ ધ્યાનથી સાંભળ્યું. એમના ઉપર એની સારી અસર થઈ અને મારે વિષે એમને કાંઈક માન પણ ઉત્પન્ન થયું.


૨

આપણા દેશ વિષે પણ હું જે કહેતો તેની ખૂબ નોંધ એ પોતાની નોંધ-પોથીમાં કરી લેતા અને તે વિષે કંઈ ટીકા કરવી હોય તે છૂટથી કરતા. પહેલાં

તો મેં તેમની આગળ આપણા દેશનું વર્ણન કર્યું અને પછી આપણા ઇતિહાસની રૂપરેખા તેમને કહી બતાવી.

એ સાંભળીને એમને બહુ જ નવાઈ લાગી. આવડો મોટો દેશ, જેનો ઇતિહાસ વીરોનાં પરાક્રમોથી ભરપૂર, તે પરદેશીઓના હાથમાં જાય, પરદેશીઓ પોતાનું રાજ્ય સ્થાપે, અને દેશના રાજાઓ અદેખાઈને લીધે આપસઆપસના લડાઈ-ટંટાને લીધે માંહોમાંહે લડી પરદેશીને એનું રાજ્ય સ્થાપવામાં મદદ કરે, વગેરે સાંભળી રાજાજીએ આપણા લોકો વિષે જરાયે સારો અભિપ્રાય બાંધ્યો નહિ. બધું સાંભળી છેવટે એમણે નિર્ણય આપ્યો કે, 'દુનિયાની સપાટી પર ચાલતા નાનામાં નાના કીડા કરતાં પણ તમે લોક અધમ હોવા જોઈએ !'

આપણા લોકો વિષે રાજાસાહેબનો આવો મત જાણી મને બહુ લાગી આવતું. હું ઘણી વાર આપણા દેશની મોટાઈ વિષે વાતો કરી આપણો બચાવ કરતો. એક દિવસે એ મોટાઈમાં તણાઈને મેં એમને દારૂગોળાના ઉપયોગ વિષે કહ્યું કે, 'અમારા દેશમાં અમે એક એવી ભૂકી વાપરીએ છીએ કે, જો એના પર અગ્નિની જરા જેટલી ચિનગારી પડે, તો ભયંકર અવાજ સાથે મોટો ભડકો થાય. એ ભૂકીમાં એવી શક્તિ છે કે, પહાડોના પહાડો હવામાં ઉડાડી દે. અને જો એક સાંકડી નળીમાં ભરી સળગાવી હોય, તો એના બળે લોખંડના ગોળાઓ દૂર લગી ફેંકે. એ લોખંડના ગોળાના પ્રહારે મોટાં મોટાં લશ્કરો નાશ પામે; કિલ્લાની મજબૂતમાં મજબૂત દીવાલના પણ ભાંગીને ચૂરા થઈ જાય. લડાઈમાં અમે આ દારૂગોળાનો ઉપયોગ છૂટથી કરીએ છીએ. આ દારૂગોળો મને બનાવતાં આવડે છે; આપની જો ઇચ્છા હોય તો આપના કારીગરોને એ બનાવતાં શીખવું.'



રાજાજીને તો આ ભયંકર શસ્ત્રનું વર્ણન સાંભળી શરીરે કમકમાં આવ્યાં. એ બોલ્યા : 'મને નવાઈ લાગે છે કે, તારા જેવા એક નજીવા દુર્બળ પ્રાણીને આવા રાક્ષસી વિચારો શી રીતે આવે છે અને આવી ભયાનક વિનાશની વાતો જરા પણ અચકાયા વિના તું બેધડક શી રીતે કરી શકે છે ! આ દારૂગોળાની શોધ કરનાર જરૂર કોઈ અસુર હોવો જોઈએ. નવી નવી શોધખોળનો મને શોખ છે; પણ આવી શોધ તો તને જ મુબારક ! મારે

તે જાણવાની જરાયે ઇચ્છા નથી. અને તને જો તારી જિંદગી વહાલી હોય, તો આ દેશમાં તે વિષે બીજા કોઈને જરા અણસારો પણ કરતો નહિ.'

મને તો રાજાજીના સાંકડા મનનું જ આ પરિણામ લાગ્યું.

પરંતુ આ દેશના લોકોનું શિક્ષણ જ એવું છે. અહીં નીતિ, ઇતિહાસ, કવિતા અને ગણિત એ ચાર જ શિક્ષણના વિષયો ગણાય છે. ગણિત પણ ખેતી તેમ જ યાંત્રિક વિદ્યામાં ઉપયોગી થાય તેટલું જ. 'જ્યાં ઘાસનું એક તણખલું ઊગતું હોય ત્યાં બે ઉગાડે, જ્યાં એક દાણો પેદા થતો હોય ત્યાં બે દાણા પેદા કરે, એવો ખેડૂત મારે મન તમારા હજારો રાજનીતિજ્ઞ પુરુષો કરતાં વધારે'—એમ મારી ટીકાના જવાબમાં રાજાજીએ કહ્યું.

એ લોકોના કાયદાની વ્યાખ્યાના શબ્દો પણ બારાખડીના અક્ષરો કરતાં વધારે હોવા જોઈએ નહિ. બાવીસ અક્ષરની એમની બારાખડી; એટલે કાયદાની વ્યાખ્યામાં વધારેમાં વધારે બાવીસ અક્ષરો હોઈ શકે. આ કારણથી સરળ અને સ્પષ્ટ ભાષામાં તેમ જ ટૂંકાણમાં એમના કાનૂનો લખાય. જે વ્યાખ્યા આપવામાં આવી હોય, તેનો એક જ અર્થ થાય. કાયદા પર ટીકા કે ટીપણીની જરૂર જ ન પડે. અને છતાં જો કોઈ લખે, તો તેને દેહાંતદંડની શિક્ષા કરવામાં આવે.

છાપવાની કળા પણ ચીન દેશની માફક અહીં ઘણાં વર્ષોથી જાણીતી છે. પરંતુ એમનાં પુસ્તકાલયો ખાસ મોટાં નથી. રાજાસાહેબનું ખાનગી પુસ્તકાલય, જે મોટામાં મોટું ગણાય છે, તેમાં હજારથી વધારે પુસ્તકો નથી. આ પુસ્તકાલયનો છૂટથી ઉપયોગ કરવાની મને પરવાનગી આપવામાં આવી હતી.

રાણીસાહેબના સુતારે મારે માટે એક પચીસ હાથ ઊંચો પગથિયાંનો ઘોડો બનાવ્યો હતો. આ ઘોડાનું દરેક પગથિયું પચાસ હાથ લાંબું રાખવામાં આવ્યું હતું. મારે જે પુસ્તક વાંચવું હોય તે ભીંતને અઢેલી ઊભું રાખવામાં આવતું. પછી પુસ્તકથી દસ હાથને છેડે પેલો ઘોડો મૂકવામાં આવતો. હું છેક એની ટોચ પર ચડી મથાળેથી પુસ્તકને વાંચવાનું શરૂ કરતો. એની લીટીઓ વાંચવા માટે મારે એના પગથિયા ઉપર આગળ પાછળ ચાલવું પડતું. આમ કરતાં છેક નીચલા પગથિયા પર આવી હું પુસ્તકનું પાનું પૂરું કરતો; અને પાનાને ફેરવી વળી પાછું ઉપર ચડી વાંચવાનું શરૂ કરતો. પાનાની જાડાઈ પણ ખાસ્સી જાડા પૂંઠા જેવી. મોટામાં મોટા પુસ્તકની લંબાઈ અઢારથી વીસ હાથ જેટલી હશે.

એમની લખવાની ભાષા સચોટ, જોરદાર, સરળ અને અલંકાર વિનાની છે. નકામા શબ્દો કે વાક્યો વાપરતાં એમને આવડતું જ નથી. મેં એમનાં પુસ્તકો — ખાસ કરીને ઐતિહાસિક અને નીતિને લગતાં — ઠીક સંખ્યામાં વાંચ્યાં હતાં. નીતિનાં પુસ્તકો વાંચવાનો મને ખાસ રસ પડતો. આપણા લેખકોની માફક ત્યાંના લેખકો પણ મનુષ્યની નિર્બળતા ઉપર શોક કરે છે. મનુષ્ય કદમાં તેમ જ બીજી રીતે પણ દહાડે દહાડે નિર્બળ થતો જાય છે, દુનિયા બગડતી જાય છે, એ એમનું ખાસ સૂત્ર હતું.

રાજાનું સ્થાનિક લશ્કર એક લાખ છોતેર હજાર પાયદળ અને બત્રીસ હજાર ઘોડેસવારોનું બનેલું છે. એમના લશ્કરમાં વેપારી વર્ગનાં, ખેડૂત વર્ગનાં તેમ જ બીજા વર્ગનાં માણસોને સૈનિક તરીકે જોડાવું પડે છે.

લોરબ્રલગ્રુડના રક્ષણ માટે જે લશ્કર છે, તેને શહેર બહાર વીસ કોસના ઘેરાવાવાળા ચોગાનમાં ઘણી વાર કવાયત કરતાં મેં જોયું હતું. એ લશ્કરમાં આશરે છવ્વીસ હજાર પાયદળ અને દસ હજાર ઘોડેસવાર છે. એ વિશાળ ચોગાનમાં એમની સંખ્યા ગણવી મારે માટે તો અશક્ય હતી. એક ઘોડેસવાર ઘોડા પર બેસતો ત્યારે નેવું હાથ ઊંચો લાગતો. સેનાપતિનો હુકમ છૂટતાં જ્યારે સૈનિકો સામટા પોતાના મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી આમ તેમ ઘુમાવતા, ત્યારે કલ્પનામાં પણ ન આવે એવું અદ્ભુત દૃશ્ય દેખાતું. વીજળીના હજારો ચમકારા આકાશમાં ચારે બાજુએથી થતા હોય એવો ભાસ થતો!

મને નવાઈ તો એ લાગતી કે, આવા દેશને લશ્કરની શી જરૂર હશે? એ દેશમાં કોઈ પણ પરદેશી આવી શકે એવું નહોતું. પરંતુ મનુષ્યસ્વભાવ બધે સરખો જ છે. સત્તાનો લોભ મનુષ્યમાત્રને છે. એમની વાતચીત પરથી અને એમના ઇતિહાસનાં પુસ્તકો વાંચ્યા પછી મને જણાયું કે, બીજા દેશોમાં જેવું બને છે, તેવું ત્યાં પણ બને છે.

એક બાજુ સત્તાના ભૂખ્યા ઉમરાવો, બીજી બાજુ સ્વતંત્રતા ચાહતી પ્રજા, અને ત્રીજી બાજુ પોતાના એકલાના જ હાથમાં હકૂમત રાખવાની ઇચ્છાવાળા તથા પોતાને ઈશ્વરનો અંશ માનનારા રાજાઓ, — આ ત્રણ બળ જ્યાં લગી રાજ્યના કાયદાઓને અનુસરી સમતોલ રહે, ત્યાં લગી સારું; પણ ભોગ જોગે એક પક્ષ બળવાન બની કાયદાનો ભંગ કરી ખેંચતાણ કરે, એટલે ઝઘડાઓ થાય જ. આ રાજ્યમાં છેલ્લો ઝઘડો આ રાજાના દાદાના વખતમાં થયો હતો. ત્યારથી આ સ્થાનિક લશ્કર રાખવામાં આવ્યું છે, અને હવે ઝઘડા થતા નથી.

સંપા૰ હંસાબહેન મહેતા

સ્વાધ્યાય

૧. જોનાથન સ્વિફ્ટ (૧૬૬૭–૧૭૪૫) નામના એક અંગ્રેજ લેખકે 'ગુલિવર્સ ટ્રાવેલ્સ' નામે એક જગવિખ્યાત કટાક્ષ-કથા લખી છે. તેમાં તેણે બે જુદા જુદા દેશો — વેંતિયાનો અને રાક્ષસી કદના લોકોનો — વિષે નિરૂપેલી વાતો દ્વારા આપણા સુધરેલા કહેવાતા સમાજ અને તેની રહેણીકરણી બાબત ભારે કટાક્ષ કર્યો છે. એ પુસ્તકનું રૂપાંતર શ્રી. હંસાબહેન મહેતાએ 'ગોળીબારની મુસાફરી' નામે કર્યું છે. તેમાં તેમણે ગુલિવરને સુરત તરફનો 'ગોળીબાર' તરીકે વર્ણવ્યો છે. બાકીનું બધું તો સરખું જ છે. તે પુસ્તકમાંથી બંને દેશો બાબત થોડા થોડા ભાગો આ પાઠમાં લીધા છે.

શ્રી. હંસાબહેન મહેતા (જન્મ ઈ. સ. ૧૮૯૭) મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા — ના કુલનાયક પદે છે; તથા તાજેતરમાં તેમનો વાલ્મીકિ રામાયણનો સમશ્લોકી અનુવાદ પ્રસિદ્ધ થવા લાગ્યો છે.

૨. આવી કટાક્ષ-કથા દ્વારા સમાજના કોઈ દૂષણ અંગે ટીકા કરવાની રીત બીજા પણ લેખકોએ અપનાવી છે. સર્વેન્ટિસ નામના સ્પેનના લેખકે (૧૫૪૭–૧૬૧૬) 'ડૉન કિવક્સોટ' નામે એક આવી જ વિશ્વવિખ્યાત કટાક્ષ-કથા લખી છે.

૩. વેંતિયાઓના દેશમાં ઊંચી એડી કે નીચી એડીવાળા જોડા પહેરનાર પક્ષોની લડાઈના અનુસંધાનમાં ઇંગ્લંડ દેશના જુદા જુદા રંગનાં ગુલાબ પહેરનારા પક્ષો, અથવા માથા ઉપર 'વીગ' — લાંબા વાળ પહેરનારા અથવા બોડકા માથાવાળા 'ટૉરી' એ પક્ષોની પંદરમા તથા અઢારમા સૈકાની લડાઈઓ યાદ કરો.

પ્રશ્ન

૧. આ પાઠમાં આવતી બીનાઓ અને વિગતો દ્વારા આપણા સમાજની કઈ કઈ ટેવો વગેરેની ટીકા કરાઈ છે, તે તારવી કાઢો.

૨. દારૂગોળાની આપણી શોધ વિષે રાક્ષસખંડનો રાજા શું કહે છે?

દિવેલિયું વિ૰ = દિવેલ પીધું હોય તેવું (ખિન્ન – ઊતરી ગયેલું મોં)

ચાંદ્રમાસ પું૰ [સં.] = ચંદ્રની ગતિ ઉપરથી ગણાતો કાળ (મહિનો અર્થ ન લેવો)

ભેંસાસુર પું૰ = ભયંકર રમાણસ – પાડાના આકારનો રાક્ષસ

(–ને) મુબારક (હો!) = ની પાસે ભલે રહો; અમારે એ ન જોઈએ!

२६

દુહા

(લોકસાહિત્ય)

कूवा ढांकण ढांकणुं, खेतर ढांकण वाड;
बापनुं ढांकण बेटडो, घरनुं ढांकण नार. १

कर पर पहेरे कडां, कर पर कर धारे नहीं;
ई माणस नहीं पण मडां, साचुं सोरठियो भणे. २

चंगा माढू घर रहे, त्रण अवगुण होय :
कापड फाटे, ऋण वधे, नाम न जाणे कोय. ३

पान, पदारथ, सुघड नर, वण तोळ्यां वेचाय;
जेम जेम भूमि पालटे, तेम मूल मोंघेरां थाय. ४

कोठारुंमां कण सडे, कांसुं काट ज खाय;
जोगी नर झांखो रहे, कहो चेला केम थाय?
—भभूत विना. ५

भमरडो भमे नहि, कापड कठण न थाय;
धोरी हळ हांके नहि, कहो चेला केम थाय?
—आर विना. ६

पान सडे, घोडा अडे, विद्या वीसरी जाय;
रोटी दाझी खाख थई, कहो चेला केम थाय?
—फेरव्या विना. ७

जोई वहोरिये जात, मेले नहि मरतां लगी;
पडी पटोळे भात, फाटे पण फीटे नहि. ८

घेली माथे बेडलुं, मरकट कोटे हार;
जुगारी गांठे गर्थ ते, टके केटली वार? ९

भर आषाढी पंचमी, होय वादळ के वीज;
धान्य वेचीने धन करो, राखो धोरी बीज. १०

भर आषाढी पंचमी, जो झबूके वीज;
नदी नाळां भराई जशे, राखो बळद ने बीज. ११

शनि रवि के मंगळे, जो पोढे जदुराय;
चाक चडावे मेदनी, करके पाज बंधाय. १२

आषाढी वद अष्टमी, जो कदी वादळ छांय;
चारे मास तबूकिया, जाणे गांडो राय. १३

श्रावण पहेलां चार दी, मेघ न मांडे राड;
पियु पधारो माळवे, अमे जाशुं मोसाळ. १४

मृगसर न वाया वायरा, आदरा न वूठा मेह;
जोबन न जायो बेटडो, त्रणे हार्यां तेह. १५

जेठ गियो अषाड गियो, श्रावणिया तुं पण जा;
भादरवो भल रेलशे, छठ्ठे अनुराधा. १६

बहेरा आगळ गावणुं, मूंगा आगळ घाल;
अंधा आगळ नाचणुं, ए त्रणे हालहवाल. १७

राग, पाग ने पगरखुं, नाडी ने वळी न्याय;
तरवुं तंतरवुं ने तस्करवुं, ए आठे आपकळाय. १८

सती नार, भोरिंग मणि, शूराने शरणांत;
करपी धन, मूछ केसरी, मूए जाय परहाथ. १९

नाम रहंतां ठाकरां, नाणां नहीं रहंत;
कीरत केरां कोटडां, पाडियां नहि पडंत. २०

कंथा रणमां पेठके, केनी जोये वाट;
साथी तारा त्रण छे, हैयुं, कटारी, हाथ. २१

भागे शुं तुं कंथडा, तुं भागे मुज खोट;
मारी सहु साहेलीओ, ताळी दे मुख मोड. २२

हैडा भीतर दव बळे, कोय न जाणे सार;
कां मन जाणे आपणुं, कां जाणे करतार. २३

दुखियो दुखडां सांभळी, अरधां दुखडां लई ले;
पण सुखियाने दुःख कहे, हसी हसी ताळी दे. २४

खाय तेनो खूणो, पीए तेनुं घर;
सूंघे तेनां लूगडां, ए त्रणे बराबर. २५

સ્વાધ્યાય

૧. જે સાહિત્ય કોઈ પુસ્તક રૂપે લખાયું નથી, પણ લોકોમાં પરંપરાથી બોલાતું આવ્યાથી સચવાઈ રહ્યું છે, તેને લોકસાહિત્ય કહે છે. જોકે હવે તો આ સાહિત્ય છપાવા લાગ્યું છે, પરંતુ આવા સાહિત્યના લેખકો ઘણે ભાગે અજ્ઞાત હોય છે.

દુહા, વાર્તા, ગીત એમ આ સાહિત્યના જુદા જુદા પ્રકાર છે. આ પાઠમાં કેટલાક દુહા આપ્યા છે. એમાંનો દરેક દુહો એક સ્વતંત્ર કાવ્ય છે. એક જ ટૂંક કે શ્લોકમાં જેનું કહેવાનું આવી ગયું હોય, એવા કાવ્યને 'મુક્તક' કહે છે. ઘણાં મુક્તકોમાં ઘણા જ થોડા શબ્દોમાં જીવનના સારરૂપ જ્ઞાન કે ડહાપણ સચોટ રીતે કહેલું હોય છે. આ પાઠના દુહા એવાં સુભાષિતના દાખલા છે. દુહો ગાવાની રીત શીખો.

૨. ૫-૬-૭ દુહાઓમાં પ્રશ્ન કરવામાં આવ્યો છે કે, અમુક બાબતો શા કારણે બને છે. તે બધાનો એક જ જવાબ એવા શબ્દોમાં હોય છે, કે જે દુહાના બધા સવાલોને લાગુ પડે.

૩. જુદી જુદી તિથિઓએ જુદી જુદી ઘટનાઓ ઉપરથી વરસાદનું ભવિષ્ય ભાખવાને લગતા કેટલાક દુહાઓ હોય છે. તે બધા ભડળી નામે અજ્ઞાત વ્યક્તિને નામે મશહૂર હોઈ, ભડળી-વાક્ય તરીકે જાણીતા છે. ૧૦ થી ૧૬ સુધીના દુહા એ જાતના છે.

પ્રશ્નો

૧. કઈ કઈ વસ્તુઓ ફેરવ્યા વિના બગડે?
૨. કઈ કઈ કળાઓ આપ-કળા કહેવાય છે? શા માટે?
૩. કઈ વસ્તુઓ મર્યા બાદ જ પારકાને હાથ પડે? શાથી?
૪. છેલ્લા દુહામાં જણાવ્યા પ્રમાણે, તમાકુનું વ્યસન રાખનારનું શું શું બગડે?

કર પર કર ધારવો = દાન કરવું (તે વખતે લેનારના હાથ ઉપર આપનારનો હાથ હોય છે.)
ચંગા વિ૦ = રૂડા; સારા
માહ્ય પું૦ = પુરુષ
આર સ્ત્રી૦ = ભમરડો જેના ઉપર ફરે છે તે લોઢાની અણી (૨) પરોણાની અણી (૩) પું૦ કાંજી; ખેળ
અડે = અટકી પડે - હઠીલો થાય
જદુરાય પોઢવા = દેવ પોઢે તે અગિયારશ; દેવપોઢી (અષાઢ સુદ અગિયારશ)
કરકે પાજ બંધાય = એટલાં બધાં માણસ મરે કે તેમનાં કરક - હાડપિંજર વડે મોટી પાળ બની રહે
તબૂકવું અ૦ ક્રિ૦ = વરસ્યા કરવું
રાય પું૦ = મેઘરાજા
આદરા સ્ત્રી૦ = આર્દ્રા નક્ષત્ર
વૂઠવું સ૦ક્રિ૦ = વરસવું
જાયો = જન્મ્યો
ધાલ સ્ત્રી૦ = પંક્તિ - મંડળી
પાગ સ્ત્રી૦ = પાઘડી બાંધવાની કળા
(શૂરાને) શરણાંત વિ૦ પું૦ = (શૂરાનો) શરણાગત
કરપી ધન = કંજૂસનું ધન

૨૭

ગં૦ સ્વ૦ વાસંતીદેવી

વાસંતીદેવીની સાથેનો મારો પરિચય સને ૧૯૧૯ની સાલથી છે. ગાઢ પરિચય ૧૯૨૧માં થયો. તેમની સરળતા, તેમની ચાતુરી, ને તેમના અતિથિ-સત્કાર વિષે તો બહુ સાંભળ્યું હતું. તેનો અનુભવ પણ ઠીક થયો હતો. જેમ દાર્જિલિંગમાં દેશબંધુની સાથેનો મારો સંબંધ વધ્યો, તેમ વાસંતીદેવીની સાથેનો પણ વધ્યો. તેમના વૈધવ્યમાં તો પરિચય બહુ જ વધી ગયો છે. દાર્જિલિંગથી શબ લઈ ને કલકત્તે આવ્યાં છે, ત્યારથી હું એમની સોડે જ રહ્યો છું એમ કહી શકાય.

વૈધવ્ય પછીની પહેલી મુલાકાત તેમના જમાઈને ઘેર થઈ. ઘણી બહેનોથી વીંટળાઈને તેઓ બેઠાં હતાં. પૂર્વાશ્રમમાં તો હું તેમની કોટડીમાં પેસું એટલે તેઓ જ સામાં આવે ને બોલાવે. વૈધવ્યમાં મને કોણ બોલાવે? પૂતળાંની જેમ



સ્તબ્ધ થઈ બેઠેલી બધી બહેનોમાંથી મારે તેમને ઓળખી કાઢવાનાં હતાં. એક મિનિટ સુધી તો હું ખોળી જ રહ્યો. સેંથામાં સિંદૂર, કપાળે ચાંલ્લો, મોઢામાં પાન, હાથે બંગડીઓ અને સાડીએ કોર, હસમુખો ચહેરો — આમાંની એકે નિશાની હું ન જોઉં ને વાસંતીદેવીને કેમ ઓળખું? જ્યાં તેઓ હોવાં જ જોઈએ એવું માન્યું હતું ત્યાં જઈને હું તો બેઠો ને નિહાળીને મુખમુદ્રા જોઈ. જોવું અસહ્ય થઈ પડ્યું. ચહેરો તો ઓળખ્યો. રુદન રોકવું મુશ્કેલ થઈ પડ્યું. છાતી પથ્થર જેવી કરી. આશ્વાસન આપવું તો દૂર જ રહ્યું.

એમના મુખ ઉપરનું હંમેશનું હાસ્ય આજે ક્યાં હતું? મેં એમને સાંત્વન આપવા, રીઝવવા, બોલાવવા અનેક પ્રયત્નો કર્યા. ઘણી વારે હું સહેજ સફળ થયો.

દેવી જરા હસ્યાં.

મને હિંમત આવી ને હું બોલ્યો:

'તમારાથી રડાશે નહિ. તમે રડશો તો બધાં રડશે. મોના (મોટી દીકરી)ને માંડ છાની રાખી છે. બેબી (નાની દીકરી)ની હાલત તો તમે જાણો છો. સુજાતા (પુત્રવધૂ) પોકે પોકે રોતી હતી તે ભાગ્યે શાંત થઈ છે. તમે દયા રાખજો. તમારી પાસેથી તો હવે બહુ કામ લેવું છે.'

વીરાંગનાએ દૃઢતાપૂર્વક જવાબ આપ્યો :

'હું રડવાની નથી. મને રડવું આવતું જ નથી. પછી શું?'

આનો મર્મ હું સમજ્યો. મેં સંતોષ વાળ્યો.

રડવું દુઃખનો ભાર હળવો કરે છે. આ વિધવા બહેનને તો ભાર હળવો નહોતો કરવો, ઊંચકવો હતો. તે કેમ રડે? મારાથી હવે કેમ કહેવાય, 'ત્યારે ચાલો, આપણે ભાઈબહેન પેટ ભરી રડીએ ને દુઃખ ઠાલવીએ?'

હિંદુ વિધવા તો દુઃખની પ્રતિમા છે. તેણે સંસારના દુઃખનો બોજો વહોરી લીધો છે. તેણે દુઃખને સુખ કરી મૂક્યું છે; દુઃખને ધર્મ કરી મૂક્યો છે.

વાસંતીદેવીથી બધી જાતના ખોરાક ખવાતા. તેમના ૧૯૨૦ સુધીના કાળમાં તેમને ત્યાં છપ્પન ભોગ થતા ને સેંકડો માણસો જમતાં. તેમને તંબોળ વિના એક ઘડી ન ચાલતું. પાનની દાબડી પાસે જ પડી હોય.

હવે શણગારમાત્રનો ત્યાગ, તંબોળનો ત્યાગ, પકવાનોનો ત્યાગ, માંસમત્સ્યનો ત્યાગ; કેવળ ધણીનું ધ્યાન, પરમાત્માનું ધ્યાન.

ઘણી બહેનોને તેમના શણગાર ઓછા કરવા વીનવું છું. ઘણીને વ્યસનો છોડવા કહું છું. કોઈક જ ત્યાગે. પણ વિધવા? જે પળે હિંદુ સ્ત્રી વિધવા થાય છે, તે જ પળે તેનાં વ્યસન ને તેનો શણગાર, સરપની કાંચળીની જેમ, સરી પડે છે! તેને ન જોઈએ કોઈનું ઉત્તેજન, ન જોઈએ કોઈની મદદ! રિવાજ, તું શું નથી કરી શકતો?

આ દુઃખ સહન કરવામાં ધર્મ છે કે અધર્મ? આવું બીજા ધર્મમાં તો નથી ભાળ્યું. હિંદુ ધર્મશાસ્ત્રીઓએ ભૂલ તો નહિ કરી હોય? વાસંતીદેવીને જોઈને, હું ભૂલ નથી જોતો, પણ ધર્મની શુદ્ધ ભાવના ભાળું છું. વૈધવ્ય એ હિંદુધર્મનો શણગાર છે. ધર્મનું ભૂષણ વૈરાગ્ય છે, વૈભવ નહિ, — ભલે દુનિયા બીજું કહેવું હોય તે કહે.

પણ હિંદુશાસ્ત્ર કયા વૈધવ્યને વખાણે છે ને વધાવે છે? પંદર વર્ષની મુગ્ધા, જે વિવાહનો અર્થ પણ નથી જાણતી, તેના વૈધવ્યને નહિ. બાળવિધવાઓને સારુ વૈધવ્ય ધર્મ નથી, તે અધર્મ છે. પંદર વર્ષની બાળા વૈધવ્યને શું જાણે? તેને સારુ તો એ અત્યાચાર જ છે. બાળવિધવાઓની ભરતીમાં હિંદુધર્મની

પડતી જોઉં છું. વાસંતીદેવી જેવીના વૈધવ્યમાં શુદ્ધ ધર્મનું પોષણ જોઉં છું. વૈધવ્ય સર્વ પ્રકારે, સર્વ સ્થળે, સર્વ કાળે, અનિવાર્ય સિદ્ધાંત નથી. જે સાચવે તે સ્ત્રીને સારુ તે ધર્મ છે.

રિવાજના કૂવામાં તરવું સારું છે. તેમાં ડૂબવું એ તો આત્મહત્યા છે.

જેમ સ્ત્રીને તેમ પુરુષને હોવું જોઈએ. રામે તે કરી બતાવ્યું. સતી સીતાનો ત્યાગ પણ તેનાથી ન સંખાયો. પોતે કરેલા ત્યાગથી પોતે જ બળ્યા. જ્યારથી સીતા ગયાં ત્યારથી રામચંદ્રનું તેજ ઘટયું. સીતાના દેહનો ત્યાગ તેમણે કર્યો, પણ સીતાને પોતાના હૃદયની સ્વામિની બનાવી. તેમને ત્યારથી ન ખપ્યા શણગાર કે ન ખપ્યો બીજો વૈભવ. કર્તવ્ય સમજીને તટસ્થપણે રાજ્યકારભાર ચલાવીને તે શાંત રહ્યા.

જે આજે વાસંતીદેવી સાંખી રહેલ છે, જેમાંથી તે પોતાનો વિલાસ ખેંચી શકી છે, તે વસ્તુ પુરુષવર્ગ ન કરે, ત્યાં લગી હિંદુધર્મ અધૂરો. એકને ગોળ ને બીજાને થોર, એવો ઊલટો ન્યાય ઈશ્વરી દરબારમાં હોય નહિ ને છે જ નહિ. પણ અત્યારે તો હિંદુઓમાં પુરુષે એ ઈશ્વરી કાયદાને ઉલટાવી, સ્ત્રીને સારુ વૈધવ્ય કાયમ રાખી, પોતાને સારુ સ્મશાનભૂમિમાં જ બીજો વિવાહ યોજવાનો અધિકાર રાખ્યો છે ! ! !

વાસંતીદેવીએ હજુ સુધી કોઈના દેખતાં આંસુનું ટીપું સરખું નથી પાડયું. છતાં તેમના ચહેરામાં તેજ તો આવતું જ નથી. કેમ જાણે લાંબા મંદવાડમાંથી ઊઠયાં ન હોય, એવો તેમનો ચહેરો લાગે છે. આ સ્થિતિ જોઈ મેં થોડો સમય બહાર નીકળી હવા ખાવા વિનવણી કરી. મારી સાથે મોટરમાં તો બેઠાં, પણ બોલે શાનાં ? ઘણી વાતો મેં કાઢી તે સાંભળી, પણ પોતે તેમાં ભાગ્યે જ ભાગ લીધો. હવા ખાધી તો ખૂબ જ, પણ પસ્તાયાં. આખી રાત નિદ્રા ન આવી. 'જે વસ્તુ મારા પતિને અતિશય પ્રિય હતી તે મેં અભાગણીએ આજે કરી? આ તે શોક ?' આવા વિચારોમાં રાત્રી ગાળી. ભોંબલ (તેમનો દીકરો) મને આ ખબર આપી ગયો. મારો આ મૌનવાર છે. મેં કાગળ ઉપર લખી નાખ્યું છે: 'આ ગાંડપણ માતાજીમાંથી કાઢયે છૂટકો. આપણા પ્રિયતમને પ્રિય એવી ઘણી વસ્તુઓ આપણે તેના વિયોગ પછી કર્યે જ છૂટકો છે. માતાજી વિલાસને અર્થે મોટરમાં નહોતાં બેઠાં, પણ કેવળ આરોગ્યને ખાતર. તેમને સ્વચ્છ હવાની બહુ જરૂર હતી. આપણે તેમને બળ આપી તેમનું શરીર સાચવવું પડશે. પિતાજીના કાર્યને દીપાવવા ને વધારવા સારુ આપણને તેમના શરીરનો ખપ છે. આટલું માતાજીને કહેજો.'

"માતાજીએ આ વાત જ તમને કરવાની મને ના પાડી હતી. મારાથી ન રહેવાયું એટલે હું કહેવાને આવ્યો છું. હાલ તુરત તો તેમને મોટરમાં ન જવાનું કહો એ જ ઠીક લાગે છે,' ભોંબલ બોલ્યો.

બિચારો ભોંબલ! કોઈનો વાળ્યો ન વળે એ દીકરો આજ બકરી જેવો થઈને બેઠો છે. તેનું કલ્યાણ થાઓ.

પણ આ સાધ્વી વિધવાનું શું? વૈધવ્ય વહાલું લાગે છે, છતાં અસહ્ય લાગે છે. સુધન્વા ઊકળતા તેલમાં પડ્યો નાચે, ને મારા જેવા દૂર રહી જોનારા સુધન્વાનું દુઃખ કલ્પીને કાંપે. સતી સ્ત્રીઓ, તમારું દુઃખ તમે સંઘરજો. તે દુઃખ નથી પણ સુખ છે. તમારાં સ્મરણ કરી ઘણાં તર્યાં છે ને તરશે.

વાસંતીદેવીનો જય હો!

—ગાંધીજી

સ્વાધ્યાય

૧. ગાંધીજીને હિંદના બધા પ્રાંતોમાંથી કેટલાક ચુનંદા સાથીઓ મળ્યા હતા. બંગાળાના બારિસ્ટર ચિત્તરંજનદાસ (ઈ. સ. ૧૮૭૦–૧૯૨૫: તેમને લોકો, 'દેશબંધુ' કહેતા.) તેમાંના એક હતા. તેમના દુઃખદ અવસાન બાદ તેમનાં ધર્મપત્ની વાસંતીદેવી અંગેનો આ પાઠ છે. તે 'નવજીવન' પત્રના તા. ૧૮–૬–'૨૫ના અંકમાં પ્રગટ થયો હતો.

છેવટની બીમારી વખતે દેશબંધુદાસ દાર્જિલિંગમાં રહ્યા હતા; અને ત્યાં જ તેમનું (૧૯૨૫) અવસાન થયું હતું.

૨. 'ત્યાગમૂર્તિ' એ નામે ગાંધીજીનો લેખસંગ્રહ છે; તેમાં સ્ત્રીઓની કૌટુંબિક, સામાજિક સ્થિતિ અંગેના ગાંધીજીના લેખો સંઘરવામાં આવેલા છે. ગાંધીજી વિધવાને 'ત્યાગમૂર્તિ' એવા ભવ્ય નામે સંબોધે છે, તે શું કામ, એ આ પાઠ બતાવે છે.

૩. સુધન્વાની કથા જાણો. તેને ઊકળતા તેલની કઢામાં નાખવામાં આવ્યો હતો.

પ્રશ્નો

૧. વિધવા અને વૈધવ્ય વિષે ગાંધીજીના વિચારો તમારા શબ્દોમાં લખી જણાવો.

૨. રિવાજમાં સારું-નરસું શું છે, એ અંગે પાઠમાં આવેલા વિચારો ઉપરથી વિસ્તારીને કહો.

૩. પુરુષ માટે એક કાયદો અને સ્ત્રી માટે બીજો, એ ધર્મ કહી શકાય?

છપ્પનભોગ પું૦ બ૦ વ૦ = (વૈષ્ણવ મંદિરોમાં ઠાકોરજીને ધરાવાતી) છપ્પન પ્રકારની — અનેક વાનીઓ

મુગ્ધા સ્ત્રી૦ [સં.] = જુવાની તરતની ફૂટી હોય તેવી સ્ત્રી

ખપવું અ૦ ક્રિ૦ = જોઈવું; કામ લાગવું

મૌનવાર પુ૦ = મૌન પાળવાનો દિવસ (ગાંધીજી દર સોમવારે મૌન પાળતા)

૨૮

કિસા ગોતમી

કિસા ગોતમીનો જન્મ એક ગરીબ કુટુંબમાં થયો હતો. ઉંમર લાયક થતાં તેનું લગ્ન થયું. પરંતુ ગરીબ ઘરની હોવાથી સાસરિયાંમાં તેનો તિરસ્કાર થવા લાગ્યો. કેટલોક વખત વીત્યા બાદ એને એક પુત્ર થયો, અને તેથી તેનું માન વધવા લાગ્યું. કિસાને સ્વાભાવિક રીતે જ પોતાના પુત્ર ઉપર પુષ્કળ વહાલ હતું.

છોકરો મોટો થયો એટલે આમ તેમ નાચવા કૂદવા ને તોફાન કરવા લાગ્યો. પુત્રનાં એ રમતગમત અને તોફાન જોઈ માતા કિસાનું હૃદય હરખથી માતું નહિ. પરંતુ એવામાં અચાનક ગામમાં વાવર શરૂ થયો. બિચારી કિસાનો લાડકો પુત્ર તેમાં ઝડપાઈ ગયો.

તેને અચેતન પડેલો જોઈ ને કિસા અત્યંત શોકાતુર થઈ ગઈ. પોતાનો રમતો કૂદતો પ્રિય પુત્ર થોડી જ વારમાં આમ હતો ન હતો થઈ જાય, તે વાત તેના માનવામાં આવી નહિ. તેથી તે પોતાના મરેલા પુત્રને છાતીએ દાબતી દાબતી, તથા 'આને કંઈ ઓસડ આપો, આને કંઈ દવા આપો' એવી બૂમો પાડતી પાડતી, ગાંડાની જેમ આખા ગામમાં આમથી તેમ દોડવા લાગી.

'તારો પુત્ર તો મરી ગયો; મરેલાનું ઓસડ હોતું હશે ?' એવું કહીને લોકો તેને સમજાવવા મથતા. પરંતુ તે એ માની જ શકતી નહિ. અને પોતાનો પ્રિય પુત્ર જીવતો થવાની આશાએ તે બધા વૈદ્યોને ઘેર કાલાવાલા કરતી દોડવા લાગી. ધીમે ધીમે, શોક અને થાકથી તે ગાંડા જેવી બની ગઈ. અને લોકો જેમ જેમ તેને કહેતા કે, 'તારો છોકરો મરી ગયો છે, હવે તે જીવતો નહિ થાય,' તેમ તેમ તેને લાગતું કે, આ લોકો દ્વેષબુદ્ધિથી મને ખોટું સમજાવે છે અને મારા છોકરાને નાખી દેવાનું કહે છે.

તેની આવી કરુણાજનક સ્થિતિ જોઈ, એક ડાહ્યા માણસે તેને કહ્યું, 'બહેન, સામેના વિહારમાં ભગવાન બુદ્ધ રહે છે. તેમની પાસે જઈ ને તું તારા છોકરા માટે ઓસડ માગ. તે બહુ દયાળુ છે, એટલે જરૂર તારું દુઃખ દૂર કરશે..'

કિસાને આ માણસનું કહેવું ગમ્યું. તરત તે બુદ્ધ ભગવાન પાસે દોડી ગઈ, અને પોતાના મરેલા છોકરાને ગમે તેમ કરીને જિવાડવા માટે તેમને કાલાવાલા કરવા લાગી.

બુદ્ધ તેની સ્થિતિ પામી ગયા. તેમણે તેને કહ્યું કે, 'બાઈ, તું મારી પાસે આવી એ તેં ઠીક કર્યું. જરૂર હું તારા છોકરાની દવા કરીશ. પરંતુ પ્રથમ તું એક કામ કર: ગામમાં જઈ, જેના ઘરમાં આજ સુધીમાં કોઈ પણ સગુંવહાલું મરણ ન પામ્યું હોય, તેની પાસેથી ચપટી રાઈ માગી લાવ.'

કિસા ગોતમી રાજી થતી છોકરાના મડદા સાથે જ શહેરમાં દોડી અને લોકો પાસે ચપટી રાઈ માગવા લાગી. ચપટી રાઈ કોણ ન આપે? લોકો બહુ ખુશીથી તેને રાઈના દાણા આપવા તૈયાર હતા. પરંતુ તે પૂછતી કે, 'તમારા ઘરમાં કોઈ સગુંસંબંધી મરણ તો નથી પામ્યું ને? કેમ કે, મારે એવા ઘરની જ રાઈ જોઈએ.'

તેનો આ પ્રશ્ન સાંભળી દરેક જણ નવાઈ પામીને કહેતું કે, 'એવું તો ક્યાંથી હોય? દરેક ઘરમાં માણસો મરતાં જ રહે છે.'

આ પ્રમાણે રાઈ માગતી માગતી તે ઘણાં ઘર ફરી વળી. દરેક ઘેર એક જ જવાબ સાંભળી તેને સાન આવી કે, મરણ એ તો ઘર ઘરનો નિયમ લાગે છે. જન્મેલા દરેક પ્રાણીને કોઈ દિવસ મરવાનું જ છે. મરણ ટાળવાનો કોઈ ઉપાય છે જ નહિ; નહિ તો બધાં જ પોતાનાં સગાંવહાલાંને શું કામ મરવા દેત? મરણ કંઈ અમુક ગામમાં કે અમુક માણસના ઘરમાં જ થાય છે એવું નથી; એ તો આખા જગતમાં બધે જ વ્યાપેલું છે.

આવો નિશ્ચય થતાં જ તેણે છોકરાનું મડદું સ્મશાનમાં ફેંકી દીધું, અને ભગવાન પાસે તે ખાલી હાથે પાછી આવી. ભગવાને પણ તેને સમજાવ્યું કે, જન્મેલા દરેક પ્રાણીને મરવાનું જ છે; અને સગાંવહાલાંનો કોઈ ને કોઈ દિવસ વિયોગ થવાનો જ છે. અરે, આપણે પોતે પણ મોડાં વહેલાં મરવાનાં જ છીએ. માટે મૃત્યુનો શોક કરવો છોડી દઈ, આ જન્મ-મરણના ફેરામાંથી નીકળી જવાનો માર્ગ શોધવો, એ જ સમજુ મનુષ્યનું કર્તવ્ય છે.

ભગવાન પાસે ઉપદેશ સાંભળ્યા બાદ કિસા ગોતમી ઘરબાર તજી ભિક્ષુણી થઈ અને ભગવાને બતાવેલે માર્ગે ચાલવા લાગી.

એક પ્રાચીન બૌદ્ધકથા પરથી
સંપા૦ **ગોપાળદાસ પટેલ**

સ્વાધ્યાય

૧. દુઃખી, પાપી, રોગી વગેરે પીડિત લોકો સંત મહાત્માઓના સંપર્કમાં આવી પોતાનું દુઃખ-પાપ ખંખેરી નાખે છે, એના ઘણા દાખલા પ્રસિદ્ધ છે. અંગુલિમાલ લૂંટારા જેવા દુરાચારી પુરુષો બુદ્ધના સંપર્કમાં આવી સુધર્યા હતા, તેની વાત તમે વાંચી ગયા છો (વિદ્યાપીઠ વાચનમાળા, છઠ્ઠી ચોપડી). ઈશુ ખ્રિસ્તના સંપર્કમાં કેટલાય રોગીઓ તથા પતિતોનો ઉદ્ધાર થયાની વાત જાણીતી છે.

૨. મૃત્યુના પંજામાંથી કોઈ બચી શકતું નથી; 'જે જાયું તે જાય' એ કહેવત અને તેનો છપ્પો આના અનુસંધાનમાં જુઓ. સ્વ૦ કવિ નરસિંહરાવનું 'કિસાગોતમી' કાવ્ય તેમના 'નૂપુરઝંકાર' નામના કાવ્યસંગ્રહમાં છે, તે જુઓ. એમનું 'મૃત્યુ મરી ગયું રે લોલ' એ કાવ્ય પણ 'સ્મરણસંહિતા'માંથી જોવા જેવું છે.

પ્રશ્નો

૧. કિસા ગોતમી મૃત્યુથી શું કામ દુઃખી થઈ?

૨. મોત બધાને આવે જ છે, એ વસ્તુ કિસા ગોતમીને બુદ્ધ ભગવાને શી રીતે સમજાવી?

૩. કિસા ગોતમી ભિક્ષુણી શું કામ થઈ?

૪. કિસા ગોતમીને સાસરામાં શાથી વેઠવું પડતું? તે કેવી રીતે દૂર થયું?

વાવર પું૦ = રોગચાળો ફેલાવો તે વિહાર પું૦ [સં.] = બૌદ્ધ મઠ

૨૯

બુદ્ધનાં ચક્ષુ

[શિખરિણી]

भले ऊग्यां विश्वे नयन नमणां ए प्रभु तणां,
ऊग्यां ने खील्यां त्यां किरणकणी आछेरी प्रगटी ;
प्रभा त्यां फेलाई जगत पर दिव्या मुद तणी,
हसी सृष्टि हासे, दल कमलनां फुल्ल बनियां. १

प्रभो, जन्मे जन्मे कर धरीँ कंई शस्त्र ऊतर्या,
नखाग्रे, दंताग्रे, दमन करियुं शब्दछळथी ;
सज्युं के कोदण्ड, ग्रहीँ परशु, चक्रे चित धर्यु,
तमे आ जन्मे तो नयनरस लेई अवतर्या ! २

विधातानां दीधां नयन करीँने बंध जग आ,
भुजाए झूझंतु कुटिल मननो आश्रय लई ;
प्रभो, आवी आपे नयन जगने अर्पण कर्यां,
भमंतुं अंधारे जगत नव-चक्षे जगवियुं. ३

मथ्या लोको खुल्लां नयन करवा बंध प्रभुनां,
पूर्यां किल्ले मूहेले, रमणीँभुजने पिंजर विषे ;

विदार्या ए बंधो, नयन ऊँघडचां चेतनभर्यां,
न ऊंध्यां जागेलां मूर्छित दृगोने जगवियां. ४

फरी खूणे खूणे जगत नीरख्युं नेत्र सदये,
लह्युं : सृष्टिखाडे खदबदीं रह्या कीट जगना ;
जरा-व्याधि-मृत्यु त्रिविध वमळे डूबीं मरता.
अने बीजा जीवो उपर नभता जीव नीरख्या. ५

घूम्या शांति अर्थे बन वन, तपो तीव्र तपियां,
न लाध्युं इच्छेलुं, नयन भमतां त्यां विरमियां;
सर्या ते मींचाई निज हृदयने सागरतले,
ठरी आत्मागारे विरल लई मुक्ता ऊघडियां. ६

अने आत्मस्नाने अधिक थईने आर्द्र नयनो,
खूल्यां ना खूल्यां त्यां प्रणयरसगंगा अवतरी ;
वही ते फेलाती सभर जड ने चेतन विषे,
कृपागंगास्नाने अवगति टळी जीव सहुनी. ७

जगत् उद्धारीने नयनजलथी चक्षु प्रभुए
शमाव्यां, त्यां बीजां नयन जगने अंतर खूल्यां;
पछी झंझावातो ऊँमटीं कदीं एने मूँझवता,
तुफानो दाबी ए द्विगुण बळथी ते चमकतां. ८

हवे ना मींचाशो नयन कदींये जे ऊँघडियां,
दयानी गंगा आ परम तप अंते ऊँतरी, ते
अखंडा व्हेती र्‌हो, कठण तपना सिंचन थकी,
वहो खंडे खंडे, प्रति उर वहो तप्त जगने. ९

— सुन्दरम्

स्वाध्याय

१. 'सुन्दरम्' ए श्री. त्रिभुवनदास लुहार (जन्म ई. स. १९०८)नुं तखल्लुस छे. तेमणे 'कोयाभगत' ए नामे पण केटलाक चाबखा जेवां काव्यो लखेलां छे. 'काव्यमंगला', 'वसुधा' अने 'यात्री' ए तेमना जाणीता काव्यसंग्रहो छे.

२. भगवान समये समये अवतार ले छे ए मान्यता गीताना नीचेना प्रसिद्ध श्लोकमां निरूपेली छे :

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ।।
परित्राणाय साधूनाम् विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ।।

અ૦ ૪, ૭–૮

'જ્યારે જ્યારે જગે થાય, ધર્મની ગ્લાનિ, ભારત,
અધર્મ ઊભરે ત્યારે પોતાને સરજાવું હું.
સંતોના રક્ષણાર્થે ને પાપીના નાશકારણે,
ધર્મની સ્થાપના કાજે ઊપજું છું યુગે યુગે.'

૩. ભગવાનના બીજા અવતારો કંઈ ને કંઈ શસ્ત્ર સાથે થયા છે, એવી માન્યતા છે. જેમ કે, નૃસિંહાવતાર નખ – નહોરરૂપી શસ્ત્ર સાથે, વરાહ અવતાર સૂવરના દંતૂશળ સાથે, વામન અવતાર શબ્દછળ રૂપી શસ્ત્ર સાથે, રામ કોદંડ — ધનુષ્ય સાથે, પરશુરામ પરશુ – કુહાડી સાથે, કૃષ્ણ સુદર્શન ચક્ર સાથે ઇ૦.

બુદ્ધ ભગવાન કરુણાર્દ્ર ચક્ષુ સાથે જ અવતર્યા — એ એમની વિશિષ્ટતા છે, એમ કવિ જણાવે છે. વિદ્યાપીઠ વાચનમાળાની પાંચમી ચોપડીમાં બુદ્ધનો પાઠ છે તે યાદ કરો.

૪. બુદ્ધની કલ્યાણ તરફ ઊઘડેલી આંખો બંધ કરવા — તેમને જગતનાં સુખોમાં બાંધવા લોકોએ શા શા પ્રયત્ન કર્યા તેનું વર્ણન ચોથી કડીમાં છે.

બુદ્ધ બોધ પામવા માટે શરૂઆતમાં વનમાં જવું, તપ તપવું વગેરે પ્રચલિત માર્ગોએ વળ્યા હતા; પણ ત્યાં ઇચ્છેલું ન મળતાં પાછા આત્માભિમુખ થયા, એનું વર્ણન છઠ્ઠી કડીમાં છે.

૫. તપના માર્ગમાંથી પાછાં વળી બુદ્ધનાં ચક્ષુ અંતર-સાગર તરફ વળ્યાં, અને નિર્વાણરૂપી મુક્તા લઈને ઊઘડચાં — એ રૂપક સમજ્યા? આંખની બાબતમાં એ રૂપક બંધબેસતું થયું કહેવાય?

દિવ્યા મુદ = દિવ્ય – અલૌકિક આનંદ
(મુદ્ સ્રી૦ [સં.] = આનંદ)
કુટિલ વિ૦ [સં.] = છળવાળું; કપટી
નવ વિ૦ [સં.] = નવું
દૃગ ન૦ [સં.] = નેત્ર; આંખ
નેત્ર સદયે = સદય — દયાળુ નેત્રે
લહેવું સ૦ ક્રિ૦ = જાણવું; સમજવું
આત્માગાર ન૦ [સં.] = આત્મા – હૃદય રૂપી આગાર – સ્થાન
વિરલ મુક્તા = નિર્વાણમાર્ગ રૂપી અનુપમ મુક્તા [સં.] = મોતી
દ્વિગુણ વિ૦ [સં.] = બમણું

૩૦
ન્યાયનું ધર્મસંકટ

એક દિવસે હું વર્સાઈ હતો ત્યારે સવારે એક અપરિચિત ગૃહસ્થ મને મળવા આવ્યા. ખાદીના પોશાકમાં અને સાદાઈના સંપૂર્ણ નમૂના જેવા તેમને જોઈ મેં પૂછ્યું : 'આપ કોણ છો અને ક્યાંથી આવ્યા ?'

તેમણે જવાબ આપ્યો, 'મારું નામ બાલુભાઈ. હું કિશોરલાલનો મોટો ભાઈ છું. મુંબઈમાં વેપાર કરું છું. અમે ત્રણ ભાઈઓ છીએ. કિશોરલાલ તમારી વાત માને છે, એટલે તમને કાંઈક કહેવા આવ્યો છું.'

'કહો', એમ મેં તેમને કહ્યું, એટલે તેઓ બોલ્યા, 'મારા વેપારમાંથી થયેલા નફાના દિવાળી ઉપર હું ત્રણ ભાગ પાડું છું. તે પૈકી એક ભાગ કિશોરલાલનો હોવા છતાં એ પૈસા તે લેતો નથી અને આશ્રમમાંથી[1] પૈસા લે છે. મને એ સારું લાગતું નથી. ઘરના પૈસા હોવા છતાં, એને સાર્વજનિક પૈસા લેવાની શી જરૂર ? હું દર સાલ જે ભાગ પાડું છું તે શિલક રહે છે. માટે તમે એને કહો કે, ખર્ચ માટે ઘેરથી પૈસા લે.'

તેમણે મને એ પણ પૂછ્યું કે, 'મારું કહેવું તમને વાજબી લાગે છે ને ?'

મેં કહ્યું કે, 'તમારી વાત તદ્દન વાજબી છે. કિશોરલાલભાઈને મળીશ ત્યારે તમારો સંદેશો એમને કહીશ.' વાત પૂરી થતાં જ તેઓ મુંબઈ જવા ઊપડી ગયા.

થોડા દિવસ પછી હું આશ્રમમાં ગયો ત્યારે કિશોરલાલભાઈને તેમના મોટા ભાઈનો સંદેશો કહ્યો. તેમણે મને સમજાવ્યું કે, 'અમારા પિતાશ્રી ગુજરી ગયા ત્યારે અમારે માથે ભારે દેવું હતું. બાલુભાઈએ અનેક પ્રકારનો શારીરિક અને માનસિક ત્રાસ વેઠી પોતાનો ધંધો ચલાવ્યો. અત્યારે બિલકુલ કરજ રહ્યું નથી એ વાત ખરી. એમની પાસે કાંઈક રકમ જમા થઈ હશે. પણ પિતાશ્રીના વખતનું કરજ ફેડવામાં મેં કશો હિસ્સો આપ્યો નથી. એટલે બાલુભાઈએ પોતાની જાતમહેનતથી એકઠી કરેલી મૂડીમાંથી પૈસા લેવાનું મને ન્યાય્ય લાગતું નથી. સાર્વજનિક કામ કરું છું અને તેમાંથી મારા ખર્ચ જેટલું લઉં તેમાં મને કશું અયોગ્ય લાગતું નથી. ભાઈ મહેનત કરે, ચિંતા વેઠે અને એમાંથી મળેલા પૈસામાં મારો ભાગ ગણે, એ એમની ભલમનસાઈ છે. પરંતુ મને એ પૈસા લેવાનું યોગ્ય લાગતું નથી.'

---


૧. સત્યાગ્રહાશ્રમ, સાબરમતી.

મેં એમને જવાબ આપ્યો, 'તમારું કહેવું વાજબી છે.'

મુંબઈ આવ્યા પછી મારે બાલુભાઈને મળવાનું થયું. કિશોરલાલભાઈએ કહેલી હકીકત મેં તેમને કહી. તેમણે જવાબ આપ્યો : 'પિતાશ્રીની પેઢી તેમના ગુજરી ગયા પછી હું ચલાવું છું. ઈશ્વરકૃપાથી કશું જ કરજ હવે રહ્યું નથી અને એ પૈસા બચે છે. તેમાં બધા ભાઈઓનો ભાગ છે. હું કિશોરલાલને એનો ભાગ આપું, એમાં વળી મારી ભલમનસાઈ કેવી? પોતાનો ભાગ પોતે લે એ જ ન્યાય છે. પિતાશ્રીની દુકાન મારે બદલે કોઈ ગુમાસ્તો ચલાવતો હોત અને આજની માફક તેમાં નફો થતો હોત, તો એ બધો નફો કંઈ ગુમાસ્તાનો કહેવાત? ગુમાસ્તાને આપણે નફો આપી દેતા નથી; તો પછી પિતાશ્રીની પેઢી હું ચલાવું, તેથી કાંઈ એ નફો મારા એકલાનો કહેવાય?'

મેં જવાબ આપ્યો કે, 'તમારી વાત વાજબી છે.'

ફરી આશ્રમમાં ગયો ત્યારે મેં કિશોરલાલભાઈ સાથે વાત કરી કે, "તમે બે ભાઈઓ વચ્ચેના ટંટાનો ન્યાય કરવો કઠણ છે. હું ન્યાય કરી શકતો નથી. તમે બે ભાઈઓ વચ્ચેનો આ પ્રકાર જોઈ મને યુધિષ્ઠિરના વખતનો આવો જ એક ટંટો યાદ આવે છે. એક માણસે પોતાનું ખેતર બીજાને વેચ્યું અથવા તો દાનમાં આપ્યું. પેલા લેનાર માણસને એમાંથી ધન મળ્યું. એ તો એ લઈને ખેતરના મૂળ માલિક પાસે જઈને બોલ્યો, 'આ તમારું ધન લો.' પહેલા માલિકે કહ્યું, 'મેં તો તને ખેતર આપ્યું ત્યારે એમાંથી જે કાંઈ નીકળે તે તને આપી દીધું હતું. હવે આ ધન મારું ન કહેવાય. એ તારું જ છે.' આમ બેમાંથી એકે પેલું ધન લેવા તૈયાર ન થયો. છેવટે બંને એનો ન્યાય કરાવવા યુધિષ્ઠિર પાસે ગયા. તમે બે ભાઈઓ વચ્ચેનો ઝઘડો આ પ્રકારનો જ છે. તમારી બેની વચ્ચે અપ્રતિમ બંધુપ્રેમ તેમ જ ન્યાયનિષ્ઠા છે. એટલે તમારા બેમાંથી કોઈએ બીજાને દુઃખી કરવા જોઈએ નહીં. મને લાગે છે કે, બાલુભાઈની વાત તમારે માનવી જોઈએ.'



કિશોરલાલભાઈએ જવાબ આપ્યો કે, 'એ પૈસા લેવા ન્યાય છે એમ તો મને લાગતું નથી. પરંતુ બાલુભાઈને દુઃખ ન લગાડવા ખાતર હું એમની પાસેથી ખર્ચ લઈશ.'

બાલુભાઈને ફરી મળવાનું થયું ત્યારે મેં બધી હકીકત તેમને કહી. તેમણે કહ્યું, 'કિશોરલાલને ન્યાય્ય ન લાગતું હોય છતાં મારા પ્રત્યેના પ્રેમને ખાતર તેમણે મારી પાસેથી ખર્ચ લેવું એ બરોબર નથી. તેને જે વસ્તુ અન્યાયી લાગતી હોય તે તેણે ન કરવી જોઈએ. પણ હું તો કહું છું કે, તે મારી પાસેથી ખર્ચ લે એ જ ખરો ન્યાય છે!'

આ સાંભળી મેં તો તેમને હાથ જોડ્યા અને વીનવ્યા કે, 'આ પ્રકરણ હવે અહીં જ પૂરું કરો. આ બાબતમાં ધર્મ-અધર્મની સૂક્ષ્મ ચર્ચામાં તમારા બેમાંથી કોઈએ પડવાની જરૂર નથી. આ જાતના ટંટાનો નિકાલ કરવાનો પ્રસંગ આજના જમાનામાં ભાગ્યે જ પ્રાપ્ત થાય છે. તમે એ કામ મને સોંપ્યું, પરંતુ તમારા બેનો પ્રેમ તથા ન્યાયપરાયણતા જોઈ હું કશો ચુકાદો આપી શકતો નથી.'

આમ એ ખટલામાંથી હું મુક્ત થયો.

—કેદારનાથ

સ્વાધ્યાય

૧. સ્વ૦ કિશોરલાલ ઘ૦ મશરૂવાળાનું જીવનચરિત્ર 'શ્રેયાર્થીની સાધના' નામે બહાર પડ્યું છે. તેના કર્તા શ્રી. નરહરિભાઈ પરીખ છે. તેમાંનો આ પ્રસંગ શ્રી. કેદારનાથજીએ (જન્મ ઈ. સ. ૧૮૮૩) લખેલો છે. શ્રી. કેદારનાથજી અને શ્રી. કિશોરલાલભાઈ વચ્ચે ગુરુશિષ્ય જેવો સંબંધ હતો.

૨. શ્રી. કિશોરલાલભાઈ વકીલ થયા હતા. તેમાંથી તે ગાંધીજીથી આકર્ષાઈ ઈ. સ. ૧૯૨૦માં હંમેશ માટે ગાંધીજીના અંતેવાસી બન્યા, તે છેવટ સુધી રહ્યા. ગાંધીજી સાથે તે રહેતા હતા તે વખતે તેમના ખર્ચની રકમ કોણ આપે એ વિષે બે ભાઈઓ વચ્ચેનો રસિક વિવાદ આ પાઠમાં છે.

૩. શ્રી. મહાદેવ દેસાઈએ ફ્રાન્સના બે ભાઈઓની સાચી વાત લખેલી છે. (વિદ્યાપીઠ વાચનમાળા, ત્રીજી ચોપડી) તે અહીં સરખાવવા જેવી છે.

પ્રશ્નો

૧. પોતાનું ખર્ચ કિશોરલાલભાઈ કુટુંબની સહિયારી આવકમાંથી લે એ બાબત તેમના મોટાભાઈની શી દલીલો હતી?

૨. તેમ ન કરવા માટે શ્રી. કિશોરલાલભાઈની શી દલીલો હતી?

૩. ન્યાય તોળવામાં આવેલા સંકટમાંથી શ્રી. કેદારનાથે શો રસ્તો કાઢ્યો? તેમાં શું ધર્મસંકટ તેમને લાગ્યું?

૩૧

ચકલીનાં બચ્ચાંની વાત

એક બાબુ અને તેની સ્ત્રીને ઘણી પ્રીતિ હતી. એકબીજાથી તેમનાં ચિત્ત જુદાં જ ન હતાં. તેમના ઘરમાં એક થાંભલા પર ચકલીનો માળો હતો. તેમાં ચકલોચકલી રહે અને આનંદ કરે. ચકલીએ ઈંડાં મૂક્યાં, અને બચ્ચાં થયાં. તેની બે જણ બહુ સંભાળ રાખે. એક દિવસ ચકલી મરી ગઈ. ચકલે બીજી ચકલી આણી. બે જણાંએ મળી બચ્ચાંને ધકેલી કાઢ્યાં; અને ઊડવા સરખું ન શીખેલાં બચ્ચાં જમીન પર પડી મરી જાત, પણ સ્ત્રીએ ઝીલી લીધાં. તેમનો વિચાર કરીને પોતે રોવા લાગી. બચ્ચાંને છાતી સરસાં રાખે ને રુએ. એટલામાં બાબુ આવ્યો; સ્ત્રીને રોવાનું કારણ પૂછ્યું. તેણે ન કહ્યું. ઘણું કર્યું ત્યારે બચ્ચાં બતાવ્યાં, તેમનો ઇતિહાસ કહ્યો અને બોલી — 'આ પક્ષીઓમાં બન્યું, તેવું જ માણસમાં પણ કેમ ન બને? દેહનો ભરોસો નથી; અને તમારી આજ મારા પર પ્રીતિ છે, પણ મારા પછી આ કુમળાં બાળકનું શું થશે, તે વિચારથી મને રોવું આવે છે.' ધણીએ ઘણું અશ્વાસન આપ્યું, પણ સ્ત્રીને વિશ્વાસ ન જ આવ્યો.

પળે પળ જાય તેમ સ્ત્રી રોતી જાય અને આંસુ તો આંખમાં માય નહિ! 'હાય હાય! આ બાળકનું શું થશે?' એ જ વિચાર ભરાયો.

આખરે ધણીએ કહ્યું કે, 'ન કરે નારાયણ, ને એવો સમય આવે, તો છોકરાંને કહેજો કે, આ થાંભલા આગળ મને આણી આ વાત સંભારી આપે. શું તારી પ્રીતિ ભુલાય એવી છે?'

દિવસ ગયા અને બાઈ ભાગ્યશાળી તે સૌભાગ્યવતી ગુજરી ગઈ. બાબુ ફરી પરણ્યો. પ્રથમની સ્ત્રીથી એક છોકરો ને છોકરી હતાં.

નવી વહુએ હળવે હળવે કાન ભંભેરવા માંડ્યા. નવી તો ફરિયાદ કરે — છોકરાંનું ખોટું બોલે; પણ નમાયાં બાળક, તેમનાથી માનું ખોટું કેમ બોલાય — ફરિયાદ કેમ થાય? આખરે નવીએ બાપને ભેરવ્યો અને કહે, 'આ છોકરાં ભેગાં મારાથી નહિ રહેવાય; ગમે તો એ કે ગમે તો હું!'

ખરું! સ્ત્રી હોય એટલાં નમાયાં છોકરાં હોય? છોકરાંનું તો ગમે તે થાઓ, સ્ત્રી ક્યાં જાય? બાબુએ બાળકોને બોલાવી કહ્યું કે, 'મારે હવે તમે નહિ, બસ જાઓ.'

છોકરાંનાં મોં દયામણાં થયાં, પણ દયા કોને આવે? 'બાપા, ક્યાં જઈએ?' કરી વીલે મોંએ પૂછ્યું.

'બાપા કોના?' રાક્ષસે કહ્યું, 'મને શું પૂછો છો? જાઓ ગમે ત્યાં; પડો ખાડામાં!'

રોતાં રોતાં નિરાધાર છોકરાં બારણા આગળ આવ્યાં. દૈત્યને દયા ન જ આવી. એટલામાં છોકરી જરા ડાહીલી હતી. તેને માનું કહ્યું સાંભરી આવ્યું, અને ભાઈને તે રોતી રોતી કહે, 'ભાઈ, ચાલ આટલું માનું કહ્યું કરીએ.' બે જણ પાછાં આવ્યાં.

'કેમ પાછાં આવ્યાં? જાઓ!' બાપે ઘાંટો કાઢ્યો.

બીતી બીતી થરથરતી બાળકી બોલી: 'બાપા, અમે જઈએ; પણ માએ કહ્યું હતું કે, આ વખત આવ્યે, બાપાને એક વાત કહેજો. તે કહીએ તે સાંભળશો?'

દૈત્યને દયા આવી ને હા કહી.

છોકરાંએ ચકલીની વાત અને મા રોઈ હતી તે કહી બતાવ્યું. બાપનું અંતઃકરણ ઓગળ્યું; ભૂતકાળ સાંભરી આવ્યો; આપેલું વચન મન આગળ તરી આવ્યું. છોકરાંને રોતો રોતો બાઝી પડ્યો, અને ઘરમાં રાખ્યાં.

—ગોવર્ધનરામ ત્રિપાઠી

સ્વાધ્યાય

૧. સ્વ૦ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી (ઈ. સ. ૧૮૫૫–૧૯૦૭) નડિયાદના વતની હતા. તેમણે મુખ્યત્વે મુંબઈમાં વકીલાત કરી હતી. અંગ્રેજી સાહિત્યના પરિચયથી ગુજરાતી ભાષામાં નવલકથાઓ લખવાનો પ્રચાર થવા લાગ્યો. નવલકથા મારફત પોતાના બધા વિચારો રજૂ કરવા એ તે વખતની પ્રચલિત પદ્ધતિ હતી. ગોવર્ધનરામકૃત 'સરસ્વતીચંદ્ર' એ જાતની નવલકથા છે. આપણી ભાષાના એક અગ્રગણ્ય સાક્ષર એ છે.

૨. સાવકી માની પજવણીથી સરસ્વતીચંદ્ર ગૃહત્યાગ કરી ગયો, ત્યારે તેનો મિત્ર ચંદ્રકાન્ત સરસ્વતીચંદ્રના પિતાને સાવકી માની પજવણીના દૃષ્ટાંત તરીકે ચકલીનાં બચ્ચાંની આ વાત કહે છે.

પ્રશ્નો

૧. પોતે મરી જાય તો પાછળ સાવકી માને હાથે પોતાનાં બાળકોની માઠી વલે થાય, એમ બાપુની સ્ત્રીને શા ઉપરથી લાગ્યું?

૨. તેણે પોતાનાં છોકરાંને આવું કંઈ બને તો શું કરવાનું કહ્યું? એમ શું કામ કહ્યું હશે? તેનું શું પરિણામ આવ્યું?

૩૨

માત વિના સૂનો સંસાર!

[નરસિંહ મહેતા પોતાની પુત્રી કુંવરબાઈના સીમંત પ્રસંગે મામેરું કરવા ગયા હતા. પરંતુ તેને માટે સામગ્રી તો કાંઈ જ લઈ ગયેલા નહિ! પિતા આવ્યા જાણી હરખઘેલી પુત્રી તેમને ઉતારે મળવા ગઈ. પણ જુએ તો પિતા તો ખાલી તાળ લઈને જ આવેલા! આ જોઈને કુંવરબાઈને બહુ દુઃખ થયું; તેને પોતાની મરી ગયેલી માતા સાંભરી. આ દુઃખનું વર્ણન કવિ પ્રેમાનંદે પોતાના 'મામેરું' કાવ્યમાં કર્યું છે, તે હવે વાંચો:]

[રાગ મારુ]

दूर थकी दीठी दीकरी, महेताए समर्या श्रीहरि.
अन्योअन्य नयणां भरी, भेटचां बंन्यो आदर करी.
महेते मस्तक मूकी हाथ, पासे बेसाडी पूछी वात:—
'कहो कुंवरबाई, कुशळी क्षेम? सासरियां राखे छे प्रेम?
रूडो दिवस आव्यो, दीकरी, तो मोसाळुं करशे श्रीहरि.'
कुंवरबाई बोली विनति, 'सामग्री कांई पासे नथी.
नागरी नाते रहेशे केम लाज? धन विना आव्या शें काज?
निर्माल्य निर्धननो अवतार, निर्धननुं जीव्युं धिक्कार;
निर्धनने कोई नव गणे, नव राखे ऊभो आंगणे;
चतुरपणुं निर्धननुं जेह, घेला मांही गणाये तेह;
लोक बोलावे दुर्बळ कही, एथी माठुं कांई बीजुं नहि.
पिताजी, कांई उद्यम नव करो, धननो नव राखो संघरो;
आ अवसर सचवाशे केम? पिताजी, तमे विचारो एम.
नथी लाव्या तमे नाडाछडी, नथी मोड के कुंकुमपडी;
नथी माटली, चोळी घाट! एम शुं आव्या बारेवाट?
केम करी लज्जा रहेशे तात? हुं शें न मूई मरते मात!
मात विना सूनो संसार, नमायांनो शो अवतार!
जे बाळकनी माता गई मरी, बापनी सगाई साथे ऊतरी.
जेवुं आथमता रविनुं तेज, मा विना एवुं बापनुं हेत.
सुरभि मरतां जेवुं वच्छ, जळ विण जेवुं तलफे मच्छ;
टोळा-वछोई जेवी मृगली, मा विना दीकरी एकली.

लवण विना जेवुं फीकुं अन्न, भाव विना जेवुं भोजन;
कीकी विना जेवुं लोचन, मा विना तेवुं बापनुं मन.
घडो फूटे रझळे ठींकरी, मा विना एवी दीकरी;
गोळ विना मोळो कंसार, मात विना सूनो संसार!' ૨૫

સ્વાધ્યાય

૧. કવિ પ્રેમાનંદ ગુજરાતી ભાષાના મહાકવિ ગણાય છે. તેમનાં નળાખ્યાન, સુદામાચરિત, મામેરું, ઓખાહરણ વગેરે આખ્યાનો લોકપ્રિય છે. વિદ્યાપીઠ વાચનમાળા. સાતમી ચોપડીમાં તેમને વિષે પાઠ છે, તે જુઓ.

૨. મામેરું ક્યારે કરવાનું હોય છે? નરસિંહ મહેતા મામેરામાં શું લઈને ગયા હતા? છેવટે નરસિંહ મહેતાની લાજ કેવી રીતે રહી? – એ બધી કથા જાણો.

૩. મા વિના છોકરાં કેવાં રવડે, તેને લગતો આની આગળનો 'ચકલીનાં બચ્ચાંની વાત' વાળો પાઠ યાદ કરો.

૪. ધન વિષે નીચેનું સંસ્કૃત સુભાષિત જોવા જેવું છે:—

यस्यास्ति वित्तं स नरः कुलीनः स पण्डितः स श्रुतवान्गुणज्ञः ।
स एव वक्ता स च दर्शनीयः सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते ।।

–'જેની પાસે પૈસા છે, તે માણસ કુલીન ગણાય છે; તે જ પંડિત, શાસ્ત્રજ્ઞ, ગુણજ્ઞ, વક્તા તથા દર્શનીય પણ મનાય છે. આમ, સર્વે ગુણો કાંચનમાં રહેલા છે.

ઉપરના સુભાષિતમાં ધનની પ્રશંસા છે; ત્યારે નીચેના સુભાષિતમાં નિર્ધન માણસ નિર્ધનતા વિષે શું ધારે છે તે 'મૃચ્છકટિક' નાટકમાં ચારુદત્તને મોંએ સાંભળો: दारिद्र्यं हि पुरुषस्य —

निवासश्चिन्तायाः परपरिभवो वैरमपरं
जुगुप्सा मित्राणां स्वजनजनविद्वेषकरणम् ।
वनं गन्तुं बुद्धिर्भवति च कलत्रात्परिभवो
हृदिस्थः शोकाग्निर्न च दहति संतापयति च ।।

–નિર્ધનતા ચિંતાનું નિવાસસ્થાન છે, પારકાને હાથે અપમાન કરાવે છે, મોટામાં મોટું વેરનું કારણ છે, મિત્રોને હાથે નિંદા પમાડે છે, તથા સ્વજનો અને અન્યજનો તરફથી વિદ્વેષ કરાવે છે. નિર્ધન માણસને વનમાં ભાગી જવાની બુદ્ધિ થાય છે, અને પોતાની સ્ત્રી પ્રત્યેથી પણ તેને અપમાન સહન કરવું પડે છે. નિર્ધનતાને લીધે ઉત્પન્ન થતો શોકાગ્નિ સમૂળગો બાળી નથી નાખતો, પણ હૃદયમાં રહ્યો રહ્યો સતત સંતાપ્યા કરે છે.

મોસાળું નo = માબાપ તરફથી છોકરીને સીમંત વખતે અને તેનાં છોકરાંને જનોઈ કે લગ્ન વખતે જે રીત આપવામાં આવે છે તે
નાડાછડી સ્ત્રીo = રંગીન નાડું
મોડ પુંo = કોઈ શુભ વિધિ કરતી વખતે એક ઘાટ સ્ત્રીઓ માથે પહેરે છે તે
ઘાટ પુંo = એક જાતનો રેશમી સાલ્લો
બારેવાટ અo = ઠેકાણા વગર; ગમેતેમ
સુરભિ સ્ત્રીo [સં.] = ગાય (કામધેનુ ગાય)
ટોળા-વછોઈ વિo સ્ત્રીo = ટોળાથી વિખૂટી પડેલી

૩૩

ખેડૂતનો શિકારી

પ્રવેશ ૧ લો

[કલિયુગ રાજાનાં દાસ ભૂતડાં સ્મશાનના તેના દરબારમાં રાજાના આવવાની રાહ જોતાં ટોળે વળીને બેઠાં છે. જીભના લબકારા કરે છે, વિચિત્ર ચીસો પાડે છે અને અંદર અંદર ધીંગામસ્તી કરે છે. એવામાં તેમનો રાજા કલિયુગ પ્રવેશ કરે છે.]

કલિયુગ — અલ્યાં ભૂતડાંઓ ! આજકાલ તમે ઘણાં જ આળસુ થઈ ગયાં છો. કેટલાયે દિવસથી એક પણ નવો શિકાર મને લાવી આપ્યો નથી. રોજ એકની એક ચીજ ખાઈને તો હું કંટાળ્યો. અહીંયાં પડ્યાં પડ્યાં નકામું તોફાન મચાવો છો, તેના કરતાં, મહેનત કરીને કોઈ સારો શિકાર શોધી લાવો ને !

વાંદરમુખો ભૂત — મહારાજ, અમે રોજ રોજ તમારે માટે તાજામાજા શિકાર તો લાવીએ છીએ. એના કરતાં વધારે સારા બીજા કયા શિકાર હોય વળી ?

કલિયુગ — (લાલ આંખ કરીને) ચૂપ રહે, હરામખોર ! નકામી બકબક ન કર. જુઓ, તમે સૌ સાંભળો. તમને એક મહિનાની મહેતલ આપવામાં આવે છે. એક મહિનામાં જો તમે કોઈ નવો શિકાર નહિ શોધી લાવો, તો તમારા સૌનો શિકાર હું કરીશ.

ભૂતડાં — જેવો હુકમ, મહારાજ. તમને ભાવે એવા તાજામાજા શિકાર હમણાં પકડી લાવ્યા સમજો.

કલિયુગ — મૂરખના સરદારો, મારે કેવો શિકાર જોઈએ છે તે સમજો છો કે નહિ ? કોઈનો ચાખેલો ન હોય, કોઈનો એઁટેલો ન હોય, એવો શિકાર મારે જોઈએ. એવો શિકાર લાવનારને હું સારું ઇનામ પણ આપીશ.

[કલિયુગ ચાલતો થાય છે.]

ભમતો ભૂત — રાજાજીને રોજ રોજ સારું સારું ખાવાનું લાવી આપીએ છીએ, છતાં ભાઈસાહેબની જીભનો ચસકો તો જુઓ !

પૂંછડિયો ભૂત — એ તો કહે છે ને કે, રાજા, વાજાં ને વાંદરાં ! ત્રણેનું ઠેકાણું નહીં. ચાલો, કંઈ શોધતા થઈએ, નહીં તો આપણો જ શિકાર થઈ જશે.

શિંગડિયો ભૂત — રાજાજીને જીભ હલાવવી, અને આપણે ટાંટિયાતોડ! કહ્યું છે ને કે, સક્કરમીની જીભ, અને અક્કરમીના ટાંટિયા!

[વાંદરમુખા સિવાય બધાં જાય છે.]

વાંદરમુખો — એવો તે વળી કયો શિકાર છે, કે જે આજ લગી અમારા હાથમાં સપડાયો ન હોય? (વિચાર કરીને.) હા, હા, યાદ આવ્યું! રાતદહાડો તનતોડ મહેનત કરનારો ખેડૂત હજી સુધી અમારા હાથમાં સપડાયો નથી. તેનું મીઠું મીઠું લોહી રાજાજીને ચખાડું, તો જરૂર મને ઇનામ મળશે.

[ખુશી થતો થતો જાય છે.]

પ્રવેશ ૨ જો

[મહિનાની મુદ્દત બાદ દરબાર]

કલિયુગ — ભૂતડાંઓ, તમને આપેલી એક મહિનાની મહેતલ પૂરી થઈ છે. આજ કાં તો મારી આગળ સારો શિકાર ધરી દો, અથવા તો તમારાં માથાં.

ભસતો ભૂત — શિકાર તૈયાર છે, નામદાર.

પૂંછડિયો ભૂત — મારો શિકાર પણ પેલી ગુફામાં તૈયાર છે, મહારાજ.

કલિયુગ — એકે એકે બોલો, શું શું લાવ્યા છો?

ભસતો ભૂત — હું એક બ્રાહ્મણને પકડી લાવ્યો છું. માળા ફેરવતો ફેરવતો લાડવાના વિચાર કરતો હતો, એટલે બંદા ફાવી ગયા!

પૂંછડિયો ભૂત — હું એક પોલીસને લાવ્યો છું. ગુનેગાર પાસેથી લાંચ લેતો હતો, એટલે ભાઈસાહેબ મારા હાથમાં સપડાઈ ગયા!

કાળિયો ભૂત — હું એક તાજામાજા શેઠિયાને પકડી લાવ્યો છું. શેઠસાહેબ પાછલે બારણે કાળું બજાર કરતા હતા, એટલે મારા હાથમાં ઝડપાઈ ગયા!

લંગડો ભૂત — મહારાજ, હું તો એક કુમળો કુમળો છોકરો પકડી લાવ્યો છું. નિશાળે જતાં બોરવાળીના ટોપલામાંથી છાનોમાનો મૂઠી ભરી ભાગતો હતો, એટલે મારા હાથમાં આવી ગયો!

કલિયુગ — (મોં બગાડી) ઊંહ! આમાં તે તમે શી ધાડ મારી? એવા તો કેટલાય ચાખી ચાખીને કંટાળી ગયો. પણ પેલો વાંદરમુખો કેમ મૂંગો મૂંગો બેસી રહ્યો છે? ભાઈસાહેબ લાંબા થઈને પડી રહ્યા હશે, એટલે ક્યાંથી કશુંય હાથમાં આવે? પકડો એને, અને બરાબર ઠોકીને એની આળસ કાઢો. તો જ માણભટ્ટની માણની પેઠે એના મોંમાંથી અવાજ નીકળશે.

[બધાં ભૂત વાંદરમુખા ઉપર તૂટી પડે છે અને તેને ખોખરો કરી રાજા આગળ હાજર કરે છે.]

વાંદરમુખો — (ધ્રૂજતો ધ્રૂજતો) અરે મહારાજ, મહિનાની એક બીજી મહેતલ આપો. હું જરૂર તમને નવો જ શિકાર લાવી આપીશ.

કલિયુગ — બીજી મહેતલ પછી; પહેલાં એને બીજો મુક્કો આપો.

[ભસતો ભૂત તેના મોઢા ઉપર એક મુક્કો લગાવે છે.]

વાંદરમુખો — (નાક પંપાળતો) રાજાજી, રાજાજી, જરા ધીરા પડો. નવો શિકાર એકદમ તો હાથમાં ક્યાંથી આવે? ઉતાવળે તે આંબા પાકે?

કલિયુગ — નવો શિકાર? તું વળી કયો શિકાર લાવવાનો હતો? ખોટાં ખોટાં બહાનાં કાઢે છે! લગાવો અલ્યા, એક બીજી.

[પૂંછડિયો ભૂત એક લાત લગાવે છે.]

વાંદરમુખો — (પૂંછડું પંપાળતો) અરે મરી ગયો! રાજાજી, મારી વાત તો સાંભળો! આજ લગી તમે કદી ચાખ્યો જ ન હોય એવો શિકાર હું તો પકડવા માગું છું. પણ એકદમ ઝટ હાથમાં આવે તો ને?

કલિયુગ — પણ ભસી મરને! એવો તે કયો નવો શિકાર છે?

વાંદરમુખો — ખેડૂત, ખેડૂત! તમે કદી ચાખ્યો નહીં હોય.

કલિયુગ — (જીભના લબકારા કરીને) તો એને પકડી લાવતાં શું થયું? મને બહુ દહાડાથી એવો શિકાર ખાવાનું મન છે.

વાંદરમુખો — રાજાજી, ખેડૂતને પકડવો એ કંઈ બચ્ચાંના ખેલ નથી. સવારના પહોરમાં એને ઘેર જઈને બેઠો. મને થયું કે, બધાં થાકીને લોથપોથ થઈ ઊંઘમાં પડ્યાં છે, તેથી સવારમાં ઊઠતાં મોડું થશે. એટલે ઊઠતાંવેંત એકબીજાનો વાંક કાઢી ગાળાગાળી અને મારામારી કરશે. પણ જીવોદાદો તો વહેલી સવારના પરભાતિયાં ગાતો જ ઊઠ્યો અને રૂખી ડોસી પણ વહુઓ જાગે તે પહેલાં ઊઠીને ઘંટી તાણવા બેઠી અને ભજન ગાવા લાગી. એ સાંભળતાં જ મારા શરીરે તો ઝાળ લાગી અને ફોલ્લા પડી ગયા. એટલે હું તો ત્યાંથી જીવ લઈને નાઠો. તમે જો બીજી મહેતલ આપો, તો હું રાતે ત્યાં જાઉં.

કલિયુગ — સવારના પહોરમાં ન ફાવ્યો તો રાતે શું ઉકાળવાનો છે?

વાંદરમુખો — રાજાજી, સવારનો વખત મેં ખોટો પસંદ કર્યો હતો. ખેડૂત લોકો મીઠી નીંદર લઈ તાજા થયા હોય, એટલે ભજન ગાતા ઊઠે અને કામ કરે. પણ આ વખતે તો રાતે જ જાઉં; આખો દિવસ તાપથી તપીને તેઓ થાક્યા હોય, એટલે વાત વાતમાં વઢી પડશે અને મારો લાગ ફાવશે.

કલિયુગ — ઠીક ઠીક, ભલે એક વધારે મહેતલ તને આપું છું. તાજોમાજો ખેડૂત ચાખવા મળે તો બસ!

[બધાં વિખેરાય છે.]

પ્રવેશ ૩ જો

[જીવાદાદાનું ઘર, દીવાટાણું થયું છે. છોકરાઓ કામેથી પાછા ફરે છે. પહેલો કેશવ આવે છે. જીવાદાદા બેઠા બેઠા દોરડી ભાગતા હોય છે. વાંદરમુખો છાનોમાનો આવીને એક બાજુ ઊભો રહે છે.]

જીવાદાદા — કેમ, આવી પહોંચ્યો બેટા ? બળદને વાડામાં બાંધ્યા ? ઘાસ-ચારો નાખ્યો ? આજે કંઈ બહુ મોડું થયું ?

કેશવ — શરૂ કરેલી ખેડ તો પૂરી કરવી જ પડે ને, બાપા ? પછી વરાપ ચાલી જાય.

જીવાદાદા — હા, ભાઈ હા. ખેડની વેળા સાચવવી જ પડે. બળદને આજે થોડો ગોળ ખવરાવજે. બાપડા ખૂબ થાકયા હશે.

કેશવ — બાપા, આજે પેલા હીરાચંદ શેઠે વાડમાં આપણી વેંત જેટલી જમીન દબાવી.

વાંદરમુખો — (સાવધ થઈ ને; સ્વગત) શું શું શું ? આ તો સારી વાત નીકળી ! હમણાં ડોસો ગુસ્સે થશે અને શેઠને ગાળો ભાંડશે.

જીવાદાદા — (શાંતિથી) કાંઈ નહિ ભાઈ, વાડનું શું ઠેકાણું ? કોઈ વાર થોડી એના તરફ નમે તો કોઈ વાર આપણી તરફ પણ નમે. એક ચાસ ભલે એનાં છોકરાં વધારે ખાય. આપણા પડોશી જ છે ને ?

વાંદરમુખો — (સ્વગત) અરરર ! આ તો મોઢે આવેલો કોળિયો ગયો. હું તો માનતો હતો કે, તસુ જમીન માટે પણ ખેડૂત તો લોહી રેડવા તૈયાર થઈ જાય.

કેશવ — એ વાત તો સાચી, બાપુ.

જીવાદાદા — ભાઈ, આપણી દાનત સાફ હશે તો એક જ ચાસનો બદલો ભગવાન હજાર હાથે વાળી આપશે.

વાંદરમુખો — (સ્વગત) બળું છું રે બળું છું ! આ ડોસો તો લડવાને બદલે ભગવાનને યાદ કરવા લાગ્યો. ચાલ, પાસેના ઓરડામાં એની ડોસી પાસે જાઉં. ત્યાં સાસુ વહુની જરૂર જામી હશે; પછી છોકરાઓ વહુનો પક્ષ લઈ ને ડોસા ડોસી સાથે લડંલડા કરશે.

[ઘરના બીજા ઓરડામાં દીવા પાસે રૂખી ડોશી કાંતે છે. છોકરાં વીંટળાઈને બેઠાં છે. ડોશીએ રામાયણની વાત માંડી છે. વહુઓ પણ કામ કરતી કરતી સાંભળે છે.]

રૂખી ડોસી — પછી કૈકેયી રાણીએ રૂસણું લીધું : રાજ મારા દીકરાને મળે; રામ વનમાં જાય.

નાની વહુ — અરેરે, છેવટે સાવકી મા ખરી ને ?

મઝલી વહુ — સાવકી હોય તોય શું થયું ? રામ જેવા રામ તેના જ દીકરા ગણાય ને ?

મોટી વહુ — ઘરનાં છોકરાંને તે પરાયાં ગણાતાં હશે ? છોકરાં તો બધાંય સરખાં.

રૂખી ડોસી — પછી દશરથ રાજાએ રાણીને બહુ સમજાવી; પણ કૈકેયી એકની બે ન થઈ. બીજે દિવસે લોકોએ જ્યારે જાણ્યું કે, રામ તો ગાદીએ બેસવાના નથી, પણ વનમાં જવાના છે, ત્યારે સૌની આંખોમાંથી આંસુ સરી પડ્યાં. લક્ષ્મણ અને સીતા તો રામની સાથે વનમાં જવા જ તૈયાર થયાં.

નાની વહુ — વાહ, સીતામા વાહ ! પતિના દુઃખમાં સાથે રહે એ જ સાચી સતી કહેવાય.

મઝલી વહુ — ભાઈ તો લક્ષ્મણ જેવા જ જોઈએ. રામ જેવા ભાઈ એકલા વનમાં જાય, અને પોતે મહેલમાં મજા કરે, એ તે શોભે ?

મોટી વહુ — રામરાજા પણ કેવા ? બાપનું વેણ રાખીને વનમાં જવા તૈયાર થયા. દીકરા તો આવા હોય. તેથી જ બધા રામ રામ કરે છે ને ?

વાંદરમુખો — (સ્વગત) બળું છું રે બળું છું ! આ વાંદરીઓ ભેગી થઈને કેવી ગાંડી ગાંડી વાતો કરે છે ! પોતાના છોકરાને રાજ કૈકેયી અપાવે એ પણ આ બળ્યા મોંની કણબણોને ગોઠતું નથી.

[ફોલ્લા પંપાળતો ભાગે છે.]

પ્રવેશ ૪ થો

[કલિયુગ રાજાનો દરબાર]

કલિયુગ — કેટલાય દિવસ થઈ ગયા; હવે તો થાક્યો. આજે વાંદરમુખો જો બહાનું બતાવે, તો તેનું લાંબું લાંબું પૂંછડું આજે સલામત નથી. (વાંદરમુખાને) અલ્યા, આજે શિકાર લાવ્યો છે કે પછી બહાનું જ કાઢવાનો છે ?

વાંદરમુખો — (ધ્રૂજતો ધ્રૂજતો) રાજાજી, માફ કરો. ખેડૂતને પકડવા જતાં મારું આખું શરીર શેકાઈ ગયું છે, તે તો જુઓ !

કલિયુગ — શું ? આજે પણ હજુ બહાનાં જ બતાવવાનાં છે ? અલ્યા, પકડો એને, લટકાવો ઝાડે અને નીચે કરો હોળી, એટલે એના શરીરને ઠંડક થાય !

[ભૂતડાંઓ ખુશી થતાં તેને પકડે છે.]

વાંદરમુખો — મહારાજ, હાથ જોડું છું અને પગે પડું છું. મેં મહેનત કરવામાં કશી કસર રાખી નથી.

કલિયુગ — અલ્યા, તમે પણ તેને બરાબર ઠોકવામાં કશી કસર રાખતા નહીં. દર વખતે કંઈ ને કંઈ બહાનાં કાઢ્યા જ કરે છે.

[બધાં ખુશ થઈને તેને મારે છે.]

વાંદરમુખો — (એકદમ ચમકીને) અરે થોભો, થોભો ! હમણાં જ એક યુક્તિ સૂઝી છે. મહારાજ, મહારાજ, એક વાર જીવતદાન આપો.

કલિયુગ — ઠીક છે, છોડો એને. ચૌદમું રતન બતાવ્યા વિના અક્કલ જ ન આવે. ઠીક, હવે તને કયો નવો તુક્કો સૂઝ્યો છે ? અલ્યાઓ, તમે પણ બધા એની સાથે જાઓ અને ખેડૂતને પકડી લાવવામાં મદદ કરો.

વાંદરમુખો — (ઉતાવળે) ના, ના, મહારાજ ! મને એકલાને જ જવા દો. આ વખતે ખાલી હાથે આવું તો ભલે મારું જે કરવું હોય તે કરજો.

કલિયુગ — સારું, સારું. આજે તો તને જીવતો જવા દઉં છું.

[કલિયુગની પાછળ વાંદરમુખા સિવાય બધા ચાલ્યા જાય છે.]

વાંદરમુખો — હાશ, આ વખતે યુક્તિ તો સારી જડી છે. બહુ માર ખાધો છે; પણ હવે ભસતાભાઈ, પૂંછડિયાભાઈ, કાળિયાભાઈ એ બધાનાં મોઢાં પર મેશ ન લગાડું, તો મારું નામ વાંદરમુખો નહિ ! (થોડો વિચાર કરીને) બસ ભઠ્ઠી લગાવું અને દુનિયામાં કોઈએ ન જોયેલી એવી ચીજ બનાવું. એક વાર એનો સ્વાદ ચાખવો જોઈએ; પછી તો ભલભલા ડાહ્યા માણસો પણ ગાંડા બની જશે. તો પછી આ ખેડૂતના શા ભાર ! આજ લગી એણે ભગવાનનું નામ બોલી બોલીને મને ખૂબ દઝાડ્યો છે; પણ હવે જોજો એના મોંમાંથી શું નીકળે છે તે ? આજકાલ એ લોકોને ઘેર લગનની ધમાલ છે. બધાં જુવાનિયાંનો મેળો જામ્યો છે. એ લોકોને એક વાર લલચાવીને એ ચીજનો સ્વાદ ચખાડ્યો, એટલે મારો બેડો પાર !

[કૂદતો કૂદતો જાય છે.]

પ્રવેશ ૫ મો

[એક મહિના પછી કલિયુગનો દરબાર]

કલિયુગ — (ગુસ્સે થઈ ને) અલ્યાઓ, પેલો વાંદરમુખો હજુ કેમ દેખાતો નથી ? આજે એનો વાયદો પૂરો થાય છે.

[વાંદરમુખો દોડતો દોડતો પ્રવેશ કરે છે.]

વાંદરમુખો — મહારાજ, મહારાજ, ચાલો, ચાલો ! જોઈએ તેટલા ખેડૂતોને ખાઓ ! નાના, મોટા, સ્ત્રી, પુરુષ, એ બધાંનું તાજુંમાજું લોહી પીઓ અને મજા કરો !


કલિયુગ — (નવાઈ પામીને) શું બોલ્યો? બધાં જ હાથમાં આવી ગયાં છે?

ભસતો ભૂત — મહારાજ, એની વાત ઉપર ભરોસો ન રાખશો. એ તો ખોટેખોટુંયે ભસતો હશે.

પૂંછડિયો ભૂત — એનું પૂંછડું કપાવાની બીક લાગતી હશે, એટલે આપણને બધાને ખોટી લાલચ આપી ક્યાંય રખડાવી મારશે.

વાંદરમુખો — બેસો, બેસો હવે. ખેડૂત જેવા ખેડૂતને પકડવો એ તમારા જેવા લબાડોનું કામ નથી. (કલિયુગને) મહારાજ, હવે જલદી ચાલો. જરા ત્યાંનો તમાશો તો જુઓ!

કલિયુગ — અલ્યા, એવી તે કઈ યુક્તિ તેં અજમાવી?



વાંદરમુખો — મહારાજ, એ તો મારી પોતાની શોધેલી નવી કરામત છે. પેલો ખેડૂત રાતદહાડો ભગવાનનું નામ જ લેતો હતો. ઘરમાં પણ ભાઈઓ વચ્ચે સંપ હતો, અને સાસુ તથા વહુઓ વચ્ચે પણ મા–દીકરીના જેવો મેળ હતો. કશી વસ્તુ માટે કોઈ જોડે લડવાની તો વાત જ નહીં. પણ હવે જુઓ મજા! દારૂ ઢીંચીને પેલો ડોસો દીકરા કે દીકરીનો ભેદ ભૂલીને કેવું કેવું ભૂડું બોલે છે! એના મોંમાંથી ભજનને બદલે કાનના કીડા ખરી પડે એવાં ભજનિયાં નીકળે છે, તે પણ જરા સાંભળો. દીકરાઓ પણ વહુઓને

અને માને કેવી ગાળાગાળી અને મારઝૂડ કરે છે! પડોશી સાથે પણ નજીવી બાબતમાં મારામારી થાય છે. ખેતીનું કામ પણ ખોરંભે પડી ગયું છે, અને ઢોરઢાંખર કાં તો ભૂખે મરે છે કે કાં તો વેચાઈ ગયાં છે. જમીનજમીન પણ શાહુકારને ત્યાં ગીરો મુકાઈ ગઈ છે. પોલીસો પણ હવે મરજીમાં આવે તેમ તેમની પાસે પૈસા પડાવે છે અને વેઠ પણ કરાવે છે. ગામમાં તેમની જે આબરૂ હતી તેનું લિલામ થઈ ગયું છે. અને જગતનો તાત એ જગતનો ઉતાર હોય એવો બની ગયો છે. ચાલો, મહારાજ ચાલો! પેટ ભરીને ખાઓ.

કલિયુગ — (આનંદ પામતો) શાબાશ, વાંદરમુખા, શાબાશ! તને હું મોટું ઇનામ આપું છું. આજથી તને આ બધાં હરામખોર ભૂતડાંઓનો સરદાર બનાવું છું. ખેડૂત જેવો ખેડૂત હાથમાં આવ્યો એ જેવી તેવી વાત છે? હવે તો રોજ રોજ તાજુંમાજું ખાઈને મજા કરીશું. તેં તો ભારે ગજબની કરામત કરી!

[બધા ખુશ થતા થતા વાંદરમુખાની સાથે ખેડૂતને ઘેર જાય છે.]

પ્રવેશ ૬ ઠ્ઠો

[આખા ઘરની બરબાદી જોઈને પસ્તાતા જીવાદાદા નીચું મોં કરી બેઠા છે.]

જીવાદાદા — (ઊભા થઈને, બે હાથ જોડી) ભાઈઓ, સૌ કાન દઈને સાંભળજો :

અમે આંધળા થયા એમ કોઈ થાશો નહિ,
અમે દારૂ પીધો એમ કોઈ પીશો નહિ.
અમે ખેતર ખોયાં એમ કોઈ ખોશો નહિ,
અમે દારૂ પીધો એમ કોઈ પીશો નહિ.
અમે ઘરબાર મેલ્યાં એમ કોઈ મેલશો નહિ,
અમે દારૂ પીધો એમ કોઈ પીશો નહિ.
અમે આબરૂ વેચી એમ કોઈ વેચશો નહિ,
અમે દારૂ પીધો એમ કોઈ પીશો નહિ.
અમે ઢોર થયા એમ કોઈ થાશો નહિ,
અમે દારૂ પીધો એમ કોઈ પીશો નહિ.

[પડદો પડે છે.]

સ્વાધ્યાય

૧. સુપ્રસિદ્ધ રશિયન લેખક તથા વિચારક ટોલ્સ્ટોયે 'ધ ફર્સ્ટ ડિસ્ટીલર' (ગુજરાતી અનુવાદ — 'પહેલો કલાલ')એ નામે એક નાટક લખ્યું છે, તેના ઉપરથી

શ્રી. જુગતરામ દવેએ 'ખેડૂતનો શિકારી' નામે નાટક લખ્યું છે. આ પાઠ તેના ઉપરથી તૈયાર કરેલો છે. મૂળ નાટક વાંચવા જેવું છે

૨. કલિયુગ એ બધી ખરાબ વૃત્તિઓના સરવાળારૂપ એક આસુરી શક્તિ મનાય છે. ખ્રિસ્તી લોકોમાં તેને માટે સેતાનની કલ્પના છે. બૌદ્ધોમાં તેને 'માર' કહે છે. 'નળાખ્યાન' વાંચ્યું હોય તો તેમાં કલિયુગ નળદમયંતીને કેવાં પજવે છે તે તમે જાણ્યું હશે.

પ્રશ્નો

૧. ખેડૂતનો શિકાર કલિયુગના અનુચરો શાથી નથી કરી શકતા, એ વસ્તુ સંવાદ ઉપરથી તારવીને જણાવો.

૨. છેવટે શાના વડે ખેડૂત જેવો ખેડૂત પણ કલિયુગનો શિકાર બની જાય છે?

૩. નાટકની વાત ટૂંકામાં લખો.

ટાંટિયાતોડ સ્ત્રી૦ = ભારે રખડપટ્ટી

બંદો પું૦ [ફા.] = પોતે (બડાઈ બતાવવા વપરાય છે)

માણભટ્ટ પું૦ = માણ વગાડીને કથા કરનાર બ્રાહ્મણ

ઝાળ લાગવી = જ્વાળાની આંચ લાગવી; દાઝવું [વખત

દીવાટાણું ન૦ = દીવો કરવાનો–સાંજનો

(દોરડું) ભાગવું સ૦ ક્રિ૦ = રેસાઓ લઈ આમળીને તૈયાર કરવું

વરાપ સ્ત્રી૦ = વરસાદ આવી ગયા બાદ થોડા દિવસ ઉઘાડ નીકળતાં પાણી ચુસાઈ જાય છે તેવી જમીનની સ્થિતિ

જામવું સ૦ક્રિ૦ = ઝઘડો થવો; લડી પડવું

એકનું બે ન થવું = ન માનવું

બળ્યા મોંનું વિ૦ = કાળા મોંનું – અપશુકનિયું

ચૌદમું રતન ન૦ = મારઝૂડ (સમુદ્રમંથન કરતાં જે ચૌદ રત્ન નીકળેલાં તેમાં ચૌદમું રત્ન અમૃત હતું.)

તુક્કો પું૦ = મનનો તરંગ

ભજનિયાં ન૦બ૦વ૦ = અપશબ્દ – ગાળો

ખોરંભે પડવું = નિકાલ ન થાય તેવે ઠેકાણે ખૂણેખાંચરે બાજુએ પડી રહેવું

લિલામ ન૦ = જાહેર હરાજી

ઉતાર પું૦ = ઉતારી નાખેલું; ફેંકી દેવા જેવું તદ્દન નકામું અથવા ભૂંડામાં ભૂંડું (માણસ)

ઘડપણ કેણે મોકલ્યું



घडपण केणे मोकल्युं, जाण्युं जोबन रहे सौ काळ ! टेक १

ऊमरा तो डुंगरा थया रे, पादर थयां परदेश;
गोळी तो गंगा थई रे, अंगे ऊजळा थया छे केश. घडपण० १

नहोतुं जोईतुं ने शीद आवियुं रे ? नहोती जोई तारी वाट;
घरमांथी हळवा थया रे, एनी खूणे ढळावोने खाट. घडपण० २

नानपणे भावे लाडवा रे, घडपणे भावे शेव;
रोज रोज जोईए रावडी रे, एवी वळी रे घडपणनी टेव ! घडपण० ३

प्रात:काळे प्राण माहरा रे, अन्न विना अकळाय;
घरनां कहे, मरतो नथी रे, तने बेसी रहेतां शुं थाय ? घडपण० ४

दीकरा तो जूजवा थया रे, वहुओ दे छे गाळ ;
दीकरीओने जमाई लई गया रे, हवे घडपणना शा हाल ! घडपण० ५

नव नाडो जूजवी पडी ने, आवी पहोंच्यो काळ;
वैरां छोकरां फट फट करे रे, नानां बाळक दे छे गाळ. घडपण० ६

अंतकाळे वळी आविया रें, दीकरा पधार्या द्वार;
पांसळीएथी वांसळी रे, पछी छोडीने आपी बहार. घडपण० ७

एवुं सांभळी प्रभु भजो रे, संभारजो जगनाथ ;
परउपकार कीधे पामशो रे, गुण गाय नरसैंयो दास. घडपण० ८

—નરસિંહ મહેતા

સ્વાધ્યાય

૧. ગુજરાતી ભાષાના આદિકવિ ગણાતા નરસિંહ મહેતા ૧૫-૧૬મા સૈકામાં થઈ ગયા કહેવાય છે. તેમનાં પ્રભાતિયાં ગુજરાતમાં ઘણાં જાણીતાં છે.

૨. વૃદ્ધાવસ્થામાં માણસની શારીરિક તેમ જ કૌટુંબિક કેવી સ્થિતિ થાય છે, તેનું આબેહૂબ વર્ણન દૃષ્ટાંતો આપીને કવિએ કર્યું છે. મોતની જેમ ઘડપણ દરેકને આવવાનું જ છે; તો પછી તેને નજરમાં રાખીને જ જીવન જીવવું જોઈએ એ વિચારમાંથી ગૌતમ બુદ્ધને વૈરાગ્ય આવ્યો હતો, તે પ્રસંગ અહીં યાદ કરવા જેવો છે.

૩. મરણ અંગે કિસા ગોતમીનો પાઠ યાદ કરો.

પ્રશ્નો

૧. ઘડપણમાં માણસની શી વલે થાય છે, તેનું વર્ણન તમારા શબ્દોમાં લખો.

૨. આ બધી ઘડપણની સ્થિતિ દર્શાવીને કવિ શું સૂચવે છે?

હળવું થવું = માન ઘટવું (તેથી ઊલટું ભારે થવું)
નૂજવું વિ૦ = જુદું; અળગું
વાંસળી સ્ત્રી૦ = રૂપિયા ભરવાની સાંકડી લાંબી એક જાતની કોથળી

૩૫

બ્રાહ્મણીનો છોકરો

૧

"હાય હાય, મારું રતન ક્યાં ખોવાયું? ફળિયામાં બેસાડીને હું હમણાં જ ગઈ હતી. એ તો મારી આંખ, મારું રતન. મારું રતન કોણ ઉપાડી ગયું હશે?"

આમ બૂમ પાડતી રાધા હાંફળી ફાંફળી આમ તેમ ગાંડીની જેમ દોડતી હતી. એને રડવું કે હસવું એનું ભાન નહોતું; વસ્ત્રનુંયે ભાન નહોતું. તેનો સાદ ફાટી જતો હતો. બિચારી મનમાં આશા બાંધી બેઠી હતી કે, છોકરો કાલે સવારે મોટો થશે ને મજ નોધારીને આ સૂના સંસારમાં કંઈક આધાર થશે. જુવાનીમાં જ બિચારી એકલી અનાથ થઈ પડી હતી.

"હું કહેતી જ હતી કે, એ કર્મફૂટેલ કંદોરો એને ન પહેરાવો. તમારાં પોતાનાં જ કર્મ ફૂટેલાં છે એ બહુ હતું. પાસેના ઘરમાં લક્ષ્મીને પૂછી તો આવો કે, મશ્કરીમાં છોકરું સંતાડ્યું કર્યું તો નથી?"

"કાલે ચોર આવ્યા હતા ખરા. એ ટોળી પર મને વહેમ આવ્યો જ હતો. છોકરો તેડીને હું તેમને લોટ આપતી હતી. એ અભાગિયાઓની નજર તો

પેલા સોનાના કંદોરા પર ને કંદોરા પર જ હતી." ડોશીનું — રાધાની માનું — કહેવું સાચું હતું. ગામને પાદર લફંગા લોકોની ટોળી ઊતરી હતી ને સોનાના કંદોરાને લોભે તેઓ રાધાનું બાળક ચોરી ગયા હતા. તે દહાડાથી બિચારી રાધા બાવરી થઈ ગઈ.

૨

ભંગીવાડામાં લખી કરીને એક બાઈ આંગણામાં વાસીદું કરતી હતી.

"સાંભળો છો કે? આમ આવો, જુઓ ભગવાને આપણે સારુ ભેટ મોકલી છે."

તેનો ધણી દોડી આવ્યો ને અચરજ જોયું. ભીંત પાસે ઉકરડો હતો; તેની ઉપર ઝાંખરાં ઊગ્યાં હતાં; ત્યાં એક નાનકડું સુંદર બાળક પડ્યું હતું. એક મોટા નાગદેવ ફેણ માંડીને બાળકની રક્ષા કરતા હતા.

"એને કંઈ કરતા નહિ હં; એ સાક્ષાત્ ભગવાન આપણે માટે ભેટ લઈને પધાર્યા છે."

પણ લખીની બિચારીની વિનવણી કોણ માને? પેમો ભંગી ઘરમાં દોડી જઈને એક મોટો ધોકો લઈ આવ્યો. નાગ ઝાંખરાંમાં ચાલ્યો જતો હતો, પણ ત્યાં તો તેના માથા પર ધડ દઈને ધોકો પડ્યો ને તેના રામ રમી ગયા.

"અરરર, આ તમે શું કર્યું!" રડતાં રડતાં લખીએ પેલું બચ્ચું હસ્યા કરતું હતું તેને તેડી લીધું ને ધવડાવ્યું.

"હાય, બિચારું કેટલું બધું ભૂખ્યું છે! નાગદેવને તમે માર્યા છે, પણ હવે પ્રભુ જાણે શાયે આફત માથે આવવાની હશે. આપણે એક બાળક ગુમાવ્યું એટલું બસ નહિ હોય, કાં તો!"

ત્રણ દહાડા પછી પેમાને શીળી નીકળ્યા. ગામમાં શીતળાના વાયરા હતા, એટલે તેને શીતળા નીકળ્યા એમાં નવાઈ જેવું નહોતું. પણ લખીએ તો માની લીધું કે, નાગદેવને માર્યાનું પાપ જ નડ્યું. તેણે કેટલાયે ધૂપદીપ કર્યા. પણ બધું અફળ ગયું. પેમો તો લખીને વિધવા મેલીને ચાલતો થયો.

૩

પેમો દેવું મૂકતો ગયો હતો. ભંગીવાડાના બીજા ભંગીઓની પેઠે તેનેયે દારૂનો ચસકો લાગ્યો હતો. તેની અને તેની વહુની બેઉની કમાણી ભેગી કરતાં તોયે તેમનો ખર્ચ પૂરો ન થતો. એક મુસલમાને પૈસા ધીરેલા તે લડાઈ કરીને ઘરમાં પિત્તળનાં થોડાં વાસણ હતાં તે, કોદાળી, પાવડો વગેરે જેમાં કંઈ કે માલ હતો, તે બધું ઉપાડી ગયો. લખી બિચારી હાયવોય કરતી ને ગાળો ભાંડતી જ રહી.

સુધરાઈના પ્રમુખ ભલા હતા. તેમણે બૈરાંઓનો રોજ વધારી આપ્યો. આથી દારૂડિયા ધણીની સાથે તેનો સંસાર ચાલતો હતો તે કરતાં વિધવાદશામાં લખી વધારે સુખણી થઈ.

પેમા જોડે પેલા બાળકને પણ શીતળા નીકળેલા, પણ ઈશ્વરની દયાથી તેને જોરથી નીકળ્યા નહોતા. મોઢા ઉપર થોડાક ફોલ્લા નીકળીને મટી ગયા. ઉકરડેથી જડી આવેલું બાળક ભંગીના છોકરા તરીકે ઊછર્યું.

છોકરાનું નામ પેથો પાડયું હતું. પણ ભંગીના કામમાં એનો હાથ કેમે કર્યો બેઠો નહિ. તે રેલવે સ્ટેશન ઉપર જઈને મજૂરને કામે લાગ્યો. રોજ સાંજે આનો બે આના લાવીને માને આપતો. મા ઘરડી થઈ હતી, છતાં હજુ સુધરાઈમાં જુવાનની પેઠે કામ કરતી હતી. પેથો બહુ જ ચાલાક હોવાથી સ્ટેશનનાં માણસોમાં સૌને વહાલો થઈ પડ્યો. પણ ગમે તેવો તોયે તે ભંગીનો છોકરો, તેની હદમાં રહીને જ તેણે કામસેવા કરવી જોઈ એ.

એક દિવસ ગાડી આવતાં પેથો પહેલા વર્ગના એક ડબ્બા પાસે જઈ પહોંચ્યો. બે બીજા છોકરાઓ પણ તે જ ડબ્બા તરફ દોડી ગયા. મુસાફર કોઈ હિંદુ ગૃહસ્થ હતા. તે મોટા અધિકારી જેવા દેખાતા હતા, એટલે મજૂરી મબલક મળવાનો સંભવ હતો. તેમણે બધો સામાન પેથાને સોંપી દીધો. પેલા બીજા છોકરાઓને અદેખાઈ આવી, એટલે એક જણે કહ્યું, “સાહેબ, એ તો ભંગીનો છોકરો છે.”

૪

“ભંગી છે?” એ મોટા માણસ ગરજી ઊઠ્યા. તેમણે પેથા પાસેથી સામાન ખૂંચવી લીધો ને તેને ડબ્બામાંથી કાઢી મેલ્યો.

પેથો બિચારો મારની બીકથી નાસી ગયો. પણ હવે તો મોડું થઈ ગયું હોવાથી યુરોપિયન મુસાફરોમાં પણ તેને કામ મળે તેમ રહ્યું નહોતું.

પેલા મોટા માણસ સ્ટેશન માસ્તરની ઑફિસ પાસે ઘડી વાર ઊભા રહ્યા અને ઊંચ વર્ણના મુસાફરો તથા ભંગી મજૂરોના પ્રશ્ન સંબંધે કંઈક વાતચીત કરી. સ્ટેશન માસ્તરે દિલગીરી દર્શાવી. લોકોનો ધસારો કંઈક કમી થયો ત્યારે સ્ટેશન માસ્તરે હાક મારી, “અલ્યા પેથા, તું બ્રાહ્મણોનો સામાન ઉપાડવા કેમ જાય છે?”

“સાહેબ, હું જાણીજોઈ ને નથી જતો, પણ આજે તો એ સાહેબે પોતે જ મને તેમનો સામાન સોંપેલો.”

“ગાંડિયા, તું ઉપરથી એવો રૂપાળો ને ચાલાક લાગે છે કે, તારી ન્યાત એ કળી નહિ શક્યા હોય. પણ હવે એવું નહિ કરતો.” તે દહાડે પેથો બિચારો મા પાસે ખાલી હાથે ગયો.

"બા, આજ કંઈ નસીબે યારી ન દીધી," એમ કહીને તેણે બધી વાત માને કહી સંભળાવી.

"ભલે આપણે ભંગી રહ્યાં; એમાં શું ખોટું થઈ ગયું? એ લોકોનું લોહી રાતું હશે અને આપણું કાળું હશે? તેમની કાયા સોનારૂપાની હશે ને આપણી હાડમાંસની? પણ તું એવાના ડબ્બામાં ગયો જ શું કામ? ગાડીમાં ગોરા લોકો નહોતા?"

"ડબ્બા બહાર પટાવાળાઓને જોઈને મને લાગ્યું, કોઈ ગોરા સાહેબ અંદર હશે, તેથી હું ત્યાં ગયો."

"હશે, બેટા, કોઈક દિવસ એમ પણ હોય. જા, હવે ઘેંસ કરી રાખી છે તે પી લે. ગરીબને પાળનાર હજાર હાથવાળો બેઠો છે."

૫

આજે પેથાને સારા શુકન થયા હશે. તેને રોજથી બમણી કમાણી થઈ. હરખભર્યો ઘર ભણી તે દોડ્યો આવતો હતો, ત્યાં રસ્તા ઉપરની હોટેલ પાસે તેના જેવા બે ચાર મજૂર છોકરાઓને ભજિયાં ખાતા તેણે જોયા. એને પણ મન થઈ ગયું કે, એકાદ આનાનાં ભજિયાં લઈને ખાઈએ. દુકાનવાળા પાસે તેણે ભજિયાં માગ્યાં.

એક મજૂર છોકરાએ કહ્યું, "શેઠ, એ તો ભંગીનો છોકરો છે."

દુકાનદાર બ્રાહ્મણ હતો. તે ચિડાઈને તડૂક્યો, "જા અહીંથી, હરામખોર! ભજિયાં ખાનારો આવ્યો!" મારની બીકે પેથો જીવ લઈને નાઠો. પેલા મજૂર છોકરાઓ રાજી થઈને હસવા લાગ્યા.

થોડે દૂર જઈને તે ઊભો રહ્યો. ત્યાં તાડીનું પીઠું હતું. પીઠાને નાકે એક ડોસી ટોપલામાં ભજિયાં લઈને બેઠી હતી. તેની પાસેથી એક આનાનાં ગરમાગરમ ભજિયાં લઈ તે ખાવા લાગ્યો. એક ડોસો ત્યાં ઊભો હતો, તે છોકરાની મજાક કરવા લાગ્યો. તેણે કહ્યું: "અંદર જઈને એક પ્યાલી લઈ આવ ને પછી જો ભજિયાંનો સવાદ!" છોકરાને મન થયું, પણ પગ ન ઊપડ્યા. વળી કોઈ બીજો લલચાવનાર મળ્યો. તેઓ સહુ સાથે પીઠામાં પેઠા. તે દહાડે પેથાને ઘેર જતાં બહુ મોડું થઈ ગયું.

લખીએ પૂછ્યું, "આજ શું હતું, બેટા? મોડું કેમ થયું?"

પેથાએ કંઈ જવાબ ન આપ્યો. નીચું ઘાલીને એક ખૂણામાં ભરાઈ રહ્યો. વાસ ઉપરથી લખીએ જાણી લીધું. બિચારી વલોપાત કરવા લાગી. અંતરના સંતાપથી તેણે નિસાસો નાખ્યો, "મારી બધી આશા ધૂળધાણી થઈ ગઈ!"

૬

લખી એક દહાડો મરી ગઈ. પેથો હવે જુવાન થયો હતો. તેઓ સુધરાઈના ઘરમાં રહેતાં હતાં, પણ સુધરાઈમાં તે કામ કરતો નહિ, તેથી તેને ને તેની બૈરીને ઘરમાંથી નીકળવું પડ્યું.

પેથાએ ધાર્યું હતું તે કરતાં વધારે એની ડોસી મૂકતી ગઈ હતી. પેથાના લગ્નમાં તેણે છૂટે હાથે ખરચ કર્યું હતું, અને છતાં ૧૨૦ રૂપિયા એક કોથળીમાં બાંધીને એક માટલામાં સાચવીને મૂકતી ગઈ હતી: આટલી મૂડીથી એક ગાંધિયાણાનું હાટ કરવાનો પેથાએ વિચાર કર્યો.

ગામની બજારમાં તો એને કોણ દુકાન આપે? ભંગીને બજારમાં દુકાન ક્યાંથી મળે? અને વખતે ભાડે કોઈ આપે, તોયે એને ત્યાં ઘરાક કોણ આવે? ભંગીવાડમાં દુકાન ખોલે તો ખોલી શકે, પણ ત્યાં તો ઘરાકી એકલા ભંગી લોકોની જ. એમાં કેટલી કમાણી થાય? તેણે ઘણા દહાડા વિચારમાં ગાળ્યા. અને આખરે નાકા ઉપર એક દુકાન ખોલવાનું નક્કી કર્યું.

ખરીદી ક્યાંથી કરવી એ હજુ ઠરાવવાનું હતું. ભંગીવાડામાં એક બીજો દુકાનદાર હતો તેની સલાહ લેવા ગયો. તે શેનો સલાહ આપે? તેનો ધંધો આમે બહુ ઓછો ચાલતો હતો, તેમાં નવો હરીફ જાગે તો તેનું સાવ પડી ભાંગે. પેથાને કોઈ ઊંચ વરણના માણસની મારફતે બધી ખરીદી કરવી પડતી. પણ મૂળ વેપારી અને પેલા આડતિયાના વચલા વહેવારમાં ભાવ એટલા બધા વધી પડવા લાગ્યા કે, તેનું ટટ્ટુ બહુ આગળ ચાલ્યું નહિ. ઘરાકી એટલી ઓછી હતી કે તેને ખોટ ગઈ. તેનો ધંધો થોડા દિવસમાં પડી ભાંગ્યો.

૭

પેથો અને તેની વહુ હવે એક મોટી મિલમાં કામે જતાં. વહુ રોજ પરોઢિયામાં ચાર વાગ્યે ઊઠતી ને મિલનો વખત થાય તે પહેલાં રાંધીસીંધીને તૈયાર થઈ જતી. મિલમાં જાય તેટલો વખત તેમનું છોકરું સંભાળવાનું એક પડોશીએ કબૂલ કર્યું હતું. આ કામ માટે તેને તેઓ પોતાની કમાણીમાંથી થોડુંક આપતાં. સાંજે મોડાં મોડાં ધણીધણિયાણી ઘેર આવતાં. પેથાની વહુ જરા વહેલી આવતી અને છોકરું લઈને ઘેર જતી ને બધું સમુંનમું કરી રાખતી. પણ પેથો રાતે બહુ જ મોડો આવતો, અને ઘણી વાર દારૂથી તર થઈને.

તેમનો સંસાર દુઃખદારિદ્રમાં ચાલતો. પેથાને ઘણી વાર મા સાંભરતી. તે હતી ત્યારે થોડું કમાતાં છતાં કેવાં સુખચેનમાં રહેતાં! લખીએ તેને ઊંચે સાદે કોઈ દહાડો વચન કહ્યું નહોતું. પણ હવે દિવસ આખો મજૂરી કરીને

થાક્યોપાક્યો રાત્રે ઘેર આવે ત્યારે બિચારાના નસીબમાં લડવાડ અને ગાળોના વરસાદ! દિવસે દિવસે તે ઝાઝો દારૂ પીવા લાગ્યો.

૮

ગામમાં આજે મોટી સભા થઈ હતી. ગાંધીનાં માણસો આવ્યાં હતાં. તેમનાં ભાષણો થયાં. મિલમજૂરો ભેગો પેથો પણ સભામાં ગયો હતો. પેલા લોકો બધું સમજી શકાય તેવું બોલતા હતા. પેથા જેવો અભણ ભંગી અને દારૂડિયો પણ એમનું કહેવું સમજી શકતો હતો. તેઓએ કહ્યું, "દારૂ ન પીશો. રેંટિયો કાંતજો. અંત્યજોને કાઢી ન મૂકશો; એ પણ આપણા ભાઈ ઓ જ છે."

પેથાને તેની નાનકડી હાટડી યાદ આવી. "મારી હાટડી જો ગામની બજારમાં જ હોત, અને બીજા બધાની પેઠે જો મારાથી મને ફાવે ત્યાંથી ખરીદી કરી શકાતી હોત ને ફાવે તેને વેચી શકાતું હોત, તો મારી માના પૈસા આમ એળે જાત નહીં." તે દહાડે આવો વિચાર મનમાં ઘોળતો ઘોળતો તે દારૂના પીઠા પાસે થઈને પસાર થયો, પણ જોર કરીને પીઠા તરફ વળતા પગને તેણે વાળી લીધા.

પેથો મૂળ તો બ્રાહ્મણનો છોકરો હતો — રાધાનો દીકરો. પણ તેને કે બીજા કોઈને એ વાતની ખબર નહોતી. પણ એમાં શું થઈ ગયું? તે જન્મે ભંગી જ હતો એમ માનીએ, તોયે અસ્પૃશ્યતા એ શું પાપ નથી ઠરતી? કેટલાક સમજે છે કે, અસ્પૃશ્યતા માણસને તેના રોજના વ્યવહારમાં જરાયે નડતી નથી, એ તો કેવળ ધાર્મિક ભેદ છે, બાકી બીજી વ્યવહારની બાબતોમાં તો સૌ સમાન જ છીએ. સાચી વાત તો એ છે કે, અસ્પૃશ્યતા એ તો આપણા જીવનના અંગેઅંગમાં અન્યાય અન્યાય ભરી મૂકે છે, આખી પ્રજા ઉપર તે મેશનો ડાઘ છે. દેખવું છે તેને તો તે ડાઘ આંખે વળગશે.

— ચ૦ રાજગોપાલાચારી

સ્વાધ્યાય

૧. આ વાર્તા શ્રી. ચક્રવર્તી રાજગોપાલાચારી (રાજાજી) એ લખેલી છે. રાજાજીની ટૂંકી વાર્તાઓ જાણીતી છે. ખાસ કરીને તેમણે મદ્યનિષેધ અને હરિજન પ્રશ્નો અંગે વાતો લખી છે. આ વાર્તા 'કરંડિયો' પુસ્તકમાંથી ઉતારી છે.

૨. હરિજનોને અસ્પૃશ્ય હોવાને કારણે સામાજિક અને ધાર્મિકની જેમ આર્થિક બાબતોમાં પણ કેવી વિટંબણાઓ ભોગવવી પડે છે, તેનું તાદૃશ ચિત્ર આ વાર્તામાં છે. તમારી આસપાસ પણ હરિજનોને જુદાં જુદાં ક્ષેત્રોમાં વેઠવી પડતી મુશ્કેલીઓની તપાસ કરો.

૩. ખરી રીતે પેથો બ્રાહ્મણનો જ છોકરો છે; છતાં સંજોગવશાત્ અજાણપણે અસ્પૃશ્યને ત્યાં ઊછર્યો હોવાથી અસ્પૃશ્ય તરીકેની બધી વિટંબણા તેને વેઠવાની આવે છે, એમ જણાવીને રાજાજીએ આખી વસ્તુસ્થિતિની કરુણતા અને વ્યર્થતા વધારે તાદૃશ કરી આપી છે.

પ્રશ્નો

૧. પેથો તાડી પીતો થયો, તેમાં તેની અસ્પૃશ્યતા કારણભૂત બની, તે શી રીતે?
૨. પેથાની દુકાન નિષ્ફળ નીવડી, તેમાં તેની અસ્પૃશ્યતા શી રીતે કારણભૂત બની?

મજ (નોધારીને) = મને (નોધારીને)
કર્મફૂટેલ વિ૦ = ફૂટેલા કર્મનું–અપશુકનિયું
નસીબે ચારી હેવી = નસીબ અનુકૂળ થવું – કમાણી થવી, લાભ થવો
ગાંધિયાણું ન૦ = ગાંધીનો ધંધો; કરિયાણું વગેરે વેચવાનો ધંધો
આડતિયો પું૦ = મૂળ માલિકના વતી કામ કરનારો; દલાલ; એજંટ
ટટ્ટુ આગળ ચાલવું = કામકાજ આગળ ધપવું – સફળ થવું

૩૬

અખાના છપ્પા



तिलक करतां त्रेपन गयां, जपमाळानां नाकां गयां;
तीरथ फरी फरी थाक्या चरण, तोय न पहोंच्या हरिने शरण;
कथा सूणी सूणी फूटचा कान, अखा तोय न आव्युं ब्रह्मज्ञान. १

एक मूरखने एवी टेव, पथ्थर एटला पूजे देव;
पाणी देखी करे स्नान, तुलसी देखी तोडे पान;
ए तो अखा बहु उत्पात, घणा परमेश्वर ए क्यांनी वात? २

तप तीर्थ दान व्रत नेम, घर बेठां ते पामे एम;
सद्विचार थइ जेणे ग्रह्युं, तेने शाखा पत्र व्हारुं नव रह्युं;
सद्विचार विण करे जे घणुं, ते धूळ उपर अखा लींपणुं. ३

पोते हरि नहि जाणे लेश, काढी बेठो गुरुनो वेश;
सापने घेर परोणो साप, मुख चाटी चाल्यो घेर आप;
एवा गुरु घणा संसार, ते अखा शुं मूके भव पार? ४

पहेलो तुं परमारथ प्रीछ, पछे गुरु थवाने ईछ;
पारो मूओ ते रोग निर्गमे, पछे भोजन बहोळुं ते जमे;
त्यम निराशे मळे नाराण, अखा तुं पहेले एवुं जाण. ५

ज्ञान विना भक्ति नव थाय, जेम चक्षु हीणो ज्यां त्यां अथडाय;
ते माटे ज्ञानी गुरु करो, हरि देखाडे सभरो भर्यो;
गुरु ज अखा नव जाणे राम, ते शिष्यने शुं आपे नाम? ६

देहाभिमान हतुं पाशेर, विद्या भणतां वाध्युं शेर;
चरचा वदतां तोलुं थयो, गुरु थयो त्यां मणमां गयो;
अखा एम हलकाथी भारे होय, आत्मज्ञान मूळगुं ते खोय. ७

आतम समज्यो ते नर जति, शुं थयुं धोळां भगवां वती;
बोडे तोडे जोडे वाळ, ए तो सर्व उपल्यो जंजाळ;
प्रीछीने संकोडे व्याप, तो अखा रहे आपे आप. ८

पोतानां पडखां नव जुए; हाडचामडां मूरख धुए?
शुद्ध केम थाय जो चामडुं, मोटुं मांहे ए वांकडुं;
हरि जाण्या विना भूला भमे, अखा पार न पामे क्यमे. ९

भूत पंचनो आ संसार, मूरख वहे ते वरण अहंकार;
भात चलावा वर्णावर्ण, कोई मस्तक हस्त कटि चरण;
ब्राह्मण, क्षत्रिय, वैश्य ने शूद्र, हरिनो पिंड अखा कोण क्षुद्र? १०

वर्णाश्रमशुं वळगे अंध, जाणे ए मायानो फंद;
लहेरे वळग्यो को नव तर्यो, निज बळ आव्युं ते ऊगर्यो;
हाडचर्म कां देखे भूत, अखा ब्रह्म रह्यो भरपूर. ११

ऊंचा खरा ते ऊंच न जाण, नीच ते नोहे नीच निर्वाण;
ऊंचमां राम बमणो नथी भर्यो, अने नीच पिंड ठालो नथी कर्यो;
कहे अखा स्वप्नामां वक्यो, जेम छे तेम जोई नव शक्यो. १२

સ્વાધ્યાય

૧. અખો (ઈ. સ. ૧૬૧૫થી ૧૬૮૫ નો અરસો) મૂળે અમદાવાદનો સોની હતો. સાધુસંતની સંગતથી અને જીવનમાં બનેલા કેટલાક પ્રસંગોથી તેને વૈરાગ્ય આવ્યો અને તે જ્ઞાનને માર્ગે વળ્યો.

૨. અખાએ આજુબાજુની દંભી પરિસ્થિતિને ચાબખા જેવા સપાટા ખૂબ લગાવ્યા છે. ચોપાઈનાં છ ચરણોના છપ્પામાં મુખ્યત્વે તેણે લખ્યું છે. 'અખેગીતા', 'અનુભવબિંદુ' વગેરે તેના જાણીતા ગ્રંથો છે.

પ્રશ્નો

૧. તિલક, માળા, તીરથ, પૂજા, સ્નાન, તુલસી વગેરે બાહ્ય સાધનોની ઉપયોગિતા વિષે અખો શું કહે છે?

૨. ગુરુ થઈ બેસનારા વિષે અખો શું કહે છે?

૩. ઊંચ–નીચ વર્ણોના ભેદો વિષે અખો જે કહે છે, તે તમારા શબ્દોમાં લખો.

ત્રેપન ન૦ બ૦ વ૦ = આયુષનાં ૫૩ વર્ષ
નેમ પું૦બ૦વ૦ = નિયમ (વ્રત વગેરેના)
બહારું = બહાર; અલગ
આપ ઘેર = પોતાને ઘેર
ઈછ = ઇચ્છ
પારો મૂઓ = પારાની કરેલી પૂરેપૂરી ભસ્મ
નિર્ગમવું = દૂર કરવું
નિરાશ સ્ત્રી૦ = આશા–આસક્તિ-રહિત થવું તે
નારાણ = નારાયણ; ભગવાન
સભરો = સભર; પૂરેપૂરો
મૂળગું = સમૂળગું; પૂરેપૂરું
બોડે તોડે જોડે = (સંન્યાસી) વાળ બોડે, (જૈન જતિ) વાળ તોડે અને (જટાધારી સાધુ) વાળ જોડે
વ્યાપ સંકોડવો = કામનાનો વિસ્તાર ઓછો કરવો
આપે આપ રહે = આત્મસ્થિત થાય
મસ્તક હસ્ત કટિ ચર્ણ = બ્રાહ્મણ એ સમાજશરીરનું માથું ગણાય છે, ક્ષત્રિય હાથ, વૈશ્ય કેડ અને શૂદ્ર ચરણ
લહેરે વળગ્યો = મોજાંની પંક્તિનો બચવા માટે આધાર લેનારો
ભૂર વિ૦ = ઘણું; વધારે
નિર્વાણ અ૦ = ખરેખર; નક્કી

૩૭
ચિંચવડના પથરા

[એક પત્ર]

ચિંચવડ
પોષ વદ અમાસ, ગુરુ

ચિ. —

. . . . . ગોધરેથી મામાસાહેબ[૧] આવ્યા છે. સાથે એમનો એક વત્સ છે. તેઓ ગોધરાનાં રીંગણાં લઈ આવ્યા છે. ઈંડાં જેવાં ગોળ અને સફેદ. મામાસાહેબ કહે છે કે, આ છોડો બારે માસ રીંગણાં આપે છે.

પોષ માસમાં મહારાષ્ટ્રી મહારાષ્ટ્રીને મળે એટલે સંક્રાંતિના ‘ તિલગુળ ’ તો જરૂર આપે. હરિહરભાઈના પંચાંગ પ્રમાણે મકરસંક્રાંતિ — ઉતરાણ બાવીસમી ડિસેંબરે થઈ. પણ આપણાં રૂઢ પંચાંગો પ્રમાણે ગયા રવિવારે ઊજવાઈ. તે દિવસે પાઠશાળાના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો તલ અને ગોળના બનાવેલા લાડવા લઈ આવ્યા હતા. મામા આવ્યા તે પણ તે દિવસે જ નીકળેલા એટલે તેઓ ખાસી મજાની તલસાંકળી લઈ આવ્યા છે. એકબીજાને તલગોળ આપીને અમે બોલીએ છીએ: ‘ तिळगूळ घ्या आणि गोड बोला[૨] ’, કેમ કે તલમાં સ્નેહ છે અને ગોળમાં મીઠાશ છે. બધા સાથે પ્રેમ અને મીઠાશ રહે, એ સંકલ્પની એ નિશાની છે. વેદમાં એક મંત્ર છે:

मित्रस्य मा चक्षुसा सर्वाणि भूतानि समीक्षन्ताम् ।
मित्रस्याहं चक्षुसा सर्वाणि भूतानि समीक्षे ।
मित्रस्य चक्षुसा समीक्षामहे ।

[બધાં પ્રાણીઓ મારા તરફ અવેરથી — સ્નેહભાવથી જુએ; હું બધા તરફ સ્નેહની દૃષ્ટિથી જોઉં છું. આપણે બધા સ્નેહની દૃષ્ટિએ જોઈએ.]

આ વૈદિક મંત્રનું જ, મહારાષ્ટ્રના ભાવિક લોકોએ, આવું મજાનું અને મિષ્ટ રૂપાંતર કર્યું છે.

મકરસંક્રાંતિની વાત તો ઓચિંતી હાથ આવી, નહીં તો આ ફેરે તમને કઈ બાબત લખવું એ સૂઝતું ન હતું. અને માણસને સૂઝે નહીં ત્યારે શું લખે, પથરા? આમ વિચાર ચાલતો હતો એટલે નક્કી કર્યું કે, હવે પથરા ઉપર જ

---

૧. મામાસાહેબ ફડકે; ગાંધીજીના એક આશ્રમવાસી; ગોધરામાં હરિજનપ્રવૃત્તિ સંભાળે છે.

૨. ‘ તલ-ગોળ લો અને મીઠું બોલો. ’

લખવું. ગુજરાતમાં તો પથરા છે જ નહીં. ત્યાં તો બધે ધૂળ ને ધૂળ. પ્રભુદાસને[1] થાય છે કે, પોરબંદરી પથરાને હું અન્યાય કરું છું. પણ હું તમને જ પૂછું છું કે કરવત વતી જે વહેરાય તેને પથરાનું નામ શોભે ખરું? અહીંના કેટલાક પથરા. એવા તો સખત છે! આજે જ નાળિયેર જેવડો પથરો લઈને એક પથ્થરફોડા પાસે હું ગયો હતો. મેં એને કહ્યું, 'મારે આની અંદર પોલું છે કે શું તે જોવું છે. આને જરા ભાંગી આપો.' ભલા માણસે એની અધમણની અણિયાળી મોગરી ઊંચકીને ત્રણ ચાર વાર સખત ઘા કર્યા. પણ પથરો એકનો બે ન થયો. પેલો પથ્થરફોડો કહે, 'મેં તમને નહોતું કહ્યું, આ પથરો નક્કર છે? અને જાત એવી કે આમ ફૂટે નહીં.'

પણ અહીં પથરાની ખૂબી તો ઓર છે. સહેજ અર્ધો પોણો કલાક ફરવા જઈએ કે પથરાનું અદ્ભુત કાવ્ય નજરે પડે છે. કવિઓ પોતાનું જે કાવ્ય લખે છે તે દુનિયા આગળ પ્રગટ થાય એને માટે એમનામાં કેટલી ઇંતેજારી હોય છે! પણ કુદરત તો પોતાનું ભારેમાં ભારે કાવ્ય પૃથ્વીના ઉદરમાં સંતાડી રાખતાં પણ સંકોચાતી નથી. એક ઊંડી ખાણમાંથી એક ખરબચડો પથરો લઈ અમે એ ભાંગ્યો, તો અંદર શું મળે? જાંબુડા રંગનાં અને સાકર જેવા પાસાવાળાં નાનાં મોટાં રત્નોનો ભંડાર! પૈસાદાર લોકો આ રત્નોની કિંમત ન કરે, અથવા પોતાની વીંટી ઉપર ન બેસાડે, કે હાર કરીને પોતાના ગળામાં ન પહેરે; તેથી શું આનું રત્નપણું ઓછું થયું? સૂક્ષ્મદર્શક યંત્રમાં એના પાસા જોયા તો તેમાં તો અનેક પગથિયાં દેખાયાં; જાણે કાંકરિયા તળાવનાં પગથિયાં!

બીજા કેટલાક પથરાઓ બરાબર એથી ઊલટા. એમના આખા શરીર પર નાના મોટા ખાડા અને એ બધા ખાડા પાસાદાર અને અણિયાળા. આમાં વળી રંગની મજા જુદી જ. કેટલાકની નાભિ લાલ રંગની, જ્યારે કેટલાકની સાવ આસમાની રંગની. કેટલાક પથરાઓ પર હીરાકણીની ભાત પડેલી; ગમે તે દિશાએ જુઓ ચળકયાં જ કરે. આ કણીઓમાં કેટલીક રાઈ કરતાંયે ઝીણી, અને કેટલીક અમદાવાદી બોર કરતાંયે મોટી. લીલા રંગના પથરાનો તો કોઈ અહીં ભાવ પણ ન પૂછે. કેટલાક પથરાઓમાં અંદર બહાર બધે લીલાં લીલાં ટપકાં જ હોય છે; અને વચમાં વચમાં અબરખ જેવો ચળકાટ હોય છે. એ પથરો જેટલો રૂપાળો હોય છે, તેટલો જ સુંવાળો પણ હોય છે. પથરામાં એની જાત કાચી ગણાય. કુદરતમાં લીલો રંગ અસ્થિર છે. લીલા રંગનો ભરોસો ન રખાય; આજે છે ને કાલે નથી. વનસ્પતિમાં પણ આપણે નથી જોતા કે, તડકાને લીધે જ લીલો રંગ ખીલે છે, અને એ તડકો જ એ રંગ ચૂસી જાય છે? લીલો

૧. શ્રી. પ્રભુદાસ ગાંધી. જુઓ 'ગાંધીજીની નિશાળ' એ પાઠ.

રંગ એટલે ઘડીકની લહેર. વાદળી રંગ એથી સાવ ઊલટો — આકાશ જેવો સ્થિર. અમારી પાસે વાદળી રંગના જાત જાતના પથરાઓ છે. કેટલાકનો રંગ બહુ ઘેરો હોય છે ને કેટલાકનો સાવ ફીકો. આ રંગ બધે સરખો નથી હોતો. સફેદથી માંડીને સ્લેટના રંગ સુધીના અનેક પ્રકારો એમાં હોય છે. પરવાળાના રંગના પથરા બહુ મળતા નથી, પણ જ્યારે મળે છે ત્યારે મન હરી લે છે. એમનો લાલ રંગ હસમુખો અને ઠાવકો છતાં ખાનદાન હોય છે. બીજો એક પથરો લીંબુના ચોથા ભાગની ચીરના આકારનો છે. એની એક બાજુ તમે જુઓ તો કહેશો કે, લાલ દરવાજા આગળની મસ્જિદમાં જે અર્ધગોળ જાળી છે તેવો જ એ દેખાય છે. આની ધરતી ખરબચડી ભાતવાળી છે, અને એની કોર આંગળી જેટલી જાડી ને વાદળી રંગની છે. બીજા એક પાતળા પથરામાં પાસાદાર ચકમકની એક ઊંડી ગુફા છે. બાળ[1] ઘણી વાર સૂક્ષ્મદર્શક કાચ લઈ ને અંદરનું સંશોધન કરે છે. પણ એ કેટલી ઊંડી છે એનો પત્તો હજુ નથી લાગ્યો. પથરો તોડીને જોવા જેટલો એ રસિક સંશોધક નથી.

પથરાની બીજી એક જાતને અમે અનેનાસનું નામ આપ્યું છે. એને ભાગીએ કે અનેનાસનાં પતીકાં અને તેની ચીરો જેવા કકડા થાય છે. એમાંનો એક કકડો જાપાની પંખાના આકારનો છે. એક કાચબા જેવો છે. એક ચકમકનો પથ્થર ચામડાના રંગનું બખતર પહેરી બેઠો છે. આપણા મોટા મોટા પાણીના દેગડા પર કંસારાની હથોડીના ઠોક જેવી તેના પર ભાત છે. કેટલાક પથરાઓને ચકમકના કહેવા કે આરસપહાણના, એવી શંકા આવે. કેટલાક તો મીણના ગોળા જેવા લાગે છે. એક પથરામાં પ્રશ્નચિહ્ન જેવી લીટીઓ છે; જ્યારે બીજામાં અષ્ટકોણી રકાબીનો ભાંગેલો કકડો હોય એવી ભાત છે.

તમે શંખજીરું જોયું છે? એ બહુ લીસો ને પોચો પથરો હોય છે. મરડામાં ને સંઘરણીમાં એની ઝીણી ભૂકી કરી માવાની બરફી સાથે ખવડાવે છે. એ શંખજીરા જેવા — પણ શંખજીરું નહિ — પથરાઓ પણ અહીં મળે છે. એનો આકાર સક્કરપારિયા ચોસલા જેવો હોય છે. એનાં પડ દેખાય છે એક રીતે, પણ એને ભાંગીએ ત્યારે બીજી જ રીતે ભાંગે છે. મારી પાસે એક મજાનો ત્રિકોણી પથરો છે. એ ચળકે છે ફટકડીની જેમ, પણ એની ભાત કઈ રીતે વર્ણવું? એક જ પાયા પર નાના મોટા અનેક સમદ્વિભુજ ત્રિકોણો ઊભા કરીએ તો જેવી આકૃતિ થાય તેવો એ છે. કેટલાક પથરાઓમાં વાંકીચૂકી પણ સમાન્તર ને સફેદ લીટીઓ હોય છે.

---

૧. લેખકનો નાનો પુત્ર બાલકૃષ્ણ.

અંગ્રેજીમાં ત્રણ શબ્દો છે: 'ટ્રાન્સપેરન્ટ', 'ટ્રાન્સ્લ્યુસન્ટ', અને 'ઓપેક'. ટ્રાન્સ્પેરન્ટ એટલે સજ્જનના મન જેવું પારદર્શક; ઓપેક એટલે મુત્સદ્દીઓના હેતુ જેવું અપારદર્શક, અને 'ટ્રાન્સ્લ્યુસન્ટ' એટલે વિદ્યાર્થીઓના નિબંધ જેવું અસ્પષ્ટ-પારદર્શક. મારી પાસે ત્રણે જાતના પથરાઓ છે. અને વિશેષ મજા એ કે, એક જ પથરામાં કોક કોક વાર આ ત્રણે સ્થિતિ જોવા મળે છે. કેટલાક પથરાઓ સાવ બાધા જેવા દેખાય છે. પણ જ્યારે પ્રકાશ અને આપણી આંખ વચ્ચે આપણે એમને ધરીએ, ત્યારે પોતાની અંદર રહેલી બધી કળાઓ પ્રગટ કરે છે. તમે સમુદ્રની છીપો તો ઘણી જોઈ છે. અહીં એ રંગના દૂધિયા પથરા પણ મળે છે. એક નાનકડો પથ્થર કાચકાગળ જેવો છે. એના પર અમે અમારી પેન્સિલની અણી કાઢીએ છીએ.

ચોમાસામાં વરસાદમાં જેને કામ કરવું પડ્યું છે એ જાણે છે કે, પગનાં આંગળાં સડી જાય છે ને એ આંગળાં વચ્ચેનો ભાગ આસમાની ધોળો થઈ જાય છે. પગની એ સ્થિતિ જોઈ આપણને ચીતરી ચડે છે. પણ પથરામાં જ્યારે એ ઝાંખ દેખાય છે ત્યારે એ જોતાં મન હરે છે. બાળે ક્યાંકથી હાથનાં આંગળાં જેવો જ એક પથરો આણ્યો છે. એના પર કાચકાગળ જેવી કણીઓ છે. પણ આવી કણીવાળો ઉત્તમમાં ઉત્તમ પથરો પ્રભુદાસ પાસે છે. કોઈ પણ કળારસિક માણસ એને એક વાર જુએ તો ભૂલી ન જાય.

વેરૂળની કે અજંટાની હજાર કે બે હજાર વરસ પહેલાંની કારીગરી જોઈ ને આપણને અચંબો થાય છે અને આપણે એમની પાસેથી મળતો ઇતિહાસ શોધીએ છીએ. પણ મારા હાથમાં રમતા આ નાના મોટા પથરાઓ પાસે એટલો બધો જૂનો ઇતિહાસ છે કે, વેદકાળને પણ આ પથરાઓ ગઈ કાલને નામે સંબોધે છે!

તમારામાંથી કેટલાક જણ જાણતા હશો કે, ભૂસ્તરવિદ્યા કરીને એક શાસ્ત્ર છે. એ શાસ્ત્ર પૃથ્વીના પડની સ્થિતિ કેવી છે, તે શાથી આવી બની છે, વગેરે બધી વસ્તુઓની તપાસ કરે છે. આ શાસ્ત્રનો ખેતીમાં, કૂવા ખોદવામાં, ખાણો ખોદવામાં, વગેરે અનેક કામમાં ઉપયોગ થાય છે. ભૂતકાળ તરફ પ્રયાણ કરતાં જ્યાં ઇતિહાસ થાકે છે, ત્યાં આ શાસ્ત્ર પોતાનું કારભારું શરૂ કરે છે.

તમારામાંના કેટલાક જણ મારી સાથે ખંભાત આવ્યા હતા. ત્યાં આપણે અકીકની કારીગરી જોવા ગયા હતા. રાજપીપળાના ડુંગરોમાંથી અકીકના પથરા આણી ભઠ્ઠીમાં તે પકવે છે, એટલે એ પથરામાં જાત જાતના રંગો અને ભાતો ખીલે છે. એ તો કૃત્રિમ ક્રિયા થઈ. કુદરત એ જ ક્રિયા લાખો વરસથી —હા, સાચે જ લાખો વરસથી — પૃથ્વીના પેટમાં કરતી આવી છે. એ ક્રિયા

આપણાથી અજ્ઞાત અને ચૂપચાપ ચાલે છે. 'સિલિકેટ' (ચકમકનો પથ્થર)નો રસ બે પથરા વચ્ચે અથવા એકાદ મોટા પથરાના પેટમાં ઘૂસે છે. ત્યાં એના જાત જાતના આકાર થઈ જાય છે. એકાદ પથરાના પેટમાં પોલાણ વધારે હોય અને 'સિલિકેટ'નો રસ ઓછો ગયો હોય, એટલે એના મજાના પાસા પડે છે.

અહીં પ્રભુદાસે પોતાનો સંગ્રહ કરવાની શરૂઆત કરી છે. એની પાસે તો ખૂબ જ મજાના પથરા ભેગા થયા છે. એક પથરાનો આકાર કાન જેવો છે, પણ એ કશું સાંભળતો જ નથી. બીજા એક પથરામાં કાળી, પીળી અને જર્દા રંગની મજાની વીંટીઓ છે. બીજા એક પથરામાં સમકેન્દ્ર લીટીઓ જ છે. ડુંગળી અર્ધી કાપી હોય એટલે અંદરનાં પડ જેવાં દેખાય છે અથવા આંગળી ઉપરનાં શંખચક્ર જેવાં હોય છે, તેવી જ આ લીટીઓ છે. માત્ર આવી લીટીમાં ઠેર ઠેર ખૂણા પડેલા હોવાથી આની શોભા વધારે છે. અહીં પાઠશાળાના વિદ્યાર્થીઓ પ્રભુદાસને પૂછે છે કે, 'આ પથરાઓનું તમે શું કરો છો?' પ્રભુદાસ શો જવાબ આપે તે હું જાણતો નથી. મને એક વાર રામદાસભાઈએ[1] પૂછેલું કે, 'આ તારાઓ જોવાથી શો લાભ થાય?' ત્યારે મને કશો જવાબ સૂઝ્યો ન હતો, કેમ કે એ સવાલ જ મને ઊઠ્યો ન હતો.

લિ.

જાન્યુઆરી '૨૫ — કાકાના સપ્રેમ શુભાશિષ

સ્વાધ્યાય

૧. 'કુદરતરૂપી પુસ્તક' એ પાઠમાં પથરાઓ વિષે લખાણ છે; અને આ પાઠમાં પણ છે. તે બે લખાણો પાછળની દૃષ્ટિ વચ્ચેનો તફાવત સમજવા જેવો છે. એકમાં વિજ્ઞાનની દૃષ્ટિ છે, બીજામાં કાવ્યની.

૨. મકરસંક્રાંતિ મહારાષ્ટ્રમાં જે રીતે ઊજવાય છે, તેનો ઉલ્લેખ પાઠમાં છે. ગુજરાતમાં શી રીતે ઊજવાય છે, તે સરખાવો.

૩. પ્રચલિત પંચાંગ પ્રમાણેની કાલગણનામાં થોડો ફેર પડેલો છે; તેથી આકાશમાંના પ્રત્યક્ષ અમુક દેખાવો પરથી તેને સુધારી લેવાની પ્રવૃત્તિ ચાલી છે. આશ્રમની શાળાના શ્રી. હરિહર ભટ્ટ તે આ પ્રવૃત્તિના પુરસ્કર્તા છે.

૪. આ આખો પાઠ કાકાસાહેબે પત્રરૂપે લખેલો છે. આપણે જોયેલી, જાણેલી ઘણી વાતો આ રીતે પત્ર મારફતે લખવાની મજા પડે. માત્ર નિબંધ રૂપે લખવા કરતાં, આ રીતે લખવામાં એક પ્રકારની સરળતા રહે છે અને રસિકતા પણ એમાં ઉમેરાય છે.

પ્રશ્નો

૧. જુદા જુદા રંગની ખાસિયતો વિષે કાકાસાહેબ શું કહે છે? તે રંગોના નમૂના એકઠા કરો.

૨. પથરાઓ ઉપરથી ભૂસ્તરશાસ્ત્રી પ્રાચીન ઇતિહાસ શી રીતે કહી શકે?

---

૧. ગાંધીજીના (ચારમાંના) ત્રીજા પુત્ર.

પથરા = નકામું, તુચ્છ કે નિરર્થક એવો ભાવ બતાવે છે. જેમ કે, 'તેને શું પથરા આવડે છે?'

લાલ દરવાજો પું૦ = અમદાવાદમાં ભદ્ર પાસે આવેલું સ્થાન (અત્યારે દરવાજો નથી, મેદાન છે.)

સંશોધન ન૦ [સં.] = ભુલાઈ ગયેલી કે જાણમાં નહિ એવી બાબતની શોધખોળ

સમદ્વિભુજ વિ૦ [સં.] = જેની બે બાજુઓ સરખી હોય તેવું (ત્રિકોણ)

સમાંતર વિ૦ [સં.] = સમાન અંતરે આવેલું; 'પેરેલલ'


વેરૂળ ન૦ = જ્યાં પ્રસિદ્ધ ઇલોરાની ગુફાઓ આવેલી છે તે (હૈદરાબાદ રાજ્યમાં આવેલું) સ્થળ

અકીક પું૦ = એક જાતનો લીસો, ચળકતો પથ્થર

જર્દો રંગ = ઝાંખો પીળો રંગ

૩૮

કાંઠે રમે રે રૂડાં બાળુડાં



दरियानां तीर रळियामणां रे, रूडां रमे नानां बाळ,
नहातां गातां ने कांई नाचतां, हां रे हैये नथी कोनी फाळ,
कांठे रमे रे रूडां बाळुडां. टेक० १

ऊंचे अनंत आभ थंभियां रे, विना थोभ ने थडकार;
नीचे नाचे रे नीलां पाणीडां, हां रे सदा फिणाळां श्रीकार. कांठे० २

वेळु दाबीने करे घोलकी रे, रूडां तरावे छे वहाण;
पाळेथी वीणी वन पांदडां, हां रे गूंथे होडलां सुजाण. कांठे० ३

रमतां ते बाळुडांए दीठडां रे, एवां अचरज बे चार--
क्यां रे हाल्या आ मोटा काफला ! हां रे कोणे ड्होळियां पताळ ! कांठे० ४

मरजीवा मोतीडांना लोभिया रे, ड्होळे पाणीनां पताळ;
वाणीडा लक्ष्मी तणा लालचु, हां रे हाल्या खेडवा वेपार. कांठे० ५

बाळुडां न जाणे जळ ड्होळतां रे, नथी जाणतां वेपार;
कांठे बेसीने वीणे कोडीओ, हां रे वीणे शंखलां बे चार. कांठे० ६

दरियो भेंकार भूरो गाजतो रे, हसे सागर जुवाळ;
हालां गाती रे जाणे मावडी, हां रे नानां बाळुडांने कान. कांठे० ७

ओचिंता आभ चडचा वायरा रे, गडचां काळनां निशान;
डूब्या मरजीवा मोती वीणता, हां रे डूब्यां वाणीडानां वहाण.
कांठे किल्लोले रूडां बाळुडां. ८

मोती मायाना मोटा लोभिया रे, महीं पडी खुए प्राण;
नानां निर्लोभी ऊभां कांठडे, हां रे करे गान गुलतान. कांठे० ९

અનુ૦ ઝવેરચંદ મેઘાણી

સ્વાધ્યાય

૧. સ્વ૦ ઝવેરચંદ કાલિદાસ મેઘાણી (ઈ. સ. ૧૮૯૬–૧૯૪૭) ભુલાઈ જતા લોકસાહિત્યને ખોળી કાઢી પ્રસિદ્ધ કરવાની તેમની સેવાને કારણે પ્રસિદ્ધ થયા છે. 'સૌરાષ્ટ્રની રસધાર', 'રઢિયાળી રાત' વગેરે તેમના જાણીતા સંગ્રહો છે. તેમણે પોતે પણ કવિતાઓ લખી છે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરના 'શિશુલીલા' એ બંગાળી કાવ્ય પરથી શ્રી. મેઘાણીએ આ અનુવાદ કર્યો છે.

૨. જગતરૂપી સાગરનું રૂપક લઈને આ કાવ્ય વિચારો. ઈશુ ખ્રિસ્તે બાળકોને માટે કહ્યું છે કે, સ્વર્ગનાં દ્વાર બાળક માટે હમેશા ખુલ્લાં છે, કેમ કે તે નિર્દોષ છે.

પ્રશ્નો

૧. દરિયામાં ડૂબ્યા કોણ ? અને બચ્યું કોણ ?
૨. બાળકો કેમ બચી ગયાં ?

ફાળ સ્ત્રી૦ = ધાસ્તી; ડર
થોભ પું૦ = આધાર; ટેકો
શ્રીકાર વિ૦ = સુંદર; મઝેનું; ઉત્તમ
ઘોલકી સ્ત્રી૦ = સાવ નાનું અંધારું ઘર
સુજાણ વિ૦ = હોશિયાર
મરજીવો પું૦ = દરિયામાંથી મોતી કાઢનાર (પાણીમાં મરણિયો થઈ ઊંડે ડૂબકી મારતો હોવાથી)
ભેંકાર વિ૦ = ભયંકર
ગડચાં = ગડગડચાં

૩૯

માનસિંહની રાજભક્તિ

[હલદીઘાટના યુદ્ધમાંનો એક પ્રસંગ]

માનસિંહ — શૂરા ઝાલાઓ ! જેમ ચંદ્રમા વાદળીમાં પેસી ગયો હોય ને નજરે ન આવે, તેમ મોગલદળમાં મહારથી જેવો આપણો મહારાણો પ્રતાપસિંહ ક્યારનો ઘૂસી ગયો છે, તે ખોળ્યો જડતો નથી; માટે તમારા ભાલા ચળકાવો, ને એ ભાલાઓથી મોગલ દળનું વાદળ ચીરી આપણો પ્રતાપી પ્રતાપ શું કરે છે તે જુઓ. આ વખત તમારું પરાક્રમ દાખવવામાં પાછી પાની કરશો મા. તમારા રાજાને,[1] રાણાને જમણે હાથ બેસવાનો હક તમારા ભાલાના જોરે આજ અપાવો. આપણે રાણાના સહાયક છીએ, એ વાત કલિયુગમાં ન ભુલાય, એવી નિમકહલાલી જણાવી, ગયેલી બાજી પાછી લાવો. આજે આપણે હાથે એવું પરાક્રમ થાય, કે જેથી રાણાજીના તેમ જ આપણા પૂર્વજ હરખાય, ને આપણી છાપ રાણાજીના કુળમાં 'યાવચ્ચંદ્રદિવાકરૌ' ન ભૂંસાય, ત્યારે આપણે મદદે આવ્યા પ્રમાણ ! રે, આ જીવતર શા કામનું છે ? દાભને સાથરે સૂઈ દેહ તજે તે ક્ષત્રી નહિ, પણ ખતરી જાણવો. રજપૂતે તો રણસંગ્રામમાં નામના કરી, બાણની પથારીએ પોઢી, આ ક્ષણભંગુર દેહ – દુઃખનું ગેહ – તજી દેવો, ને અચળ કીર્તિનો વારસો પોતાની પાછળ રહેલાં સંતાનને દેવો, એ જ જન્મ્યાનો લહાવો લેવાનો છે.

એક ઝાલો યોદ્ધો — ઓ બાપજી ! રાણાજીએ તો મોગલ દળમાં રોળ વર્તાવ્યો છે. લાંબી દાઢીવાળાઓનાં રઝળતાં તુંબડાં મારા ઘોડાની હડફેટે ચઢતાં મેં જોયાં છે. સલુંબરાજી રાજી થતા રાણાજીનાં વખાણ પોતાના જોદ્ધાઓને સંભળાવતા જતા મેં જોયા છે. રામસિંહજી[2] પણ તલવાર તાણી તૂટ્યા છે. સિસોદિયાઓએ બાણની અષાડ માસ જેવી હેલી કીધી છે ને રાણાજી મોગલોને ભાજીમૂળા પેઠે લેખતા સલીમશાહના હાથી ભણી ઊડી પડ્યા છે ! માટે આપણે આ વેળા વિસામો લેવાનો નથી. થોડા વખતમાં આપણે પરાક્રમ ઝાઝેરું કીધું છે, પણ આ સમો પગ વાળવાનો નથી.

માનસિંહ — સાચી વાત છે, મારા વહાલા વીર ! હવે આપણે એવી કારમી કિકિયારી કરી ઓચિંતો એવો હલ્લો કરો કે, આકાશમાંથી વીજળી

---

૧. ઝાલાઓનો રાજા માનસિંહ; રાણો એટલે એ સૌ રજપૂતોનો મહારાણો પ્રતાપ.

૨. પ્રતાપ રાણાનો આશ્રિત; ગ્વાલિયરનો રાજા.

પડી પર્વત ફાડી નાખે છે, તેમ મોગલ દળનાં કાળજાં ફાટી જાય; અને એ દુષ્ટ વાદળાં વેરાતાં આપણે આપણા પ્રતાપી રાણાને ભેટીએ; (બીજા યોદ્ધાઓ સામે જોઈ) આપણા ઘોડાઓને ને આપણને થાક લાગતો નથી, રણમાં પડતાં રજપૂતો આ કાયાનો ધર્મ ભૂલે છે; તેઓ પોતાના દેહને વાયુના ગોળાવત્ ગણે છે; માટે રે, વાયુવેગે સંચરી મેદાનમાં મળેલાં મોગલનાં વાદળાં વિખેરી નાખો !

ઝાલા યોદ્ધા — હર હર હર મહાદેવ ! ! !

[આ પ્રમાણે હરનો હોકારો કરતા ઊપડે છે. મોગલોની અને તેમની તેમજ બીજા રજપૂતોની મોટી ખૂનખાર લડાઈ જામે છે. એવે રાજબારોટ પ્રવેશ કરી વીરરસ કવિતા ભભકા ભરેલી ભાષામાં બોલે છે.]

રાજબારોટ —

[દોહરા]

સિસોદિયા શર વાવરો, કરી ધનુષ્ટંકાર;
તુંવાર તરવારે કરી, કરો શત્રુ-સંહાર. ૧

ઝાલા ભાલા વાવરો, કરી કારમો ક્રોધ;
સલુંબરા સાવધ રહી, જેર કરો મહાજોધ. ૨

મર્દો, નામ અમર કરો, પાછો ન ધરો પાવ;
પ્રતાપ ચેતક[1] ઠેકવી, દે સલીમશિર ઘાવ ! ૩

રાજબીજ રજપૂતનું, મોક્ષધામ રણક્ષેત્ર;
આ તન એ તક જુએ, તરણ તુલ્ય નિજ નેત્ર. ૪

પુરુષો, પગ પાછો પડચે, પિતૃ નહિ લે પંડ;
જુધમાં જય કીધા થકી, રહે કીર્તિ નવખંડ. ૫

જે જવને[2] રજપૂતનાં બીજ બગાડયાં[3] સાર;
એ ઝેરી વૃખ-મૂળને, ઉચ્છેદો આ વાર ! ૬

જે તુરકે ક્ષત્રી તણાં, કીધાં કાળાં કુળ;
તેના ટોટા ઝાલીને, મુખમાં ઘાલો ધૂળ ! ૭

પવિત્ર થળમાં પગ ધરી, ભ્રષ્ટ કર્યાં તજી ભીત;
પગ કાપો તે પાપીના, રાખી પૂર્વજ-રીત. ૮

---

૧. પ્રતાપના ઘોડાનું નામ.
૨. યવન – મોગલ બાદશાહ, અકબર.
૩. રજપૂતની સ્ત્રીઓને પરણી ભ્રષ્ટ કરી.

ચિતોડગઢને ચેહ કર્યું[૧], જે મ્લેચ્છોએ આજ,
તેનાં મડદાં આ રણે રઝળાવો, હે રાજ ! ૯

શંકર આવ્યા સહાયમાં શક્તિ સહિત, ઓ શૂર !
એ જય ઝટ્ટ કરાવશે, દાખો પ્રાક્રમ પૂર. ૧૦
મરવાનું છે મહી વિષે, એમાં ન મળે ફેર;
જુધમાં તન ક્ષત્રી તજે; મરે ન મર્દો ઘેર. ૧૧
આપો જશ પરતાપને, લો કીર્તિનો લ્હાવ;
ઓ શૂરા સિસોદિયા, આવ્યો દુર્લભ દાવ. ૧૨

[હાથીને હોદ્દે બેઠેલો સલીમ ને ઘોડે બેઠેલો પ્રતાપ પ્રવેશ કરે છે.]

પ્રતાપ — (પોતાનો ઘોડો સલીમના હાથી ઉપર તલપાવી ભાલાથી મહાવતને હેઠો પાડતાં) ઓ કાયર શાહના સુત સલીમ, હાથી ઉપર ગોઠવેલી વજ્રની પેટીમાં શું પેઠો છે? બહાર નીકળી પ્રતાપના ભાલાના ફળનો સ્વાદ કેવો છે, તે જરા ચાખી જો! (એમ કહી તેના હોદ્દામાં ભાલો મારે છે, પણ તે લોહજડિત હોવાથી તેનો હાથ બોઠો પડે છે; એટલે) અલ્યા તરકડા, તું લડવા આવેલો જણાતો નથી; બેગમની પેઠે જુધમાં શું થાય છે તે જોવા, માત્ર જનાનખાનામાં રહ્યો ઝાંખવા આવ્યો જણાય છે.

[મહાવત પડયો એટલે હાથી નિરંકુશ થતાં પાછો નાસે છે. પ્રતાપ બાણ, ગોળી ને તરવારના સાત જખમ થયે છતે વકરાયેલા વાઘની પેઠે તેની પાછળ પડે છે. એ સ્થળે દારુણ યુદ્ધ મચે છે. તે વેળા પ્રતાપને બચાવવા દેલવાડાનો ઝાલો રાજા માનસિંહ પોતાના જોદ્ધાઓ સાથે આગળ ધસે છે.]

માનસિંહ — ઓ સૂર્યવંશી રાણા, ઇંદ્રાસન લેવા ઉતાવળો થા મા. હજુ મેવાડને તારા વડે મહિમાવાન થવા દે; ઇંદ્રાસનનો તારો હક વિધાતાએ પોતાની પોથીમાં નોંધ્યો છે, તે કોઈથી મિથ્યા થવાનો નથી. માટે ઓ મહારાણા, આ તારી આસપાસ ઊલટેલાં તીડનાં ટોળાં ઓછાં થવા તારું છત્ર અળગું કરી, જરા ફરીને, આ તારું લૂણપાણી ખાનારનું પાણી જો! (પ્રતાપ તેનો પોકાર નહિ સાંભળતાં પ્રાણઘાતક સાહસ કરે છે; એવે વખતે પોતાના યોદ્ધાઓ સામું જોઈ) શૂરા ઝાલાઓ, શું જુઓ છો? રાણાજી ઉપરનું છત્ર તાણી લઈ આમ લાવો! એ મરણિયા થયેલા શૂરાને વિમાનમાં પગ મૂકતો થોભાવો! એના વડે મેવાડ માનવંતું થવાનું છે. આપણે એનાં સાહિત્ય છીએ. એ જતે આપણે સર્વ નકામા થઈ પડીશું. મેવાડનો સૂરજ ઈશ્વરે ઉગાડયો છે; માટે એ છે ત્યાં સુધી દિવસ

૧. ચેહ કરવું – બાળીને ભસ્મ કરવું.

જાણજો. પછી અંધારાં ઉલેચવાનાં થશે; માટે આ વખતની કરેલી મરદાની કામની છે; વિલંબ ન કરો; રાણાને અળગા કરો; ને તેમનું છત્ર આમ ધરો!

[પ્રતાપનું છત્ર ઝૂંટવી તેને અળગો કરી, ઝાલો પોતાના યોદ્ધાઓ સાથે છત્ર ધરાવતો રણમાં ધસે છે; તેને રાણો જાણી મોગલ યોદ્ધા તેના ઉપર મધમાખોની પેઠે ફરી વળે છે. પૂર્ણ પરાક્રમ કરી ઝાલો સ્વર્ગે સંચરે છે; તેમ જ રામસિંહ પણ રોળ વર્તાવી તેનો સોબતી થાય છે. હલદીઘાટના રક્ષણાર્થે મળેલા બાવીસ હજાર બખ્તરિયામાંથી માત્ર આઠ હજાર જીવતા પાછા ફરે છે, ને એ પ્રમાણે લડાઈનો અંત આવે છે.]

—ગણપતરામ ભટ્ટ

સ્વાધ્યાય

૧. સ્વ. ગણપતરામ રાજારામ ભટ્ટ (ઈ. સ. ૧૮૪૯–૧૯૧૯) કૃત 'પ્રતાપ નાટક'માંથી આ પાઠ લીધેલો છે. માનસિંહની રાજભક્તિની સાથે ભામાશાહની સ્વામીભક્તિ (વિદ્યાપીઠ વાચનમાળા, છઠ્ઠી ચોપડી) સરખાવવા જેવી છે.

૨. રાણા પ્રતાપનો ઇતિહાસ જાણવો જોઈએ: તેના ટેકની વાત, હલદીઘાટનું યુદ્ધ વગેરે. અકબરે પોતાના યુવરાજ સલીમને (પછીથી જહાંગીર) પ્રતાપ રાણાને જેર કરવા મોકલ્યો હતો. હલદીઘાટ આગળ જે યુદ્ધ થયું તેનો પ્રસંગ અહીં છે. ખબરદારે લખેલી 'શૂરા બાવીશ હજાર' કવિતા અહીં યાદ કરો (વિદ્યાપીઠ વાચનમાળા, સાતમી ચોપડી).

૩. માનસિંહ પ્રતાપને કહે છે કે, 'ઇંદ્રાસન લેવા ઉતાવળો થા મા.' એનો અર્થ સમજ્યા? રણમાં સામી છાતીએ મરનારને સ્વર્ગ મળે છે, એવી માન્યતા છે.

પ્રશ્નો

૧. પ્રતાપને બચાવવા માનસિંહ શી યુક્તિ કરે છે?

૨. હલદીઘાટના યુદ્ધ પછીની ઘટનાઓ ઇતિહાસ પરથી કહો.

દળ ન૦ = લશ્કર
યાવચ્ચંદ્રદિવાકરૌ [સં.] = જ્યાં સુધી ચંદ્ર અને સૂર્ય રહે ત્યાં સુધી (સદાકાળ)
પ્રમાણ વિ૦ [સં.] = પ્રમાણભૂત; સાર્થક
દાભને સાથરે = ઘરમાં (મરવાની અણીને વખતે માણસને લીંપી, દાભ પાથરી ભોંય ઉપર સુવાડે છે)
ખતરી વિ૦ = ક્ષત્રિયની એક જાત (ઘણું-ખરું ઊતરતી જાત)
ગેહ ન૦ [સં.] = ઘર; સ્થાન
રોળ વર્તાવવો = ઘાણ કાઢી નાખવો
પગ વાળવો = જંપીને બેસવું
કાયાનો ધર્મ = સુખદુઃખ વગેરે
સાહિત્ય ન૦ [સં.] = સાધન; સામગ્રી

૪૦

કીર્તિદેવ અને મુંજાલ

[ગુજરાતના રાજા જયસિંહદેવ (સિદ્ધરાજ)નો પ્રતાપ વધારવામાં મહાઅમાત્ય મુંજાલનો ફાળો મોટો હતો. તેની અજોડ દીર્ઘદૃષ્ટિ અને કુશળ ચાણક્યનીતિને લીધે ગુજરાતની બધી સત્તા તેના હાથમાં હતી. ગુજરાત – પાટણના હરીફ અવંતીનગરીના રાજા લક્ષ્મણવર્માનો સામંત કીર્તિદેવ મુસલમાનોના આક્રમણને અટકાવવાના હેતુથી પાટણ અને અવંતી વચ્ચે સંધિ કરાવવા પાટણ આવે છે. ત્યારનો પ્રસંગ આ પાઠમાં લીધો છે. કીર્તિદેવ ખરી રીતે મુંજાલનો પુત્ર છે; પણ તે બંનેને એ વાતની ખબર નથી.]

કીર્તિદેવ તેના જીવનનું મહાકાર્ગ આરંભવા તત્પર થયો હતો. તે મહાકાર્ય મુંજાલને મળવાનું હતું.

સજ્જને[1] તેને અનેક વાર વાર્યો, પણ તે માલવી યોદ્ધો અડગ રહ્યો. તેના જીવનની બે નેમ હતી: તેના પિતાની શોધ અને તેના દેશનું ઐક્ય. એ બે ભાવના માટે તે જીવતો હતો; અને તે સિદ્ધ કરવા જતાં તે અમાનુષી – અચેતન સૃષ્ટિના મહાસત્ત્વ જેવો નિશ્ચલ સચોટ બની રહેતો. જેવી રીતે એક કામ સાધવા તેણે કાલભૈરવને આરાધ્યો હતો, તેવી જ રીતે બીજું કામ સાધવા રાજખટપટમાં ભૈરવ સમા ભયાનક મંત્રીને મનાવવા તે જતો હતો.

જ્યારે કીર્તિદેવ આવ્યો, ત્યારે મુંજાલ તકિયે બેઠો બેઠો પાન ખાતો હતો. મીઠાશથી ભરપૂર હાસ્યથી, મુંજાલે કીર્તિદેવને આવકાર દીધો.

'આવો કીર્તિદેવ ! સજ્જન મહેતાને તમે ઘણા જીતી લીધા છે; તમારાં જ વખાણ કર્યા કરે છે.'

'મંત્રીરાજ ! परगुणकथनैः स्वान् गुणान् ख्यापयंतः[2] એવા પણ વિરલા દુનિયામાં પડ્યા છે.' નમ્રતાથી કીર્તિદેવે જવાબ વાળ્યો.

'મહેતાજી, તમે કીર્તિદેવને ક્યાંથી ઓળખો ?' મુંજાલે એકદમ સજ્જન સામું જોઈ પૂછ્યું.

---

૧. સજ્જન મહેતા પણ પાટણનો એક જાણીતો મંત્રી હતો. તેની બહેન ફૂલકુંવર સાથે મુંજાલ પહેલાં પરણેલો. તેમનો પુત્ર તે કીર્તિદેવ. મુંજાલના હાથમાંથી બહેનના દીકરાને બચાવવા સજ્જને માળવાના ઉબકને સોંપી દીધો હતો. મુંજાલ એમ જ જાણતો હતો કે મા–દીકરો બંને મરી ગયાં છે.

૨. એટલે, બીજાના ગુણોના કથન દ્વારા પોતાના સદ્ગુણો દર્શાવી આપતા, એવા.

સજ્જન મંત્રી ગભરાઈ ગયા; તેમનું મોઢું લાલચોળ થઈ ગયું. 'હું', તે જરા ગૂંચવાઈ બોલ્યા, 'કીર્તિ – હું – ઉબકનો[1] પુત્ર — દત્તકપુત્ર એટલે ઓળખું.'

'એમ ?' મુંજાલે ડોકું હલાવી કહ્યું.

'તમે તો વણિક છો. તમારાં પણ સદ્ભાગ્ય કે ઉબકરાજ જેવા શિરછત્ર મેળવી શક્યા !'

'જી હા ! મારા બાપ જે હોય તે — તેમણે મને બાળપણથી છોડી દીધો; પણ પરમારે બધી ખોટ પૂરી છે.' પણ આ વાત સજ્જનને રુચી નહિ. તે એકદમ ઊભા થઈ ગયા. તેમને કાંઈ માનસિક ગભરામણ થતી હોય એમ લાગ્યું.

'મહેતાજી, હું હવે જાઉં છું.'

'કેમ ? બેસોને.'

'ના, મારે મહારાજને મળવું છે, પછી બીજું કામ છે. હું જઈશ.' — કહી ઉતાવળથી રજા લઈ તે ચાલવા લાગ્યા. મુંજાલની આંખ જરા ઝીણી થઈ; તેને આ વર્તણૂકની સમજ નહિ પડી.

'ઠીક, મહેતા, આવજો.' તેણે કહ્યું, અને સજ્જન ગયો એટલે કીર્તિદેવ તરફ ફરી તેણે જરાક હસીને કહ્યું: 'બોલો કીર્તિદેવજી, શું કામ છે ?'

કીર્તિદેવ અડધી પળ મુંજાલનું વિશાલ ભાલ અને અગમ્ય આંખો જોઈ રહ્યો. તેને લાગ્યું કે, તે એક મહારથી જોડે વાગ્યુદ્ધમાં ઊતરતો હતો.

'મંત્રીવર્ય, હું બે કામે આવ્યો છું. એક આપનાં દર્શન પામી કૃતાર્થ થવા; બીજું એક યાચના કરી ભિક્ષા મેળવવા,' કીર્તિદેવે કહ્યું. તેની તેજસ્વી આંખોમાં કપટ ન હતું, ઊંડાણ ન હતું; માત્ર સરલતા, શ્રદ્ધા હતી. તેનો સ્વર કોમળ હતો.

તે સ્વરે, તે નજરે મંત્રીના હૃદયમાં ન સમજાય એવા સૂરો પેદા કર્યા; પણ મુંજાલે તે સાંભળવાની કે સમજવાની તસ્દી લીધી નહિ. તેણે મીઠાશથી જવાબ આપ્યો: 'બોલો શું કામ છે ?'

કીર્તિદેવને મંત્રીની મીઠાશથી આશા આવી; તેણે કહ્યું, 'કામ આપના જેવાને સહેલ છે. આપ કરશો ?'

'ભદ્રરાજ, તમને સહેલ લાગે: પણ ગમે તેવો પણ હું રાજસેવક,' પોતાના શબ્દને ખોટું પાડતું, સત્તાદર્શક હાસ્ય હસીને મુંજાલે કહ્યું.


'આપ રાજસેવક નથી; રાજ્યના ભાગ્યવિધાતા છો.'

'તમારો ખ્યાલ ખોટો છે.'

---

૧. માળવાનો સેનાપતિ અને કીર્તિદેવનો પાલક પિતા.

'ના મંત્રીવર્ય, એટલું જ નહિ, પણ ભરતખંડનું ભાગ્ય પણ તમારા હાથમાં છે.'



'મારા હાથમાં!' જરા વિસ્મય પામી મુંજાલે કહ્યું.

'હા, મેં ગૂર્જરભૂમિમાં પગ મૂક્યો, ત્યારથી તમારા પ્રભાવનો પરચો જોતો અને સાંભળતો આવ્યો છું, અને તેથી જ એક યાચના કરું છું.'

'શી?'

'જેમ ગુજરાતનું રાજ્યતંત્ર એક આંગળીએ ધારો છો, તેમ આર્યાવર્તનું રાજ્યતંત્ર પણ ધારો.' કીર્તિદેવે કહ્યું.

'એટલે?'

'મહારાજ, તમારા જેવાએ માત્ર એક રાષ્ટ્રની રાજનીતિ પાછળ જીવન સમર્પણ કરવું ન જોઈએ. આખા આર્યાવર્તની રાજનીતિ હાથ કરો; છિન્નભિન્ન થઈ ગયેલાં રાષ્ટ્રો – કુસંપી બનેલાં રાજ્યોને એક તંતે બાંધો. તમારા જેવાની શક્તિ વિના તે કોઈ કરી શકવાનું નથી.'

થોડી વાર મુંજાલ જોઈ રહ્યો: તેને કીર્તિદેવનું મગજ ભમતું લાગ્યું.

'કીર્તિદેવજી, શું અવંતી ને પાટણની સંધિ વિષે કહો છો? જરા સ્પષ્ટ કહો.'

'મંત્રીવર્ય, તમે એમ ધારો છો કે, હું પાટણ ને અવંતીની સંધિ યાચવા આવ્યો છું? મહારાજ ઉબક તલવારની ધાર વડે સંધિ કરાવે છે; સંધિ

યાચતા નથી. ગઈ કાલે એમણે ગૌરવ છોડી માગણી કરી, તે માત્ર મારે લીધે. તે માગણી ફરીથી કરી માનભંગ થવા, અવંતીને અલ્પતા પમાડવા હું ફરી આવું એવો નથી. પટ્ટણીઓ વિગ્રહ માગશે તો શું માલવીઓ આપશે નહિ?'

'ત્યારે તમે શું માગો છો?'

'મહારાજ, માત્ર પાટણ અને અવંતી વચ્ચે કુસંપ છે એમ નથી. સપાદલક્ષ અને માલવાને વેર છે: કાન્યકુબ્જાધિપ ચંદ્રદેવ મહારાજ માલવા અને સપાદલક્ષ બે સાથે લડે છે; ચેદિરાજ કીર્તિવર્મા સાથે લડે છે. ચિતોડના રાવળની મહેચ્છા દિનપ્રતિદિન વધતી જાય છે. આ બધાનાં વેર શમાવવાં છે. આ બધાને ભેગા કરી એક મહા પ્રબળ સૈન્ય પેદા કરવું છે. એ બધું કરવા આર્યાવર્તને એક મુત્સદ્દી જોઈએ છે; એ પદવી તમે લેશો?'

મુંજાલના મુખ પર એકાગ્ર થયેલી કીર્તિદેવની આંખોમાંથી તેજના તણખા નીકળવા માંડ્યા. જેમ તેની વાચાનો પ્રવાહ વધ્યો, તેમ મુંજાલના પ્રભાવનો ખ્યાલ પણ ઓછો થયો. કીર્તિદેવ એક દેવનો દૂત હોય તેવો લાગતો; તેની નિર્મળ કાંતિ ભભૂકી ઊઠી: તેની એકવડી સુડોળ દીસતી કાઠી અણદીઠી રીતે ધ્રૂજવા લાગી.

'આ બધી મહેનતનું કાંઈ કારણ?' શાંતિથી મુંજાલે પૂછ્યું.

'કારણ? આર્યાવર્તને માથે ભય ઝઝૂમે છે, મંત્રીરાજ!'

'કેવા પ્રકારનો?'

'મહારાજ, કાલે રાજસભામાં તમે પેલો અર્ધનગ્ન મ્લેચ્છ જોયો; એ અહીંયાં તો એકલો છે. કાશ્મીર પાસે એની જાતના અબજ યોદ્ધા છે; એ બધા આર્યાવર્તને ભસ્મીભૂત કરવા એકપગે થઈ રહ્યા છે; તેમનાં ભયંકર રણશિંગડાં — તેમની ભયાનક હાક ઉત્તર પ્રદેશમાં ગાજે છે. તમે પણ ભૂલ્યા, મંત્રીશ્વર, ગિઝનીના સુલતાને કરેલો પાટણ અને દેવપાટણનો વિનાશ? કાલે તો જયદેવ મહારાજે એક પાપીને પંચાંગ પોશાક આપ્યો; તેના પૌત્રો તમારાં ને મારાં છોકરાંના ડિલ પર એક કપડાનો કટકો રહેવા નહિ દે.'

'એટલે આપણાં રાજ્યો વચ્ચે સંધિ કરાવી એ અરિદળો સંહારવાં છે? એ મ્લેચ્છોને પાછા હાંકી કાઢવા છે?'

'હા; મુંજાલ મહેતા! અને તે તમારા વિના કોઈ કરી શકે તેમ નથી.'

મુંજાલ વિચાર કરતો હતો; તેની પ્રભાવશાળી આંખો કીર્તિદેવ પર ઠરી રહી હતી; તે મનમાં આ બાળયોદ્ધાની પ્રશંસા કરી રહ્યો હતો. તે થોડી વારે બોલ્યો:

'કીર્તિદેવજી, તમારી વાત સાચી છે. પણ મારાથી કે ગુજરાતથી એમાંનું કાંઈ નહિ બને.'

'કેમ?' ચમકીને કીર્તિદેવે પૂછ્યું.

'તમે બાળક છો; નહિ સમજો. આવી સ્પષ્ટ રીતે કોઈએ અત્યાર સુધી કહ્યું ન હતું; પણ ચાર વર્ષ પર એક અમારો જતિ હતો, તે પણ એમ જ કહેતો હતો,' મુંજાલે કહ્યું.

'શું?'

"મને તેના બોલો યાદ આવે છે," કહી મુંજાલે ઝીણી આંખો કરી તેના શબ્દો સંભાર્યા. "તે કહી ગયો હતો: 'તમારા મંત્રીઓની મહેનત ધૂળ મળશે, તમારાં દીકરા-દીકરી ગિઝનીના બજારમાં વેચાશે.' એ સ્પષ્ટ સાંભરે છે."

'તેની વાત સાચી છે; માટે જ કહું છું કે, મારું કહ્યું માનો.'

'કીર્તિદેવ!' ડોકું ધુણાવી મુંજાલે કહ્યું, 'તમારી વાત સાચી ભલે હોય, પણ દરેક સત્ય વાત શક્ય નથી હોતી.'

'શક્ય ન હોય, તો થવી જોઈએ.'

'ત્યારે દુનિયાનો છેડો આવે,' મુંજાલે કહ્યું. 'શક્ય વસ્તુ ન હોય તો હાથમાં ન સાહવી, એ મારું સૂત્ર છે.'

'પણ તમે બધું શક્ય કરી શકો એમ છો. તમે મહાઅમાત્ય થયા, ત્યારે ગુજરાત કેવું હતું? અને આજે કેવું છે?'

'કીર્તિદેવજી, તમે માગણી કરી મારું ગૌરવ વધાર્યું છે. જો હું એક મહારાજ્યનો મંત્રી હોત, મારા તાબામાં દશ હજાર સામંત હોત, તો હું તે સ્વીકારત. તે નથી. એટલે લાચાર,' કહી મુંજાલ મૂંગો રહ્યો. કીર્તિદેવે તેને અજબ રીતે પિગળાવ્યો હતો.

'તમે બધું કરી શકશો. મેં ઘણાખરા રાજાઓને સમજાવ્યા છે; તે બધા તમારું માનશે.'

'એક ચલ્લું નહિ માને. ભય વિના પ્રીતિ સાંભળી છે? તમારા વિચારના તેજમાં તમને આંખે અંધારાં આવ્યાં છે. કુસંપ કરતાં સંપ કરવો વધારે કઠણ છે.'

'તે તો મેં કાલે જ જોયું. તમારે ઘેર બેઠો સંપ આવ્યો, પણ તમે સ્વીકાર્યો નહિ. નહિ તો તમારી પીઠે આજે પાટણ અને અવંતી બે હોત.'

'કીર્તિદેવ, શબ્દોની શોભાથી હું છેતરાતો નથી. હું અને પાટણ ઉબક પરમારના ગુલામ થઈ રહેત; પાટણના ઊગતા ગૌરવનો અસ્ત થાત.'

'એમ જ બધા માને તો કોઈ ભેગા મળી યવનોની સામે થાય જ નહિ.'

'જેણે તમને ભેગા થવાનું વચન આપ્યું હશે, તેનો મુદ્દો હું સમજું છું.'

'શો?'

'યવનોને હરાવી દરેક જણ ચક્રવર્તી થવા આશા રાખતો હશે,' મુંજાલે કહ્યું.

'ત્યારે એ આશાએ તમે કેમ નથી જોડાતા?'

'ગુજરાત હજુ નાનું છે; તે હજુ હમણાં જ પગભર થાય છે. તે એવી આશા રાખે તો મૂર્ખ ઠરે. યવનો તો કોણ જાણે ક્યારે હારે; આવતે વર્ષે અમારું નખ્ખોદ વળી જાય.'

નિરાશાભર્યા હૃદયથી કીર્તિદેવ જોઈ રહ્યો.

મુંજાલે આગળ ચલાવ્યું :

'તમારા જેવા નિઃસ્વાર્થી માણસ આગળ સત્ય બોલતાં મને શી હરકત? મહામહેનતે મેં મારી ઝૂંપડી ઊભી કરી છે. આર્યાવર્તનો મહેલ ચણવા જાઉં તો એ ઝૂંપડી ચગદાઈ જાય, સમજ્યા? તમને જે મહેલ બાંધવાની હોંશ છે, તે તમે ભલે બાંધો. મુંજાલ તો એની મઢૂલી જ સંભાળશે.'

'એટલે મારાં સ્વપ્નો તો નષ્ટ થવાનાં?' દિલગીરીભર્યા અવાજે કીર્તિદેવે કહ્યું.

'ત્યારે તમારાં સ્વપ્ન ખાતર, શું હું મારાં સિદ્ધ થયેલાં સ્વપ્નો નષ્ટ કરું?'

'ત્યારે એક નાના રાજ્યની મહત્ત્વાકાંક્ષા સાચવવા આર્યાવર્તનું સત્યાનાશ વળવા દેવું, એમાં તમારું મુત્સદ્દીપણું?' નિરાશાએ ડંખેલા હૃદયથી કીર્તિદેવે કહ્યું — કહેવાઈ ગયું.

મુંજાલે ગૌરવથી ઊંચું જોયું. તેને લાગ્યું કે, કીર્તિદેવની નિઃસ્વાર્થ બુદ્ધિ જોઈ પોતે અણધારેલી અયોગ્ય ભલમનસાઈ દેખાડી હતી. તેની આંખો નિશ્ચલ થઈ.

'તેનો જવાબ લેવાનો તમારો અધિકાર નથી,' શાંતિથી તેણે કહ્યું. 'હું છું ત્યાં સુધી મારું મુત્સદ્દીપણું ગમે તેવું હશે તોપણ ચાલશે.'

'અને મારું ચાલશે ત્યાં સુધી, નહિ ચાલવા દઉં,' સત્તાથી કીર્તિદેવે કહ્યું.

મુંજાલ તિરસ્કારભર્યું હસ્યો, 'એવું કહેનારા મને ઘણા મળ્યા છે. અને —'

'અને તમે તે બધાનો પરાજય કર્યો છે.' કીર્તિદેવે ઉમેર્યું. નિરાશાથી તેના મગજમાં ગુસ્સો પેદા થયો હતો. 'તમે ધારો છો કે, આર્યાવર્તના ભવિષ્યની આડે આવતાં તમે ફાવશો ? મંત્રીરાજ, તમને ડરાવતો નથી; પણ ખરી વાત હું કહું છું. હું થોડે દિવસે અવંતી જઈશ. સમય આવ્યે મારી ઇચ્છા સિદ્ધ કરીશ. દેશ દેશના રાજાઓનાં સૈન્યો વડે મ્લેચ્છોનો સંહાર કરાવીશ, અને જીવતો રહીશ તો બતાવીશ કે सत्यमेव जयते. તમારી ટૂંક બુદ્ધિની સ્વાર્થી રાજ્યનીતિની તો ખાતરી કરી દઈશ કે, ગુજરાત એ આર્યાવર્તનું અંગ નથી, પણ સ્વાર્થી શ્રાવક ધનાઢ્યોને ધનસંચય કરવાનું ચૌટું છે. ઉબકરાજ કહે છે તેમ, પાટણ માત્ર અવંતીનું મંડલ થવાને જ યોગ્ય છે,' કહેતાં કહેતાં કીર્તિદેવ ઊભો થઈ ગયો. તેની જાજ્વલ્યમાન કાંતિ દેવ જેવી દીપી રહી. આ ઉમળકાનો ઊછળતો સાગર મુંજાલના શાંત ગૌરવ પર અથડાયો અને વીખરાઈ ગયો.

'તમારી આશાઓ સિદ્ધ ન થઈ તો ?'

'તો હું જગતને કહીશ કે, જ્યારે બધાં રાજ્યો સંધિ કરવા તૈયાર હતાં, જ્યારે બધાંના સંપથી યવનોનો સંહાર થાત અને ભરતખંડ બચી જાત, ત્યારે એક મંત્રીએ તેમ થવા ન દીધું. જ્યારે તમારાં રાજ્યોનો વિનાશ થશે, તમારું પાટણ પાધર થશે, ત્યારે કહીશ કે, આ બધો પ્રતાપ એક મંત્રીનો — એક સ્વાર્થપરાયણ મુત્સદ્દીનો. તમારો જતિ કહી ગયો તેમ, જ્યારે તમારાં દીકરા-દીકરીઓ ગિઝનીમાં વેચાશે, ત્યારે તમારાં કર્તવ્યનું પરિણામ શું છે, તે સમજશો.' ગુસ્સાથી કીર્તિદેવનાં અંગેઅંગ ધ્રૂજતાં હતાં.

'કીર્તિદેવ !' એક પળ વાર થોભી મુંજાલે સખ્તાઈથી કહ્યું, 'તમે ઉશ્કેરાઈ ગયા, એટલે વધારે વાત કરવામાં માલ નથી. તમે અવંતી ક્યારે જાઓ છો ?'

'આવતી અમાવાસ્યાએ.'

'મારું માનો તો આજે જ વિદાય થાઓ.'

'કેમ ?'

'કારણ જાણવાની જરૂર નથી.'

'શું મહાઅમાત્ય તરીકે શાસન કરો છો ? હું અવંતીનો સંધિવિગ્રાહક છું, હોં !' ગૌરવથી કીર્તિદેવે કહ્યું.

'હું શાસન નથી કરતો; શિખામણ આપું છું; માટે જેમ વહેલા પાટણ છોડો તેમ સારું.'

'ડરાવો છો ?' કીર્તિદેવે પૂછ્યું.

'જેની પાસે શક્તિ કે સત્તા ન હોય તે ડરાવે; મારી પાસે બંને છે. જય સોમનાથ, આવજો.' શાંતિથી મુંજાલે કહ્યું અને તે ઊભો થઈ ગયો.

કીર્તિદેવ નીકળ્યો. તેના મનમાં નિશ્ચયાત્મક બુદ્ધિનો પ્રવેશ થયો હતો; તેનું હૈયું ગુસ્સાથી બળી રહ્યું હતું.

તેના ગયા પછી તેની પાછળ મુંજાલ જોઈ રહ્યો; અને આખરે બબડ્યો : 'શો છોકરો ! શો પ્રભાવ ! આવો પુત્ર હોય તો ઇકોતેર પેઢી તારે. શી બોલવાની છટા !—ભયંકર ! એને અહીંયાં રહેવા નહિ દેવો જોઈએ; પર્વત પણ પિગળાવવાનું એની જીભમાં જોર છે.'

—કનૈયાલાલ મુનશી

સ્વાધ્યાય

૧. આ પાઠ શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી (જન્મ ઈ. સ. ૧૮૮૭) કૃત 'ગુજરાતનો નાથ'માંથી ઉતાર્યો છે. શ્રી. મુનશી જોશીલી ઐતિહાસિક નવલકથાઓ લખનાર તરીકે જાણીતા છે. 'ગુજરાતનો નાથ', 'રાજાધિરાજ', 'જય સોમનાથ', 'પૃથ્વીવલ્લભ' વગેરે તેમાંની મુખ્ય છે.

નવલકથા ઉપરાંત તેમણે કેટલાંક પૌરાણિક – સામાજિક નાટકો પણ લખ્યાં છે.

૨. આ કાળનો હિંદનો ઐતિહાસિક ચિતાર જાણો. અવંતી, ગુજરાત વગેરે જગાઓનો તે કાળનો નકશો જુઓ.

પ્રશ્નો

૧. કીર્તિદેવ આખા આર્યાવર્તની દૃષ્ટિ નજર સામે રાખવાનું મુંજાલને શાથી કહેતો હતો ?

૨. મુંજાલ ગુજરાત પૂરતો જ મર્યાદિત રહેવા શા માટે ઇચ્છતો હતો ?

૩. કીર્તિદેવને મુંજાલે અવંતી ચાલ્યા જવા શું કામ કહ્યું ?

મહાસત્ત્વ ન૰[સં.] = મહાબળ; મહાશક્તિ
કાલભૈરવ પું૰ [સં.] = શંકરનું એક રુદ્ર સ્વરૂપ
ભટ્ટરાજ પું૰ [સં.] = શૂરવીર યોદ્ધો
ભાગ્યવિધાતા પું૰ [સં.] = નસીબ ઘડનાર
મંત્રીવર્ય પું૰ = શ્રેષ્ઠ મંત્રી
અવંતી સ્ત્રી૰ [સં.] = માળવાની પ્રાચીન રાજધાની; હાલના ઉજ્જન પાસે
સપાદલક્ષ પું૰ [સં.] = અજમેર
કાન્યકુબ્જ પું૰; ન૰ [સં.] = કનોજ
ચેદિ પું૰ [સં.] = બુંદેલખંડ પાસેના પ્રદેશનું પ્રાચીન નામ
પંચાંગ પોશાક = પાંચે અંગનો પૂરો પોશાક
સંધિવિગ્રાહકપું૰[સં.] = સંધિ કે વિગ્રહનો સંદેશો લઈ જનાર રાજદૂત

૪૧

દુખિયારી બહેન

व्हेल्युं छूटियुं रे वीरा, वाडीना वड हेठ,
धोरीडा बांध्या रे वडने वांकिये.
चार पांच सैयरुं रे वीरा, पाणीडांनी हार,
वचली पाणियारे वीराने ओळख्यो. १
ओळख्यो ओळख्यो रे मानी आंख्युंनी अणसार,
बापनी बोलाशे वीरने ओळख्यो.
"वीरा, चालो रे दुखणी बहेनीने घेर,
उतारा देशुं ऊंचा ओरडा. २
व्हेल्युं छोडजो रे वीरा, लीला लींबड हेठ,
धोरीडा बांधजो रे वचले ओरडे.
नीरीश नीरीश रे वीरा, लीली नागरवेल,
उपर नीरीश राती शेरडी. ३
रांधीश रांधीश रे वीरा, कमोदुंना कूर,
पाशेर रांधीश काजु खीचडी.
पापड शेकीश रे वीरा, पूनम केरो चंद,
उपर आदुं ने गरमर आथणां. ४
जमशे जमशे रे मारो माडीजायो वीर,
भेळी बेसशे रे एक ज बहेनडी.
ऊंची मेडी रे वीरा, उगमणे दरबार,
तियां रे ढळावुं तारा ढोलिया. ५
पोढशे पोढशे रे मारो माडीजायो वीर,
पासे बेसे रे एक ज बहेनडी."
"करजे करजे रे बहेनी, सुखदुःखनी वात,
घेरे जाशुं तो माता पूछशे." ६

"खावी खावी रे वीरा, खोरुडी जार,
सूवुं रे माडीना जाया, साथरे.
बार बार वरसे रे वीरा, माथडियां ओळचां,
तेर वरसे रे तेल नाखियां." ७

"मेलो मेलो रे बहेनी, तमारला देश,
मेलो रे बहेनी, तमारां सासरां."
"वीरा वीरा रे बहेनी मास छ मास,
आखर जावुं रे बहेनने सासरे. ८
भरवां भरवां रे वीरा, भादरुंनां पाणी."
भादरनी रेले बहेनी तणाई गयां.
आ रे कांठे ते वीरो रह रह रुए ,
ओल्ये कांठे रुए एनी मावडी. ९

લોકગીત

સ્વાધ્યાય

૧. સાસરે રહેતી દીકરીનાં દુઃખોની કરુણ વાતો લોકસાહિત્યમાં ઘણી હોય છે. સાસરામાં ગરીબાઈ હોય તે તો ઠીક; પરંતુ સાસુ, સસરો, જેઠ, નણંદ, અને છેવટે પતિ – એ બધાંમાંથી પણ ગમે તે તેની જિંદગીને દુઃખમય બનાવી શકે. આથી જ દીકરીને ગાય સાથે સરખાવાય છે. ગાયની પણ આપણે કેવી દશા કરી છે!

૨. આ કવિતામાં સાસરે રહેતી બહેન પોતાના ભાઈ પાસે દુઃખ રડે છે, અને છેવટે ભાઈ કંઈ મદદ કરે તે પહેલાં આત્મહત્યા કરે છે.

૩. સ્ત્રીજાતિનું સન્માન કરવું, સ્ત્રીઓની ઉન્નતિ કરવી, એ ભારતના બંધારણની એક અતિ મહત્ત્વની વાત છે.

૪. ભાઈ બહેનના પ્રેમની બીજી વાતો જાણો.

પ્રશ્નો

૧. બહેનને પોતાનો ભાઈ દેખી તેનું કેવું કેવું સ્વાગત કરવાનો ઉમંગ થાય છે?

૨. બહેનને સાસરામાં શું શું દુઃખ છે?


વૂહેલ્યું સ્ત્રી૦ = વહેલ; રથ; વાહન (કાઠિયાવાડી ઉચ્ચાર)
વાંકિયું ન૦ = વાંકો આકાર – ઘાટ
સૈયરું સ્ત્રી૦ બ૦ વ૦ = સહિયરો; સખીઓ
અણસાર સ્ત્રી૦ = અણસારો
બોલાશ સ્ત્રી૦ = બોલવાની રીત
કૂર પું૦ [સં.] = ભાત; રાંધેલા ચોખા
ગરમર સ્ત્રી૦; ન૦ = એક વનસ્પતિ (તેનાં મૂળનું અથાણું થાય છે)
તમારલા = તમારા
ભાદરું સ્ત્રી૦ = ભાદર નદી

૪૨

હજરત મહંમદ પેગંબર

૧

હિંદુ ધર્મમાં એક એવી માન્યતા છે કે, જ્યારે જગતમાં અધર્મનું જોર વધી પડે છે અને ધર્મનું જોર ક્ષીણ થઈ જાય છે, ત્યારે ધર્મની ફરીથી સંસ્થાપના કરવા જગતના સર્જનહાર ઈશ્વર 'અવતાર' લે છે. એટલે કે, શરીર ધારણ કરી આ જગતમાં આવે છે. આને મળતી, પણ કંઈક જુદી એવી માન્યતા યહૂદી વગેરે સેમિટિક કહેવાતા લોકોમાં છે. તે માન્યતા એવી છે કે, જ્યારે જ્યારે લોકો ઈશ્વરને ભૂલી જાય છે તથા તેની સાથે કરેલા કરારોનો ભંગ કરે છે, અર્થાત્ તેની આજ્ઞાઓનો લોપ કરે છે, ત્યારે ત્યારે ઈશ્વર પોતાના તરફથી લોકોમાં એક પેગંબર મોકલે છે. પેગંબર એટલે ઈશ્વરનો પેગામ — સંદેશ — લાવનાર. પેગંબર આવીને લોકોને જણાવે છે કે, તેઓ કઈ કઈ બાબતોમાં ઈશ્વરની



આજ્ઞાથી વિરુદ્ધ વર્ત્યા છે; તથા તેમને ચેતવે છે કે, જો તેઓ તરત પસ્તાવો કરીને પાછા સન્માર્ગે નહિં ચડી જાય, તો તેઓને ભારે શિક્ષાઓ વેઠવી પડશે.

ઇસ્લામના પેગંબર હજરત મહંમદ[1] એવા એક પેગંબર થઈ ગયા. અને મુસલમાનો માને છે કે, એવા પેગંબરોમાં તે સૌથી છેલ્લા છે. એમનો જન્મ ઇસવી સન ૫૭૦ ના ઑગસ્ટ માસની ૨૯મી તારીખે સોમવારે પ્રાતઃકાળમાં, અરબસ્તાન દેશમાં આવેલા મક્કા શહેરમાં થયો હતો. તેઓ જન્મ્યા તે પહેલાં જ તેમના પિતા અબ્દુલ્લા ગુજરી ગયા હતા; અને તે ૭ વર્ષના થતામાં એમનાં માતા અમીના બીબી પણ જન્નત-નશીન અર્થાત્ સ્વર્ગવાસી થયાં. ત્યાર બાદ બે ત્રણ વર્ષ તેમને એમના દાદાએ ઉછેર્યા. અને તે પણ મરણપથારીએ પડ્યા ત્યારે તેમણે પોતાના બીજા પુત્ર અબુતાલેબને બોલાવ્યા, અને કહ્યું કે, 'બેટા, આ બાળકને રમાડતાં રમાડતાં મને ઘણી વાર એમ થઈ આવતું કે, તે આપણી આખી કોમને ઉજાળશે; માટે એને બરાબર સાચવજે.' 'મહંમદ' એ નામનો અર્થ પણ 'વખણાયેલા', 'પ્રતાપી', 'નામાંકિત' એવો થાય છે.

હવે હજરત મહંમદ પોતાના કાકાની સંભાળ નીચે મોટા થવા લાગ્યા. દાદાએ ભાખેલું ભવિષ્ય સાચું પડવાનાં ચિહ્નો તરત જ જણાવા લાગ્યાં. પહેલેથી જ તે બહુ એકાંતપ્રિય તથા વિચારશીલ પ્રકૃતિના હતા. તે બહુ થોડાબોલા હતા; પરંતુ જ્યારે બોલતા ત્યારે તેમના શબ્દો સ્પષ્ટ, સચોટ, અર્થપૂર્ણ, તથા વસ્તુનો ઉકેલ કે નિકાલ લાવી આપનાર હોતા. તેમનો સ્વભાવ મળતાવડો હતો. તેમનામાં મિથ્યાભિમાન તલભાર ન હતું. નાનપણમાં પોતાના કાકાની ટૂંકી કમાણીમાં મદદગાર થવાને ઇરાદે તે ઢોર ચારવા જતા. ત્યાં ખુલ્લાં મેદાનોમાં, નાની ટેકરીઓમાં, અને એકાંત ગુફાઓમાં શાંતિ અનુભવતા ફરવું, એ તેમને બહુ ગમતું.

તેમના કાકા તેમના ગુણો જોઈ તેમના ઉપર બહુ ભાવ રાખતા. પોતે બહાર જાય ત્યારે પણ તેમને બનતા સુધી પોતાની સાથે જ રાખે, અને રાત્રે પણ સાથે જ સુવાડે. હજરત બાર વર્ષના થયા એ અરસામાં તેમના કાકાને વેપાર અર્થે સીરિયા જવાનું થયું, ત્યારે પણ તે તેમને સાથે લઈ ગયા. આવી દૂરની મુસાફરીઓથી હજરત મહંમદને જુદા જુદા લોકોનો તથા તેમના આચાર-વિચારનો બહુ અનુભવ થયો, અને વ્યાવહારિક ડહાપણ પણ સારી પેઠે મળ્યું. મક્કાથી દર વર્ષે બે વણજાર નીકળતી—એક સીરિયા તરફ અને બીજી યમન

---

૧. જ્યારે જ્યારે પેગંબર સાહેબનું નામ આવે ત્યારે, મુસલમાન લેખકોમાં તેની સાથે કૌંસમાં 'સ. લ.' એમ લખવાનો રિવાજ છે. તે મૂળ અરબી શબ્દપ્રયોગનું ટૂંકું રૂપ છે. તેનો અર્થ, 'તેમના પર અલ્લાની મહેર હો' એવો થાય છે.

તરફ. એ વખતે જે કોઈ જાતે જઈ વેપાર ન કરી શકતું, તે બીજાને આડતિયો રાખી વેપાર કરતું. આડતિયા તરીકે હજરત મહંમદે બતાવેલી પ્રામાણિકતા અને સચ્ચાઈને કારણે તેમને યુવાન અવસ્થામાં જ 'અલ-અમીન' એટલે કે 'ઇમાનદાર' એવું ઉપનામ પ્રાપ્ત થયું.

તેમના વ્યાવહારિક ડહાપણના દૃષ્ટાંતરૂપે એક રસિક પ્રસંગ કહેવાય છેઃ કાબાની મસ્જિદનું સમારકામ ચાલતું હતું. તે વખતે દેશની જુદી જુદી ટોળીઓ વચ્ચે ઝઘડો પડચો કે, કઈ ટોળી કાબાના પવિત્ર પથ્થરને ઊંચકીને મૂળ સ્થાને પધરાવે. દરેક ટોળી એ પવિત્ર કાર્ય પોતાને હાથે જ થવું જોઈએ એમ જીદ કરતી હતી; અને તેમાંથી મારામારી થવાનો પ્રસંગ આવ્યો. છેવટે એવું મુકરર થયું કે, બીજે દિવસે સવારે કાબાની મસ્જિદને અમુક દરવાજેથી સૌથી પહેલો દાખલ થનારો માણસ જે ફેંસલો આપે, તે સૌએ કબૂલ રાખવો. બન્યું એવું કે, બીજે દિવસે હજરત મહંમદ જ એ દરવાજેથી પહેલા દાખલ થયા. આથી સૌ કોઈ રાજી થઈ બોલી ઊઠ્યું કે, 'ઠીક થયું, અલ-અમીન જ આવ્યા !' હજરતે બધી વાત જાણ્યા બાદ જે ચુકાદો આપ્યો, તે તો વળી સૌને વધુ આનંદ આપનારો થઈ પડચો. તેમણે જમીન ઉપર પોતાનું ઉપરણું પાથરી તેના વચલા ભાગમાં તે પવિત્ર પથ્થર મૂકચો, અને પછી જણાવ્યું કે, 'દરેક ખાનદાનનો એક એક માણસ ચાદરનો એક એક છેડો પકડીને આ પવિત્ર પથ્થરને ઊંચકે અને તેને યથાસ્થાને પધરાવે !'

હજરત મહંમદની 'ઇમાનદાર' અને વિશ્વાસુ માણસ તરીકેની ખ્યાતિથી ખેંચાઈ, મક્કા શહેરની એક તવંગર સ્ત્રી, બીબી ખદીજાએ તેમને એક વાર પોતાના આડતિયા બનાવ્યા. હજરતે બતાવેલી વ્યવહારકુશળતા અને સાફ દાનતથી બીબી ખદીજાને ધાર્યા કરતાં ઘણો વધારે નફો હાંસલ થયો. એટલે તેમણે હજરતને પોતાના બધા વેપારના કાયમી આડતિયા બનાવ્યા.

બીબી ખદીજા વિધવા હતાં. શહેરના કેટલાય માનવંતા લોકોએ તેમને પરણવા તૈયારી બતાવી હતી. પરંતુ તેમણે તે બધી દરખાસ્તો નાકબૂલ કરી હતી. પરંતુ ધીમે ધીમે હજરત તરફ તેમનું દિલ ખેંચાયું, અને તેમણે પોતે જ હજરતને પોતાની સાથે લગ્ન કરવા વિનંતી કરી, અને તેમણે તે કબૂલ રાખી.

આ લગ્નથી હજરત મહંમદની સ્થિતિમાં ઘણો ફેર પડી ગયો. આજ સુધી કમાવાની ચિંતા તેમને રાખવી પડતી હતી, તે હવે દૂર થઈ એટલું જ નહિ, પરંતુ મક્કાના પૈસાદાર લોકોમાં તેમની ગણના થવા લાગી. છતાં જાણવા જેવી વાત એ છે કે, એ તો પહેલાંની પેઠે નીતિમાન અને એકાંતપ્રિય જ રહ્યા.

૨

અરબસ્તાનના લોકો મૂળે તો એક 'અલ્લા-તાલા' એટલે કે 'પરમેશ્વર'માં માનતા. પરંતુ ધીમે ધીમે સાચી ધર્મભાવના ઓછી થતાં થતાં તેઓ અનેક જાતનાં પૂતળાં તથા બુતોને પૂજતા થયા હતા. અને તે પણ કેટલીક વાર ખાલી આડંબર ખાતર, તો કેટલીક વાર તેમને પૂજવાથી ઐહિક સુખો પ્રાપ્ત થાય એવી બુદ્ધિથી. અરબસ્તાનની જુદી જુદી ટોળીઓ પોતપોતાના ખાસ બુતને માનતી, અને તે બધાંને ઉપર જણાવેલી કાબાની મસીદમાં મૂકવામાં આવ્યાં હતાં. વર્ષના ચાર મહિના આપસ-આપસનાં બધાં વેર-ઝેર ભૂલી જઈ, દેશની બધી ટોળીઓ મક્કાની જાત્રાએ આવતી અને પોતપોતાનાં બુતોની પૂજા કરતી. તે વખતે મક્કામાં યાત્રાળુઓની મોટી ઠઠ જામતી; મેળાઓ થતા; વેપાર રોજગાર ચાલતા; કવિઓના મુશાયરા થતા; અને નાચગાન ચાલતાં. મક્કા-વાસીઓની ખરી કમાણી આ યાત્રાળુઓ ઉપર જ હતી. આથી તેમનાં મન પણ લોભી થઈ ગયાં હતાં. ધર્મ એ તેમને માટે કમાણીનું સાધન જ બની ગયો હતો, તથા દારૂ, જુગાર અને વ્યભિચાર તેમના જીવનમાં પેસી ગયાં હતાં.

હજરત મહંમદને આ બધી ધમાલમાં ક્યાંયે સાચો ધર્મ દેખાતો ન હતો. તે ચતુર પુરુષ સમજી ગયા કે, વહેમ અને લોભ જ આ બધી બુત-પરસ્તીના મૂળમાં છે; અને બુતપરસ્તીથી લોકોને સદાચાર તથા સુલેહસંપ તરફ વળવાની પ્રેરણા મળવાને બદલે, અરસપરસ વિખવાદ વધારવાનાં કારણ જ મળે છે. સાચો ધર્મ કેવો હોય તથા આ બધી જુદી જુદી કોમોમાં એ ધર્મ કેમ કરીને લાવવો, એ જ હવે તેમની એકમાત્ર ને મોટી ઝંખના થઈ પડી.

હજરત મહંમદ વર્ષ દરમ્યાન અમુક વખત મક્કા પાસે આવેલા હીરા પર્વતમાં જઈને રહેતા, અને ત્યાંની એકાંત ગુફામાં બંદગી કરવામાં સમય ગાળતા. સાચા દિલનો પોકાર લાંબો વખત સંભળાયા વિના શા રીતે રહે? એક વખત (ઈ. સ. ૬૦૯ માં) મોડી રાતે હજરત મહંમદ નિર્જન ગુફામાં પ્રભુને પોકાર કરતા પડ્યા હતા, તેવામાં કોઈ તેમને બોલાવતું હોય એવો તેમને ભાસ થયો. તે અવાજ કહેતો હતો, 'વાંચ', 'વાંચ'.

હજરતે જવાબ આપ્યો, 'મને વાંચતાં નથી આવડતું.'

અવાજે કહ્યું, 'ખુદાનું નામ લઈને વાંચ.'

તે જ ક્ષણે જાણે પડળ ઊઘડી ગયાં હોય એમ તેમને લાગ્યું, અને ભગવાને મોકલેલી આજ્ઞાઓ વાંચતા હોય તેમ તે બોલી ગયા. તેમાં એમ

કહેવામાં આવ્યું હતું કે, 'ખુદાએ જ માણસમાત્રને તથા આખી સૃષ્ટિને પેદા કરી છે; તેનો મહિમા અગાધ છે; અને તે જ જ્ઞાનમાત્રનું મૂળ છે.'

આ અપૂર્વ અનુભવથી હજરત નવાઈ પામ્યા. તે અનુભવને, અરબી ભાષામાં, ખુદા તરફથી આવેલી 'વહી' એટલે કે સંદેશો કહે છે. પોતાને ઉતારે આવી તેમણે ખદીજા બીબીને પોતાનો આ અનુભવ કહી સંભળાવ્યો. પોતાના જેવા માણસ ઉપર મહેર કરીને ખુદા 'વહી' મોકલે, એ તેમના માન્યામાં આવતું નહોતું. તો પછી આ અનુભવ કોઈ ભ્રમ કે વળગાડ તો નહિ હોય? પરંતુ ખદીજા બીબીએ એમને આશ્વાસન આપીને કહ્યું કે, 'ખુદાની તમારા ઉપર મહેર છે; તમે નેકીથી વર્તનારા ઈમાનદાર માણસ છો, એટલે તમને ભૂત પ્રેત વગેરે કોઈ પજવી શકે તેમ નથી.'

વહીનો આ અનુભવ હજરતના જીવનમાં ભારે ક્રાંતિકારી બન્યો. એ અનુભવના નાદમાં તેઓ ગુફાઓના એકાંતમાં વધુ ને વધુ રહેવા લાગ્યા. શું ચાલે છે તે બીબી ખદીજા તો સમજી ગયાં હતાં. તેમણે પોતાના પતિને આ કઠણ સમયે પણ ધીરજ અને ઉત્સાહ આપ્યા જ કર્યાં.

કેટલાક સમય બાદ એક રાતે ફરી હજરતને અવાજ સંભળાયો. તેણે કહ્યું, 'હે સોડ તાણીને સૂતેલા! જાગ અને લોકોને જગાડ. તારા પરવરદિગારનો મહિમા યાદ કર; પાપકર્મથી દૂર રહે; બદલાની આશા વિના દાન કર; અને સૌ કાંઈ પરમાત્માનું ધાર્યું જ થાય છે, એમ જાણી દુઃખસુખ ધીરજથી સહન કર.'

હજરત મહંમદને હવે ખાતરી થઈ કે, ખુદા મારી મારફત લોકોને પોતાનો સંદેશ પહોંચાડવા ઇચ્છે છે. એટલે તેમણે પોતાની ઉપર ઇતબારવાળા પોતાના પરિચિત તથા સંબંધીઓને એ સંદેશ કહેવા માંડ્યા, અને એ રીતે પોતાના જીવનકાર્યની શરૂઆત કરી. ખદીજા બીબી સૌથી પ્રથમ તેમની શિષ્યા થયાં. તેમને તો પહેલેથી જ હજરત અને તેમના પેગંબરપણા ઉપર ઇતબાર હતો. એવો જ ઇતબાર મક્કાના એક આગેવાન અબુ-બક્રને તથા હજરતના કાકા અબુ-તાલેબના પુત્ર અલીને પણ હતો. તે બન્ને તથા ઝૈદ નામે એક છૂટો કરવામાં આવેલો ગુલામ તરત જ એમના શિષ્ય બન્યા.

અબુ-બક્ર જેવા પ્રતિષ્ઠિત માણસ આ નવા પંથમાં ભળ્યા, એટલે બીજા પણ કેટલાક લોકો હજરત પેગંબરનાં વચનોમાં શ્રદ્ધા લાવી તેમના શિષ્ય થયા. ત્રણેક વર્ષના ગાળામાં તો તેમની સંખ્યા વધીને ચાળીસ જેટલી થઈ. હવે મક્કાવાસીઓ ચમક્યા. તેમને લાગ્યું કે, આ નવો પંથ જો વધતો ચાલ્યો, તો

બુતપરસ્તીનું દેશમાંથી નામનિશાન નીકળી જશે, અને પોતાની કમાણી પણ સાથે સાથે જશે. એટલે તેમણે હજરતના કાકા ઉપર દબાણ લાવવા માંડયું કે, તેઓ હજરતને પોતાના પંથનો પ્રચાર કરતાં અટકાવે. તેમના કાકાએ જ્યારે હજરતને એ વાત કહી ત્યારે તે બોલ્યા, 'કદી સૂર્ય મારી જમણી બાજુએ અને ચંદ્ર મારી ડાબી બાજુએ આવીને મને અટકાવે, તોપણ હું ઈશ્વરની આજ્ઞાનો પ્રચાર કરતો અટકવાનો નથી.'

પછી તો પેગંબર સાહેબ અને તેમના અનુયાયીઓ ઉપર સિતમની ઝડી વરસવી શરૂ થઈ. હજરત રસ્તે થઈને જતા હોય, ત્યારે તેમનો હુરિયો બોલાય; તેમના ઉપર કાંકરા, ધૂળ, જોડકણાં અને ગાળોનો સામટો વરસાદ વરસે. તે બંદગી કરવા નીચે નમ્યા હોય, ત્યારે તેમના ગળામાં ઊંટડીનાં ગંધાતાં આંતરડાં પહેરાવવામાં આવે. તેમના જવા આવવાના માર્ગમાં અંધારે અંધારે કાંટાઝાંખરાં વેરવામાં આવે; અને કોઈ વાર તો લોકોને બહુ ઝનૂન ચડયું હોય, ત્યારે તેમના ગળાની આસપાસ કપડું વીંટી તેને ખૂબ આમળે પણ ખરા.

પેગંબર સાહેબના ગરીબ કે ગુલામ શિષ્યો પર તો આથી પણ વધારે કેર વરસાવવામાં આવતો. તેમને ખરે બપોરે અરબસ્તાનના તાપમાં રેતી ઉપર ચત્તાપાટ સુવાડી રાખવામાં આવે. તેમની છાતી ઉપર પથ્થરની શિલાઓ મૂકવામાં આવે. એક ગુલામનો તો એક એક પગ બે જુદાં જુદાં ઊંટ સાથે બાંધી, પછી તે ઊંટોને જુદી જુદી દિશામાં ભગાડીને, તેના શરીરને ચીરી નાખવામાં આવ્યું. એક દાસીને તેનો શેઠ જાતે, પોતે થાકીને લોથ થઈ જાય ત્યાં સુધી, માર્યા કરતો. તેમ છતાં બધાંનાં હૃદય ઈશ્વર પ્રત્યેની ભક્તિથી અને પેગંબર સાહેબ પ્રત્યેની આસ્થાથી ભરેલાં રહેતાં. ઈશ્વર સૌ સારા માટે કરે છે એમ માની, તે સૌ એ બધા જુલમો ધીરજથી સહન કરતાં, અને એકબીજાને બનતી મદદ કરી જીવન નિભાવતાં. છેવટે કેટલાક લોકો ઉપરનો જુલમ અસહ્ય બનતાં, પેગંબર સાહેબે તેમને એબિસીનિયામાં ચાલ્યા જવાની સલાહ આપી. પેગંબર સાહેબના કાકાના કુટુંબનો પણ હવે બહિષ્કાર કરવામાં આવ્યો. તેમને કોઈ કાંઈ વસ્તુ વેચે નહિ કે કશી મદદ કરે નહિ. ઘણા વખત બાદ મકાનની અંદર ભૂખે ટળવળતાં બાળકોની ચીસો બહાર જનારાઓથી સાંભળી ન ગઈ, ત્યારે એ બહિષ્કાર ઉઠાવી લેવામાં આવ્યો.

પરંતુ આ બધી મુશ્કેલીઓ ઓછી હોય તેમ, થોડા વખતમાં જ બીબી ખદીજા તેમ જ પેગંબર સાહેબના કાકા અબુ-તાલેબ એક પછી એક મરણ પામ્યાં. પેગંબર સાહેબના આ બે મુખ્ય આધાર તૂટી જવાથી તેમની સ્થિતિ

વધુ કફોડી થઈ ગઈ. મક્કામાં હવે સૌ કોઈ તેમની ઉઘાડેચોક પજવણી કરવા લાગ્યું. પરંતુ તેથી ડર્યા વગર તેમણે પોતાનું કામ, યાત્રાના દિવસોમાં બહારથી મક્કામાં આવતા યાત્રાળુઓમાં ધીરજપૂર્વક ચાલુ રાખ્યું. જોકે, તે વખતે પણ યાત્રાળુઓને ચેતવણી આપવા મક્કાવાસીઓમાં કોઈ ને કોઈ હાજર રહેતું જ!

પરંતુ ધીમે ધીમે મદીનાના કેટલાક યાત્રીઓને તેમના ઉપર વિશ્વાસ બેઠો, અને તેમણે હજરતને મદીના પધારવા આમંત્રણ આપ્યું. આ તરફ મક્કાવાસીઓએ પણ છેવટનો ઉપાય લેવાનું નક્કી કર્યું હતું: તેમણે પેગંબર સાહેબના મકાનને ઘેરી લઈ, તેમનો વધ કરવાનો પેંતરો રચ્યો. પરંતુ ખુદાને કરવું તે પેગંબર સાહેબ વખતસર ચેતી ગયા અને અબુ-બક્ર સાથે મદીના તરફ ચાલ્યા ગયા. તેમને ચાલ્યા જવાને પૂરતો સમય મળે તે માટે, અલી તેમના બિછાનામાં આખી રાત સોડ તાણી સૂઈ રહ્યો. મક્કાવાસીઓ પેગંબર સાહેબને પથારીમાં સૂતેલા ધારી નિરાંતે મકાનની આસપાસ બેસી રહ્યા.

પરંતુ બીજે દિવસે સાચી વાત માલૂમ પડતાં ગુસ્સે થયેલા મક્કાવાસીઓએ પેગંબર સાહેબને પકડવા ચોતરફ માણસો દોડાવ્યાં. આથી તેમને ગુફામાં બે ત્રણ દિવસ ભરાઈ જવું પડ્યું. એક વખત તો શત્રુઓ ખોળ કરતા કરતા તે ગુફાના દ્વાર સુધી આવી પહોંચ્યા. અબુ-બક્ર ચિંતાતુર થઈને બોલી ઊઠ્યા, 'હજરત, શત્રુઓ ઘણા છે અને આપણે બે જ જણ છીએ.'

હજરતે ગંભીરપણે જવાબ આપ્યો, 'આપણી પાસે ત્રીજો ખુદા છે; અને એ સૌને માટે બસ છે.'

બન્યું પણ એવું કે, તે જ અરસામાં એક કરોળિયાએ ગુફાના બારણામાં જાળું બાંધી દીધું. તે જાળાને જોઈને દુશ્મનોએ માની લીધું કે, તાજેતરમાં કોઈ આ ગુફામાં પેઠું નથી. એટલે તેઓ અંદર પેઠા વગર જ પાછા વળ્યા. હજરત પછી નિર્વિઘ્ને મદીના પહોંચી ગયા.

૩

પેગંબર સાહેબે, આ પ્રમાણે, ઈ. સ. ૬૨૨ માં મક્કા છોડ્યું. આ 'હિજરત'ના દિવસ ઉપરથી મુસલમાનો પોતાનો હિજરી સંવત ગણે છે.

મદીનાના લોકોએ પેગંબર સાહેબને અને તેમના ધર્મને સારો આવકાર આપ્યો. મદીના ગયા છતાં પણ મક્કાવાસીઓએ એમનો પીછો છોડ્યો નહિ. તેમણે વારંવાર મદીના ઉપર ચડાઈઓ કરી, અને ઘણી કતલો થઈ, છતાં પેગંબર સાહેબનું અનુયાયીમંડળ વધતું જ ગયું; અને છેવટે મક્કાવાસીઓએ તેમને શરણે આવી ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો.

હવે હજરત મક્કામાં પધાર્યા. મક્કાવાસીઓએ માન્યું હતું કે, જૂના જુલમને યાદ કરીને પેગંબર સાહેબ તેમને સારી પેઠે શિક્ષા કરશે. પરંતુ તેમણે કોઈને હેરાન કીધા નહિ, કે એક પણ ઘર લૂંટાવ્યું નહિ. માત્ર પેલાં જરી-પુરાણાં, તથા નર્યાં વહેમો અને દુરાચારોના આધારરૂપ બનેલાં બુતોને તેમણે તોડી નાખ્યાં.

પેગંબર સાહેબની રીત જ એ હતી કે, જિતાયેલ દુશ્મન પ્રત્યે દાનાઈ બતાવવી અને તેને ભલાઈથી પૂરેપૂરો વશ કરી લેવો. ખ્રિસ્તી વગેરે જે જે પરધર્મી ટોળીઓ સાથે તેમને યુદ્ધો લડવાં પડ્યાં, તેમના પ્રત્યે પણ, એક વખત તેઓ શરણે આવ્યા બાદ, તેમણે સારું વર્તન રાખ્યું હતું, અને પોતપોતાનો ધર્મ અનુસરવાની પૂરેપૂરી છૂટ આપી હતી. 'ધર્મની બાબતમાં જોર જુલમ ન હોય,' એવી તેમની સ્પષ્ટ આજ્ઞા છે. કુરાનની એક આયત છે કે, 'માણસમાં જોરજુલમથી શ્રદ્ધા ન પ્રગટાવી શકાય. ઈશ્વરની કૃપા થાય ત્યારે જ માણસમાં શ્રદ્ધાભક્તિ ઉદય પામે.'

ધર્મનો ઉપદેશ કરવા નીકળનારનું જીવન સાફ હોય, તો તેના વર્તન અને તેની વાણીથી બીજાના દિલ ઉપર જેવી અસર થાય છે, તેવી બીજા કશાથી થતી નથી. ધર્મનો પ્રચાર કરવાની આ સાચી રીતથી, પોતાના જીવન દરમ્યાન જ પેગંબર સાહેબે જંગલી તથા ઝનૂની જેવી આરબ ટોળીઓમાં ઇસ્લામનો પ્રચાર કરી દીધો. ઇસ્લામ એટલે 'શાંતિ', અર્થાત્ શાંતિનો ધર્મ. અને ખરેખર અરબી લોકોમાં એ ધર્મે નામ પ્રમાણે જ કામ કર્યું. ઇસ્લામના પ્રચારને કારણે અરબી પ્રજા એક થઈ, પેગંબરે બતાવેલા સાચા ધર્મમાર્ગે વળી, અને આગળ ઉપર જગતના ઇતિહાસમાં નામના કરી શકી.

પોતાનું જીવનકાર્ય પૂરું કરી, ઇસ્લામના પેગંબર હજરત મહંમદ, ઈ. સ. ૬૩૨ના જૂન માસની ૮મી તારીખે સોમવારે, ખુદાની બંદગી કરતા કરતા, આ ફાની દુનિયા છોડી ગયા. એ દિવસ આજ આખા ઇસ્લામી જગતમાં 'બારહ–વફાત'ના નામથી ઊજવાય છે.

સ્વાધ્યાય

૧. અવતારની માન્યતા અને પેગંબરોની માન્યતાની સરખામણી કરો. પેગંબરો, તીર્થંકરો પરાપૂર્વથી ચાલતા આવેલા મનાય છે; કેટલાક ધર્મો અમુક પેગંબર કે તીર્થંકરને છેલ્લા પેગંબર કે તીર્થંકર માને છે. જેમ કે મુસલમાનો, જૈનો.

૨. તે વખતની અરબસ્તાનની ધાર્મિક માન્યતાઓમાં કેવી જડતા આવી ગઈ હતી? મહંમદ પેગંબરે તેમાં શો સુધારો કર્યો? એવા સુધારા કરવા બદલ તેમને

શું સહન કરવું પડ્યું? સૉક્રેટીસ, ઈશુ ખ્રિસ્ત, મીરાંબાઈ, ગાંધીજી વગેરેને વેઠવી પડેલી મુશ્કેલીઓ સાથે સરખામણી કરો.

૩. આજે મુસલમાન ધર્મ ક્યાં ક્યાં ફેલાયેલો છે તે કહો. તે ધર્મના બીજા મહાપુરુષો વિષે જાણતા હો તો કહો. ખિલાફત અને ખલીફા એટલે શું તે કહો. 'ઇસ્લામનો સુવર્ણયુગ' એ ચોપડીમાં તમને એ વિષે વધુ જાણવા મળશે.

હજરત પું૦ [અ.] = માલિક; સ્વામી (મુસલમાનોમાં) મોટા કે પૂજ્ય માણસને લગાડાતો માનવાચક શબ્દ
હાંસલ વિ૦ = મળેલું; પ્રાપ્ત
બુત ન૦ [फा.] = મૂર્તિ; પ્રતિમા
બુતપરસ્તી સ્ત્રી૦ [फा.] = મૂર્તિપૂજા
મુશાયરો પું૦ = કવિઓની પરિષદ
પડળ ન૦ = આંખને છાવરી લેતું પડ (પડળ ઊઘડી જવાં = સમજણ આવવી)
પરવરદિગાર પું૦ [फा.] = પાલનહાર; પરમેશ્વર
ઇતબાર પું૦ [અ.] = વિશ્વાસ
હિજરત સ્ત્રી૦ [અ.] = વતન છોડવું તે
દાનાઈ સ્ત્રી૦ [फा.] = વિવેક; ભલમનસાઈ
આયત સ્ત્રી૦ [અ.] = કુરાનનું વાક્ય
ફાની વિ૦ [અ.] = નાશવંત
બારહ વફાત સ્ત્રી૦ [फा.] = મહંમદ પેગંબરના અંતિમ માંદગીના બાર દિવસ

४३

रे शिर साटे

रे शिर साटे नटवरने वरीए,
रे पाछां ते पगलां नव भरीए. ध्रुव
रे अन्तर्दृष्टि करी खोळचुं,
रे डहापण झाझुं नव ड्होळचुं,
ए हरि सारु माथुं घोळचुं. १
रे समज्या विना नव नीसरीए,
रे रण मध्ये जईने नव डरीए,
त्यां मुख पाणी राखी मरीए. २
रे प्रथम चडे शूरो थईने,
रे भागे पाछो रणमां जईने,
ते शुं जीवे भूंडुं मुख लईने ! ३

रे पहेलुं ज मनमां त्रेवडीए,
रे होडे होडे जुद्धे नव चडीए,
रे जो चडीए तो कटका थई पडीए. ४

रे रंग सहित हरिने रटीए,
हाक वाग्ये पाछा नव हठीए,
ब्रह्मानंद कहे, त्यां मरी मटीए. ५

— બ્રહ્માનંદ

સ્વાધ્યાય

૧. બ્રહ્માનંદ (અવસાન સં. ૧૮૮૮) સ્વામીનારાયણ સંપ્રદાયના કવિ છે. તે સંપ્રદાયના સાધુઓમાં પ્રેમાનંદ સ્વામી ('પ્રેમસખી'), નિષ્કુળાનંદ, મુક્તાનંદ, દેવાનંદ વગેરે કેટલાક જાણીતા કવિઓ થઈ ગયા છે.

૨. આ કવિતાના ભાવ સાથે પ્રીતમદાસનું 'હરિનો મારગ છે શૂરાનો' એ કાવ્ય (વિદ્યાપીઠ વાચનમાળા, સાતમી ચોપડી) સરખાવો.

પ્રશ્નો

૧. રણમાં ચડનારે શું શું કરવું જોઈએ, અને શું શું ન કરવું જોઈએ—એમ કવિ કહે છે?

૨. ભક્તિમાર્ગે જનાર માટે 'જુદ્ધે ચડવા'ની ઉપમા કઈ રીતે બંધ બેસે છે?

ધોળવું સ૦ ક્રિ૦ = ડૂલ કરવું   ત્રેવડવું સ૦ ક્રિ૦ = ત્રણ વાર વિચારવું
રંગ પું૦ = મસ્તી; લગની

૪૪

આગબોટ માટે સીડી

રેલવેગાડી ઊંચાણ ઉપર ચડે, મોટરગાડી ચડે, બળદગાડી ચડે, માણસ ચડે; પરંતુ આગબોટ પણ ઊંચાણ ઉપર ચડી શકે છે, એ તમને ખબર છે? આજે ઇજનેરી વિદ્યા એટલી ખીલી છે કે, આગબોટને ઊંચાણ ઉપર ચડવાને માટે પણ પાણીની સીડી કે પગથિયાં જેવી તરકીબો શોધવામાં આવી છે.


તમે પનામાની નહેરનું નામ તો સાંભળ્યું હશે. સુએઝની નહેરે જેમ એશિયા અને આફ્રિકા એ ખંડોને જુદા પાડ્યા અને યુરોપ એશિયા વચ્ચેનો જળમાર્ગ સુગમ કરી આપ્યો, એમ આ પનામાની નહેરે પણ ઉત્તર અને દક્ષિણ અમેરિકાના બે ખંડ જેવડા મોટા મુલકોને છૂટા પાડી આપ્યા અને

આટલાંટિકમાંથી પ્રશાંત મહાસાગરમાં સીધા જવાનો માર્ગ કરી આપ્યો. આ પનામા નહેર આગબોટોને માટે સીડી જેવી બાંધી છે.

સુએઝની નહેરનું પાણી સમુદ્રની સપાટીએ વહે છે; પરંતુ પનામાની નહેરનાં પાણી ઊંચે ચડતાં ચડતાં સમુદ્ર-તળથી ૮૪ ફૂટ ચડે છે અને પછી એટલા ફૂટ ઊતરીને બીજે છેડે સમુદ્ર જોડે મળી જાય છે! તમને થશે કે, આ તો બિલકુલ વિજ્ઞાનવિરુદ્ધ લાગે છે. પાણી તો કદી પોતાની સપાટી છોડે જ નહિ, તો જે નહેર સમુદ્ર જોડે સંધાઈ છે તેનું પાણી ઊંચે શી રીતે ચડે? ચાલો એ ઇજનેરી જાદુ સમજીએ.

૧

નીચેનું ચિત્ર જુઓ. દરિયામાં વહાણ ઊભું છે, તેની સામે નહેરનું મુખ છે. નહેરના ચિત્રમાં ૧, ૨, ૩ અંકથી બતાવેલા ત્રણ બંધ કે બારણાં છે. એક બંધથી બીજા બંધ સુધીના નહેરના પાણીની સપાટી ક્રમે ક્રમે, પગથિયાની




પેઠે ચડતી જાય છે. આવું દરેક પગથિયું હજાર ફૂટ લાંબું અને સો ફૂટ પહોળું છે. તેના પાણીની ઊંડાઈ ૪૧ ફૂટ છે. એટલે મોટામાં મોટી આગબોટ પણ એની પર ચડી શકે છે. શી રીતે ચડે છે?

પહેલા પગથિયાનું બારણું નં. ૧ ખોલવામાં આવે, એટલે એનું પાણી દરિયાની સપાટી બરોબર થઈ જાય; એટલે વહાણ એ પગથિયા પર આવે. આવી ગયા પછી તેનું દરિયા તરફનું બારણું બંધ કરવામાં આવે છે; એટલે પગથિયાનું અને દરિયાનું પાણી અલગ થઈ જાય છે. પછીથી નહેરના કિનારા ઉપર રાખેલા જબરદસ્ત પંપો વડે મોટા હોજ જેવા તે પગથિયાનું પાણી વધારવામાં આવે છે. એટલે વહાણ ઊંચું આવે છે. જ્યારે બીજા પગથિયાના ઊંચા પાણી બરોબર તે આવે, ત્યારે તેનું બારણું નં. ૨ ઉઘાડવામાં આવે છે. બેઉ પગથિયાંનું પાણી એક સપાટીએ થયું છે, એટલે વહાણને બીજા પગથિયા પર લઈ જવામાં આવે છે. આટલામાં તે દરિયાથી ત્રીસેક ફૂટ ઊંચું ચડી જાય છે. આ જ પ્રમાણે બીજા પગથિયામાં પાણી ઉમેરીને તેને ત્રીજા

પગથિયા ઉપર ચડાવી લેવામાં આવે છે. આવાં ત્રણ પગથિયાંથી ૮૪ ફૂટ ઊંચાઈ ચડાય છે. ત્યાંથી એક પહાડી સરોવરમાં દાખલ થવાય છે. તે પાર કર્યું એટલે પનામાનો પહાડ આગબોટ ચડી ગઈ!

પછી ઊતરવાનું શરૂ થાય છે. તેનાં પણ ત્રણ પગથિયાં છે. આ વખતે પગથિયાના પાણીમાં ઉમેરો કરવાને બદલે ઘટાડો કરાય છે, અને એમ કરીને સામેના મહાસાગરની સપાટીએ વહાણને ઉતારી દેવામાં આવે છે. આ રીતે વહાણને કુલ ૪૧ માઈલ કાપવાના હોય છે.

આવવા અને જવાને માટે નહેર વચ્ચે ભીંત કરીને બે અલગ માર્ગ રાખેલા છે; એટલે અવરજવર ઝટ થઈ શકે છે. એક વહાણને નહેરનાં બધાં



પગથિયાં પાર કરી સામા સાગરમાં જવામાં આઠેક કલાક લાગે, એટલું ત્વરિત કામ થાય છે. અલબત્ત, આને સારુ મોટાં જંગી યંત્રો રાખવામાં આવ્યાં છે, અને કરોડો રૂપિયાનો તેને સારુ ખર્ચ કરવામાં આવ્યો છે.

૨

પનામાની આ નહેર જગતના એક મોટામાં મોટા ઇજનેરી કામ તરીકે પંકાય છે. તે કામ કોણે કેવી મુસીબતોમાં કર્યું તે હવે ટૂંકમાં જોઈએ.

ફર્ડિનાન્ડ દ લેસેપ્સે સુએઝ નહેરનું કામ પાર પાડ્યું, તે તમે જાણો છો. તે પરથી ફ્રાન્સમાં એક મંડળીએ વિચાર કર્યો કે, પનામાની સંયોગીભૂમિની પણ નહેર કરવી જોઈએ, અને ઈ. સ. ૧૮૭૯માં એ કામ દ લેસેપ્સને સોંપવામાં આવ્યું. આ હિંમતવાન માણસે, તે વખતે પોતાની ૭૪ વર્ષની

ઉંમર હોવા છતાં, તે કામનું બીડું ઝડપ્યું. પરંતુ તેમાં તે ફાવી શકયો નહિ. તે કામને માટે જે કંપની કાઢવામાં આવી હતી, તેને દેવાળું કાઢવા વારો આવ્યો; અને દ લેસેપ્સની આબરૂને પણ આથી ધક્કો પહોંચ્યો. પરંતુ એમાં એનો દોષ કાઢી શકાય એમ નથી, કારણ કે પનામા ખોદવાનું કામ સુએઝ જેવું સહેલું નહોતું.

પનામાના ખોદકામમાં બે મોટી મુશ્કેલીઓ હતી: એક તો સંયોગીભૂમિનો ભાગ પહાડી છે. એટલે ખોદકામ કઠણ હોવા ઉપરાંત ઘણું હતું. પરંતુ એથીયે મોટી મુશ્કેલી તો એ હતી કે, એ ભાગમાં પીતજ્વર અને ટાઢિયા તાવનો ઉપદ્રવ ઘણો જબરો હતો. એવો જબરો કે, કામ કરનારાઓ ત્યાં નીરોગી રહી જ ન શકે. દ લેસેપ્સની હારનું એક મોટું કારણ આ રોગચાળો હતું.

ફ્રેન્ચ લોકોના પ્રયત્ન નિષ્ફળ ગયા પછી પનામાનું કામ યુનાઇટેડ સ્ટેટ્સની સરકારે ઉપાડી લીધું. પોતાના ખંડની આવી ઉપયોગી ભૌગોલિક રચનામાં બીજા પડે તે એને કેમ ફાવે? એટલે તે સરકારે ઈ. સ. ૧૯૦૪માં પનામાની પ્રજાસત્તાક સરકાર પાસેથી સંયોગીભૂમિની દસ માઈલની પટ્ટી ખરીદી લીધી અને તરત જ નહેરનું કામ શરૂ કર્યું.

પહેલું એ વિચારવાનું હતું કે, નહેર દરિયાની સપાટી સુધીની ખોદવી કે પહાડ પર પગથિયાંવાળી કરવી? દ લેસેપ્સે પહેલી જાતની નહેર ખોદવા ધારેલું. પરંતુ એમાં ખર્ચ અને સમય બધું જ વધારે લાગે એમ હતું, અને ખાસ વિશેષ લાભ નહોતો. એટલે યુનાઇટેડ સ્ટેટ્સની સરકારે બંધ બાંધી, ઉપર આપણે સમજી આવ્યા તેવી પગથિયાં-પદ્ધતિની નહેર કરવાનું નક્કી કર્યું.

હવે રોગચાળા સામે ઇલાજો લેવાના રહ્યા. તેને સારુ નહેરકામની આખી વસાહતના ઉપરી તરીકે એક દાક્તરને નીમવામાં આવ્યો. તેનું નામ વિલિયમ ગૉર્ગસ હતું. નહેરકામ માટે ૪૦-૫૦ હજાર માણસોનો કાફલો કામ કરતો હતો. તેને તાવમાંથી બચાવવાની જવાબદારી આ માણસે ઉપાડી હતી. કેવી મોટી જવાબદારી! તેણે તે ઉત્તમ રીતે પાર પાડી.

લૂઈ પૅસ્ટર નામના ફ્રેન્ચ રસાયનશાસ્ત્રીએ સૂક્ષ્મ જીવાણુની શોધ કરી હતી, તે પરથી સર રોનાલ્ડ રૉસ અને વૉલ્ટર રીડ નામના બે દાક્તરોએ પીતજ્વર તથા મલેરિયાનાં સૂક્ષ્મ જંતુઓ શોધી કાઢ્યાં હતાં. તે કેવી રીતે ઉત્પન્ન થાય છે, વધે છે, અને ડંખ દ્વારા તાવ ફેલાવે છે, તે પણ આ બે દાક્તરોએ શોધ્યું હતું. એમની શોધનો લાભ લઈ ગૉર્ગસે પનામાની મજૂર-વસાહતોને રોગમુક્ત રાખવાનો ઠરાવ કર્યો. વસાહતોનાં બધાં મકાનો તેણે ઊંચી ઊભણીવાળાં કરાવ્યાં. તેમની ચારે કોર મચ્છરદાની જેવી જાળી કરાવી. આખી

વસાહતમાં કોઈ દારૂ વગેરે કેફી ચીજો ન વાપરી શકે એવો હુકમ કરાવ્યો; કેમ કે દારૂ પીવાથી રોગો સામે ઝૂઝવાની શક્તિ ઘટે છે. બીજી બાજુથી જ્યાં જ્યાં પાણી ભરાઈ રહી મચ્છર પેદા થઈ શકે, ત્યાં ત્યાં બધેથી પાણીનો નિકાસ કરાવ્યો; નિકાસ ન થઈ શકે ત્યાં પાણી પર તેલ છંટાવી જંતુ ન થાય તેમ કર્યું. ઘાસ, ઝાંખરાં વગેરે કાપી કાપીને બાળી નંખાવ્યાં. અને એમ એણે એ નહેરના આખા પ્રદેશમાંથી રોગને એવો તો હઠાવ્યો કે, આજે પનામામાં મરણપ્રમાણ ન્યૂ યૉર્કથી પણ ઓછું છે!

પ્રદેશ રોગથી નિર્ભય થયો, એટલે નહેરનું કામ સરળ રીતે આગળ વધ્યું, અને દશ વર્ષે, એટલે ૧૯૧૪માં તે પૂરું થયું, અને તે જ વરસે અમેરિકાના પ્રમુખે આગબોટોને જવા આવવાને માટે નહેરને ખુલ્લી પણ મૂકી. આથી દુનિયાના વેપારમાં અમેરિકાને મોટો લાભ થયો તે એ કે, ચીન, જાપાન, ઑસ્ટ્રેલિયા ઇત્યાદિ પૂર્વના દેશો ન્યૂ યૉર્કથી પાસે પડ્યા. એ લાભ બે વસ્તુને આભારી હતો — ડૉ. ગૉર્ગસનો અથાક પ્રયત્ન અને નહેરની પગથિયા-પદ્ધતિની ઇજનેરી શોધ.

— મગનભાઈ પ્ર૰ દેસાઈ

સ્વાધ્યાય

૧. મલેરિયા તાવ આપણા દેશનો એક મોટો રોગ છે. દર વરસે લાખો માણસો એનાથી મરે છે. તે તાવ મચ્છરથી ફેલાય છે એ જાણો છો?

૨. મચ્છર થતા રોકવાને માટે શા ઉપાયો લેવા જોઈએ?

૩. રૉસ અને રીડ એ બે દાક્તરોની વાત ખાસ કહેવા જેવી છે. ઈ. સ. ૧૮૯૩માં રૉસે મલેરિયાના જંતુની શોધ કરી. અને તે વખતે એ આપણા દેશમાં રહેતો હતો. રોજ આઠ આઠ કલાક કામ કરતાં કરતાં, એક દહાડો હતાશ જ થઈ ગયો હતો, ને કામ છોડી દેવાનું મન થતું હતું, ત્યાં તે જ રાત્રે એને ઉકેલ મળી ગયો — મચ્છરના અંગમાં એણે મલેરિયાનાં જંતુ, જેવા મલેરિયા થયેલા માણસોના શરીરમાંથી મળતાં હતાં, તેવાં જોયાં! (વિદ્યાપીઠ વાચનમાળા, ચોથી ચોપડીમાં જુઓ 'મનુને તાવ આવ્યો' એ પાઠ.)

ડૉ. રીડની શોધ પીતજ્વરના જંતુ માટેની હતી. તેને મચ્છર પર શંકા ગઈ કે, તે જ માણસને કરડીને એ રોગનાં જંતુ દાખલ કરે છે. ખાતરી કરવા પ્રયોગ કરવો જોઈએ. એટલે કે, કોકે એ રોગનાં જંતુવાળા મચ્છરનો ડંખ લેવા તૈયાર થવું જોઈએ. એનો અર્થ કોકે જીવ આપવા તૈયાર થવું. રીડે જાહેર કર્યું કે, ડંખથી તાવ આવી જો મરણ થશે, તો મરનારના વારસને રકમ આપવામાં આવશે. બે અમેરિકન સિપાહીઓ તૈયાર થયા; પણ એ શરતે કે, તેમને બદલો ન આપવામાં આવે. 'માણસજાતને જે સુખ થશે એ નાનોસૂનો બદલો છે!' — એમ એમણે કહ્યું. ડૉ. રીડે તેમને નમસ્કાર કર્યા અને કહ્યું, 'ધન્ય છે તમને.' એ સિપાહીઓ તો ગયા, પરંતુ પીતજ્વરથી મરતા લાખો માણસોને જીવતદાન દેતા ગયા.

૪. આ પાઠના અનુસંધાનમાં સુએઝની નહેર વિષે વાંચો. (વિદ્યાપીઠ વાચનમાળા, છઠ્ઠી ચોપડી).

૫. લૂઈ પેસ્ટર વિષે વધુ જાણવા માટે વિદ્યાપીઠ વાચનમાળા, સાતમી ચોપડીમાં ‘એક અમર ત્રિપુટી’ એ પાઠ જુઓ.

૬. મોટાં નહેરકામ અને બંધો—જેવા કે ભક્રા બંધ, દામોદર બંધ—આ કામો હિંદે ઉપાડયાં છે, તે વિષે વિદ્યાર્થીઓએ જાણવું જોઈએ.

વસાહત સ્ત્રી૦ = નવી જગાએ થતો વસવાટ કે વસ્તી
પીતજ્વર પું૦ [સં.] = પીળો તાવ (તે તાવથી શરીર પીળું પડી જાય છે)
ઊભણી સ્ત્રી૦ = ઓટલા જેવી ઊંચાઈ કરી, જેની પર ઘર ચણાય છે, તે બેસણી, ‘પ્લિન્થ’

૪૫

રોજિંદું છાપું

ગામડામાં રહેતાં અને ભણતાં બાળકોને તો એ ખબર નહિ હોય; પરંતુ જેઓ મુંબઈ, અમદાવાદ કે સુરત જેવાં મોટાં શહેરમાં રહેતાં હશે, તેમને ખબર છે કે, તેઓ સવારે પથારીમાંથી કદાચ ઊઠયાં પણ ન હોય તે અગાઉ, તેમની સેવામાં બે જણ તો એમને ઊમરે કયારના આવી ગયા હોય છે: એક દૂધવાળો અને બીજો છાપાવાળો. હા, એ કહેવું જોઈએ ખરું કે, સૌ ઘેર આમ નથી બનતું; માત્ર મધ્યમ વર્ગના કે ઊંચા વર્ગના પૈસાદાર વર્ગોને જ લાગુ પડતી આ વાત છે; કેમ કે, તમે જાણતા હશો કે, હિંદમાં ઘણા ઓછા લોકને રોજ અર્ધો શેર પણ દૂધ મળે છે અથવા તો તેમની પાસે છાપું વાંચવા જેટલું અક્ષરજ્ઞાન કે તે ખરીદવા જેટલો ફાજલ પૈસો પણ હોય છે. એટલે ઉપરનું વર્ણન કાંઈ સાવ ગરીબ ઘરનાં છોકરાંનું નહિ, પણ કાંઈ કે સાધનવાળાં ગણાય એવાં શહેરી ઘરનાં છોકરાંનું છે.

દૂધવાળો શું કામ આવે તે તો સૌ કોઈ સમજી જશે. પરંતુ છાપાવાળો શું કામ આવતો હશે? શું છાપું એ દૂધ જેવી મોટી જરૂરિયાત છે? એના વગર ન ચાલે?

વળી તમને એમ પણ થશે કે, રોજ ને રોજ આટલું બધું કોણ લખતું હશે, કયારે છપાતું હશે? અને એમાં લખેલી અનેક ખબરો રોજ ને રોજ એ

લોકોને કહેતું કોણ હશે? ખરેખર, આ સવાલો તમને સહેજે થાય એવા છે. આ પાઠમાં આપણે એ વિષે થોડું જાણીશું.

૧

છાપાને વર્તમાનપત્ર પણ કહે છે, કેમ કે તેનું મુખ્ય કામ ચાલુ બનાવો લોકોને બનતી ઉતાવળથી અને પ્રામાણિકપણે કહેવાનું છે. એટલે છાપું ચલાવવા ઇચ્છનારે પ્રથમ એ બનાવો વિષે સાચી અને ચોક્કસ માહિતી મેળવવી જોઈએ. તેને સારુ તે હજારો અને લાખો રૂપિયા ખરચ કરીને દેશમાં તથા દુનિયામાં ખબરો મેળવવાની ગોઠવણ કરે છે. 'ગુજરાત સમાચાર', 'સંદેશ', 'મુંબઈ સમાચાર', 'જન્મભૂમિ' વગેરે રોજિંદાં છાપાંમાંથી એકાદું જો તમે જુઓ, તો કેટલીક ખબરોને મથાળે તમને આ પ્રમાણે લખેલું જોવા મળશે: 'અમારા ખબરપત્રી તરફથી', 'અમારા ખાસ ખબરપત્રી તરફથી'. છાપાંવાળાઓ કેટલાંય મુખ્ય ગણાતાં સ્થળોએ, પોતાને માટે ખબરો એકઠી કરીને મોકલનારા કાયમી માણસ રાખે છે; તે ખબરપત્રી કહેવાય છે. કોઈ સ્થળે જો ખાસ કાંઈ કામ થવાનું હોય કે થયું હોય, ને તેની ખબર લોકોને કહેવા જેવા મહત્ત્વની હોય, તો છાપાંવાળા પોતાનો ખાસ ખબરપત્રી તે જગાએ મોકલે છે. જેમ કે, મહાસભા ભરાવાની હોય કે તેની કાર્યવાહક સમિતિની કે ધારાસભાની બેઠક થવાની હોય એવા પ્રસંગો; કે ભૂકંપ, રેલ જેવા કુદરતી કોપના પ્રસંગો, વગેરે.

આ ઉપરાંત છાપાંમાં તમે એક બીજું નામ વાંચશો. તે 'રૉઇટર'નું છે. પરદેશના ખબરો જોશો તો નીચે 'રૉઇટર' લખેલું તમને મળશે. આ 'રૉઇટર' એક જર્મન માણસનું નામ છે.

ઈ. સ. ૧૮૪૯માં ફ્રાન્સ જર્મનીમાં પહેલવહેલાં તારનાં દોરડાં નંખાયાં, તે વેળા રૉઇટરને એક વિચાર આવ્યો કે, તારની મદદથી ઝપાટામાં સમાચારો ન મેળવી શકાય? એનો અમલ કરવા સારુ તેણે પૅરીસ શહેરમાં પ્રયત્ન કરી જોયો. પરંતુ ફ્રાન્સની સરકારનો તેને જોઈએ તેવો સાથ ન મળી શક્યો. તેથી ઈ. સ. ૧૮૫૧માં તે ઇંગ્લન્ડ ગયો ને પછી ત્યાં જ ઘર કરીને રહ્યો. ત્યાં રહી તેણે મોટી મંડળી સ્થાપી, જે આજે રૉઇટર કંપની તરીકે આખા જગતમાં — અને ખાસ કરીને બ્રિટિશ સામ્રાજ્યમાં — સમાચાર એકઠા કરીને પહોંચાડવાનું કામ કરે છે. તે કંપનીએ દુનિયાના બધા દેશોમાં મુખ્ય સ્થળે પોતાના ખબરપત્રીઓ રાખ્યા છે. તેઓ બધેથી ખબરો એકઠી કરવાનું કામ કરે છે. આમ એકઠી કરાતી ખબરો રૉઇટર કંપની તેના ઘરાક થનારા છાપાવાળાને તારથી મોકલી આપે છે. એ રીતે જે ખબર મળી હોય તેની નીચે 'રૉઇટર' એવી સંજ્ઞા વપરાય છે.

આ પ્રમાણે ખબરો એકઠી કરીને છાપાવાળાને પહોંચાડવાને માટે આપણા દેશમાં બે કંપનીઓ હતી: એક 'ધિ ઍસોસિયેટેડ પ્રેસ'; અને બીજી 'ધિ યુનાઇટેડ પ્રેસ'. આ બે મંડળો ટૂંકામાં અનુક્રમે 'એ. પી.' અને 'યુ. પી.' કહેવાય. આઝાદી પછી દેશના સમાચારો મેળવવા અને પૂરા પાડવા આપણા દેશમાં એક મોટું મંડળ સ્થપાયું છે. તેનું નામ 'પ્રેસ ટ્રસ્ટ ઑફ ઇંડિયા' છે. ટૂંકમાં તે 'પી. ટી. આઈ.' કહેવાય છે. મોટાં શહેરોમાં આ મંડળ પોતાનાં માણસો રાખે છે અને તેમની મારફત રોજ દેશમાં બનતા મહત્ત્વના બનાવોની ખબરો એકઠી કરે છે, અને એના ઘરાક થનારા છાપાંવાળાઓને તારથી પહોંચાડે છે.

૨

તમે કહેશો કે, ખબરો મેળવવા પાછળ આટલા બધા માણસો રાખવા, તાર કરવા, એ તો ભારે ખર્ચ થાય! તે બધો ક્યાંથી નીકળતો હશે? છાપું એ બીજા ધંધાના જેવો એક ધંધો છે. તે પોતાની ઘરાકી ઉપર નભે છે. છાપાના હજારો — અને વિલાયત તથા અમેરિકામાં તો લાખો — ઘરાક હોય છે; તેઓ તે ખરીદે છે તે પરથી એનો ખર્ચ નભે છે. પરંતુ તેટલાથી જ પૂરું નથી થતું. છાપાંમાં તમે જાહેરખબરો જુઓ છો, તે પણ એક સારી મોટી આવક કરી આપે છે. તે આવક જો ન થાય તો છાપું સસ્તું મળે છે તે ન મળી શકે; તથા છાપાના ધંધામાં જે ભારે કમાણી કરી શકાય છે તે ન કરી શકાય.

પરંતુ આમાં જ ત્યારે એક ભય પણ રહે છે. જેમ લોભને લઈને, બીજા ધંધાઓમાં પ્રામાણિકતા, નીતિ વગેરે ગુણો બાજુ પર રહી જાય છે, તેમ જ છાપાંમાં પણ બને છે. ગમે તેવી ખોટીખરી અને ગંદી તથા અઘટિત વાતોને જાહેરખબર તરીકે લોકો મોકલે છે ને છાપાંવાળા તેમને સ્થાન આપે છે, તેનું કારણ તેમાંથી મળતો પૈસો છે. દારૂ ન પીવો જોઈએ એમ છાપું કાઢનારો માનતો હોય, છતાં દારૂવાળાની જાહેરખબર તે છાપશે! 'રામબાણ' કે એકદમ અસરકારક કહેવાતી દવાઓની જાહેરખબરનું પણ તેમ જ છે. આવી આવી તો બીજી અનેક અઘટિત બાબતો, ધંધાના લોભને લઈને, કરવામાં આવે છે. તેથી કરીને ગાંધીજી તો એમ જ માનતા કે, જાહેરખબર લેવામાં પણ ખૂબ વિવેક વાપરવો જોઈએ; પણ આવકના લોભ આગળ એ વિવેક જાળવવો મુશ્કેલ બને છે; તેથી ડહાપણની નીતિ એ છે કે, જાહેરખબરોની જંજાળમાંથી છાપાંએ મુક્ત જ રહેવું. ગાંધીજી પોતાનાં છાપાંમાં જાહેરખબર લેતા જ નહિ.

૩

અત્યાર સુધી આપણે છાપાંમાં આવતી ખબરો અને એ મેળવવાના ખરચ બાબત થોડીક વાત જાણી. હવે તે ખબરો તૈયાર કરીને, બરોબર ગોઠવી કરીને છપાય છે શી રીતે, તે જોઈએ. આ જો તમારે બરોબર સમજવું હોય, તો કોઈ મોટા શહેરમાંથી નીકળતા છાપાનું બધું કામ જાતે જોવા જવું જોઈએ. અત્યારે તો તમને કલ્પનામાં મારી સાથે ત્યાં લઈ જાઉં.

છાપાની ઑફિસમાં જાઓ તો ત્યાં તમને શાકબજાર કે શૅરબજારમાં સાંભળવા મળે એવી ગડબડ નહિ સંભળાય. ત્યાં આગળ અનેક લોક કામ કરતા હોય છે. આ લોકોનું ખરું કામ સંધ્યાકાળ પછી જામે છે. આખો દહાડો ચારે બાજુથી તાર, ટપાલ તથા ટેલિફોનથી ખબરો આવ્યા કરે છે. ખબરપત્રીઓ પોતપોતાના ભાગના પ્રદેશની કે કામની ખબરોના હેવાલો લખી મોકલે છે. જે ખબરો તરત મોકલવા જેવી હોય તેમને તેઓ તાર કે ટેલિફોનથી મોકલે છે. બીજી તરફ 'પી. ટી. આઈ.', 'રૉઇટર' વગેરેના તારોના ખડકલા થાય છે. જાહેરખબર વિભાગમાં વેપારીઓ તથા બીજા લોક જાહેરખબરો પહોંચાડે છે. પ્રજામાંથી કેટલાયે લોકે સમાજહિત બાબતમાં કાંઈક ફરિયાદ, કાંઈક ચર્ચા કે વિચારવા જેવો મુદ્દો છાપાને માટે લખી મોકલ્યાં હોય, તેના પત્રો એકઠા થાય છે. આવા પત્રોને ચર્ચાપત્ર કહેવામાં આવે છે. આમ રાત સુધીમાં, આવતી કાલ સવારને માટેના છાપાને સારુ ઢગલો સામગ્રી એકઠી થઈ રહી હોય છે. છાપું ચલાવનારનું કામ તેમાંથી હવે પસંદ કરીને કાલનું છાપું તૈયાર કરવાનું છે. રાતે તે કામ શરૂ થાય છે. આ કામને માટે દરેક છાપાને માટે એક તંત્રી કે સંપાદક હોય છે. છાપામાં આવતી બધી વસ્તુને માટે એ જવાબદાર ગણાય છે. તેની મદદમાં જરૂર પ્રમાણે એક કે તેથી વધારે મદદનીશો હોય છે. મોટાં છાપાંમાં આવા મદદનીશો ડઝનથી પણ વધારે હોય છે. તેઓ છાપાના એક એક અંગનું કામ વહેંચી લે છે.

આખા દહાડામાં એકઠી થયેલી સામગ્રી હવે આ સંપાદકો પાસે પહોંચે છે. તેઓ કુશળ, વ્યવહારદક્ષ, સમાજ અને તેનાં સારાંનરસાં બળોને સમજનારા, લોકમત જાણવા મથનારા, વિવેકી અને વિદ્વાન માણસો હોવા જોઈએ. નહિ તો તેઓને માથે આવતી જવાબદારી તેઓ બરાબર અદા ન કરી શકે. તેમને માથે, લોકોને આવતી કાલે કઈ ખબરો, વિચારો તથા ચર્ચાઓ પહોંચાડવી છે, પહોંચાડવા જેવી છે, કે પહોંચાડવી જોઈએ, એ નક્કી કરવાનું કામ રહેલું છે. એક રીતે જોતાં કહી શકાય કે, તેઓ છાપાંના વાંચનારાનાં મન પર છાપ

પાડનારા ને તે દ્વારા તેમના વિચારો ઘડનારા માણસો છે. એટલે તેઓ લોકમત ઘડનારા છે એમ કહેવાય. આ એક ભારે કામ છે. છાપાંમાં સંપાદક તરીકે કામ કરનારા બધા માણસો આ જવાબદારી સમજે, તો તેવા માણસોનું છાપું લોકની કેળવણીનું ભારે સાધન બને, એ ઉઘાડું છે.

સંપાદકો પાસે બધી સામગ્રી આવે એટલે ઝપાટાબંધ તેઓ તેને જોવા માંડે છે. તેમાંથી કંઈક રદ કરી ચેકો મારે છે, કંઈકને વળી કાપી કાઢીને ટૂંકાવી લે છે, તો કાંઈક દબાવી પણ રાખે છે. કાંઈક એવું લાગે કે જે વિષે વધારે ખાતરી કરવી જોઈએ, તો તે બાબત વધારે બાતમી મેળવે છે. આ રીતે જેમ જેમ સામગ્રી વિણાતી જાય, તેમ તેમ તે બીબા-ખાતામાં પહોંચે છે. ત્યાં તે લખાણ મુજબ બીબાં ગોઠવાઈને છાપવાને માટે તૈયાર થાય છે. જાહેરખબરો, લેખો, ચર્ચાપત્રો, ખબરો, ખબરપત્રીઓના હેવાલો, વગેરે બધું આ રીતે બીબાંમાં પડી જાય, એટલે તેનાં પાનાં ગોઠવાય છે. તે દિવસની ખાસ ખબરો હોય તે મોટા અક્ષરનાં મથાળાંથી મુખ્ય પાના ઉપર મુકાય છે.

ખબરો ઉપરાંત એક વસ્તુ છાપામાં હોય છે, તે તેનો 'અગ્રલેખ'. આખા છાપામાં એને અગ્રસ્થાન હોવાથી તે અગ્રલેખ કહેવાય છે. મુખ્ય પાન પર તે હોય છે, અને તે તંત્રી લખે છે. તેમાં તંત્રી કોઈ મહત્ત્વના મુદ્દાની ચર્ચા કરે છે, તે બાબત પોતાનો મત બતાવે છે, લોકોને તેમાં રહેલાં તત્ત્વો સમજાવી તેનાં નફાનુકસાન તરફ એમનું ધ્યાન આકર્ષે છે. એ રીતે અગ્રલેખ પરથી તે લોકોમાં પોતાની સમજનો કે નીતિનો પ્રચાર કરવા તાકે છે.

આમ તૈયારી કરતાં સુધીમાં મધરાત થવા આવી જાય. ત્યાં સુધી પણ ખબરો કે તારો તો આવ્યા જ કરતા હોય છે. કોઈ વાર તો કોઈ ભારે મહત્ત્વની ખબર આવે, એમેય બને. મોડું થવા છતાં તેને માટે તો જગા કરવી જ જોઈએ; તે છેવટે 'સ્ટૉપ પ્રેસ' એવા મથાળા નીચે ગોઠવવામાં આવે છે. આ રીતે છેવટે આખું છાપું ગોઠવાઈ જાય, એટલે સંપાદકોનું કામ પૂરું થાય છે અને છાપું મુદ્રણવિભાગમાં જાય છે. અને તે વિભાગમાં કામ શરૂ થાય છે.

૪

છાપું છાપવાનું પણ એક મોટું કામ છે. જે છાપાની હજારો અને લાખો નકલો કાઢવાની હોય, તેનું છાપખાનું જો કલાકે બે પાંચ હજાર જ નકલ કાઢી શકે, તો તેને છાપતાં જ કેટલી બધી વાર લાગે? તો પછી તેમાં કેટલી મોડી ખબરો આવે? અને મોડી ખબરો આપનાર છાપાને ખરીદે કોણ? તેથી કલાકે અર્ધા લાખની ઉપર નકલો કાઢી શકે એવાં જંગી મુદ્રણ-યંત્રો શોધાયાં છે. તેમાં એકાદ બે કલાકમાં જ આખું છાપું છપાઈને, વળાઈને, ગડીબંધ તૈયાર

થઈને બહાર પડે છે. ત્યાંથી તે વખતસર રેલવે ગાડી પર પહોંચાડવું જોઈએ, કેમ કે જુદે જુદે સ્થળે જતી ગાડીઓ ઊપડે તે વખતે જો છાપાનાં પાર્સલ તેમાં ન ચડે, તો ગામેગામ તે સવારે પહોંચે શી રીતે ? આથી ગાડીનો સમય પણ સાચવવાનો હોય છે. ગાડીમાંથી છાપું ઊતરે કે તરત તે વહેંચનારા ફેરિયાના હાથમાં પહોંચે છે. તે લઈને તેઓ રસ્તામાં બૂમો પાડતા વેચે છે, અને કોઈ ઘેર પહોંચાડવાનું બાંધે તો નિયમિત તેને ઘેર આપી જાય છે.

બે પૈસા, આનો, બે આના આપીને જે છાપું લઈને રોજ આપણે વાંચીએ છીએ, તે તૈયાર કરવાને માટે આ રીતે આખી દુનિયામાં અને છાપાની ઑફિસમાં, આટલા બધા લોકો આટલી બધી જાતની તડામાર મહેનત મજૂરી કરે છે! તેથી કરીને, રોજ દુનિયામાં શું ચાલે છે તે આપણે જાણીએ છીએ; તે પરથી આપણે વિચારો કરીએ છીએ, ચેતવા જેવી બાબતોમાં ચેતીએ છીએ, અને સમજવા જેવી બાબતો ધ્યાનમાં લઈએ છીએ. એટલે, આજના જમાનામાં છાપું પ્રજાની કેળવણીનું એક મોટું સાધન મનાયું છે. ઇંગ્લંડના પ્રજાતંત્ર રાજ્યમાં છાપું તો તેના ચોથા સ્તંભ તરીકે લેખાય છે. સારા શિક્ષક કે સાચા ગુરુની પેઠે, સારું અને સાચી ખબરો આપતું વર્તમાનપત્ર કે છાપું કીમતી સમાજસેવા કરે છે. એથી ઊલટું, જો તે ખરાબ હોય તો સમાજની કુસેવા પણ કરે. માટે દરેક સમાજે કે પ્રજાએ પોતાના છાપાનું ધોરણ ઉચ્ચ રખાવવું જોઈએ, નહિ તો તેને ઘણું ખમવું પડે. લોકમતના બળથી આ કરી શકાય છે.

— મગનભાઈ પ્ર૦ દેસાઈ

સ્વાધ્યાય

૧. છાપખાનું ન જોયું હોય તો જોજો. ત્યાં બીબાં વગેરે શી રીતે ગોઠવાય છે, કાગળ છપાય છે, વગેરે જોવા-જાણવાની મજા પડશે.

૨. તમારી શાળા માટે એક નાનકડું હસ્તલિખિત સમાચારપત્ર, બે ચાર દોસ્તો મળીને, તૈયાર કરો. વિદ્યાર્થીઓને માહિતી મળે એ માટે શાળામાં સમાચાર કહેવાની રોજિંદી વ્યવસ્થા હોય તોપણ સારું; તેથી સાથે છાપું વાંચવાનો રસ પણ પેદા થાય.

૩. છાપામાં આવે તે સાચું જ હોય એમ નહિ; તેમાંય વિવેક વિચાર કરવો જોઈએ, તેનું ધ્યાન રાખો.

૪. વિલાયત દેશના ચાર સ્તંભો : ૧. પાદરી વગેરે ધર્માચાર્યો; ૨. અમીર-ઉમરાવો; ૩. આમજનતા; અને ૪. છાપું.

પ્રશ્નો

૧. છાપામાંની જાહેરખબરો વિષે ગાંધીજીએ દર્શાવેલા અભિપ્રાયના અનુસંધાનમાં, આજના તમારા જાણીતા કોઈ છાપાની જાહેરખબરો વિષે ટૂંક નોંધ લખો.

૨. છાપાના તંત્રીને તમારા ગામ કે શહેરમાં દેખાતી ગંદકી કે બીજી કોઈ ફરિયાદ અંગે ચર્ચાપત્ર લખો.

૩. છાપાં એ લોકમત ઘડવાનું તેમ જ લોકની કેળવણીનું ભારે સાધન છે, એ શી રીતે ?

૪૬

ભવિષ્યવેત્તા

'काले रजा छे, गई छुंय थाकी,
वांचीश व्हेला सहु पाठ बाकी;
तारी हथेळी अहीं लाव, साचुं
हुं भाई, आजे तुज भाग्य वांचुं. १

'केवी पडी छे तुज हस्तरेखा!
जाणे शुं लाखे नव होय लेखां.
पैसा पूछे छे? धनની न खामी,
जाणे अहोहो! तुं कुबेरस्वामी! २

'ने चक्रचिह्नो तुज अंगुलिमां,
जाणे पुरायां फूटती कळीमां!
छे मत्स्य ऊंचो, जवचिह्न खासां!
ने राजवी-लक्षण भाईनां शां! ३

'विद्या घणी छे मुज वीरलाने,
ने कीर्ति एवी कुळ-हीरलाने!
आयुष्यरेखा अति शुद्ध भाळ,
चिन्ता कंई रोग तणी तुं टाळ. ४

'ने होय ना वाहनखोट व्हेले,
बंधाय घोडा वळी त्यां तबेले,
डोले सदाये तुज द्वार हाथी;
ले बोल जोउं, वधु कांई आथी? ५

'जो भाई, तारे वळी एक ब्हेन,
चोरे पचावे तुज पाटी पेन;
तारुं लखे ए उजमाळुं भावि,
जाणे विधात्री थई होय आवी! ६

'मारेय तारे कदी ना विरोध,
रेखा वहे छे तुज हेतधोध;
ए हेतना धोध महीं हुं नाहुं,
चांदा झबोळी हरखे हुं खाउं. ७

'डोसो थजे, जीवन दीर्घ तारुं,
खोटी ठरुं तो मुज मुक्की हारुं;
आथी जरायें कहुं ना वधारे,
कहेतां रखे तुं मुजने विसारे!' ८

'जोजे, कह्युं ते सहु साचुं थाय,
इला! पछी तो नहि हर्ष माय;
पेंडा-पतासां भरी पेट खाजे,
ने आज जेवी कविता तुं गाजे.' ९

—ચંદ્રવદન મહેતા

સ્વાધ્યાય

૧. શ્રી. ચંદ્રવદન ચીમનલાલ મહેતા (જન્મ ઈ. સ. ૧૯૦૧) કૃત 'ઇલાકાવ્યો' નામના કાવ્યસંગ્રહમાંથી આ કાવ્ય લીધું છે. એ કાવ્યસંગ્રહમાં ભાઈ–બહેનના હેતને લગતાં કાવ્યો છે. તેમણે 'આગગાડી' વગેરે કેટલાંક નાટકો લખ્યાં છે. તે એક સારા અભિનયકાર પણ છે.

૨. આ કાવ્યમાં બહેન પોતાના ભાઈ માટે શું શું ભવિષ્ય ઇચ્છે છે? બીજા કોઈ લોકગીતમાં કે હાલરડામાં બહેન 'વીરા'ને માટે શું કહે છે તે સરખાવો.

૩. ચક્રચિહ્ન, મત્સ્ય, જવચિહ્ન વગેરે ચિહ્નો હાથમાં–આંગળીઓમાં જોવાય છે.

પ્રશ્નો

૧. બહેનને ખરેખર હાથ જોતાં આવડતો હશે? કે તે પોતાના મનના ઉમળકા જ હાથ જોવાને બહાને કહે છે?

૨. ભાઈએ બહેનને શો જવાબ આપ્યો?

૩. એક બહેન પોતાના ભાઈના ભવિષ્યમાં શું શું હોય એમ ચાહે, તે લખો.

લાખે લેખાં હોવાં = અઢળક ધન હોવું.
કુબેરસ્વામી પું૦ = દેવોનો ભંડારી કુબેર
વિધાત્રી સ્ત્રી૦[સં.]= પ્રારબ્ધની અધિષ્ઠાત્રી દેવી
ચાંદા ઝબોળી = ચાંદાના આકારની રોટલી ઘીમાં ઝબોળીને
મુજ મુક્કી હારું = તું ખોટી ઠરે તો હું તને મુક્કી મારું; જો તું સાચી ઠરે તો હું તે હારું.

૪૭

સિદ્ધરાજ સાથે જગદેવની મુલાકાત

[સિદ્ધરાજે સિદ્ધપુરમાં રુદ્રમાળ બંધાવવા માંડયો હતો. તેની સ્થાપના અર્થે સિદ્ધરાજ સિદ્ધપુરમાં આવે છે. રાત્રે ગુપ્તપણે ત્યાં ચાલતું કામ જોવા જાય છે. તેણે પોતાની તથા સેનાપતિઓની મૂર્તિઓ પણ ત્યાં મુકાવી હોય છે. પરંતુ રાતને વખતે તે બધું જોતાં જોતાં તેને જગતના અનિત્યપણાનો વિચાર આવે છે. એટલે રાજાનો હુકમ છે એમ કહી, મૂર્તિકાર પાસે પોતાની અને બીજાઓની મૂર્તિઓ પડાવી નાખે છે. તે પહેલાં જોશીઓએ રુદ્રમાળના શિલારોપણ વખતે ભવિષ્ય ભાખતાં જણાવ્યું હોય છે કે, રુદ્રમાળ સ્થાયી નહીં રહે.

આ બધાની મન પર અસર છે તે સાથે, રુદ્રમાળની સ્થાપનાની વિધિ વખતે, સિદ્ધરાજ પોતાના વિચારો રજૂ કરે છે. ત્યાંથી આ પાઠ શરૂ થાય છે.]

સ્થળ : રાજમંદિર

[સિદ્ધરાજ હનુમાનજીની પૂજા કરે છે]

સિદ્ધરાજ — (આરતી ઉતારી, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી) હે વાયુપુત્ર, બળનિધાન, દુખિયાના બેલી! હું તને આ રુદ્રમાળનો રક્ષક કરું છું. જગતે મને સિંહનું ઉપનામ આપ્યું છે, પણ હું રંક તરણા સરખો છું. મનુષ્ય તે કોણ માત્ર? ચાળીશ પચાસ વર્ષનું ઘણું તો તેનું પરાક્રમ, તેમાં તે શું કરે! જ્યારે શત્રુનાં વાજાં આવી હિયાં ગગડશે, ત્યારે મારી ભસ્મ પણ હોશે નહિ; અને હું (કોણ જાણે?) ક્યાંયે રખડતો હોઈશ! ત્યારે રક્ષા કોણ કરશે? હે હનુમાન, સહાય તે સમે તારાથી થાય તો થાય. હે દેવ, તું ત્યારે આલસ્ય કરતો નહિ — અરે! મારું એટલું નામ રાખજે. આ હું દીનભાવે પ્રાર્થના કરું છું. અરે! અત્યાર સુધી મેં મારી પ્રજાની રક્ષા બીજા કોઈને, દેવ કે દૈત્યને સોંપી નથી; તે હું આજે તે માટે કરગરું છું — એથી દીનભાવ બીજો કેવો? (ઊઠે છે.)


મંત્રેશ્વર — મહારાજ, જોશીના કહેવા ઉપર આટલો શક કાં કરો છો? સાચુંયે પડે અને જૂઠુંયે પડે. એનો કાંઈ નિર્ધાર નથી.

સિદ્ધરાજ — (ગંભીરાઈથી) અરે મંત્રેશ્વર, એમાં જોશી શું કહેવાનો હતો? આ જગત અનિત્ય છે એમાં શો સંદેહ? સૂર્ય ઊગે છે, તે જ આથમે છે. પૂર્ણિમાને દિવસે જે ચંદ્ર વિશ્વને આનંદ પમાડે છે, તે જ કળાહીન થાય છે. માણસ જન્મે છે, તે જ મરે છે. જ્યાં મોટાં નગર વસેલાં હોય છે, ત્યાં પાણી

ફરી વળે છે. આ સૃષ્ટિ નિત્ય ભાસે છે, તેનો જ પ્રલય થાય છે. અરે ! બ્રહ્મા, વિષ્ણુ અને શિવ સરખા કાળને વશ થઈ નાશ પામે છે; તો અરે ! આપણાં પામરનાં રાજપાટ અને આવા દેવાલયના શા હિસાબ ? સ્વર્ગ સરખી જગા પણ નિત્ય નથી તો.

મંત્રેશ્વર — મહારાજ, કહો છો તે ખરી જ્ઞાનવાર્તા છે; પણ એમ છેક આખરનો વિચાર શીદ કરીએ ? પ્રલયકાળની વાત આઘી મૂકીએ, તો આ સ્વર્ગ સરખા ધામથી આપનું નામ 'યાવચ્ચંદ્રદિવાકરૌ' રહેવાનું છે.

સિદ્ધરાજ — મૂર્ખ ! એવી ગાંડી વાત મા કર. દૈવનું કારમું ચક્ર નિરંતર ફર્યાં કરે છે, અને તેને વીંટાયેલા વિશ્વની સર્વે વસ્તુઓ ઊંચી નીચી થયા કરે છે. શીલાદિત્યનું વલભીપુર ક્યાં છે ? બીજાં એવાં કેટલાં નગર ઉદય પામી શૂન્યમાં ભળ્યાં હશે, કે જેનાં નામ પણ આપણે આ સમયે સાંભળ્યાં નથી ! અરે મંત્રેશ્વર, એક એવો દિવસ પણ આવશે કે જ્યારે આ પાટણ શહેરને શત્રુનાં લશ્કરો પાયમાલ કરશે, સોલંકી વંશ નિર્મૂળ જશે. એક એવો સમય પણ આવશે કે જ્યારે રજપૂતો શોધ્યા જડશે નહિ, અને જડશે તો મ્લેચ્છની સેવા કરતા. અરે, જ્યાં રાજમંદિરો શોભે છે ત્યાં હળ ફરશે, અને મૂર્ખ વતનીઓ વલભીપુરની પેઠે આજે આપણે બેઠા છીએ એવા દેવાલયના ખવાઈ ગયેલા પથરા ખોદી કાઢી (આંખમાં આંસુ ભરાઈ આવે છે) પેટને માટે વેચવા નીકળશે અને પૂછશો તો પાટણ કે રુદ્રમાળનું નામ સાંભળી તમારા સામું ટક ટક જોયા કરશે! તો હું કોણ માત્ર! માટે, હે મૂર્તિકાર, તું એટલું લખ કે, 'પાટણનો સોલંકી સિદ્ધરાજ, જે જીવતાં કોઈને નમ્યો નથી, તે પગે લાગી માગી લે છે કે, હે કાળ જેને અનુકૂળ છે એવા શત્રુ, આમાંથી કાંઈ પણ રાખજે.


રુદ્રમાળનો અવશેષ

'આજ મારે ને કાલ તારે. (મૂર્તિકારને)તું તારું પણ નામ લખ; રહેનાર તો પ્રભુ કરે ત્યારે. ચલો. હવે કાલવાળા રજપૂતને બોલાવો.'

[છડીદાર જગદેવને બોલાવે છે.]

[આવીને જગદેવ પગે લાગે છે.]

સિદ્ધરાજ — કેમ, તું અમારી સેવા કરશે?

જગદેવ — પૃથ્વીપતિ, એ જ આશાએ હું આપના દેશમાં આવ્યો છું.

સિદ્ધરાજ — પણ ઘરનું રાજ છોડી કેમ આવવું પડ્યું?

જગદેવ — મહારાજ, આપની હલકી પણ સેવાને અર્થે તો મારા કરતાં મોટા મોટા રાજાના હજારો કુંવરો નિત્ય આવે છે. ક્ષત્રિયવીર્ય બતાવવાનું હાલ આપની પરાક્રમી સેના સિવાય બીજું સ્થળ કયું છે? હું તો આવું છું દુઃખનો માર્યો, પણ તેમાંથી સુખ નીકળ્યું, — જેમ દહીંમાંથી ઘી ઉત્પન્ન થાય છે.

હેમચંદ્રાચાર્ય — હે પૃથ્વીપતે, પ્રવાસ સદા એવો છે. કહ્યું છે કે —

[આર્યા]

ચતુર પુરુષ ને આરસ, ભાર પ્રમાણે ન તોળી વેચાયે;
અધિક અધિક મૂલ પામે, દૂર પરગામે જયમ જ જાયે.

૨ જો શાસ્ત્રી —

સંપત્તિ તણી પ્રાપ્તિ, જો નવ કીધી પ્રવાસથી ભાવે;
ધિક્ યુવા ઋતુ મૂર્ખની, અફળ ગઈ ફરી નહિ આવે.

૩ જો શાસ્ત્રી —

ત્રણ અલાભ જ જામે, જો નર ઉંબર ગ્રહી રહે ગામે,
ફાટે વસ્ત્ર, વધે ઋણ, ને નહિ કીર્તિ કદા પામે.

સિદ્ધરાજ — સેવાને માટે તને ગામ આપીએ તે પસંદ છે કે છૂટક પગાર?

જગદેવ — મહારાજ, પગાર આપો તો ઘણી કૃપા થાય.

સિદ્ધરાજ — શું ત્રાંબાપત્રે લખી આપીએ કે, વંશપરંપરા તું તેનો ઉપયોગ કર્યા કરે, તેથી છૂટક પગાર વધ્યો? આ તો આજે જ સાંભળ્યું! તું આવો પરાક્રમી છે, તથા વ્યવહારમાં બાળક તે બાળક દીસે છે.

જગદેવ — બાળક તો, મહારાજ, પૃથ્વીપતિના સઘળા જ છે. પરંતુ આ વાતમાં તો મારી એટલી વિનંતિ છે કે, મને ના કહી મારો જીવ ખેદમાં નાખતા નહિ.

સિદ્ધરાજ — શું તારા મનમાં એવો સંદેહ છે કે, અમે ગામ આપી પાછું લઈશું?

જગદેવ — અરે, ના, ના, કૃપાનિધાન!

સિદ્ધરાજ — ત્યારે કારણ શું તે કહે, કે પછી બાળક છે કે નહિ તેનો અમે પૂરો નિશ્ચય કરીએ.

જગદેવ — મહારાજ, ન પૂછ્યું હોત તો સારું. હશે, મારું દૈવ. હે પૃથ્વી-પતિ, અપરાધ ક્ષમા કરજો. વિજયયાત્રા કરવી એ ક્ષત્રિયનો પરમ ધર્મ છે, અને તે તમ સરખા કોઈ વિરલા ભાગ્યશાળીના કર્મમાં લખેલો હોય છે. આપ વિજયયાત્રા કરી વિક્રમ સરખા વિખ્યાત થયા છો, અને હજી ઘણીયે કરશો. હે કૃપાનિધાન, અપરાધ ક્ષમા કરજો: આપ કોઈ દિવસ મારા પિતાના ગામ ઉપર પણ ચડશો, ત્યારે તેના દુઃખે મેં દેશવટો લીધો છે એ ખરું; તથાપિ હું તેના સામા તમારી સેનામાં આવું એ તો કેમ થાય? અને ગામ લીધું હોય ત્યારે ન આવું તો તમારો ચોર થાઉં, એ પણ અધર્મ.

સિદ્ધરાજ — ધન્ય છે, ધન્ય છે, રજપૂત, આટલી ઉંમરમાં તારી સમજણને! ભંડારી, કાલથી એને રોજ બે હજાર મહોર રોકડી ગણી આપવી. આ સઘળા સુભટો બેઠા છે તેના દેખતાં કહું છું કે, જેમ જેમ વધારે આ રજપૂતની વાતો સાંભળતો જાઉં છું, તેમ તેમ હું વધારે એના ઉપર પ્રસન્ન થાઉં છું.

[જગદેવ પગે લાગી આઘો જઈ બેસે છે.]

મંત્રેશ્વર — મહારાજ, હવે શી આજ્ઞા છે?

સિદ્ધરાજ — આજે તમે દ્રવ્યના હિસાબની વાત કહેશો તો હું સાંભળનાર નથી. આજે શિરપાવ મોં-માગ્યો આપજો. તેમાં મૂર્તિકારને અને પેલા મંત્રીને તો સારું જોઈ એકાદું ગામ આપજો. જો એક પૈસાની કસર કરશો, તો જે દ્રવ્ય ખરચ્યું હશે તે મિથ્યા જશે, અને તેથી બમણું પાછું હું તેને અપાવીશ. આપણી સાથેના રસાલાને પણ ભૂલતા નહિ.

મંત્રેશ્વર — મહારાજ, આપની આજ્ઞા હશે તે સર્વે રીતિસર હું બજાવીશ.

સિદ્ધરાજ — રીતિ કે નીતિ આજે નથી રાખવી. એટલું દ્રવ્ય ઉછાળવું કે, સઘળા જીવે ત્યાં સુધી રુદ્રમાળની સ્થાપનાનું સ્મરણ કર્યાં કરે.

[શિરપાવ વહેંચાય છે, અને પછી સઘળા મહારાજને પગે લાગી વેરાઈ જાય છે.]

— નવલરામ પંડ્યા

સ્વાધ્યાય

૧. સ્વ૦ નવલરામ પંડ્યા (ઈ. સ. ૧૮૩૬–૧૮૮૮) આપણા એક સાક્ષર અને ઉત્તમ કોટીના શિક્ષક હતા. ગુજરાતી સાહિત્યમાં નવલરામ મુખ્યત્વે વિવેચક તરીકે જાણીતા છે. 'વીરમતી' નાટક એ તેમની જાણીતી કૃતિ છે. તેમાંથી આ પાઠ ઉતાર્યો છે. એ નાટક આખું વાંચી જવું તમને ગમશે.

૨. 'દૈવનું કારમું ચક્ર નિરંતર ફર્યા કરે છે' – આ વિચાર સાથે સરખાવો કવિ કાલિદાસના 'મેઘદૂત'નો શ્લોકાર્ધ –

कस्यैकान्तं सुखमुपगतं दुःखमेकान्ततो वा ।
नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ॥

–નર્યું સુખ કોને હોય છે? અથવા નર્યું દુઃખ પણ કોને હોય છે? માણસની દશા પૈડાના આરાની પેઠે નીચે અને ઉપર ફર્યાં જ કરે છે.

પ્રશ્નો

૧. તમે સિદ્ધપુરમાં રુદ્રમાળના અવશેષો જોયા છે? સિદ્ધરાજનું બીજું જાણીતું બાંધકામ સહસ્રલિંગ તળાવ ક્યાં આવ્યું?

૨. રુદ્રમાળ અખંડ નથી રહેવાનો, તેવી કલ્પના તેને કોઈ જોશીએ ભાખેલા ભવિષ્ય ઉપરથી આવી હતી. એ વાત ગુજરાતના ઇતિહાસ ઉપરથી જાણો.

નિર્ધાર પું૰ = નિશ્ચય; નિર્ણય

કળાહીન વિ૰ = ચંદ્રની ૧૬ કળા–અંશ મનાય છે; વદમાં રોજ એક એક ઘટે છે, અને સુદમાં વધે છે. અમાસને દિવસે તે તદ્દન કળાહીન બને છે–જરા પણ દેખાતો નથી.

દૈવનું ચક્ર = નસીબના વારાફેરા

ક્ષત્રિયવીર્ય ન૰[सं.]=ક્ષત્રિયયોદ્ધાનું પરાક્રમ

રસાલો પું૰ [अ. रिसाल्ह]=અમલદાર કે શ્રીમંતના પરિજન, પરિવાર વગેરે

શિરપાવ પું૰ = શાબાશી બદલ આપવામાં આવતો પોશાક; ઇનામ

૪૮

અંબાજી

ઊઠતાં જ વાર ગામમાં જઈ માધવે બે ઘોડા વેચાતા લીધા, અને સવારના કામથી પરવારી તે તથા મોતીશા ઘોડા ઉપર સવાર થઈ માતાજીના સ્થાનક તરફ જવા નીકળ્યા. મોટે રસ્તે જાય તો રાજાના માણસોના જોવામાં આવે, માટે તેઓ સરસ્વતીને કિનારે કિનારે ચાલ્યા. થોડા દહાડા તો વસ્તીવાળો મુલક આવ્યો; પણ જેમ જેમ તેઓ સરસ્વતીના મુખ આગળ આવતા ગયા, તેમ તેમ જમીન વધારે પહાડી તથા જંગલી થતી ગઈ. થોડીએક વાર તેઓનો રસ્તો એક જંગલી પણ રમણીક તથા ફળવાન ખીણમાં થઈને જતો હતો. તે ખીણની આસપાસ ઝાડોથી ઢંકાયેલા પહાડો ચોતરફ હતા.

આ ઠેકાણે, આ એકાંત નદીને કિનારે કિનારે તેઓ ચાલતા હતા તે વખતે, સાંજ પડી ત્યારે અઘોર રાન વધારે ભયાનક દીસવા લાગ્યું. વાઘ, વરુ, શિયાળ ઇત્યાદિ જંગલી જાનવરોનો અવાજ થવા માંડ્યો, અને તેઓની આસપાસ વનના કાળા અને નાગા માણસો કોઈ આઘાં ગામોમાં નોબત વગાડતા, તેનો કઠોર અવાજ તેઓને કાને પડ્યો. એટલામાં આઘે એક બળતું થયેલું નજરે પડ્યું. ભીલ લોકો તેઓની દેવીને બલિદાન આપતા હતા, અને ભડકું

સૂકાં લાકડાંમાંથી નીકળીને એક પહાડથી બીજા પહાડ ઉપર મોટા સર્પની પેઠે વીંટળાતું દેખાતું હતું. એવે રસ્તે થઈને તેઓ, અંબા ભવાનીના દેવસ્થાન આગળ સરસ્વતી નદીના મુખની પાસે કોટેશ્વર મહાદેવનું દેવાલય છે, ત્યાં પહોંચ્યા અને મહાદેવનાં દર્શન કરી ત્યાં રાત રહ્યા.

બીજે દહાડે અંબા માતાના દેરા તરફ જવાનો રસ્તો ઘણો વિકટ હોવાથી તથા ત્યાં ચોર અને વાઘનો ભય ઘણો હોવાથી, ચકરાવો ફરી, પહાડની તળેટી ઉપર દાંતા ગામ અંબા માતાના ઘણા માનીતા પરમાર રાજાઓનું હતું, ત્યાં તેઓ પહોંચ્યા. તે વખતે માતાજીનો જાત્રાનો વખત ન હતો, તોપણ કેટલાંએક માણસો માનતા ચડાવવાને જતાં હતાં, તેઓ તે બંનેને મળ્યાં. તેમની સાથે બીજે દહાડે પહાડ ઉપર ચડવા માંડ્યું.

ચડાવ ઘણો લાંબો પણ સરળ હતો, તોપણ ઠેકાણે ઠેકાણે ખરબચડો તથા વાંકોચૂકો હતો. જાત્રાળુ લોકોએ રાતાં, પીળાં, ધોળાં ઇત્યાદિ નાના પ્રકારના રંગનાં વસ્ત્ર પહેરેલાં હતાં. કેટલાએક પાસે ચળકતી તરવારો હતી. કેટલાએકનાં અંગ ઉપર ઝળકતાં સોનાનાં ઘરેણાં ઘાલેલાં હતાં, તે સઘળાં તડકામાં ચળકતાં હતાં. તેઓ રસ્તે ચાલતા ત્યારે મેદાન આવતું તેમાં લાંબી હાર દેખાતી. કેટલીએક વાર તો રંગબેરંગી પહાડોથી થોડા ઢંકાઈ જતા, અને કોઈ કોઈ વાર ઝાડોના ઓથામાં આવ્યાથી બિલકુલ નજરે પડતા ન હતા. ચડાવના ઘણા સીધા ભાગની વચ્ચોવચ્ચ એક જૂની વાવ હતી, ત્યાં સંઘે થોડી વાર મુકામ કીધો. પછી પાણી પી તાજા થઈને આગળ ચાલ્યા, અને ઉદાસ તથા ઉજ્જડ ટેકરામાંથી નીકળી રમણીય મેદાન ઉપર આવ્યા.

તે વખતે આરાસુરના સુગંધીદાર પવનની લહેરોથી તેઓને આનંદ થયો. તે વખતે સંઘમાંના આગળ ચાલનાર લોકોએ બૂમ પાડી કે દેરું પાસે આવ્યું. એ બૂમ સાંભળતાં જ સઘળા પોતપોતાના ઘોડા ઉપરથી ઊતરી પડ્યા; અને જમીન ઉપર લાંબા થઈ પગે લાગીને "જય અંબે," "જય અંબે," "અંબે માતકી જય," એવી બૂમ પાડી ઊઠ્યા.

દેરું આરાસુરના પહાડમાં આરાવલીની પર્વતોની શાખા જ્યાં નૈઋર્ત્ય કોણમાં પૂરી થાય છે ત્યાં હતું. તે દેરું નાનું હતું, અને બીજાં કેટલાંક નામાંકિત દેરાં કરતાં ઓછું શોભાયમાન હતું. તેની આસપાસ મજબૂત કોટ હતો, તેમાં દેવીના પૂજારી, નોકરચાકરો તથા જાત્રાળુ લોકોને રહેવાને માટે ધર્મશાળાઓ હતી. તેમાં એક નાનું લશ્કર પણ રહેતું હતું. પણ માણસના

બળ તથા શસ્ત્ર વડે અંબા માતાનું રક્ષણ થાય છે એમ ના કહેવાય, માટે બહાર દરવાજે રાખવાને અંબા માતાએ ના કહી હતી.

આ દેરામાં જેનું પૂજન થતું હતું તે મહાદેવની પત્ની, હિમાચલ તથા મેનાની પુત્રી દુર્ગા હતી. ચાંપાનેર આગળ પાવાગઢ ઉપર તેનું ઉગ્ર તથા સર્વ-ભક્ષક કાલિકાનું રૂપ છે તેવું ત્યાં ન હતું; પણ ભવાની એટલે સ્વયંભૂતી કામ કરવાની શક્તિનું તથા અંબાજી એટલે સૃષ્ટિની માનું રૂપ હતું. આરાસુરનું દેરું ઘણા પ્રાચીન કાળથી ત્યાં હતું. એવું કહેવામાં આવે છે કે, એ ઠેકાણે જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન બાળક હતા ત્યારે તેમના વાળ લેવડાવ્યા હતા, અને ત્યાર પછી જ્યારે રુક્મિણીને શિશુપાળની સાથે પરણવા ન દેતાં તેને ભગવાન લઈ ગયા, ત્યારે તે દેવીનું પૂજન કરવા આવી હતી, તે આ ઠેકાણે જ આવી હતી. હજારો વર્ષો થયાં જાત્રાળુ લોકો ત્યાં આવતા, તેથી સઘળું આંગણું ઘસાઈ ગયું હતું.

એ દેરામાં માધવ અને મોતીશા આવ્યા, એક ધર્મશાળામાં ઊતર્યા અને રસોઈપાણી કરી થાક ખાઈ સાંજની વખતે માતાજીનાં દર્શન કરવા ગયા.

માધવ માતાજીને પગે પડ્યો. પછી ફૂલના હાર, નાળિયેર, પૈસા તથા ઘરેણાં માતાજીને ચડાવ્યાં. વળી તેણે વસ્ત્ર, નિશાન, સોના રૂપાનાં વાસણ, ઘંટ અને માતાની પૂજાનો બીજો કેટલોએક જરૂરી સામાન અર્પણ કર્યો. માધવ જ્યાં સુધી ત્યાં રહ્યો, ત્યાં સુધી ખાવામાં અથવા બીજા કોઈ પણ કામમાં તેણે તેલ વાપર્યું નહિ; સઘળે ઠેકાણે તેણે ઘીનો જ ઉપયોગ કર્યા કીધો. માતાજીને માધવે ઘણી કીમતી બાધા ચડાવી, તેથી રાત્રે તેને ચમર કરવા દીધી. તેના બદલામાં વળી તેણે સિદ્ધપુરના ત્રણ ઔદીચ બ્રાહ્મણો ત્યાંના પૂજારી હતા, અને જેઓએ તે કામ દાંતાના રાણાને કેટલાએક પૈસા આપવા કબૂલ કરી ઇજારે રાખ્યું હતું, તેઓને કાંઈ આપ્યું. તેઓએ તેને પહેલાં દર્શન કરતી વખતે ચાંલ્લો કર્યો હતો.

બીજે દહાડે તેણે તેઓને તથા બીજા બ્રાહ્મણોને સારી પેઠે મિષ્ટાન્ન લેવડાવી તૃપ્ત કર્યા, અને યથાયોગ્ય દક્ષિણા આપી જાત્રા પૂરી થઈ તેની નિશાનીનો કંકુનો હાથો તેના ખભા ઉપર દેવડાવ્યો.

હવે બીજું કાંઈ કામ રહ્યું નહિ, તેથી પાસે માનસરોવરના કાંઠા ઉપર અપરાજિત માતાનું દેરું છે ત્યાં તે દર્શન કરવા ગયા. ત્યાંથી આવ્યા પછી અંબા ભવાનીના દેવસ્થાનની પશ્ચિમે આશરે એક કોશ ઉપર એક પહાડ હતો, તે ઉપર ગબ્બરગઢ નામનો કિલ્લો તે વખતે હતો, તે જોવાને તેઓનો વિચાર

થયો. તે પહાડ આગળ નાના નાના ટેકરા એવી રીતે આવી રહેલા હતા કે, જો કોઈ તેને આઘેથી જુએ તો ત્યાં એક મોટા કમાનદાર દરવાજો હોય એમ લાગે. તે ઉપરથી એવી કથા ચાલે છે કે, અંબા માતા તે પહાડના પોલાણમાં રહે છે. જ્યારે માધવે ત્યાં પૂજારીને તે જગાનો મહિમા પૂછ્યો, ત્યારે તેણે નીચે પ્રમાણે એક વાત કહી :

"કોઈ વખત ઉપર માતાજીની ગાય ગોવાળિયાની બીજી ગાયોની સાથે આખો દહાડો ચરતી અને રાતની વખતે આ પહાડમાં પાછી આવતી. એ ગાય કોની છે તે જાણવાનું પેલા ગોવાળિયાને ઘણું મન થયું; અને ગમે તે થાય તોપણ એ ગાયનો ધણી શોધી કાઢી તેની પાસેથી ચરામણી માગવાનો નિશ્ચય કર્યો. એક સાંજરે જ્યારે ગાય ધારા પ્રમાણે પોતાના ઘર તરફ વળી, ત્યારે ગોવાળિયો તેની પાછળ ગયો અને તેની સાથે પહાડમાં પેઠો. પહાડમાં પેઠા પછી એક અતિ શોભાયમાન મહેલ આવ્યો અને તેમાં ઘણા વિશાળ ઓરડાઓ દીઠા. મુખ્ય ઓરડામાં એક હિંડોળા ઉપર માતાજીને બેઠેલાં જોયાં; તેમની આસપાસ ઘણીએક સખીઓ હતી. ગોવાળિયો હિંમત પકડીને માતાજી આગળ ગયો અને પૂછ્યું, "આ ગાય તમારી છે?" તેમણે હા કહી. તે ઉપરથી ગોવાળિયાને વધારે બોલવાની હિંમત આવી. તે બોલ્યો, "મેં આ ગાયને બાર વર્ષ થયાં ચરાવી છે, માટે હવે તેની ચરાઈ આપવી જોઈએ." માતાજીએ તેની પાસે એક બૅરી ઊભી હતી તેને આજ્ઞા કીધી કે, ભોંય ઉપર જવનો ઢગલો પડેલો છે તેમાંથી થોડાએક તેને આપો. તેણે એક સૂપડું જવે ભર્યું અને ગોવાળિયાને આપ્યું. તેણે તે લીધું અને નાઉમેદ થઈને તથા ખિજવાઈને ઘરની બહાર નીકળ્યો, અને આંગણા આગળ જવ ભોંય ઉપર નાખી દીધા. પોતાને ઘેર જઈ જોયું તો તેના લૂગડા ઉપર ઘણી ઊંચી જાતના સોનાના કેટલાએક રવા વળગેલા જોયા. ગોવાળિયાએ બીજે દહાડે ફરીથી પહાડમાં પેસવા માંડ્યું, પણ તેને રસ્તો જડ્યો નહિ, અને માતાજીની ગાય પણ ફરીથી ચરવા આવી નહિ."

અંબાજીની પાસે એક નાની નદી ઉપર જંગલી ચંપેલી તથા બીજાં સુગંધીદાર ફૂલોની એક વાડી જેવું હતું. ત્યાં કેટલાંએક સુંદર સફેદ આરસપહાણનાં બાંધેલાં જૈન ધર્મનાં દેરાં હતાં. ત્યાં જવાનો મોતીશાએ આગ્રહ કીધો; અને તે જૈન થઈને તેની સાથે અંબાજી આવ્યો માટે તેનાં દેરાં આગળ ગયા વિના ચાલે નહિ, તેથી તેઓ બન્ને ત્યાં ગયા. એ દેરાં વિષે જે દંતકથા તેઓએ સાંભળી તે નીચે પ્રમાણે હતી :

"વિમળશાને માતાએ ઘણું દ્રવ્ય આપ્યું, તેથી તેણે ત્યાં પારસનાથનાં ત્રણસેં ને સાઠ દેરાં બાંધ્યાં. પછી માતાજીએ તેને પૂછ્યું કે, એ દેરાં તેં કોની

સહાયતાથી બાંધ્યાં ? ત્યારે તેણે જવાબ દીધો કે, ગુરુની સહાયતાથી. માતાજીએ એનો એ પ્રશ્ન ત્રણ વાર પૂછ્યો, પણ ત્રણે વાર તેણે એનો એ જ જવાબ દીધો. ત્યારે તેમણે તેને કહ્યું કે, અલ્યા, જેમ નસાય તેમ નાસ. એક દેરાનું ભોંયરું જેમાં થઈને દેવલવાડાનાં દેરાંનાં ભોંયરામાં જવાતું હતું તેમાં તે ઊતર્યો, અને નીચેની સણંગમાં થઈને આબુ પહાડ ઉપર નીકળ્યો. પછી માતાજીએ પાંચ સિવાય બધાં દેરાં બાળી મૂક્યાં; અને એ વાત સૌ કોઈના જાણવામાં આવે માટે તે પાંચ જ રહેવા દીધાં."

જે ત્રણસેં ને પંચાવન દેરાં બાળી મૂક્યાં તેમના બળેલા પથ્થર ભોંય ઉપર પડેલા હતા, તે જોઈ મોતીશાને પક્કી ખાતરી થઈ કે, શ્રી અંબાજીએ કોપાયમાન થઈને એ દેરાં બાળી મૂક્યાં; તેથી તેણે આબુના દેવલવાડામાં એક દેવસ્થાન બાંધ્યું.

—નંદશંકર મહેતા

સ્વાધ્યાય

૧. સ્વ૦ નંદશંકર તુલજાશંકર મહેતા (ઈ. સ. ૧૮૩૪–૧૯૦૪) કૃત 'કરણઘેલો'-માંથી આ પાઠ લીધો છે. 'કરણઘેલો' એ ગુજરાતી સાહિત્યની પ્રથમ નવલકથા ગણાય છે. રસ પડે તો 'સંક્ષિપ્ત કરણઘેલો' ચોપડી વાંચો.

૨. અંબાજી એ અરવલ્લી પર્વતમાળામાં આવેલું અંબા માતાનું જાણીતું તીર્થસ્થાન છે. આબુ પર્વત તેની નજીકમાં જ છે.

૩. ગુજરાતનો કરણ રાજા (રાજ્યકાળ ઈ. સ. ૧૨૯૬–૧૩૦૪) પોતાના મંત્રી માધવની સ્ત્રી રૂપસુંદરીનું હરણ કરે છે; તેથી ખિજાઈ રાજા ઉપર વેર લેવા માધવ દિલ્હીના મુસલમાન બાદશાહ અલાઉદ્દીન ખિલજીને બોલાવી લાવે છે, અને સ્વદેશ ઉપર આફત નોતરે છે. એ ભૂમિકામાં આ પાઠ વાંચવાનો છે.

૪. આબુ અંબાજીનો પ્રવાસ કરો; ત્યારે આ પાઠનું વર્ણન યાદ કરજો.

પ્રશ્નો

૧. માધવ અંબાજી તરફ થઈને કયાં જવા નીકળ્યો હતો? શાથી?

૨. આરાસુર ઉપર જેમનું દેરું છે, તે માતા કોણ? તેમને વિષે શી શી વાતો માધવે સાંભળી?

૩. અંબાજીના તીર્થમાં શું શું જોવાનું છે? શ્રદ્ધાળુ લોક ત્યાં શી રીતની પૂજા કરે?

સ્થાનક ન૦=દેવી વગેરેનું સ્થાન–મંદિર
બળતું ન૦ = તાપણું
ભડકું ન૦ = અગ્નિનો ભભૂકો–ઝાળ, લાય
રવો પું૦ = ધાતુનો રસ જામી જઈ બનેલો દાણો
સણંગ સ્ત્રી૦ = સુરંગ–ભોંયરું

૪૯

પ્રભાત



(૧)

[ઉપજાતિ]

घंटा तणा चार टकोर वाग्या, उद्योगी लोको जन सर्व जाग्या;
जाणे श्रुति चार तणा उचारे, मुमुक्षु अज्ञानपणुं उतारे! १

पूर्वे ऊँग्यो शुक्र तणो सितारो, तेजस्वी ते शोभित श्रेष्ठ सारो;
शुं सूर्यनो ते सरदार आव्यो, संधि करावा शुभ विष्टि लाव्यो? २

परोढिये शीतळ वायु वाय, तेथी पडे टाढ अने ध्रूजाय;
कुराज्यमां जेम जनो न जंपे, बीके बधा लोकनी काय कंपे. ३

परोढिये झाकळ तो पडे छे, भीनां थयेलां तरु ते वडे छे;
जाणे निशा-सुंदरी छांडी धीर, रोई धरावे निज नेण नीर! ४

कू कू स्वरो कुर्कट तो करे छे, सर्वत्र जेना स्वर संचरे छे;
जाणे रविराय पधारनारो, तेना छडीदार तणा उचारो! ५

वाजे रूडां चोघडियां नगारां, जे लोकने नित्य जगाडनारां;
जाणे नवा राज्यनी फोज आवे, तेनी वडी नोबत आ बजावे! ६

घंटी तणा घोष घणाक थाय, दाणा पड्या बे पडमां दळाय;
आकाश पृथ्वी पड बे प्रमाणो, जीवो पड्या तेम दबाय जाणो. ७

मही वलोवे महियारीं नारी, तजी बॉजुं, माखण ले उतारी;
ते जेम सुज्ञो सुणी शास्त्रबोध, तजे बॉजुं, संघरी सार शोध. ८

सीमा भणी शब्द करे शियाळ, काने पडे घोष घणा कराळ;
जाणे निशानी चमूँने जणावे, नासो, हवे सूर्यनुं सैन्य आवे! ९

विद्यारथी पाठ ऊँठी करे छे, जाणे रविना जश ऊचरे छे!
प्रभातियां गाय सुभक्त प्रीते, जाणे रविना गुण गाय गीते! १०

— કવિ દલપતરામ

(૨)

[સવૈયા]

सूरजदेवे आंख उघाडी हिंगळोकशी ऊँगते पहोर,
बिवडावीने रात भगाडी मूकी, काजळकाळी घोर. १

झळहळ रंगे खील्यां पूर्वे मनहर हसतां मधुर गुलाब,
उषा उमंगे आवी वीणवा लई सुन्दर सोनानी छाब. २

छाब भरे ने खोबे खोबे विश्व उपर वरसावे फूल,
नदी-सरोवर-सागर हैये गुलाब फूलनी झलमल झूल. ३

गोरजमां रज भरी गुलाबी, झीले तरुओ, झीले वेल,
पर्वत पर पण गई पहोंची रंग-गुलावी करवा सहेल. ४

अद्‌भुत रज ए पडी जहीं त्यां चेतननो आनंद छवाय,
खूले दळ दळ कमळ सकळनां, हृदय-दळो उन्मीलित थाय. ५

अणकुंठित कंठे पंखीडां कलरव करतां डाळेडाळ,
गोधण चरवा जाय गोचरे, खेडूत ले खेतरनी भाळ. ६

सळवळ सळवळ थाय सकळ जग, चडी काम पर लोको जाय,
सूरजना सोना-चेतनमां विश्व चराचर दिनभर न्हाय. ७

— પૂજાલાલ

સ્વાધ્યાય

૧. કવિ દલપતરામે (ઈ. સ. ૧૮૨૦–૧૮૯૮) ગાયેલું પ્રભાત જોયું છે? તેના અવશેષ આપણાં શહેરોમાં નહિ, પણ ગામડાંમાં જોવા મળે.

૨. ઝાકળ જોવા જેટલા અને પરોઢિયાનો શીતળ વાયુ ખાવા જેટલા વહેલા ઊઠો છો? પ્રભાતનું દર્શન આંખને ઠારનારું અને શરીરને તાજું કરનારું હોય છે.

૩. દલપતરામ કવિએ આપેલી ઉપમાઓ તરફ ખાસ ધ્યાન આપો.

૪. કવિ પૂજાલાલ વર્ણવે છે, એવું સવાર કદી જોયું છે? રોજ, ખાસ કરીને ચોમાસામાં, સવાર સાંજ આકાશની શોભા જોતા રહો.

શ્રુતિ સ્ત્રી૦ [સં.] = વેદ
સિતારો પું૦ [ફા.] = તારો
કુર્કટ પું૦ = કુક્કુટ; કૂકડો
ચમૂ સ્ત્રી૦ [સં.] = સેના; લશ્કર
હિંગળોકશું વિ૦ = હિંગળોક જેવું લાલ (હિંગળોક = ગંધક અને પારાની મેળવણીવાળો એક લાલ પદાર્થ)
ઝલમલ વિ૦ = તેજથી ઝળકતું
ગોરજ સ્ત્રી૦ [સં.] = ગાયોના ચાલવાથી ઊડતી ધૂળ
દળ ન૦ = ફૂલની પાંખડી
ઉન્મીલિત વિ૦ [સં.] = ખીલેલું; પ્રફુલ્લ
ગોચર ન૦ [સં.] = ગાયોને ચરવાનો ચરો

૫૦

હાટડી

ગામડાની હાટડી એટલે ખાસ્સો લાંબો પહોળો એક ઓરડો. એમાં જ રાંધવાનું રસોડું, એમાં જ ઘરનું રાચરચીલું, એમાં જ માલની વખાર, અને એમાં જ હાટનો થડો. કોઈ કહેશે, એમાં એ સૂતો ક્યાં હશે, એનાં બૈરાંછોકરાં બેસતાં ક્યાં હશે, માલના કોથળા રહેતા ક્યાં હશે? પણ એ એમ નહિ સમજાય. જુઓ હું સમજાવું. ઓરડા વચ્ચોવચ માલના કોથળાની થપ્પી લગાવી દીધી, એટલે પાછળ એક ઓરડી બની ગઈ; એમાં બૈરાંછોકરાં બેસે ઊઠે. ઓરડામાં દાખલ થતાં જમણે હાથે ડાંગર, કોદરા અને બાવટાની કોઠીઓ ઊભી કરી દીધી, એટલે એની પાછળ રસોડું બની ગયું! અને બાકીનો આગળ વધ્યો એ ભાગ આપણા શેઠની દુકાન!

આ ગામડાની દુકાનમાં ચોખા મળે, દાળ મળે, મીઠું મળે, મરચું મળે, તેલ મળે, દિવેલ મળે, ગોળ મળે, ઘી મળે, ચા મળે, ખાંડ મળે, બીડી મળે, તમાકુ મળે, અને જોઈતી હોય તો ડુંગળી કે દીવાસળીની પેટી પણ મળે. ટૂંકમાં, ગામડામાં વાપરવા જોગી બધી વસ્તુઓ મળે!

અમારે ત્યાં રોકડ નાણાંને કાંઈ બહુ માન નહિ. પૈસા તો કોઈ મજૂરી કરતા હોય એવા મજૂર જ લાવે. બાકી તો લાખી આવે અને કહેશે, 'ટોકરકાકા, આ અડધી ડાંગરનો ગોળ આપો. બાકી રહે એમાંથી અડધીનું તેલ અને અડધીની મારી બા હારુ છીંકણી આલો.'

• ટોકરકાકા ત્રાજવાની દાંડી ઊંચી કરી ન કરી ને ડાંગરને કોઠીમાં પધરાવે અને કહેશે, 'લે આ ગોળ, લે આ તેલ, અને આ તારી બા હારુ છેંકણી.' આપતાં આપતાં ગોળનું એક દડખું તેલમાં પડી જાય તો ટોકરકાકા કહેશે, 'લઈ લે, લઈ લે, એ તો હારું જ છે. ગોળને તેલમાં જ ખાવાનો છેને'!

બાબરિયો આવીને કહેશે, 'ટોકરકાકા, આ કોદરાની મગફળી આપોને!' એ મગફળી એની ચાળમાં લેતો હોય છે, ત્યાં તો ચતુરી આવીને બૂમ મારે છે, 'ટોકરકાકા, મારા બાપા કહી ગયા છે, અધમણ હૂંઢિયું આલો. હું ખેતરમાં જાઉં છું તે ઓરવા લેતી જાઉં.'

ટોકરકાકા તાડૂકી ઊઠે છે, 'તારો બાપ ક્યાં ગયો છે? અધમણ હૂંઢિયાને શું કરવું છે? હજુ ગયા વરહની તો એક પાઈ પણ ભરી નથી અને લાવો લાવો કરતા દોડ્યા આવે છે. લઈ જા આ પંદર શેર હૂંઢિયું અને કહેજે તારા બાપને કે, પૈસા ઝટ આપી જાય.'

ચતુરી સૂંઢિયું લઈને જાય છે ત્યાં તો બહારથી નાયણા ઢેડનો છોકરો બૂમ મારે છે, 'મોટા, ઓ મોટા, એક પૈસાનું તેલ આપોને ભાઈસા'બ.'

ટોકરશેઠ એના નાના ભાઈને કહે છે, 'ચૂનિયા, જા તેલ આપ.' ચૂનિયો તેલની બરણી બહાર લઈ જાય છે અને કહે છે, 'મેલ વાડકી હેઠે.' પછી એ પાવળાં તેલ રેડીને પૈસો ઉપાડી પાછો ફરે છે, ત્યાં છોકરો ફરી બોલે છે, 'મોટા, ભેગાભેગો એક પૈસાનો ગોળ હૌ આલતા જાઓ.'

નાનો શેઠ બરાડી ઊઠે છે, 'એકહાથે માગતાં શું જીભ દુખે છે? મોટો ઘરાક થઈને આવ્યો છે તે!'

એટલામાં ડાહ્યલી વાઘરણ આવે છે. એણે અડધી લાજ કાઢી છે, અડધું જોતી જાય છે, હસતી જાય છે અને વાતો કરતી જાય છે: 'ટોકરકાકા, અમારી વાડીબાડીયે જોવા નથી આવતા?' ટોકરકાકા કહેશે, 'અલી, કાલે તું ચોળાની શીંગો આપી ગઈ, પણ બધી નાખી દેવી પડી. એકેએકમાં ઇયળ.' ડાહ્યલી કહેશે, 'એમ ચમ થયું, કાકા? તમારે હારુ તો વેણી વેણીને લાવી'તી. એક પૈસાની છેંકણી આલો તો!'

તમે ટોકરકાકાને તો શાના જોયા હોય! એમનાં રૂપરંગ પણ જોવા જેવાં ગણાય. ટોકરકાકાના ડિલ ઉપર ડગલું તો, કોઈક વાર એ ગામગામતરે જાય, ત્યારે જ હોય. બાકી તો, હમણાં છૂટી પડશે, હમણાં નીચે પડી જશે, એવું ઢીલું પોચું ધોતિયું અને તેના ઉપર ચાંદીનો કંદોરો હોય. એ કંદોરો ન હોત તો તો કોણ જાણે ટોકરકાકાનું પેટ વધી વધીને ક્યાંય ઊંચું ચડી ગયું હોત! ટોકરકાકા ડિલે ડગલું ભલે ન પહેરે, પણ એમને માથે તેલ ઘીના ડાઘથી તરબોળ થયેલી કાળી બનાતની ટોપી તો હોય હોય ને હોય. કાન ઉપર

કલમ ખોસી હોય, બાજુમાં ડબ્બા ઉપર ચોપડો પડ્યો હોય અને ટોકરકાકા બૂમ મારે, 'અલ્યા! આ વખત કપાસિયા બહુ સારા આવ્યા છે. બિયાવું લઈ જવું છે ને?'

ભૂદર કહેશે, 'શો ભાવ રાખ્યો, ટોકરકાકા?'

ટોકરકાકા કહેશે, 'ભાવ તો જે હશે તે લેવાશે. કાંઈ ઘરબાર તો નહિ લૂંટી લઈએ!'

ટોકરકાકાને ત્યાં ગામના લગભગ બધા ખેડૂતો આવે જાય. ટોકરકાકાએ કોઈકના ક્યારડામાં ભાગ રાખ્યો હોય, તો કોઈકના ખેતર ઉપર રૂપિયા ધીર્યા હોય; કોઈકનું ઘર લખાવી લીધું હોય, તો કોઈકનાં કડલાં કાંબી ઘરમાં બાંધી મૂક્યાં હોય. કાંઈ નહિ તો છેવટે કોઈકના ડોબાનું ઘી લેવાનું પણ કાકા ભૂલે નહિ.

અમારા ગામના લોક ભણેલા નહિ, એટલે ટોકરકાકાની આંખ તે જ એમની આંખ. ટોકરકાકા કહેશે: 'સાત પૈસાનો ગોળ, ત્રણ પૈસાનું તેલ, અઢી પૈસાની ખાંડ; અને ચાર પૈસાની ચા. એટલે સાડાસોળ પૈસા થયા. જા, ચાર આના આપજે.'

'હારુ કાકા, હારુ. હાથમાં આવશે એટલે તરત આલી જઈશ. કાલ ફતિયો લાટમાં દહાડિયે ગયો'તો, એના પાંચ આના આવવાના છે.'

નાથો ભગત ધીમે પગે ટોકરકાકાના ઓરડામાં આવે. થોડી વાર બેસે; ટોકરકાકા કહે અને ચણાની ગૂણો આડી અવળી ખસેડે, બેચાર લાકડાં ફાડી આપે; અને ઊભો થતાં થતાં કહેશે, 'કાકા, એક બે રૂપિયા ન આલો?'

'શું કરવા છે?'

'આ છોડીને એને હાહરેથી તેડવા આવ્યા છે. તે એક કપડું ને હાલ્લો લેવાં'તાં.'

'કાલે આવજે.'

'કાકા, ત્રણ દિવસથી તો ફેરા થાય છે. અને કાલ તો છોડીને વળાવવી છે. કાલે આલો તો લાવું ક્યારે ને કરું શું?'

'તારા આઠ તો બાકી છે,' કાકાનો અવાજ મોટો થવા લાગ્યો; 'આ વખતે તેં કશું જમા તો કરાવ્યું નથી, પછી મારે આપવા ક્યાંથી?'

'કાકા, આ તમાકુ વેચી છે એના પૈસા આવવાના છે. એમાંથી તમારા ભરી જઈશ. આ એક કામ કાઢો.'

ટોકરકાકા બરાડી ઊઠ્યા, 'પણ વ્યાજ જેટલું તો ભરવું જોઈએ ને? જા લઈ જા લઈ જવા હોય તો. લે, આ બે છે; ત્રણ ભરવા પડશે; પછી કહેશે કીધું નહોતું.'

'કાકા, એમ શે પહોંચાય?'

'તો મારો ગગો ક્યાં કુંવારો રહી જાય છે? મેલ પાછા.'

ભગત કહેશે, 'લાવો, લો લાવો, પણ બે દી મોડું થાય તો વાજબાજ ચડાવશો નહિ.'

'લો, વ્યાજ બ્યાજ ચડાવશો નહિ! તારે બોલવામાં શું ગયું? ઠીક, પણ વહેલો દઈ જજે.' ભગતે રૂપિયા ફાળિયાને છેડે બાંધ્યા અને ઘર તરફ ચાલવા માંડ્યું.

દિવાળી આવે એટલે ટોકરકાકા બધા ખેડૂતોની ડાંગર એક વખારમાં ભેગી કરાવે, અને ગાડાં ભરાવી ભરાવીને ઉમરેઠ રવાના કરે.

પછી ટોકરકાકા હિસાબ કરી આપે: 'જો તારા ૧૩૫ પહેલાંના બાકી હતા, ૧૪ા રૂપિયાની તું ચીજભાવ લઈ ગયો, ૨૦ાા તારા મહેસૂલ પેટે ભર્યા, અને ૨૭ાૐ વ્યાજ થયું. એટલે બધા મળીને ૨૦૭ાૐ થયા. એમાંથી તારી મણ ડાંગર આવી એના ૮૦ પોણું ૬૦ ને ૮૦ દૂ ૧૬૦ એટલે ૭૦ રૂપિયા થયા. એટલે તારે ખાતે હવે ૧૩૭ાૐ રહ્યા. જો આ વખતે તું ડાંગર બહુ થોડી લાવ્યો. ઘરમાં કેટલી રાખી?

'ઘરમાં તો વરહ દહાડો ચાલે એટલીયે નથી.'

'પણ તું આમ કરવાનો તો દેવું શી રીતે ભરવાનો? આ વખતે ચણા કેટલા ઓર્યા છે?'

'પાંચ વીઘાંમાં.'

'પેલા વાંટાવાળામાં કે?'

'હોવે.'

'ઠીક, ત્યાં તો સારા ચણા થવાના. જો સાંભળ, આ વખતે બધા ચણા આપી જા અને આ દેવું કાઢી નાખ. આમ ને આમ કેટલો તણાયા કરીશ? હમણાં તો હું પોતે પણ નાણાભીડમાં છું. તમારા લોકોનું આવે કાંઈ નહિ અને લેવા ટાણે ચડ્યા ઘોડે ઊભા રહો! અહીં તે શું પૈસાનાં ઝાડ ઊગે છે?'

ગામમાં ટોકરકાકા જ્યાં જાય ત્યાં ગોદડું પાથરી ઊંચે બેસાડે; કાકા બોલે નહિ એ પહેલાં તો હૂકાની ચલમ ભરી આપે; અને કાકા ઘેર જાય એ પહેલાં તો દૂધનો લોટો એમને ઘેર પહોંચતો કર્યો હોય!

તમે કહેશો, ત્યારે તો ટોકરકાકા પ્રત્યે લોકોને ખૂબ સદ્ભાવ! પણ એ તો હું તમને કહું ત્યારે ખબર પડે. ટોકરકાકા ન હોય ત્યારે લોકો માંહોમાંહે શું બોલે છે એ ખબર છે? 'ઈ ટોકરિયો વાણિયો જ આપણને ચૂસી ખાઈ ગયો છે. અહીં આવ્યો ત્યારે ખાવાનુંય ઠેકાણું હતું?'

મૂળો બારૈયો બોલ્યો : 'અરે ! ઈ આવ્યા ત્યારે એને મણ બંટી તો મેં આપી'તી. હાથે ખાંડીને એય ભાઈ બિચારા રોટલો ટીપી ખાતા. આજે તો ગામનાં અડધાં ખેતર એને ઘેર છે અને પાંહે બે પૈસાનો જીવ છે એ જુદો. આ ડાકોરમાં ઈંટેરી ઘર ચણાવ્યું તે આપણા પૈસામાંથી જ ને !'

ચાંદાભાઈ કહેશે, 'એણે જ આપણને લૂંટી લીધા છે. વ્યાજના ઘોડામાંથી ઊભા જ ક્યાં થવા દે છે ? એનું ઘર ભર્યા જ કરીએ છીએ, તોયે એ તો લાવ લાવ ને લાવ ! પણ લાવે તે ક્યાંથી ? દી આખો મજૂરી કરી કરીને મરી જઈએ છીએ. ચોમાસામાં ઢીંચણ ઢીંચણ હમાણા બહેડામાં કળી જઈએ છીએ તોયે કરમે તો બાવટાનો રોટલો ને ભૈડકું ! અને જોને, ઈ તો વગર પરસેવે ઘીદૂધ ખાય છે ને ! એનો નાનો ભાઈ હમણાં આવ્યો છે. જોયો ને ? ખાસો છે ને હાથીના બચ્ચા જેવો !'

રામો કહેશે, 'એ તો કરમમાં હોય એવું ભોગવવાનું. આપણે કરમે મજૂરી લખી છે ને એના કરમમાં ઘીદૂધ લખ્યાં છે.'

નાથો ઊકળી ઊઠે છે: 'શું પથરા કરમમાં લખ્યું છે ! આપણે આપ્યા કરીએ પછી એ શું કરવા ન ખાય ? આપણામાં દૈવત હોય તો આપણી હજાર માણસની વસ્તીને લૂંટનારો છે ક્યાં ? હું તો દેખતો નથી. પણ આપણે તો ઈ જ લાગના છીએ. આપણામાં સંપ ક્યાં છે ? ભાઈ ભાઈમાં લડવું અને નિંદા કરવી, એ આપણને આવડ્યું છે. કોઈ બાપ પાછળ કારજ ન કરે તો દાંતિયાં કરીને તૂટી પડીએ. પણ કોઈ એમ નથી હમજતું કે, કારજનું ખાધેલું કાલ હવારે નેકળી જવાનું છે. પણ પોતાના જ ભાઈના ગળામાં વાણિયાનો ભરડો બેહવાનો એમાંથી એ બિચારો જિંદગીભર ઊભો નહિ થઈ હકવાનો.'

જેણો ભગત કહેશે, 'ડાહી વાત છે. આપણે જ આપણી નાતનું ઊંધું વાળ્યું છે. મહીં મહીંના કજિયા ઉપરાંત આપણને બીજું શું સૂઝે છે ? બીજી કોઈ પણ નાત જુઓ, એમાં કેટલા ભણેલા ગણેલા અને ઊંચી ઊંચી પાયરીએ ચડેલા હોય છે ! આપણી નાતમાં એક પણ એવો ભણેલો ગણેલો હોય તો બતાવો. આપણે તો હૂકાના ગગડાટ અને અફીણના કેફમાં પડ્યા રહેવું છે. દુનિયા ભલે ને જવું હોય ત્યાં જાય, આપણે તો પડ્યા છીએ તે પડ્યા છીએ ! બાપદાદાની જતન કરીને સાચવેલી આળસને પકડીને પડ્યા છીએ; પોતાની જાતને ઠાકોર ભાયડા કહેવડાવીને અભેમાન લઈએ છીએ. પણ હું તો કહું છું કે, એવું અભેમાન કોઈનું રહ્યું નથી ને રહેવાનું નથી. મને તો એમ લાગે છે કે, જો આમ ને આમ પડ્યા રહીશું, તો આપણી કોમનું એક બુંદ હુધ્ધાં નહિ રહે.

આજ તો પેલા ભાઈ ને વાળંદ તમારું ખાવાની ના પાડે છે. પણ કાલ તો પેલો વાઘરીયે ઊઠીને કહેશે કે, તમારા કરતાં અમે ઊંચા છીએ.'

ગોકળ મતાદાર કહેશે, 'ઠીક, પણ હવે કરવું છે શું?'

'કરવાનું શું હોય? આ જોતા નથી? પાટીદાર, વાણિયા, બામણ બધા અવેર કરીને રહ્યા છે તો સુખ ભોગવે છે. આપણેય આપણાં કરતક સુધારવાં જોઈએ. હું તો કહું છું કે, આ વાણિયો લૂંટે છે અને બધાંય લૂંટે છે, એ આપણાં કરતકને લીધે જ. બાકી નેકીવાળા માણહને લૂંટનારો આ દુનિયામાં હું કોઈને જોતો જ નથી.'

રઘાકાકા કહેશે, 'સાચી વાત છે. મારું કહેવું એમ થાય છે કે, આપણે આપણી નાતમાં બધાં ગામનાં પંચ ભેગાં કરીને કાંઈક બંદોબસ્ત કરીએ. જો આ લગનમરણના ખરચ ઓછા થાય, તો આપણને વાણિયોય શું લૂંટવાનો હતો અને કોઈયેય શું કરવાનું હતું?'

ખાતર ઉતાવળો ઉતાવળો બબડી ગયો, 'તમે કહો છો એ બધુંય હાચું. પણ મારું કહેવું એમ થાય છે કે, જ્યાં હુધી આપણાં છૈયાં બે આંકડા ભણશે નહિ, ત્યાં હુધી આપણું માથું ઊંચું થવાનું નથી. આપણે ભણેલા નહિ, એટલે આપણને હૌ લૂંટે છે, હૌ હલકા ગણે છે. એટલે હવે તો, છાશમાં માખણ જાય નહિ અને ફૂવડ કહેવાઈએ નહિ, એવું કરવું છે.'

આવો રોષ છતાં વાણિયો સામો મળે છે ત્યારે તો બધા હાવકાઈથી વર્તે છે, મીઠી મીઠી વાતો કરે છે; કારણ, દરેક એક યા બીજે કારણે વાણિયાથી દબાયેલો છે.

આ તો મેં તમને એક જ ગામની હાટડીનું વર્ણન આપ્યું. પણ ગામડે ગામડે આવી હાટડીઓ પડી છે અને ગામડે ગામડે આવી ચૂસણનીતિ ચાલે છે.

—બબલભાઈ મહેતા

સ્વાધ્યાય

૧. શ્રી. બબલભાઈ મહેતાએ (જન્મ ઈ. સ. ૧૯૧૦) લખેલ 'મારું ગામડું' એ પુસ્તકમાંથી આ પાઠ લીધો છે. શ્રી. બબલભાઈ જાણીતા લોકસેવક છે; અને ચરોતરના થામણા નામે ગામમાં તે રહેલા, તે દરમ્યાન તેમણે જે જોયું તેનું સુંદર શબ્દચિત્ર તેમણે એ ચોપડીમાં રજૂ કર્યું છે. આ પાઠમાં ગામના વેપારી ટોકરશા શેઠની હાટડી અને તેના કારભારની વાત છે. ગામડાના પ્રવાસે જાઓ ત્યારે એવી હાટડી જોશો. આખી ચોપડી પણ વાંચવા જેવી છે.

૨. આ પાઠમાં વિશેષ નામો અને શબ્દોના જે ગામઠી ઉચ્ચાર છે, તે સુધારી સાચા ઉચ્ચાર લખો. જેમ કે, જેણો–ઝીણો. એકહાથે–એક સાથે. કરતક–કરવત.

૩. ‘છાશમાં માખણ જાય ને ફૂવડ કહેવાય’— વલોવનારી બરાબર વલોવે નહિ તો માખણ બધું તરી ન આવે; એટલે છાશ લેનારને આપે, ત્યારે લેનાર માખણ જોઈ રાજી થાય અને ઉપરથી ગાળ ભાંડે કે, રાંડ ફૂવડ છે, તે કેટલું માખણ જવા દે છે?

પ્રશ્નો

૧. ટોકરકાકા ગામની કઈ સેવા બજાવતા હતા? તેમની સેવા વિષે લોકો શું ધારતા?

૨. ગરીબાઈ અને દુઃખ કરમમાં લખ્યાં મળે છે એવી રામાની ઉક્તિનો નાથાએ જે જવાબ આપ્યો તે ચર્ચો.

૩. ટોકરકાકાનું તમારા શબ્દોમાં વર્ણન કરો.

થડો પું૦ = દુકાનનો આગલો ભાગ

ઝૂંઢિયું ન૦ = સૂંઢિયું; એક જાતની હલકી જુવાર

બિયાવું ન૦ = વાવવા માટેનાં બી

કાંબી સ્ત્રી૦ = સ્ત્રીઓનું પગનું એક ઘરેણું

શેં અ૦ = શી રીતે

બંટી સ્ત્રી૦ = એક જાતનું હલકું અનાજ

હમાણું સ્ત્રી૦ = સમાણું; જેટલું

બહેડો પું૦ = કાદવકીચડ

કારજ ન૦ = વિવાહ કે મૃત્યુ સંબંધી (ખર્ચનો) પ્રસંગ – વરો

ભરડો પું૦ = ચૂડ; પકડ

મતાદાર પું૦ [फा.] = ગામમાંથી સરકારને ભરણું ભરાય તેની સહી-સાખ કરનારો

અવેર પું૦ = વિવેકથી ઉપયોગ કરવો તે; કરકસર

૫૧

દક્ષિણ ધ્રુવની સફર

[પૃથ્વી ઉપરનાં બધાં સ્થળોએ જઈ પહોંચવું તથા તેમની માહિતી મેળવવી, એ વસ્તુ સાહસિક માણસોને હંમેશાં આકર્ષતી આવી છે.

મહાસાગરો ખૂંદી વળવાની તાકાત મળ્યા પછી પણ, ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ જેવી જગાઓ, બરફના મહાસાગરોને કારણે, માણસ માટે દુર્ગમ રહી હતી. આથી, તે પ્રદેશોમાં પહોંચવા, ગોરી પ્રજાઓમાં એક પ્રકારની હરીફાઈ જ જામી હતી: કઈ પ્રજાનો માણસ જાણે ત્યાં પહેલો પહોંચે છે!

ઉત્તર ધ્રુવના દુર્ગમ પ્રદેશ ઉપર છેવટે ૧૯૦૯ના એપ્રિલની છઠ્ઠી તારીખે અમેરિકાનો પિયરી નામે માણસ પહોંચ્યો. ત્યાં પહોંચવા માટેના પ્રયાસોની અદ્ભુત-કથા ખરેખર રોમાંચક છે.

તેમ જ દક્ષિણ ધ્રુવના પ્રવાસની કથા પણ ઓછી રોમાંચક નથી. દક્ષિણ ધ્રુવ ઉપર જોકે પહેલવહેલો પહોંચ્યો નોર્વેનો એમંડસન નામે માણસ (તા. ૧૬ ડિસેંબર, ૧૯૧૧), પરંતુ દક્ષિણ ધ્રુવ ઉપર પહોંચવાની સાહસ-કથા તો અંગ્રેજ સાહસવીર

રોબર્ટ સ્કૉટના નામ સાથે હંમેશ સંકળાયેલી રહેશે. દક્ષિણ ધ્રુવ પહોંચવા માટે 'ટેરા નોવા' નામના વહાણમાં તે ૧૯૧૦ના નવેંબર માસમાં ન્યૂ ઝીલૅંડથી ઊપડયો. તેની એ અંતિમ મુસાફરીનું રોમાંચક વર્ણન હવે વાંચો.]

સ્કૉટ માટે આ મુસાફરી નવી નહોતી. તેનાં જૂનાં થાણાંઓ તો તેણે શોધી કાઢ્યાં, અને રૉસ સમુદ્રના અખાતમાં થઈને રૉસ બેટ પાસે તેણે પડાવ નાખ્યો. તેની પાસે કૂતરાઓ હતા, ટટ્ટુઓ હતાં, સ્લેજો હતી; ખાવાપીવાનો પુષ્કળ સામાન હતો. તેઓ તેમના મુખ્ય મુકામથી આગળ જવા માટે આ બધા સામાન સાથે ઊપડયા, અને દર ૬૦ કે ૬૫ માઈલે એક એક કોઠારનો તંબૂ ઊભો કરતા ગયા, જેથી પાછા ફરતાં આ સામાનનો ઉપયોગ થઈ શકે. પણ કુદરતની સામે રક્ષણ માટે કંઈ આગળથી પેરવી ઓછી કરી રખાય છે ? તેમાં તો માણસે પોતાની અંદરના બળની જ પેરવી કરવાની હતી, અને સ્કૉટે તે પણ કરી રાખી હતી.

કુદરતે પોતાનો પ્રભાવ થોડા જ વખતમાં શરૂ કરી દીધો. બરફ જોરથી વરસવા માંડયો. રસ્તામાં ચાલવું મુશ્કેલ થઈ પડયું. એમાં ટટ્ટુઓ તો થોડે જ જઈને ઠૂંક્યાં; તે માંદાં પડવા માંડયાં; તેમનું ખાવાનું પણ ખૂટયું. આખરે તેમને એક પછી એક ગોળીએ ઉડાડી દેવાં પડયાં. કૂતરાઓએ સારું કામ કર્યું, પણ ટટ્ટુના ભાગનો સામાન તેઓ ખેંચી શકે તેમ નહોતું. એટલે તેમને એ માણસો સાથે પાછા મોકલી દીધા.

બાકીના માણસો, એટલે કે બાર જણ, ચાર ચારની ત્રણ ટુકડીમાં, એક એક વજનદાર સ્લેજ ખેંચતા ખેંચતા, વચમાં આવતી મોટી હિમનદીમાં ચડવા લાગ્યા. તેઓએ બરફમાં ચાલવાની લાંબી સપાટો પગમાં પહેરી હતી, તોપણ આમ ચાલવું તેમને આકરું થઈ પડતું હતું. આટલી ઠંડીમાં, એટલે કે લગભગ પારો હિમબિંદુથી નીચો હોય ત્યારે પણ, આ શ્રમથી તેઓ પરસેવે રેબઝેબ થઈ જતા ! આવી મહેનત સાથે તેઓ રોજના માંડ સાત માઈલ કાપી શકતા. એક વાર તો ચાર જ માઈલ કપાયા હતા.

જેમ જેમ તે આગળ વધતા ગયા, તેમ તેમ ઠંડી વધતી ગઈ. પણ હિમનદી સપાટ થવા લાગી, એટલે બરફમાં ચાલવું સહેલું થઈ પડયું. તેઓની ગતિ વધી. એક દિવસ તો ૨૩ માઈલ કાપી નાખ્યા. આ હિમનદીની ટોચ ઉપર પહોંચ્યા ત્યારે સ્કૉટે એક ટુકડીને પાછી મોકલી અને બાકીના આગળ વધ્યા. હવે સ્કૉટની આશા વધવા લાગી. તેને થયું કે, જરૂર હવે દક્ષિણ ધ્રુવ પહોંચવાના. વાઢી નાખે એવો ઠંડો પવન સામે આવતો હતો, અને તેથી આ બધાનાં નાક ઠીંગરાઈ જતાં હતાં.

નાતાલ આવી પહોંચી. ૨૫મી ડિસેમ્બરે તેમણે ૧૭ માઈલ કાપી નાખ્યા. ટુકડીમાંના એક લેસ્લી નામના મુસાફરનો તે દિવસે જન્મદિવસ હતો, અને તે દિવસ તેણે સરસ રીતે ઊજવ્યો. ભાઈસાહેબ સ્લેજ ખેંચતા ચાલ્યા જતા હતા,

ત્યાં ઓચિંતી એક મોટી ચિરાડ આવી, ને તેમાં તે ઊતરી પડ્યા ! સદ્ભાગ્યે સ્લેજ હતી તે ચિરાડના બેઉ કિનારે પુલની જેમ અટકી ગઈ, અને લેસ્લી વચ્ચે તે સ્લેજના આધારે સિંગલબાર કરતા હોય તેમ લટકી રહ્યા ! નીચે ફક્ત ૮૦ ફૂટ ઊંડું બાકોરું હતું ! બધાએ આવીને તેના જન્મદિવસના અભિનંદન આમ લટકતા લેસ્લીને આપ્યા, ત્યારે જવાબમાં લેસ્લીએ જે વિવેક દર્શાવ્યો તેની ભાષા કેટલી સૌમ્ય હશે તે આપણે કલ્પી લેવાનું. આવા ભયંકર પ્રસંગોમાં પણ રમૂજ મેળવતા મેળવતા તેઓ આગળ ચાલ્યા.

ચોથી જાન્યુઆરીએ બીજી એક સ્લેજ પાછી મોકલી; પણ તે સ્લેજ ખેંચનારી ટુકડીમાંથી બાવર્સ નામના એક માણસને સ્કૉટે પોતાની સાથે આગળની ટુકડીમાં લીધો અને બાકીના ત્રણને સ્લેજ સાથે પાછા મોકલ્યા.

હવે સ્કૉટ અને તેની સાથે ડૉ. વિલ્સન, કેપ્ટન ઓટ્સ, બાવર્સ અને ઇવાન્સ એટલા જણા જ રહ્યા. મુસાફરીનો આ અંતિમ ભાગ હતો. હજી તેમની અને દક્ષિણ ધ્રુવની વચ્ચે ૧૭૦ માઈલનું અંતર હતું. દિવસે દિવસે તેમનો માર્ગ વધારે ને વધારે વિકટ બનતો હતો. પણ સ્કૉટે તો તેને ગણકાર્યા વગર આગળ ધપ્યે જ રાખ્યું.

જાન્યુઆરીની ૧૬ મી તારીખે તેઓ દક્ષિણ ધ્રુવથી માત્ર ૨૦ માઈલ જ દૂર રહ્યા. સ્કૉટને ખાતરી હતી કે, કાલે તો જરૂર દક્ષિણ ધ્રુવ ઉપર આપણે પહોંચવાના. તેના હૃદયમાં આનંદ માતો ન હતો. તેનું ઘણા કાળનું સ્વપ્ન સિદ્ધ થવાનું હવે હાથવેંતમાં હતું.

તે દિવસે બપોરે તેઓ ચાલ્યા જતા હતા, ત્યાં દૂર તેમની નજરે કંઈક કાળું જણાયું. તે વાવટો હશે એમ લાગ્યું. થોડી વારે આસપાસ માણસ તથા કૂતરાનાં પગલાં દેખાયાં. આ પગલાં, વાવટો ને તંબૂ કોનાં હોય ? જરૂર પેલો નૉર્વેજિયન મુસાફર એમંડસન અહીં પહોંચી ગયો છે — અને તેમની પહેલાં.

તે વખતની સ્કૉટની માનસિક સ્થિતિનું વર્ણન સ્કૉટની પાસેથી જ આપણે સાંભળીએ :

"આ વાવટાએ બધી વાત કહી નાખી : નૉર્વેજિયન અમારી આગળ થઈ ગયા છે. આ ભયંકર નિરાશા છે. મને, મારા વફાદાર મિત્રોને આઘાત પહોંચાડ્યાનું પણ દુઃખ થયું. કેટલાય વિચારો આવીને પસાર થઈ ગયા. ખૂબ ચર્ચા થઈ. કાલે અમારે ધ્રુવ ઉપર પહોંચી જવું, અને તરત જ બને તેટલી ઝડપે પાછા ફરી જવું. અમારાં સ્વપ્નો તૂટી ગયાં. પાછા ફરવું, એ કેટલું ત્રાસજનક થશે......"

તેઓ નૉર્વેજિયન તંબૂ પાસે આવી પહોંચ્યા. તેમણે પોતાનાં વૈજ્ઞાનિક સાધનોથી તપાસ્યું, તો આ તંબૂ ધ્રુવથી ૧ાા માઈલ દૂર નખાયો હતો. એમંડસનની ગણતરીમાં એટલો ફેર નીકળ્યો. સ્કૉટ કહે છે,

"તંબૂમાં અમે ગયા. પાંચ નૉર્વેજિયન ત્યાં આવ્યા હતા. તા. ૧૬ ડિસેમ્બર, ૧૯૧૧ ના રોજ તેઓ અહીં પહોંચ્યા હતા. ૧ મહિનો અને ૨ દિવસનો ફેર પડ્યો. તંબૂ બહુ સુંદર અને મજબૂત છે. એક જ વાંસ ઉપર ઊભેલો છે. તે તંબૂમાં એમંડસનની લખેલી એક ચિઠ્ઠી છે:—



એમંડસન

'વહાલા કૅપ્ટન સ્કૉટ,

આ જગ્યાએ અમારા પછી પહેલા પહોંચનાર તમે જ હશો. તમે મહેરબાની કરી આ સાથેનો કાગળ નૉર્વેના રાજાને પહોંચાડશો. આ તંબૂમાં પડેલી ચીજોમાંથી તમારે જે જરૂરી હોય તે વાપરી શકશો. તેમાં અચકાશો નહિ. તંબૂની બહાર જે સ્લેજ પડી છે, તે પણ તમને ઉપયોગી થઈ પડશે. ખૂબ ભાવ સાથે તમારી પાછી મુસાફરી સહીસલામત થાય એમ ઇચ્છું છું.

તમારો સાચો એમંડસન'

"આ તંબૂમાં ચામડાના ત્રણ કોથળા હતા, અને કોથળામાં થોડાંક કપડાં અને વૈજ્ઞાનિક સાધનો હતાં. સ્કૉટે પોતે પણ આ તંબૂમાં એક ચિઠ્ઠી મૂકી કે, 'અમે આ સ્થળે આવી ગયા છીએ. . . .'. અમે એક પથ્થરનો શંકુ બનાવ્યો અને તેમાં કાઠી ખોડીને યુનિયન જૅક ચડાવ્યો અને તેની છાયમાં અમે અમારો ફોટોગ્રાફ પડાવ્યો.

". . .ઠીક, અમે અમારા ધ્યેય સુધી પહોંચીને પીઠ ફેરવી. અમારી દૃષ્ટિ સામે ૮૦૦ માઈલનો પંથ પડ્યો છે. અમારાં સ્વજનોને સલામ."

બહુ જ સ્વાભાવિક છે કે, સ્કૉટનું મન આ પાછી સફરમાં ભાગી પડ્યું હતું. પોતે થોડા દિવસ માટે મોડા પડ્યો ને દક્ષિણ ધ્રુવમાં યુનિયન જૅકની સૌથી પહેલી સ્થાપના કરવાની તેની મુરાદ પડી ભાંગી, એ આઘાત જેવો તેવો ન હોય. પણ સ્કૉટે એમંડસન તરફ જે ખેલદિલીભર્યું માન બતાવ્યું છે, તે તેની ખાનદાની બતાવે છે. એમંડસને ખરેખર સ્કૉટની સાથે શરત મારી હતી. તે જીત્યો હતો. પણ સ્કૉટની નિત્યનોંધમાં એમંડસનના વિષે એક પણ અવગણના-ભર્યો શબ્દ નથી.

પણ સ્કૉટના મન ઉપર જે આઘાત થયો હતો, તેની અસર આ પાછી સફરમાં થવા માંડી. એમાં વળી શિયાળો શરૂ થવા માંડ્યો હતો. તેમણે જેટલા

જેટલા અંતરે કોઠાર મૂકચા હતા, તેટલા અંતરે તેઓ વખતસર ગણતરી પ્રમાણે પહોંચી જાય, તો જ તેમનો નભાવ થાય તેમ હતું. પણ માણસની ગણતરી અહીં કામ આવે તેમ ક્યાં હતું?

પાછા ફરતાં ફરતાં પણ તેઓ કાંઈ કેવળ ઊંધું ઘાલીને જ ચાલ્યા જતા હતા એમ ન હતું. આસપાસના પ્રદેશની તેઓ વૈજ્ઞાનિક રીતે તપાસ કરતા જતા હતા. પેલી હિમનદી ઊતરતાં ઊતરતાં તેમણે કેટલાક મૃત અવશેષો કોલસાના થરોમાં દીઠા. સ્કૉટે આ બધા ભેગા કર્યા. આ બધાનું વજન પણ લગભગ ૭૦ શેર જેટલું થયું. તે સ્થિતિમાં આ ૧ાા મણ વજન એ ૧ાા ટન જેટલું વજન લાગતું હતું. પણ તેમણે તે વજન સાથે લીધું.

સ્લેજ ખેંચવી એ હવે આકરું થવા લાગ્યું હતું. ઇવાન્સ આખી ટુકડીમાં સૌથી વધારે મજબૂત હતો. સ્કૉટ તો તેને બળમાં રાક્ષસ જ માનતો. પણ તેના હાથમાં સમારકામ કરતાં કંઈ ઘા લાગ્યો હતો, હાથ અને ચહેરો બરફને લીધે દાઝી ગયાં હતાં, તથા આંગળાંના બે નખ નીકળી પડ્યા હતા. આ ઠંડીમાં આ બધી પીડા કેવી હશે, તેની આપણે કલ્પના જ કરવાની રહે છે. તોપણ તેણે ઝૂઝયા કર્યું. એમાં એક વાર તે ઊંડી ચિરાડમાં ફસાઈ પડ્યો. તેના માથામાં સખત ઘા લાગ્યો. ૧૭મી ફેબ્રુઆરીએ તે ફરી પડી ગયો. બેભાન થઈ ગયો અને મધરાતે તેણે પોતાનો પ્રાણ છોડ્યો. આ માર્ગમાં આવો સાથી ગુમાવવો એનાથી મોટી ખોટ કઈ?

કૅપ્ટન ઓટસની સ્થિતિ ઇવાન્સથી કંઈ બહુ સારી નહોતી. તેના બંને પગ ઠંડીમાં દાઝી ગયા હતા અને બાકીના બીજા સાથીઓ પણ દિનપ્રતિદિન નબળા પડતા જતા હતા. એમાં ઓટ્સ તો હવે એક ડગલું પણ તેની સ્લેજ ખેંચી શકે તેમ નહોતું. સ્કૉટ લખે છે,

"અમે કોઠારના થાણાથી ૪૨ માઈલ દૂર છીએ. અમારી પાસે આઠ દિવસનું ખાવાનું છે. પણ બળતણ ચાર જ દિવસનું છે, અને એમાં બને તેટલી કરકસર કરીએ છીએ. અમે ખરી સંકડામણમાં છીએ; પણ બને તેટલા પ્રસન્ન રહેવાનો પ્રયત્ન કરીએ છીએ. પરંતુ જ્યાં સ્લેજ બરફમાં ભરાઈ જાય છે, ત્યાં અમારી હિંમત ઓસરી જાય છે.... મને બીક છે કે, ઓટ્સ આમાં બહુ ખેંચી નહિ શકે. દૈવ હવે તો મદદે આવે તો થાય! આગલે થાણે જો ખૂટતું બળતણ મળે તો સારું; નહિ તો શું થશે? વિલ્સન અને બાવર્સ પણ નિરાશ થયા છે, ત્યાં હું કેમ પ્રસન્ન રહું અને બીજાને રાખું?"

ધીમે ધીમે ઓટ્સની સ્થિતિ વધારે ને વધારે બગડવા લાગી. એક એક ડગલે જાણે તેના પ્રાણ નીકળી જશે એમ લાગતું હતું. તેના મિત્રો તેની આ વેદના સહન કરી શકતા નહોતા. પણ કરે શું? તેઓ પણ મરણતોલ હાલતમાં હતા. બરફનાં તોફાનો દિનપ્રતિદિન વધતાં જતાં હતાં.

ઓટ્સે આખરે કહ્યું કે, 'તમે મને અહીં છોડીને આગળ વધો. મારે લીધે તમે ધીમા ચાલશો તો ધારેલે વખતે તમે આગલા થાણે નહિ પહોંચો, અને તમારો જીવ પણ જોખમમાં આવશે.' પણ એ વિચાર તેના ત્રણ સાથીઓ કેમ કબૂલ રાખે? જીવવું જ એ તેમનું ધ્યેય નહોતું.

ઓટ્સ સમજતો હતો કે, મારે લીધે આ ત્રણ જણને કેટલું સહન કરવું પડે છે! ૧૭મી જાન્યુઆરીનો દિવસ આવ્યો. આ તેનો જન્મદિવસ હતો. પણ તેને જન્મદિવસનો ઉત્સાહ નહોતો. રાત પડી. તે સૂતો. તેને અને તેના મિત્રોને ખાતરી હતી કે, આ તેની છેલ્લી નિદ્રા હતી. પણ સવાર પડી ને તે જાગ્યો. તંબૂની બહાર ભયંકર બરફનું તોફાન જામેલું છે. તેણે પોતાના સાથીઓને જગાડ્યા, 'હું જરા બહાર જાઉં છું, અને મોડું થાય તો મારી રાહ ન જોતા,' કહીને ઓટસ આ ભયંકર બરફના તોફાનમાં બહાર ગયો અને થોડી વારમાં દેખાતો બંધ થયો, તે ફરી દેખાયો નહિ. સ્કૉટ આ પ્રસંગ બહુ ટૂંકામાં નોંધે છે:

"અમે અંત સુધી ઓટ્સની સેવા કરવામાં બાકી નથી રાખી. ઇવાન્સ તો તેના કુદરતી મોતને પામ્યો હતો, તોપણ તેના મૃત્યુ પછી પણ બે કલાક અમે તેના મડદા પાસે એમ ને એમ બેસી રહ્યા હતા. આ ઓટ્સ તો પોતે જ મૃત્યુના મુખમાં જતો હતો. અમે તેને અટકાવવા માટે બધા પ્રયત્નો કરી ચૂક્યા હતા. પણ અમે જાણતા હતા કે, ઓટ્સનું આ કાર્ય એ વીરને છાજતું હતું અને તે પણ વીર અંગ્રેજને છાજતું હતું. અમે બધા આવું જ વીર મૃત્યુ ઇચ્છીએ છીએ અને તે હવે બહુ દૂર નથી.

"હું હવે ફક્ત ખાવાના વખતે લખી શકું છું. ઠંડી અસહ્ય છે, – હિમબિંદુથી ૪૦ અંશ નીચે! મારા મિત્રો ખૂબ પ્રસન્ન છે. પણ અમારાં શરીર લગભગ દાઝી ગયેલાં છે; અને જોકે અમે હંમેશાં વાતોમાં તો એમ જ બોલીએ છીએ કે, અમે સહીસલામત પહોંચી જઈશું, પણ દિલમાં કોઈ આ વાત માનતું નથી."

ખરેખર ત્રણેય જણે હવે પહોંચવાની આશા છોડી દીધી હતી, પણ પ્રયત્ન નહોતો છોડ્યો.

૧૯મી માર્ચે તેઓ એક એવી જગ્યાએ આવી પહોંચ્યા કે જ્યાંથી આગળનો કોઠાર ફક્ત ૧૧ માઈલ હતો. આ કોઠાર મોટામાં મોટો કોઠાર હતો. તેમાં પુષ્કળ સામાન તથા બળતણ હતાં. તેઓ આ થાણા સુધી પહોંચી જાય તો કદાચ બચી જાય. પણ તે જ વખતે બરફનું તોફાન પુરજોશમાં ચાલતું હતું અને વધતું જતું હતું. બીજે દિવસે તેમની પાસે ફક્ત એકબે પ્યાલા સૂપ થાય તેટલું તેલ હતું અને ખોરાક બે જ દિવસ ચાલે તેટલો હતો. પણ આ બે દિવસ તેઓને તંબૂમાં જ પડ્યા રહેવું પડ્યું. બહાર એક ડગલું પણ ભરી શકાય તેમ નહોતું.

૨૯મી માર્ચની નિત્યનોંધ એ સ્કૉટની છેલ્લી નોંધ છે અને એ જ તેના જીવનનો છેલ્લો દિવસ છે :

"૨૧મી તારીખથી સતત ૨૪ કલાક ભયંકર તોફાન ચાલુ છે. રોજ અમે ઊપડવા માટે તૈયાર થઈએ છીએ, પણ બહારનો દેખાવ જોઈને અટકી પડીએ છીએ. મને લાગે છે કે, આ તોફાન હવે શમશે નહિ. અમે ઠેઠ સુધી તેના અંતની રાહ જોઈશું. પણ અમે ઘસાતા જઈએ છીએ; અને તોફાનનો અંત તો આવે ત્યારે, પણ અમારો અંત હવે દૂર નથી.

"મને ઘણું લાગી આવે છે; પણ મને લાગે છે કે, હવે હું વધારે નહિ લખી શકું."


તેમના મૃત્યુનું વર્ણન કોણ કરે ? ૬ મહિના પછી સ્કૉટની ટુકડીની તપાસમાં નીકળેલી ટુકડીના નાયકનું વર્ણન આમાં પ્રકાશ પાડશે :

"તંબૂમાં ત્રણ શરીરો પડ્યાં હતાં, – સ્કૉટ, વિલ્સન અને બાવર્સનાં. વિલ્સન અને બાવર્સ ઊંઘતી હાલતમાં જ હતા. તેમના પથારીના કોથળાથી તેમણે માથાથી તે પગ સુધી સોડ તાણી હતી.

"સ્કૉટ જરા વધારે જીવ્યો હોય એમ લાગે છે. તેણે પોતાના માથા પરનું કોથળાનું મોઢું છોડીને કોથળો ખોલી નાખ્યો હતો અને તેનો કોટ પણ ઉઘાડી નાખ્યો હતો. તેની ત્રણ નોંધપોથીવાળું દફતર તેના ખભા નીચે હતું અને તેનો હાથ વિલ્સન ઉપર પડ્યો હતો. તેમણે ખોડેલો તંબૂ એટલો બધો મજબૂત હતો કે, આ તોફાનમાં પણ તેણે ટક્કર ઝીલી હતી. અમારી ટુકડીના એકેએક માણસે આ ત્રણેય જણને ઓળખી કાઢ્યા. સ્કૉટની નિત્યપોથીમાં ઇવાન્સ તથા ઓટ્સના મૃત્યુનાં વર્ણનો તથા તેમની ટુકડીની આ સ્થિતિ થવાનાં કારણો વિસ્તારથી લખ્યાં હતાં."

તેમનો સામાન બરફમાં દટાયેલો હતો તે તેમણે બહાર કાઢ્યો. તેમાં ભૂસ્તરના કેટલાક નમૂનાઓ પણ હતા. તેમના અંત સુધી તેઓ આ વજનને જીવની જેમ જ સાચવીને અહીં સુધી લાવ્યા હતા.

આ પાંચેય વીરોના માનમાં ત્યાં જ એક મોટું પથ્થરોનું પિરામિડ આકારનું સ્મારક તેઓએ કર્યું. ઓટ્સનું મડદું શોધવાનો આ ટુકડીએ તનતોડ પ્રયત્ન કર્યો, પણ તેનો પત્તો ન લાગ્યો. બરફે જ તેને પોતાના હૈયામાં સંઘરી લીધો. પણ તેના મૃત્યુની જગ્યાની લગભગ અટકળ કરી, તેમણે તેનું પણ નાનકડું સ્મારક ઊભું કર્યું, અને ભારે હૈયે આખી ટુકડી આ પાંચનું નૈવેદ્ય કુદરતને ચડાવીને પાછી ફરી. આજે પણ લંડનમાં 'વૉટર્લુ પ્લેસ' નામે જગાની પાસે સ્કૉટનું તથા તેના સાથીઓનું સ્મારક ઇંગ્લન્ડના અને દુનિયા આખીના મર્દોને પ્રેરણા આપતું ઊભું છે. અને એથી પણ વધારે પ્રેરણા તેના મૃત્યુની ગુફામાંથી લખાયેલા છેલ્લા પત્રો આપે છે.



રૉબર્ટ સ્કૉટ

પોતાની પત્નીને છેલ્લી ઘડીએ જે કાગળ સ્કૉટે લખ્યો છે, તેમાંથી એક જ ઉતારો જોઈએ — "ઈશ્વરે મને બોલાવી લીધો છે. અને મને ખબર છે કે, તેનાથી તને કેટલો આઘાત થશે. પણ હું પૂર્ણ શાંતિથી મૃત્યુને આધીન થાઉં છું. મને ડર નથી. આથી તને આશ્વાસન મળશે જ....

"આખરે અમે અમારું જીવન અમારા દેશ માટે હોમી દીધું છે. અમે દુનિયામાં લાંબામાં લાંબી મુસાફરી કરી છે. દક્ષિણ ધ્રુવ ઉપર પહેલવહેલો પગ મૂકનાર અંગ્રેજ હું છું... ... .

"અમે આપઘાતનો વિચાર કરતા જ નથી. મૃત્યુ એની પળે ભલે આવે.... અમે ઠેઠ સુધી તેની સામે લડીશું.... જોકે પરિણામ નક્કી છે.

"પિટર (તેના પુત્ર)ને પ્રાકૃતિક શાસ્ત્રમાં રસ લેતો કરજે. તેમાં રમતો કરતાં પણ વધારે આનંદ છે. મને ખાતરી છે કે, તેને તું ખુલ્લામાં જ ભટકવા દઈશ.... તે આળસુ ન થાય તે ધ્યાન રાખજે. તેને ખડતલ બનાવજે. મેં ખડતલ થવાના કેટલા પ્રયત્ન કર્યા છે તે તું જાણે છે. અને હું પહેલાં કેટલો આળસુ હતો તે પણ તું જાણે છે.

"...મારે તને આ મુસાફરીની કેટકેટલી વાતો કહેવાની હતી. હવે તારે તારા પુત્રને કેટકેટલી વાતો કરવાની રહેશે. પણ તે વાતો માટે તારે કેવડું મૂલ્ય આપવું પડશે.... મારું હૃદય-સર્વસ્વ અત્યારે તારી પાસે દોડી આવે છે.... મને ડર છે કે, આ પત્ર તને તારા જીવનનો સૌથી મહાન ફટકો મળ્યા પછી મળશે.

"અમે બતાવીએ છીએ કે, અંગ્રેજો હજુ પણ વીરતાપૂર્વક મરી શકે છે અને ઠેઠ સુધી મૃત્યુ સામે લડી શકે છે. અમે અમારું ધ્યેય સિદ્ધ કર્યું છે અને અમારા માંદા સાથીઓને બચાવવા અમારા જીવના જોખમે પણ અમે મથ્યા છીએ. ભવિષ્યની અંગ્રેજ પ્રજા માટે આ વસ્તુ પ્રેરણાદાયી થઈ પડશે. દેશની ફરજ છે કે, અમારી પાછળ રહેલાં અમારાં સ્વજનોનું જતન કરે. હું મારી પ્રિય પત્ની તથા બાળકોને મૂકી જાઉં છું. વિલ્સન તથા ઇવાન્સ પણ પોતાની પાછળ પોતાની પત્નીઓને રડતી મૂકતા જાય છે. તેમને મદદ મળે તેમ કરજે. પ્રણામ! હું મૃત્યુથી તો બીતો જ નથી. ફક્ત દુઃખ એટલું થાય છે કે, આપણા ભવિષ્યના જીવનના લાંબા પટ ઉપર મેં કલ્પેલા કેટલાય મનોરથો એમના એમ શમી જાય છે!"

તેના એક મિત્ર અને ઇંગ્લંડના પ્રસિદ્ધ નાટ્યકાર સર જેમ્સ બૅરીને એક પત્રમાં તે લખે છે, "એક મૃત્યુ પામતા માણસ તરીકે તને કહું છું કે, મારી પત્ની તથા બાળકની સંભાળ લેજે. બાળકને માટે જો રાજ્ય કંઈ ન કરે તો તું કંઈક કરજે."

તેના આવા કરુણ અંતની નોંધ લખતાં તેના આ છેલ્લા શબ્દો પછી કંઈ કહેવા જેવું રહેતું નથી :

"અમે જો જીવ્યા હોત, તો મારા સાથીઓની હિંમત, મર્દાનગી, સહનશીલતા, કષ્ટો વગેરેની વાતો મારી પાસે એટલી છે કે, તે હરેક અંગ્રેજના હૈયાને હચમચાવી મૂકત. આ ભાંગીતૂટી નોંધો અને અમારાં આ મડદાં તો જેટલું કહી શકે તેટલું કહેશે........."

— મૂળશંકર ભટ્ટ

સ્વાધ્યાય

૧. આ પાઠ શ્રી. મૂળશંકર મોહનલાલ ભટ્ટ (જન્મ સંવત ૧૯૬૪) કૃત 'મહાન મુસાફરો' નામના પુસ્તકમાંથી લીધેલો છે. આખી ચોપડી વાંચવા જેવી છે. શ્રી મૂળશંકર ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલામાં શિક્ષક છે.

૨. બરફથી સદા ઢંકાયેલા બે ધ્રુવ-પ્રદેશો કે એવરેસ્ટ જેવાં ઊંચાં શિખરો ઉપર કે આફ્રિકા જેવા અગમ્ય ખંડમાં જવા પણ માણસ પ્રયત્ન કર્યા જ કરે છે. આવી સાહસવૃત્તિને કારણે જ દુનિયાના ઘણા અજ્ઞાત પ્રદેશોની શોધ થઈ છે. તેની કથાઓ જાણો.

૩. દક્ષિણ ધ્રુવપ્રદેશ – ઍન્ટાર્કટિકા – ખરેખર એક મોટો ખંડ જ છે : લગભગ યુરોપ અને ઑસ્ટ્રેલિયા એ બે ખંડ ભેગા કરીએ તેટલો. તેનો ૧૪૦૦૦ માઈલનો કિનારો છે; પરંતુ તેમાં ભાગ્યે ૪૦.૦ માઈલ જેટલો કિનારો બરફ વિનાનો હોય. વળી ત્યાં બરફનો થર ૧૦૦૦ થી ૨૦૦૦ ફૂટ ઊંડો છે – તેની નીચે જ જમીન આવે છે. ત્યાંની જમીનમાંથી કોલસો મળી આવ્યો છે. એટલે એક કાળે, યુગો પહેલાં, ત્યાં જંગલો અને અને સૂર્યનો પ્રકાશ હશે એમ મનાય.

પ્રશ્નો

૧. જીવસંકટ વખતે પોતાનો જીવ બચાવવાની પેરવીમાં પડવાને બદલે, પોતાની સાથે આવેલા સાથીદારોના જીવનની જ વધુ દરકાર રાખવી, એ ગુણની મહત્તા અને અગત્ય સ્કૉટ અને ટાઇટૅનિકના કપ્તાન સ્મિથ (વિદ્યાપીઠ વાંચનમાળા, છઠ્ઠી ચોપડી) ના દાખલાઓ ઉપરથી તારવી બતાવો. ઓટ્સ ક્યાં ચાલી ગયો ? કેમ ?

૨. સ્કૉટની અંતિમ મુસાફરીનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

સ્લેજ સ્ત્રી૦ [ઇં.] = બરફ પર જવા માટે પૈડાં વગરનું વાહન

ડૂકવું અ૦ ક્રિ૦ = થાકવું

ઠીંગરાવું અ૦ક્રિ૦ = ખૂબ ઠંડીથી જામી જવું

યુનિયન જૅક પું૦ [ઇં.] = ગ્રેટ બ્રિટનનો [રાષ્ટ્રધ્વજ

ખેલદિલી સ્ત્રી૦ = મનમાં ખેલ કે રમતનો પ્રસન્નભાવ હોવો તે

હિમબિંદુ ન૦ = થરમૉમીટરમાં જે બિંદુએ પાણી થીજી જાય, તે બિંદુ

સૂપ ન૦[સં.;ઇં.] શાકનું ઓસામણ – એક [વાની

ખોડેલું વિ૦ = રોપેલું

પર

બારણે ટકોરા

નંદુ—વિધવા માતા	મુગટલાલ—જયંતીનો મિત્ર	[પાત્ર]
બટુ—નંદુનો નાનો દીકરો	પરભુ ગોર—નંદુનો સ્વર્ગસ્થ પતિ	(સૂચિત
જયંતી—નંદુનો મોટો દીકરો	ચંચળ—ઓળખીતી બાઈ	

[મોડી ઉનાળાની આથમતી સાંજ]

[પડખે સ્ટેશન હોવાને લીધે શહેર ગણાતા એક કસબાના ધોરી રસ્તા પરનું ઘર. એક જ પડાળના મોટા ઓરડાની સામી ભીંતે અભરાઈઓ પર ડબા ગોઠવેલા છે. એ જ ભીંતમાં બારી જેવું એક બારણું છે. ડાબી તરફ વાંસનાં ખપાટિયાંની ભીંતથી છૂટું પાડેલું રસોડું છે. વળગણી ઉપર લૂગડાના લબાચા લટકે છે. જમણી તરફ બે પગથિયાં ઊતરીએ એટલું નીચું આંગણું છે. તેને છેડે ખડકીનું બારણું સ્પષ્ટ દેખાય છે.

લાકડાની પાટ ઉપર પથારી પાથરેલી દેખાય છે, ને હમણાં જ એમાંથી કોઈ ઊઠ્યું હોય એમ ઓઢવાનો કામળો ઊંચો નીચો, અરધો નીચે લટકતો પડ્યો છે. પાટ નીચે આખી દુનિયા ખડકાયેલી છે. નીચે બાજુમાં નંદુ ગોરાણી અને ચંચળબહેન વાતો કરતાં બેઠાં છે.

નંદુ ગોરાણીએ કાળો સાડલો ઓઢેલો છે. મૂંડાવેલું માથું અને આભૂષણ વિનાનો વેશ તે સાચે જ માંદાં છે કે એવાં દેખાય છે, એ સમજવું અઘરું બનાવી મૂકે છે. ચાળીસની અંદરમાં હોવા છતાં બહુ ઘરડાં લાગે છે. ચંચળબહેન ઘડાઈ ગયેલી વિધવા જણાય છે.]

નંદુ—(હાંફતાં હાંફતાં) તે...આ...તમે ન આવ્યાં હોત તો...તો...કોણ જાણે ક્યારે જાગત ? (નિસાસો મૂકી) મારે તો દિવસ ને રાત બધું એકાકાર થઈ ગયું છે ! (ઊંચાં થઈ પાટને ખૂણેથી તપકીરની દાબડી લેવા કરે છે.)

ચંચળ—રહો, રહો, હું લઈ લઉં છું ! જરી હાંફ તો મટવા દો ! બેસો હેઠે હૈયે લગીર ! (દાબડી લે છે.)

નંદુ—(ધીરેથી) આ ઘરમાં રહીને હેઠે હૈયે બેસવા વારો આ જનમમાં તો આવવાનો દેખતી નથી. (બંને છીંકણીની ચપટી લે છે.) આ જુઓ છો ને, આ લગીર બારણા લગણ ગઈ, એમાં તો આખો ડુંગરો ચડી ગઈ જાણે, એવો હાંફ લાગ્યો છે ! ને દહાડામાં દોઢસો વાર ખડકી ઉઘાડવા જવું પડે છે.

જરી પૂંઠ વાળી કે કોક ને કોક આવીને ઊભું સ્તો! (ચંચળ જરી ઊંકારો કરી જાય છે.) જો જો બ્હેન, તમારા પર નથી; પણ......

ચંચળ — ગોરાણી, હું તો......

નંદુ — એ શું બોલ્યાં, તમે અહીં ક્યાંથી? આપણે તો ઘડીક બેસીએ, તો સુખદુ:ખની વાતોય કરીએ.

ચંચળ — (સાડલાના છેડાથી નાક લૂછતાં) મારા મનમાં કે, આજ ઘણા દનથી નંદુ ગોરાણીને મળી નથી તે મળતી આવું, ને .... (અચકાતી) પેલા પૂનમભાઈનો લોટો તમારે ત્યાં રહી ગયો છે ને? — તે ઇયાંનો સંદેશો આવ્યો છે કે લઈ આવજો, તે મેં કું લેતી આવું.

નંદુ — કયા પૂનમભાઈ? (કાંઈ યાદ આવતાં) હા, હા, પેલા અહીં દીકરાને દવા કરાવવા મહિનોમાસ રહી ગ્યાતા એ? બ્હેન, અહીં તો આખી દુનિયા આવે છે ને જાય છે. કેટલાની સરત રહે? તે તમારે ને ઇયાંને શું ઓળખાણ?

ચંચળ — કાંઈ નહિ! પણ અમારા ગામના ખરા ને? આ પાંચમે મારા ભાણિયાના લગનમાં જવાની છું ત્યારે લેતી જઈશ. કાંઈ લેવાદેવાનું મલેમલાવે નહિ, ને નકામી વેઠ!

નંદુ — આ પેલો પાટ હેઠળ મૂકી રાખ્યો હતો. એવો ને એવો અકબંધ! એ ને ઇયાંનો લોટો સાજો રહે ભા! ... પણ, બ્હેન, તમે ખોટું નો લગાડતાં, કહ્યા વિના રહેવાતું નથી! — આ કળશ્યો તમારે ત્યાં વિયાશે તે અહીં રહેત તો દૂબળો પડી જાત! અહીં આવત ત્યારે પંડે લઈ નો જવાત?

ચંચળ — એ તો ગોરાણી, બધાંનાં મન મોટાં ઓછાં હોય છે? મૂજી મારો પીટચો! નકર, મહિના લગણ તમારું ઘર આખું ખાઈ જાય, તે એક ટોયલી ખાતર મન બગાડે ડાહ્યો હોય તો?

નંદુ — ના, પણ, આ તો ઠીક છે, મારી બાઈ; પણ પેલા મકનજી — અમારે નાહવાનીય સગાઈ નહિ ને 'મારા ગોરજીનું ઘર' કરતા આયા; આયા ત્યાં લગણ તો કહ્યું ઠીક છે, પણ સવારે અંધારે અંધારે ઘેર જવા નીકળ્યા તે ઇયાંના હજાર થીંગડાંવાળા કોટને બદલે મારા જ્યાંતીનો નવોનોક કોટ પહેરીને થયા હીંડતા, તે આવજે ઘર ઢૂંકડું! કોણ પગેરુ કાઢવા નવરું બેઠું'તું તે!

ચંચળ — તમારે તો બધી મેરથી દંડાવાનું.

નંદુ — કાંઈ કહેવાની વાત નથી! ઇયાંને છતે, લોક આવતું જતું તે જણાતું નહિ, પણ ...

ચંચળ — જ્યાંતીભાઈ ને માથે આટલો બોજો — એ તો ગોરાણી, ગમે એવા મોટા લખેશરીની પણ કમ્મર વાંકી થઈ જાય! મને તો થાય છે કે, પ્રભુ ગોર કેમ કરીને પૂરું કરતા'તા! એ તો તમારે પરતાપે બા!

નંદુ — આખો અવતાર મહેમાનોની ચાકરીમાં કાઢ્યો છે! દિન ને રાત જોયા વિના ફૂદાની પેઠ્મ ફરતી ને એકલે હાથે આ બધા કામને પહોંચી વળતી!

ચંચળ — બાઈ, પરભુ ગોરની તો ઓળખાણ પણ કાંઈ નાનીસૂતી! ગામ ગામના ઠાકોર, શેઠિયા, અમલદાર – બધાં સાથે ઈયાંને બેસવા ઊઠવાનું! સહુને ભાયગ કાંઈ એવી શાખઆબરૂ ઓછી હોય છે? . . . ને તમારે ત્યાં એક વાર તો કેટલાં ગામ દૂઝતાં?

નંદુ — પણ એ તો બધાં વરખાસન ઈમના સંગાથે ગ્યાં! રત રતનો ફળ-મેવો ખાધો ખૂટતો નહિ, ને હવે ક્યાંય જોયો જડતો નથી. બાઈ, એ તો બે આંખ્યોની શરમ છે! ઇમને નુ'વે હવે બધું ફલ્લંફલ્લા!

ચંચળ — (દુઃખ દર્શાવી) એવી વાત છે!

નંદુ — પણ, ચંચીબુન, ઈમની હયાતીમાં તો પેટ પર પાટા બાંધીનેય ચલાવતાં. પણ હવે હજીય 'મારા ગોરજીનું ઘર' કરતું વાટે કુટાતું કોઈ પણ માનવી મારે ત્યાં આવીને ઊભું રહે છે, તે જાય ને ઈયાંની પાસે ત્યાં......! (આંગળી આકાશ તરફ તાકે છે.)

ચંચળ — પરભુ ગોરને કોઈથી ન પહોંચાય!

નંદુ — હું તો ત્યારે પણ હિંમત હારી જતી, પણ મને રોજ કહે કે, 'સાથે શું લઈ જવાનું છે? રામનો આલ્યો બટકું રોટલો ખાવા કરતાં ખવરાવ્યો મીઠો લાગે!'

ચંચળ — દિલનો દરિયાવ આદમી!

નંદુ — મેં એક દિન શ્રાવણની મેવ્રલી રાતે એક વટેમારગુને બારણે હાંકારો નો દીધો, ત્યારે એ મને વઢ્યા નહિ, પણ ત્યાં જઈ ને મોટેથી ઈ ને સાદ કર્યો. ઝમ ઝમ વરસાદમાં સાંભળ્યામાં ન આવ્યું કે શું, પણ વીલે મોઢે પાછા આયા ને મને કહે કે, તારે છતે મારી આ આંખ્યો મીંચાઈ જાય, ને હું કોક રાંકને પેટ પડું, ને કોક દી બારણું ઠોકું, તો તું નો જ ઉઘાડે ને? (રોઈ પડે છે.)

ચંચળ — ગઈ ગુજરી ભૂલી જાઓ, બાઈ. બધું સંભારીને રોયે કાંઈ આરો આવવાનો છે?

નંદુ — ના, પણ હું મારા જ્યાંતીની પચ્ચી રૂપરડીમાંથી મેમાનોની આગતાસ્વાગતા કરું છું, પણ મોઈનો મારો શભાવ જ આકરો તે લગાર વારમાં

તતડી ઊઠું છું. આજ દસ મહિનાથી શમણામાં એ આવે છે: એ વીલું મોઢું, ને હળવો ઠપકો ! ઈયાંનો જીવ મારે લીધે ઊંચો રહેતો લાગે છે !

ચંચળ — બાઈ, તમારી કરણીની વાત તો અમારે મન છે તો ! પારકા માટે ઘસાઈ ને આ અરધાં તો થઈ ગયાં છો ! ગોરાણી, શોક મૂકીને લગીર ઘર આંગણું કરો, તો કાંઈક શરીર સુધરે ! દેહીને ઘણી કષ્ટી આલી !

[એટલામાં ખડકીનું બારણું કોઈ ખખડાવે છે. નંદુ ગોરાણી હાથ જમીન પર ટેકવીને ઊઠવા કરે છે, પણ ચંચળ જઈને બારણું ઉઘાડી આવે છે. એક જુવાન હાથમાં પોટલું લઈને પ્રવેશે છે.]

જુવાન — પરભુ ગોરના જયંતીલાલ અહીં રહે છે કે ?

નંદુ — હોવે, આવો !

[અંદર આવે છે.]

જુવાન — અહીં છે ?

નંદુ — ના !

જુવાન — (રોકાઈ ને) ક્યારે આવશે ?

નંદુ — (ટૂંકું પતાવતાં) એનો કાંઈ ભરોસો નહિ. આવે તો હમણાં આવે ને રાતના બાર પણ વગાડે !

જુવાન — ત્યારે એમને કહેજો કે, અમૃતલાલને ત્યાં મને મળે. મુગટલાલ કહેશો એટલે સમજી જશે — દેવગઢવાળા.

[જાય છે.]

નંદુ — જુઓ છો ને ? ગાડી આવી કે આપણે ત્યાં એકાદ મનેખ આવ્યું જ સમજો ! અહીંથી ચોથે બારણે ધર્મશાળા ક્યાં નથી ? પણ કોણ જાણે બધાંને ત્યાં જતાં કાંટા વાગે છે. હું કાંઈ આંગણે ફૂલ વેરી મૂકતી નથી !

ચંચળ — એ તો મૂળ આ રામજીમંદિરનો દ્વારો એટલે. ને પરભુ ગોરને લીધે સહુના પગ આ ગમ જ વળે !

નંદુ — (નિસાસો નાખી) હું શું કરવા જીવ બાળું ? મારાં પગલાંય હવે પાછાં વળવા લાગ્યાં છે !

ચંચળ — વલોપાત નો કરતાં હો ! આ કાલ ઊઠીને પરભુ ગોરના પુનબળે જ્યાંતી ઊંચી પાયરી પર ચડ્યો તો પોબારા !!

નંદુ — (ડૂસકાં ભરતી) દેવ જેવા માણસ મારે પનારે ક્યાં પડ્યા ! હું હીણા કરમની ઈયાંને વગોવવા વિના બીજું શું કરી શકવાની છું ?

ચંચળ — તમે તમારે ધર્મનું ધ્યાન ધરો, ને રામજી રાખે તેમ રહો !

નંદુ — કહેનારે કહ્યું છે ને? કે, સતી અસ્ત્રી દર્પણમાં દેખે તો અંદર ઈને પતિનું મોઢું દેખાય. દર્પણમાં તો મારે શું કરવા જોવું પડે? પણ કોઈ મેમાન આયો કે ઈમનું મોઢું મારા સામું હસતું મને દેખાય છે!

ચંચળ — દેવના ધામમાં છો, બાઈ! ને દેવ જેવા પરભુ ગોર!

નંદુ — મારાથી આ જગા નહિ જીરવાય!

[અધખૂલું બારણું ઉઘાડીને હાથમાં ભણવાની ચોપડીઓ લઈ બટુ પ્રવેશે છે. નંદુ ગોરાણી આંખો લૂછી દે છે.]

ચંચળ — કેમ બટુભાઈ? શેના ઓળખો? મોટા મામલીદાર બને, ત્યારે ઘેર ગુમાસ્તી રાખવી પડે વળી!

નંદુ — (આનંદાતી) — આ મારા બટુને તો બાલેટન બનાવવો છે. જીવતે જીવત ઈને રાજનો દીવાન થયેલો દેખવો છે!

બટુ — હવે થઈ આ ક્યારનાય! દીવાન તો નહિ, પણ દીવાનો બનેલો તો જરૂર દેખીશ!

ચંચળ — (આભી બનીને જોઈ રહે છે.) બોલ બોલમાં ફૂલ ઝરે, બા! ભાગ્યશાળીનાં પૂરવ જનમનાં પુન્ય; બીજું શું? (અરધી મિનિટ શાંતિ. ઊઠવા કરતાં) બેસો ત્યારે, નંદુ ગોરાણી. અંધારે પાછું દેખાશે નહિ; વેળા છતી ઘેર પહોંચી જાઉં!

નંદુ — બટુ! (આંગળીથી બતાવતી) પેલો કળશ્યો ચંચીમાશીને આપ જો!

[બટુ આપે છે.]

ચંચળ — બા, કશો વલોપાત કરજો મા! રામ-લખમણ જેવા બે દીકરા છે, તે ધીરજ રાખશો તો કાલ ઊઠીને સોનાનું વહાણું વાશે!

[જાય છે.]

બટુ — બા, ચંચળમાશી ઘણે દહાડે આ બાજુ ભૂલાં પડ્યાં!

નંદુ — પેલા પૂનમલાલનો કળશ્યો અહીં રહી ગ્યો'તો તે લેવા આવ્યાં'તાં. મારા કરમ જેવો તો હતો – ફૂટેલો! (પળ શાંતિ. બટુને) જા, જો બેટા, ખડકી દઈ આવ જો! (બટુ દોડતો બારણું વાસી આવે છે.) કેમ બટુ, તું આજે નિશાળેથી આવ્યો એવો ચિડાઈ ગયો?

બટુ — એ તો, આ સાડાપાંચની ગાડીમાંથી કોઈ ઉતારુ હશે ને બા, તે મને પૂછે કે, પ્રભુદાસ ગોરનું ઘર કયું? સવારે અમથાલાલને સ્ટેશન સુધી મૂકવા જતાં પહેલો પિરિયડ ચૂક્યો'તો, એટલે એમની રીસ એના પર કાઢી : 'જાઓ, આખું ગામ છે, શોધી કાઢો! મને કાંઈ બધાંના ઘરની ઓછી ખબર છે?'

નંદુ—જુવાન હતો ? કાળી ટોપી ?

બટુ—ના, આ તો પાઘડીવાળા કોઈ મહેરબાન હતા . . . એ કોણ ?

નંદુ—તે વળી એક ભાઈ આવ્યા'તા, પણ ભગવાન વહારે ધાયા ને ઈને સારી મત દીધી, તે અમરતલાલને ઘેર જાઉં છું કહીને હીંડતો થયો !

બટુ—બા, આ તે ઘર છે કે ધર્મશાળા ? અહીં રહીને હું પરીક્ષામાં શું ઉકાળવાનો ? આપણે ઘર બદલી લઈએ ?

નંદુ—પણ બેટા, ભાડું ક્યાંથી લાવીએ ? આ તો તારા બાપના નામને લીધે ભર્યુંપૂર્યું ઘર આપણને મળ્યું છે એ કહે ને ?

બટુ—ત્યારે શું કરશું ? નાના હતા ત્યારે તો મહેમાનો આવતા એથી ઊલટી મજા પડતી. નવા નવા માણસો, ખાવાનું મળે, ખેલવાનું મળે. પણ હવે તો ભારે પડે છે. એ તો તું જ આ બધું સહન કરી શકે, બા !

નંદુ—એક તું મારી પીડા સમજે એવો છે, બાકી મોટો તો તારા બાપ જેવો દાનો નીવડ્યો છે ! આમ ને આમ ચાલશે તો તારું ભણતર કથળી નો જાય, ઈની મને ફિકર રહે છે.

બટુ—એ તો ઠીક છે; બધું થશે. આ પરીક્ષામાં નંબર આવે તો આવતા વરસ માટે પૂરતી સ્કૉલરશિપ મળે. પણ કોઈ ઘડી જંપીને અભ્યાસ કરવા દે ત્યારે ને ?

નંદુ—હુંય ઓછી કંટાળી નથી ! કોઈ ખડકી ખખડાવે છે ને મને તો હૈયામાં ફાળ પડે છે, કાળજું ફડ ફડ કાંપે છે. બારણા પર કોઈના ટકોરા સાંભળું છું, તે જાણે છાતી પર હથોડા નો ટિપાતા હોય !

[ખડકી ખખડે છે. નંદુ ગોરાણીને દિલે થથરાટી આવી જાય છે. બટુ કડક ચાલે ઉતાવળો જઈ બારણું ખોલે છે. જયંતીલાલ અંદર આવે છે. નંદુ ગોરાણી હોંશમાં આવે છે. પણ જયંતી ઊભો રહે છે. પેલો જુવાન મુગટલાલ પ્રવેશે છે. એટલે તેની સાથે જયંતી ઓરડામાં આવે છે. નંદુ ગોરાણીના હોશકોશ ઊડી જાય છે.]

નંદુ—(બહુ ધીમે) કેમ જ્યાંતી, ઑફિસમાંથી મોડો છૂટ્યો'તો ?

જયંતી—(કપડાં કાઢતાં) ના, બા. નવા બજારમાં ગોવિંદકાકા મળ્યા. ઘેર આવવા મેં ઘણું કરગર્યા, પણ ઉતાવળમાં હતા, એટલે એમને વીશીમાં જમાડવા રહ્યો. સહેજ મોડું થઈ ગયું, ખરું બા ?... પણ ભગવાન બધું સારા કાજે કરે છે. નહિ તો આ મુગટભાઈનો વાટમાં ભેટો થઈ ગયો એ ન થાત.

નંદુ—(નિસાસો મૂકે છે.) હાથપગ ધોઈ લો !

[જયંતી, મુગટલાલ સાથે બારણેથી પાછળ વંડામાં હાથપગ ધોવા જાય છે.]

નંદુ — બટુ, સમજ્યો ને ? અક્કરમીનો પડિયો કાણો ! (પોતાને કહેતી હોય તેમ, નીચું મોઢું રાખીને) સવારે તૈયાર ટપ્પાં રસપોળી પર પેલો અમથો આવીને દેવાયો. નવાં દાળભાત કરી ખાધાં. ને મારા મનમાં કે, અત્યારે તમે નિરાંતે ખાવા પામશો. પણ તમારું કપાળ જ કોડિયા જેટલું ને !

બટુ — હું તો કહું છું કે, રૂપિયે પાંચશેરની કેરી આપણે મોટા કયા શ્રીમંત તે લાવીને શોખ કરીએ ? પણ મોટાભાઈની રીત જ …

નંદુ — (મૂંઝવણ ખસેડવા કરતી) કાંઈ નહિ, જે જેનું અંજળ પાણી, બેટા !

[જયંતી બારણામાં દેખાય છે.]

જયંતી — મુગટભાઈ ચા પીતા નથી. આપણે તો ચાલશે. રહેવા દે, બટુ.

નંદુ — કેમ નથી પીતા ?

જયંતી — ખાંડ બિલકુલ ખાતા નથી.

નંદુ — બટુ, બધું મેલીને તું તારે ભાણાં તૈયાર કર !

જયંતી — ખાવાનું તૈયાર છે ?

નંદુ — સવારનું છે ને ! તમે તૈયાર થઈને આવો.

[જયંતી અબોટિયાં લઈને જાય છે.]

બટુ — (અબોટિયું પહેરી બારણામાં બેસી થાળીઓ પીરસે છે.) બા ! રસ તો પૂરતો છે; કાંઈ ફિકર નથી.

નંદુ — તમે આજકાલનાં છોકરાં પાતરપેટાં બહુ તો ! આ … તારા બાપ હોય તો એટલો તો ઇમિને રેલોય નો પહોંચે.

બટુ — બા, સૂંઠનો ભૂકો કર્યો છે કે ?

નંદુ — જો અંદર અભરાઈ પર વાટકીમાં !

[જયંતી, મુગટ અબોટિયાં પહેરી અંદર આવે છે. સીધા રસોડામાં જાય છે.]

એ તો … અમારે બટુને ચા વગર ઘડીય નો ચાલે ! આ હું જોઉં છું ને કે, દસ દસ વરસનાં છોકરાંને ગળેથી ખોંખારો વખૂટતો નથી, તે એ ખાંડના જ પરતાપથી ભલા ! ને તી'બત્રીસ વરસમાં માણસ લાતરીને પૂણી જેવો થઈ જાય છે, એય ખાંડની જ બલા ને ? ઘરડા કેવા ડાહ્યા કે, ગોળનું દડબું મન થાય ત્યારે ઉડાવી જતા !

બટુ — બા, તું પાછી ભાષણ આપવા મંડી પડીશ ! (અંદર) અહીં ભાઈ, તમે બેસો. ને મુગટભાઈ, આ તરફ.

નંદુ — અરે બટુ ! રસમાં આપણે સવારમાં ખાંડ નાખી'તી કે નહિ ? (સંકોચાતી, હસતી) આ તારા 'ભાષણ' પરથી સાંભરી આવ્યું !

બટુ — (રસોડામાંથી બહાર મોઢું કાઢી) જા, જા!

નંદુ — મામાના સમ! તેં જ નાંખી'તી ને? હવે શું કરશું? હવે આટલો મોડો શાનો રસ?

[અંદરથી જયંતીલાલનો અવાજ આવે છે.]

જયંતી — હવે એટલી ચપટી હશે તો કાંઈ વાંધો નથી! ચાલ બટુ, અપોષણ પીરસી દે, એટલે 'હરહર મહાદેવ' કરીએ!

[બધા જમવાનું શરૂ કરે છે.]

બટુ — (મોંમાં કોળિયો હોય ને બોલે છે) બા, તારે ખાવાની શી વાર છે?

[અંદરથી સબડકાનો અવાજ સંભળાય છે. નંદુબાઈ આંગણા તરફ જવા કરે છે. બારણે ટકોરા સંભળાય છે. નંદુ ગોરાણીથી ભોંય પર બેસી જવાય છે. ગણગણે છે.]

આ એકના તો રસમાં ખાંડ નાંખી! તારામાં શું નાંખીશ વળી? બિચારાં છોકરાંને કોઈ સુખે ખાવાય દેતું નથી!

[અવાજ આવે છે: ખોલો! ખોલો!]

ભાઈ, આ નહિ! ચોથે બારણે ધરમશાળા છે. (સ્વગત) અંધારુંય થઈ ગયું છે તો બળ્યું!

[ફરી ટકોરા સંભળાય છે. નંદુ ગોરાણી બારણા પાસે જાય છે.]

મુસાફર — ખોલો! ખોલો!

નંદુ — કોણ છે એ સાનસમજ વનાનું? આ દવારો ન હોય!

મુસાફર — ખોલો!... એક આટલી રાત પડી રહેવું છે!

[ટકોરા થાય છે.]

નંદુ — આ ક્યાંથી ઝોડ વળગ્યું પાછું!

[એકાદ મિનિટ શાંતિ પ્રસરે છે. છુટકારાનો દમ ખેંચી, નંદુ ગોરાણી ખડકી ઉઘાડે છે. દૂર અંધારામાં કંઈ જોતી હોય એમ ભવાં પર હથેળી ટેકવી તાકી રહે છે ને એકદમ ચીસ પાડી ઊઠે છે.]

એ! આવો!! પાછા આવો!!! મારા સમ છે તમને!

બટુ — શું છે બા? ગાંડી! [ખાતાં ખાતાં ઊઠીને બટુ દોડતો આવે છે.]

નંદુ — (બહાર તાકતી) પાછા વળો! તમારા પંડનું ઘર છે ને વળી પૂછવા રહ્યા?

[બારણાની બારસાખ પર કપાળ કૂટે છે.]

બટુ — આ કોના ઉપર આટલો પ્રેમ ઊભરાઈ આવ્યો વળી? કોણ હતું, બા?

નંદુ — (રોતી) હવે કોઈ નહિ આવે આપણે બારણે, બેટા ! ને આવે તોય મારે ઓછું . . . ?

બટુ — એમાં રુએ છે શા સારુ પણ ? કોણ હતું ?

નંદુ — (જાણે ભાન વગર) એ જતા રહ્યા છેવટ, મારે પાપે !

બટુ — (મૂંઝાઈ ને) આ !

નંદુ — એ જ પાઘડી, પેલો લીલો ખેસ, ને બટુ, વિશંભરદાસવાળી પેલી લાકડી પણ મેં હાથમાં દેખી તો !

બટુ — કોના હાથમાં ? મારા બાપાના ?

[પડદો]

— ઉમાશંકર જોષી

સ્વાધ્યાય

૧. શ્રી ઉમાશંકર જોષી (જન્મ ઈ. સ. ૧૯૧૧) કૃત 'સાપના ભારા' એ એકાંકી–સંગ્રહમાંથી આ એકાંકી નાટક લીધું છે. તે સંગ્રહનાં બીજાં પણ નાટકો વાંચવાની મજા પડશે.

શ્રી ઉમાશંકર જોષીનું વતન સાબરકાંઠા જિલ્લામાં છે. નાટકમાં ત્યાંની બોલી છે. તે જાણીતા કવિ પણ છે. 'ગંગોત્રી' વગેરે તેમના કાવ્યસંગ્રહોમાંથી વાંચવા લાયક કાવ્યો તમને મળશે.

૨. બાઈબલમાં ઈશુ ખ્રિસ્તનાં પ્રવચનોમાં એક ઉક્તિ આવે છે કે, ઈશ્વર અભક્તોને કહેશે, 'તમે અહીંથી ચાલ્યા જાઓ, અને નરકમાં હોમાઓ. કારણ, હું તમારે ત્યાં ભૂખ્યો થઈને આવ્યો, પણ તમે મને ખવાડચું નહિ; તરસ્યો હતો ત્યારે પાણી પાયું નહિ; અજાણ્યો હતો, ત્યારે આશરો આપ્યો નહિ; નવસ્ત્રો જોઈ ઓઢાડચું નહિ; માંદો અને બંદીખાને હતો, ત્યારે સંભાળ્યો નહિ.'

ત્યારે તે અભક્તો ઈશ્વરને પૂછશે, 'દેવ, તું ક્યારે અમારી પાસે ભૂખ્યો, તરસ્યો, અજાણ્યો, નવસ્ત્રો, માંદો, કેદી વગેરે સ્થિતિમાં આવ્યો, અને અમે તને ખવાડચો, પિવાડચો, રાખ્યો, ઓઢાડચો કે સંભાળ્યો નહિ ?'

ત્યારે ઈશ્વરરાજા કહેશે કે, 'મારી પ્રજાના નાનામાં નાના જીવને તમે જે ન કર્યું, તે મને જ ન કર્યું.'

આ મતલબની ટૉલ્સ્ટૉયની કથા 'પ્રેમ ત્યાં પ્રભુ' (કથાવલિ ભા. ૨) પણ વાંચો.

૩. આ પાઠમાં આવતા બોલીના ઉચ્ચારો સુધારીને લખો. ગુજરાતની જુદી જુદી બોલીઓની લઢણ તપાસો, અને શિષ્ટ ગણાતું ઉચ્ચારણ કયું તે જુઓ.

પ્રશ્નો

૧. નંદુ ગોરાણી ચંચળ પાસે શું દુઃખ રડતી હતી ? તેના મૃત પતિનો કયો સ્વભાવ તે વર્ણવતી હતી ?


૨. મહેમાનોથી તે શા માટે કંટાળી હતી ?

૩. છેલ્લે જે મહેમાને બારણે ટકોરા માર્યા, તે મહેમાન પાછું જતાં નંદુ ગોરાણીને શાનો ભાસ થયો ? શાથી ?

પડાળ સ્ત્રી૦ = છાપરાના બે ઢોળાવમાંનો એક
હેઠે હૈયે = સાંસતાં થઈને; નિરાંતે
મેં'કું = 'મેં કહ્યું'—'કહું છું કે' એ અર્થમાં બોલીમાં વાક્ય વચ્ચે થતો પ્રયોગ
પગેરુ કાઢવું = ચોરને શોધતા તેને પગલે પગલે જવું
ઇયાંને છતે = એ (પતિ) હતા ત્યારે
દૂઝવું અ૦ ક્રિ૦ = દૂધ દેવું (આવક કરી આપવી)
નુ'વે (ન હવે) = નથી ત્યારે
ફલ્લંફલ્લા અ૦ = ફોક; ખલાસ
વાટે કુટાતું = રખડતું-રઝળતું
ઘર આંગણું કરવું = કોઈને ઘેર મળવા જવું
દવારો પું૦ = ધર્મશાળા
પગલાં પાછાં વળવાં = મરણ નજીક આવવું
પોબારા = પોબાર; ફતેહ
બાલેટન પું૦ = બૅરિસ્ટર
તૈયાર ટપ્પાં = બરાબર તૈયાર
અંજળ ન૦ = અન્નજળ – ભાગ્ય
પાતરપેટાં વિ૦ = થોડું ખાનારાં
ખોંખારો વખૂટતો નથી = ઉધરસ વિખૂટી પડતી નથી – મટતી નથી
લાતરીને = નિચોવાઈને

૫૩

મારાં નયણાંની આળસ રે



[ગરબી]

मारां नयणांनी आळस रे, न नीरख्या हरिने जरी ;
एक मटकुं न मांड्युं रे, न ठरियां झांखी करी. १

शोक मोहना अग्नि रे, तपे तेमां तप्त थयां ;
नथी देवनां दर्शन रे, कीधां तेमां रक्त रह्यां. २

प्रभु सघळे विराजे रे, सृजनमां सभर भर्या ;
नथी अणु पण खाली रे, चराचर मांहीं भळया. ३

नाथ गगनना जेवा रे, सदा मने छाई रहे;
नाथ वायुनी पेठे रे, सदा मुज उरमां वहे. ४

जरा ऊघडे आंखलडी रे, तो सन्मुख तेह तदा;
ब्रह्म-ब्रह्मांड अळगां रे, घडीये न थाय कदा. ५

पण पृथ्वीनां पडळो रे, शी गम तेने चेतननी?
जीवे सो वर्ष घुवड रे, न गम तोये कंई दिननी. ६

स्वामी सागर सरीखा रे, नजरमां न माय कदी;
जीभ थाकीने विरमे रे, विराट विराट वदी. ७

पेलां दिव्य लोचनियां रे, प्रभु क्यारे ऊघडशे?
आवां घोर अंधारां रे, प्रभु क्यारे ऊगरशे? ८

नाथ एटली अरजी रे, उपाडो जड पडदा;
नेन नीरखो ऊंडेरुं रे, हरिवर दरसे सदा. ९

आंख आळस छांडो रे, ठरो एक झांखी करी;
एक मटकुं तो मांडो रे, हृदय भरी नीरखो हरि. १०

—**નાનાલાલ કવિ**

સ્વાધ્યાય

૧. સ્વ૰ કવિ શ્રી નાનાલાલ (ઈ. સ. ૧૮૭૬–૧૯૪૬) તે કવિ દલપતરામના પુત્ર થાય. તે પણ આપણા એક જાણીતા કવિ થઈ ગયા. લોકપ્રિય ઢાળોમાં તેમણે લખેલા કેટલાક રાસો અને ગરબીઓ તો લોકગીતની પેઠે ગુજરાતમાં પ્રચારમાં છે. દા. ત. દયારામ, બ્રહ્માનંદ, મુક્તાનંદ જેવા કવિઓની ગરબીની યાદ આવે એવી આ તેમની ભજન ગરબી જુઓ.

તેમણે અપદ્યાગદ્ય એ રીતની નવી શૈલી પણ ઊભી કરી છે. તે શૈલીમાં લખેલાં 'જયાજયંત', ઇન્દુકુમાર' વગેરે નાટકો જાણીતાં છે.

૨. કવિ પોતાનાં નયણાંની આળસને ટકોરતા આ ભજન શરૂ કરે છે. અને સાથે સાથે કહે છે કે, સાગર સરીખા ઈશ્વર નજરમાં માય તેવા નથી, તેમ જ જીભ પણ 'થાકીને વિરમે' છે. એ ભાવ તૈત્તિરીય ઉપનિષદના પેલા પ્રસિદ્ધ સુવચન સાથે સરખાવો–

यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह।
आनंदं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन ।।

– વાણી તેને પામ્યા વિના મન સાથે ફરે છે. એ બ્રહ્મના આનંદનો અનુભવ કરનારા જ્ઞાની પછી કશાથી બીતા નથી.

૩. ઈશ્વરનું દર્શન ચર્મચક્ષુથી નથી થતું; પરંતુ એક પ્રકારની દિવ્ય ઇન્દ્રિય — દિવ્ય લોચનથી તેનો સાક્ષાત્કાર થાય છે. એ ભાવ માટે સરખાવો ગીતાજીનો શ્લોક (૧૧.૮)

न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ।
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ।।
'મને તારા જ આ નેત્રે નહીં જોઈ શકીશ તું
દિવ્ય દૃષ્ટિ તને આપું, ઈશ્વરી યોગ જો મુજ.'

પ્રશ્નો

૧. નયણાંને ઈશ્વરને નીરખવામાં શી આળસ આવતી હોય છે? શાથી?
૨. એ દર્શન કરવામાં કવિ ઈશ્વરની મદદની શાથી અપેક્ષા રાખે છે?

રક્ત વિ૦ [સં.] = આસક્ત
સૃજન ન૦ = સર્જન; સૃષ્ટિ
બ્રહ્મ-બ્રહ્માંડ [સં.] = ઈશ્વર અને તેની [સૃષ્ટિ
ગમ સ્ત્રી૦ = સૂઝ; સમજ
વિરાટ વિ૦ [સં.] = મોટું; અતિ વિશાળ, ભવ્ય

૫૪

કુરુધર્મ

૧

કુરુ દેશનો રાજા પોતાના પાંચ કુરુધર્મો બરાબર પાળતો હતો.

એક વખત, પાસેના કલિંગ દેશમાં વરસાદ ન વરસવાથી દુકાળ પડ્યો. પ્રથમ ભૂખમરો શરૂ થયો, અને પછી રોગચાળો. આ હાડમારીઓથી ત્રાસેલા લોકો છોકરાંને આંગળીએ વળગાડી, આમથી તેમ ભટકવા લાગ્યા. છેવટે રાજાને દરવાજે ધા નાખવા બધા ભેગા થયા.

રાજાએ પૂછ્યું: વરસાદ ન પડે ત્યારે વરસાદ લાવવા માટે પહેલાંના રાજાઓ શું કરતા?

તેઓએ કહ્યું: વરસાદ ન વરસે ત્યારે પહેલાંના રાજાઓ દાન આપતા, ઉપવાસ કરતા, શીલ પાળતા અને સાત દિવસ દાભને સાથરે સૂતા. એટલે વરસાદ વરસતો.

રાજાએ તેમ કર્યું, પણ વરસાદ ન વરસ્યો. તેણે અમાત્યોને પૂછ્યું. તેઓએ કહ્યું: કુરુ રાજાનો રાજહાથી શુકનવંતો ગણાય છે. તેને આપણા રાજમાં લઈ આવો, તો વરસાદ વરસે.

રાજાએ કહ્યું: પણ કુરુ રાજાને હરાવ્યા વિના તેનો હાથી શી રીતે લવાય? એ તો બને એવું નથી.

તેઓએ કહ્યું: હાથી માટે લડવા જવાની જરૂર નથી. કુરુ રાજા મોટો દાનેશરી છે. તે દાન કરવા બેસે, ત્યારે બ્રાહ્મણો તેની પાસેથી જે માગે તે એ રાજા આપી દે છે.

રાજાએ આઠ સદ્‌ગુણી બ્રાહ્મણોને કુરુરાજ પાસે હાથી માગવા મોકલ્યા.

પરંતુ હાથી આવવા છતાં વરસાદ ન વરસ્યો. રાજાએ બીજા વૃદ્ધોને પૂછ્યું: હવે શું કરવું?

તેઓએ કહ્યું: કુરુઓનો રાજા પોતાના કુળમાં ચાલતા આવેલા પાંચ કુરુ-ધર્મો બરાબર પાળે છે. તેના પુણ્યથી કુરુ દેશમાં નિયમિત વરસાદ વરસે છે. હાથીનું સત તે કેટલું હોય? માટે હાથીને બદલે તે રાજાનો કુરુધર્મ માગો.

રાજાએ બ્રાહ્મણો અને દરબારીઓ સાથે કુરુ રાજાનો રાજહાથી પાછો મોકલાવ્યો, અને પોતા તરફથી કહાવ્યું કે,

"હાથીને પ્રતાપે વરસાદ વરસશે એમ માની, મેં આ હાથી તમારી પાસેથી દાનમાં મંગાવરાવ્યો હતો; પરંતુ વરસાદ તો ન વરસ્યો. હવે મેં સાંભળ્યું છે કે, તમે જે પાંચ કુરુધર્મ પાળો છો, તેને પ્રતાપે જ તમારા રાજ્યમાં વરસાદ વરસે છે. તો તમે આ સોનાની પાટી ઉપર એ કુરુધર્મ મને લખાવી મોકલો. એટલે હું પણ તે પાળું અને મારી પ્રજા સુખી થાય."

બ્રાહ્મણોએ અને દરબારીઓએ કુરુરાજ પાસે જઈ એ સંદેશો કહ્યો અને કુરુધર્મ માગ્યો.

કુરુરાજે ચિંતામાં પડી જઈને કહ્યું: "હું કુરુધર્મ પાળતો હતો એ વાત ખરી છે. પણ મારે હાથે એક અપરાધ થઈ ગયો છે, તેથી મારો ધર્મ ખંડિત થયો છે. અમારા રાજ્યમાં દર ત્રણ વર્ષે કાર્તિક મહિનાનો મેળો ભરાય છે. તે વખતે રાજા સવારી કાઢીને નગર બહાર ચિત્રરાજ યક્ષને મંદિરે જાય છે. ત્યાં બધો વિધિ થયા પછી રાજા ચાર દિશામાં ચાર બાણો છોડે છે. આ વરસે મારાં ત્રણ બાણ ક્યાં પડ્યાં તે તો જોવામાં આવ્યું. પણ ચોથું બાણ સરોવરમાં જઈને પડ્યું. તે બાણથી કોઈ જળચર પ્રાણી જરૂર નાશ પામ્યું હશે. આમ, જીવહિંસા ન કરવાનો મારો ધર્મ ખંડિત થયો કહેવાય. એટલે કુરુધર્મ લેવા માટે તમે મારી માતા પાસે જાઓ. તેનો ધર્મ અખંડિત છે. અખંડપણે ધર્મ પાળનાર પાસેથી લીધેલો ધર્મ જ ફળદાયી થાય છે."

પરંતુ કલિંગ દેશવાળાઓએ કહ્યું: રાજાજી, આપનો ઇરાદો જીવહિંસા કરવાનો ન હતો. અજાણતાં થયેલા દોષથી આપનો ધર્મ ખંડિત થયો એમ અમે માનતા નથી. માટે અમને આપ જ કુરુધર્મ આપો.

રાજાએ કહ્યું: ત્યારે લખો, 'કોઈ પ્રાણીની હિંસા ન કરવી, કોઈની વસ્તુ ન ચોરવી, વ્યભિચાર ન કરવો, અસત્ય ન બોલવું, મદ્ય ન પીવું.' છતાં, તમે મારી માતા પાસે તો જાઓ જ.

૨

પેલા બધા રાજમાતા પાસે પહોંચ્યા. રાજમાતાએ તેમની વાત સાંભળીને નિસાસો નાખી કહ્યું: "મારો ધર્મ પણ ખંડિત થયો છે. મારા બે પુત્રોમાંથી મોટો તો રાજા છે, અને નાનો યુવરાજપદે છે. એક વખત બહારના કોઈ રાજાએ લાખ લાખની કિંમતનાં બે વાનાં રાજાને ભેટ મોકલ્યાં: ચંદનતેલ અને સોનાહાર. રાજાએ તે બંને વાનાં મને મોકલાવી આપ્યાં. મેં વિચાર્યું કે, મારે વિધવાને વળી આ શા ખપનાં? એટલે મેં તે મારી બે વહુઓને આપી દીધાં. પણ મોટી વહુ પટરાણી, તેની શેહમાં તણાઈ, મેં સોનાહાર તેને આપ્યો અને નાની વહુને કશી વિસાત વિનાની ગણીને ચંદનતેલ આપ્યું. પણ આપ્યા પછી મને વિચાર આવ્યો કે, હું તો કુરુધર્મ પાળું છું; મારાથી વહુઓમાં આવો ભેદભાવ ન રખાય; મારી આગળ તો બંને સરખી કહેવાય. આવો દોષ થઈ જવાથી મારો ધર્મ અખંડ રહેલો હું માનતી નથી. માટે તમે મારી મોટી વહુ પાસે જાઓ, તેનો ધર્મ અખંડ છે."

પરંતુ કલિંગ દેશવાળાઓ બોલી ઊઠ્યા: તમારી ચીજ તમે મન ફાવે તેને આપો, તેમાં કશો દોષ થયેલો અમે માનતા નથી. માટે તમે જ અમને કુરુધર્મ આપો.

રાજમાતાએ પણ ધર્મ લખાવ્યો; પરંતુ અખંડ કુરુધર્મ લેવા માટે તો પોતાની મોટી વહુ પાસે જવા જ એ લોકોને આગ્રહ કર્યો.

૩

પેલાઓ મોટી વહુ રાજરાણી પાસે પહોંચ્યા. તેણે તો એમની વાત સાંભળીને પોતાના કાન બે હાથે દાબી દીધા, અને પછી કહ્યું: હું તો ધર્મ ખોઈ બેઠી છું. એક વખત રાજાજીની સવારી નીકળી હતી, તે વખતે તેમની સાથે તેમના નાના ભાઈ યુવરાજ પણ બેઠા હતા. તેમનું રૂપ જોઈ ક્ષણભર હું તો મોહિત થઈ ગઈ હતી. ત્યારથી હું મારો ધર્મ ખંડિત થયો માની સંતાપ કર્યા કરું છું. માટે અખંડ કુરુધર્મ માટે તો તમે યુવરાજ પાસે જાઓ.

માત્ર ક્ષણિક મોહથી રાણીનો ધર્મ ખંડિત ન થયો કહેવાય એમ માની, કલિંગવાળાઓએ તેની પાસેથી પણ ધર્મ લખાવી લીધો. ત્યાર બાદ રાણીના આગ્રહથી તેઓ યુવરાજ પાસે પહોંચ્યા.

૪

યુવરાજે જણાવ્યું: મારો કુરુધર્મ ખંડિત થઈ ગયો છે. અમારા દેશમાં રિવાજ છે કે, યુવરાજ રોજ રાતે છેક છેલ્લો રાજાને મહેલમાં જઈને મળે, તેમને દેશસમાચાર કહે અને રાજા જે કાંઈ કહે તે સાંભળી લે. હું પણ

રોજ રાતે રથમાં બેસી રાજમહેલે જાઉં છું. જો હું રાતે રાજાજી સાથે જ જમવાનો હોઉં અને રાતે પણ ત્યાં જ સૂવાનો હોઉં, તો હું રથમાંથી ઊતરતી વખતે લગામ તથા ચાબુક ઘોડાઓના ઝૂંસરા ઉપર નાખી દઉં છું. એટલે મારા માણસો એ નિશાની સમજી લઈ, ઘેર ચાલ્યા જાય, અને વહેલી સવારે પાછા આવી હાજર થાય. પરંતુ, જો હું તરત જ પાછો ફરવાનો હોઉં, તો મારી લગામ અને ચાબુક વગેરે બેઠક ઉપર રાખીને જાઉં, જેથી મારા નીકળવાની રાહ જોઈને તેઓ ત્યાં જ ઊભા રહે. એક વખત હું એ પ્રમાણે પાછો ફરવાનો હોવાથી ચાબુક વગેરે બેઠક ઉપર રાખીને મહેલમાં રાજા પાસે ગયો. એવામાં વરસાદ વરસવા લાગ્યો. એટલે રાજાજીએ મને ઘેર જવા ન દીધો, અને હું રાજમહેલમાં જ ખાઈને સૂઈ ગયો. બીજે દિવસે સવારે હું મહેલમાંથી બહાર નીકળીને જોઉં, તો મારા માણસો પલળી ગયેલી હાલતમાં ટાઢે ધ્રૂજતા મારા રથ પાસે જ મારા આવવાની રાહ જોતા આખી રાત ઊભા રહેલા! આમ, એ લોકોને પ્રમાદથી મેં નાહક ત્રાસ આપ્યો, ત્યારથી મારો કુરુધર્મ હું ખંડિત થયેલો માનું છું. માટે અખંડ કુરુધર્મ માટે તો તમે રાજપુરોહિત પાસે જાઓ.

છતાં કલિંગવાળાઓએ તો તેના ધર્મને અખંડ માની, તેની પાસેથી તે ધર્મ લખી લીધો. પછી તેના આગ્રહથી તેઓ રાજપુરોહિત પાસે ગયા.

૫

રાજપુરોહિતે કહ્યું : મારો ધર્મ પણ ખંડિત થઈ ગયો છે. એક વખત બીજા રાજાએ અમારા રાજાને એક સુંદર રથ ભેટ મોકલ્યો. રસ્તામાં જ મેં તે રથ રાજા પાસે જતો જોયો. ત્યારે મને વિચાર આવ્યો કે, રાજા પાસે ઘણા રથ છે; રાજા જો આ રથ મને આપી દે, તો હાલ ઘડપણમાં ચાલીને જવા-આવવાની મારી તકલીફ દૂર થઈ જાય. પછી હું દરબારમાં પહોંચ્યો. ત્યાં પેલો રથ આવેલો હતો. રાજાએ મને ચાલતો આવતો જોઈ આપમેળે જ તે રથ મને મારા ઉપયોગ માટે સ્વીકારવા વિનંતી કરી. પરંતુ રાજાના ઘણા આગ્રહ છતાં પછી મેં તે રથ ન લીધો. આમ, કુરુધર્મ પાળનારા મને બીજાની વસ્તુ માટે લોભ થયો, ત્યારથી હું મારો ધર્મ ખંડિત થયેલો માનું છું. માટે અખંડ કુરુધર્મ માટે તો તમે અમારા મોજણી-પ્રધાન પાસે જાઓ.

છતાં કલિંગવાળાઓએ તો પુરોહિતના ધર્મને અખંડિત રહેલો માની તેની પાસેથી પણ ધર્મ લખી લીધો, અને પછી તેના આગ્રહથી તેઓ મોજણી-પ્રધાન પાસે ગયા.

૬

મોજણી-પ્રધાને કહ્યું : મારો ધર્મ પણ ખંડિત થઈ ગયો છે. એક વખત, ખેતર માપવા જતાં મેં દોરડાનો છેડો બાંધેલો ખીલો એક જગ્યાએ ખોસી દીધો. પછી બીજે છેડે પણ ખીલો બાંધી, તે ખીલો હું ખોસવા જતો હતો, તેવામાં બરાબર તે ઠેકાણે મેં એક દર જોયું. હવે જો હું ખીલો જરા બહારની બાજુએ ખોસું, તો રાજાને તેટલી જમીનનું નુકસાન થાય; અને અંદરની બાજુએ ખોસું, તો ખેડૂતને નુકસાન થાય. એટલે મેં દરમાં કશું હોય તો નીકળી જાય તે માટે થોડી ઠોકઠાક કરી, અને પછી તે દરમાં જ જોરથી ખીલો ખોસ્યો. ત્યાં તો અંદરથી કોઈ પ્રાણીની મરણચીસ સંભળાઈ. તે દિવસથી હું મારા ધર્મને ખંડિત થયેલો માનું છું. માટે તમારે અખંડ કુરુધર્મ જોઈતો હોય તો અમારા રાજસારથિ પાસે જાઓ. તેનો ધર્મ અખંડિત છે.

છતાં કલિંગવાળાઓએ તો મોજણી-પ્રધાનના ધર્મને અખંડિત રહેલો માની, તેની પાસેથી પણ ધર્મ લખા લીધો. પછી તેઓ તેના કહ્યાથી રાજસારથિ પાસે ગયા.

૭

રાજસારથિએ કહ્યું : મારો ધર્મ પણ ખંડિત થઈ ગયો છે. એક દિવસ રાજા રોજની જેમ રથમાં બેસી ઉદ્યાન તરફ ફરવા ગયા હતા. સાંજ પડ્યે રાજા નગર તરફ પાછા ફરવા રથમાં આવી બેઠા. હજુ નગર થોડું દૂર રહ્યું હતું તેવામાં ઘનઘોર વાદળ ચડી આવ્યું. રાજા વરસાદમાં હેરાન થશે એમ માની, મેં વેગે દોડતા ઘોડાઓને પણ જોરથી પરોણો માર્યો. ઘોડાઓ એકદમ પૂરપાટ દોડ્યા અને વરસાદ પડતાં પડતાંમાં તો અમે નગરે પહોંચી ગયા. પરંતુ ત્યારથી માંડીને હું જોઉં છું કે, ઉદ્યાનેથી પાછા ફરતી વખતે તે જગા આવે છે એટલે ઘોડાઓ એકદમ ખૂબ જોરથી દોડવા લાગે છે. મને થયું કે, ઘોડાઓ કેમ આમ કરે છે? ત્યારે અચાનક મને સમજાયું કે, તે દિવસે મેં આ જગાએ રથ આવતાં, રાજા પલળશે એ બીકે ઘોડાઓને પરોણો માર્યો હતો; એટલે આ સમજદાર ઘોડાઓ ત્યારથી માંડીને આ સ્થાન આવતાં એફાટ દોડે છે. હવે મને થાય છે કે, બહાર ફરવા નીકળ્યા હોઈએ અને અધવચ વરસાદ પડે, તો થોડું પલળાય પણ ખરું. પરંતુ તે દિવસે મેં વેગથી દોડતા ઘોડાઓને ખામુખા પરોણો માર્યો, એ ઠીક ન કર્યું. આમ, એ પ્રાણીઓને હું નાહક ત્રાસનું કારણ બન્યો, ત્યારથી મારો કુરુધર્મ ખંડિત થયેલો માનું છું. માટે અખંડ કુરુધર્મ જોઈતો હોય, તો તો અમારા નગરશેઠ પાસે જાઓ.

છતાં કલિંગવાળાઓએ તો સારથિના ધર્મને અખંડિત રહેલો માની, તેની પાસેથી પણ ધર્મ લખી લીધો. પછી તેના આગ્રહથી તેઓ નગરશેઠ પાસે ગયા.

૮

નગરશેઠે કહ્યું : મારો ધર્મ પણ ખંડિત થયેલો છે. એક વખત હું મારા ડાંગરના ક્યારાઓ જોવા ગયો હતો. ત્યાંથી પાછા ફરતાં મેં ડાંગરના એક ડૂંડાને નમેલું જોયું. તેને બંધાવી લેવું સારું, એમ માની મેં તેને એક મૂઠી પૂળિયા વડે એક થાંભલી સાથે બંધાવી દીધું. પણ પછી મને યાદ આવ્યું કે, આ ખેતરમાંથી રાજાનો ભાગ આપવો બાકી છે; ત્યાર પહેલાં મેં ઊભા ખેતરમાંથી મૂઠી પૂળિયું લીધું એ મેં કુરુધર્મનો ભંગ કર્યો કહેવાય. તે વખતથી હું મારો ધર્મ ભંગ થયેલો માનું છું. માટે તમારે અખંડ કુરુધર્મ જોઈતો હોય, તો અમારા રાજભંડારી પાસે જાઓ.

છતાં કલિંગવાળાઓએ તો તેના ધર્મને અખંડ રહેલો માની, તેની પાસેથી ધર્મ લખી લીધો, અને પછી તેના કહેવાથી તેઓ રાજભંડારી પાસે ગયા.

૯

રાજભંડારીએ કહ્યું : મારો ધર્મ પણ ખંડિત થયેલો છે. એક વખત હું કોઠારના દરવાજા આગળ બેસી, રાજાના ભાગની ડાંગર તોલાવતો હતો. તે વખતે દરેક તોલની ગણતરી રાખવા હું તોલવાના ઢગલામાંથી એક એક દાણો લઈ જુદો મૂકતો હતો. એટલામાં વરસાદ વરસવાથી બધું ઝટપટ સમેટી લઈ, હું કોઠારમાં પેસી ગયો. તે વખતે તોલની ગણતરી માટેના દાણા ગણી લઈ મેં ગમે તે ઢગલામાં નાખી દીધા. પણ પછી મને વિચાર આવ્યો કે, જો એ દાણા મેં તોલેલા ઢગલામાં નાખી દીધા હશે, તો રાજાનો ભાગ નાહક વધ્યો કહેવાય, અને ખેડૂતને એટલું નુકસાન થયું કહેવાય. આમ, હું મારો કુરુધર્મ ખંડિત થયેલો માનું છું. માટે તમારે અખંડ કુરુધર્મ જોઈતો હોય, તો તમે અમારા કોટવાળ પાસે જાઓ.

છતાં કલિંગવાળાઓએ તો તેના ધર્મને અખંડ રહેલો માની, તેની પાસેથી ધર્મ લખી લીધો, અને પછી તેના કહેવાથી તેઓ કોટવાળ પાસે ગયા.

૧૦

કોટવાળે પણ કહ્યું : મારો ધર્મ ખંડિત થયેલો છે. રોજ રાતે નગરનો દરવાજો બંધ કરતી વખતે હું બહારની બાજુ કોઈ રહી જતું હોય તો તેને ખબર આપવા ત્રણ વખત બૂમ પાડું છું. એક વખત એક ગરીબ કઠિયારો લાકડાં વીણવા તેની જુવાન બહેન સાથે જંગલમાં ગયો હશે. તેને પાછા આવતાં

મોડું થવાથી, મારી છેલ્લી બૂમે જ દરવાજા પાસે દોડતો આવી પહોંચ્યો. હું થોડો વખત થોભ્યો, પણ તે તથા તેની બહેન અંદર દાખલ થતાં હતાં ત્યારે મેં તેને તાકીદ આપતાં કહ્યું કે, 'દરવાજો વખતસર બંધ થઈ જાય છે તે તને ખબર નથી, કે આમ મોડી રાત સુધી તારી માનીતીને લઈને બહાર રઝળવા રહ્યો હતો?' પેલો બિચારો જવાબમાં નમ્રપણે બોલ્યો, 'સ્વામી, આ તો મારી બહેન છે!' એ સાંભળી મને થયું, કોઈની બહેનને પત્ની કહેવી એ મેં ભૂંડું કર્યું કહેવાય. રાજાના પ્રજાજન પ્રત્યે શા માટે આમ વગર જાણ્યે હું વધારે-પડતું બોલ્યો? ત્યારથી હું મારો કુરુધર્મ ખંડિત થયેલો માનું છું.

છતાં કલિંગવાળાઓએ તો તેના ધર્મને અખંડ રહેલો માની, તેની પાસેથી ધર્મ લખી લીધો.

પછી તેઓ તે સોનાની પાટી લઈને પોતાના રાજા કલિંગરાજ પાસે ગયા. કલિંગરાજે એ પંચશીલને યથાયોગ્ય ધારણ કર્યાં અને તે પ્રમાણે વર્તવા માંડયું. તેની સાથે જ રાજ્યમાં વરસાદ વરસવો શરૂ થયો, અને જે મહાભય પ્રજાને ઘેરી વળ્યા હતા, તે દૂર થયા.

સ્વાધ્યાય

૧. આ એક પ્રાચીન બૌદ્ધકથા છે. પ્રજાના બધા વર્ગો પોતપોતાના ધર્મનું, શીલનું યથાયોગ્ય આચરણ કરે, તો જ વરસાદ વગેરે નિયમિત વરસે, એવી પ્રાચીન માન્યતા હતી. તેના આધાર ઉપર આ સરસ નીતિકથા રચાયેલી છે.

ધર્મનું યથાર્થ પાલન કરવામાં આવે તો તે અકાળ મૃત્યુમાંથી પણ બચાવે છે—એવી માન્યતાને લગતી બીજી એક પ્રાચીન બૌદ્ધકથા 'અમારાં કુળમાં કોઈ અકાળે મરતું નથી!' એ પણ અહીં યાદ કરવા જેવી છે. (વિદ્યાપીઠ વાચનમાળા, સાતમી ચોપડી.)

૨. બિહારનો ભયંકર ધરતીકંપ (ઈ. સ.૧૯૩૪)માં થયો, ત્યારે ગાંધીજીએ જણાવ્યું હતું કે, હિંદુસ્તાનના લોકોએ અસ્પૃશ્યતા વગેરે જે મહાપાપો આચરેલાં છે તેની જ આ સજા ન હોય! એ વાત પણ આના અનુસંધાનમાં વિચારો.

૩. કુરુ, કલિંગ એ પ્રાચીન નામો છે. કુરુ એ દિલ્હીની આસપાસના દેશનું નામ ગણાય; અને કલિંગ એ પૂર્વ કિનારે દક્ષિણ તરફ મહા નદી અને ગોદાવરી નદી વચ્ચેનો પ્રદેશ કહેવાય.

પ્રશ્નો

૧. આ વાતમાં રાજા, યુવરાજ, વગેરે જુદા જુદા અધિકારીઓએ ધર્મનું કયું ઉલ્લંઘન કર્યું હતું તેની યાદી કરો.

૨. કલિંગવાળાઓ એ બધા સૂક્ષ્મ ઉલ્લંઘનને શું કહીને મહત્ત્વ નહોતા આપતા?

કુરુધર્મ પું० [સં.] = કુરુ દેશના લોકોએ શુદ્ધપણે પાળેલો ધર્મ

શેહ સ્ત્રી० = સામા ઉપર પડતો પ્રભાવ [કે દાબ

મોજણી સ્ત્રી० = માપણી (જમીનની)

પૂળિયું ન० = નાનો પૂળો